maj Foundation C

શદશ

કકથા

ખંડ ૨ જો

યમલ્લ પરમ

સાહિત્ય

in. Gurukul Kang

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશ દેશની લોકકથાઓ



ખંડ ૨ જો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

નિરંજન વર્મા - જયમલ્લ પરમાર

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या ८० ग / ईद्व
पञ्जिका-संख्या....... २३६३१
पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं०
आगत सं० २३६३१
तिथि० १४ जेठ २००६
गुरुकुल पुस्तकालय काँगड़ी.

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશદેશની લોકકથાઓ

ભાગ ૪–૫–૬

CHECKED 1973
Initial

નિરંજન વર્મા : જયમલ્લ પરમાર

:: પ્રાપ્તિસ્થાન ::
ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ
ભીમરાજ બિલ્ડિંગ, કાલબાદેવી, મુંબઈ – ૨
ફરનાન્ડિઝ પુલ નીચે, ગાંધીમાર્ગ, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલી આવૃત્તિ : ૧૯૪૫
બીજી આવૃત્તિ : ૧૯૪૬

મૂલ્ય
રૂ. ૩-૦-૦

પ્રકાશક
શાંતિલાલ છો. પારેખ
ભારતી પ્રકાશન મંદિર
ભાવનગર

મુદ્રક
શાંતિલાલ છો. પારેખ
શ્રી સરસ્વતી છાપખાનું
દાણાપીઠ : ભાવનગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

લોકકથાઓ કોઈ પણ પ્રજાનો અમૂલ્ય વારસો છે. કેમકે લોકકથાઓમાં માનવસમાજ તદ્દન સાહજિક રીતે પોતાની આશાઓ અને મનોરથો, ઇચ્છાઓ અને આકાંક્ષાઓ ઉતારતો આવ્યો છે. લોકકથાઓમાં માનવસમાજે પોતાના હૃદયનું પ્રતિબિંબ વિના સંકોચે રજૂ કરી દીધું છે. લોકકથા કહેતાં કહેતાં માનવસમાજે પોતાની નબળાઈઓ અને સબળાઈઓને, ગુણ અને અવગુણને કશા જ દંભ વગર ઓળખ્યાં છે અને નીરક્ષીરન્યાયે એમને લીધાં કે છોડ્યાં છે. લોકકથાઓએ માનવજીવનના ઘડતરમાં એ રીતે જબરો ફાળો આપ્યો છે.

આવો ફાળો આપવા છતાં લોકકથાઓએ કદીયે કૃત્રિમતાના સાજ નથી સજ્યા. કુદરતને ખોળે ખેલતા માનવહૃદય સમી સાદગી જ એણે રાખી છે. એ સાદગીમાં તેણે કલ્પના અને મનોરંજનના રંગ પૂર્યા છે, કહેણી અને વાણીનું લાલિત્ય ઉમેર્યું છે, તેમ જ માનવમનને ખેંચી રાખનાર ઉત્સુકતાનો સાથ લીધો છે. કહેનાર અને સાંભળનાર વચ્ચે સદીઓથી સચવાઈ રહેલી એ લોકકથાઓ પોતાની અંદરની ખાંચખૂંચને ઘસતી ભૂંસતી સદીએ સદીએ પોતાનો અણુચૂક વિકાસ સાધ્યે ગઈ છે. તેથી જ તો એ દુનિયાના કોઈ પણ પ્રદેશમાં વસતા માનવસમાજના બાળક, કિશોર, યુવાન, આધેડ કે વૃદ્ધના દિલમાં પોતાનું સ્થાન રાખી શકી છે. લોકોના દરેક જાતના વર્ગને એમાંથી પોતાને જોઇતો રસ અને આનંદ મળતા રહ્યા છે અને એ કારણે લોકકથાઓ દરેક પ્રજાની વચ્ચે પોતાનું અચલ સ્થાન સાચવતી આવી છે.

પ્રજાની જીભે જ રમતી અને સચવાતી એ લોકકથાઓ પુસ્તક–પ્રકાશનના આ જમાનામાં પ્રકાશનને પંથે ચડી છે અને દેશદેશના લોકોએ એના સંગ્રહ બહાર પાડ્યા છે. કથનમાં એણે જેટલો પ્રજામનને આનંદ આપેલો તેટલો જ આનંદ એણે વાંચન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં પણ પ્રજામનને આપ્યો છે. તેથી જ લોકકથાઓના પ્રકાશનની એક કરતાં વિશેષ આવૃત્તિઓ બહાર પડતી રહી છે.

અન્ય દેશોની જેમ હિંદના પ્રાંતેપ્રાંતમાં આવી સુંદર લોકકથાઓ પુસ્તકાકારે પ્રગટ થઈ છે અને વાચકસમૂહનો સારો આદર પામી ચૂકી છે. આ ગ્રંથાવલિમાં હિંદના પ્રાંતેપ્રાંતનું પ્રતિનિધિત્વ રજૂ કરી શકે તેવી લોકકથાઓને પ્રગટ કરવાનો આશય છે. જુદા જુદા પ્રાંતની વિશિષ્ટતાઓ એમાં સહેજે જોઈ શકાશે. અભ્યાસીઓને એકી સાથે ઘણા પ્રાંતોની લોકકથાઓની સરખામણી કરવી એથી સુગમ થઈ પડશે. જુદા જુદા પ્રાંતોમાં તદ્દન સામ્ય ધરાવતી વાર્તાઓ મળી આવે છે, પણ અહીં એનું પુનરાવર્તન ન થાય એનો ખ્યાલ રાખ્યો છે.

આ વાર્તાઓમાં પરીઓ અને રાક્ષસો આવે છે, બોલતાં પશુઓ અને પક્ષીઓ આવે છે, મૂઆં માણસ જીવતાં થાય છે અને જીવતાં માણસ પત્થર થઈ જાય છે કે ઊડણ-ખાટલી પર એનાં પાત્રો આકાશમાં ઊડતાં દેખાય છે, એટલે કોઈ રખે માને કે આ વાર્તાઓ મોં-માથા કે પાયા વગરની કોઈ તરંગી વાર્તાઓ છે. એ બધાં તો લોકકથાને ઘડનારાં મૂળભૂત તત્ત્વો છે અને એનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ પણ થયો છે. એની છણાવટ કિશોરોની આ પુસ્તિકામાં ન કરી શકાય. લોકકથાઓમાં તદ્દન તરંગી અને કિશોરો પાસે ન મૂકી શકાય એ જાતની વાતો પણ વૈજ્ઞાનિકોએ સંઘરી છે. પણ અહીં તો કિશોરો પાસે વિના સંકોચે રજૂ કરી શકાય તેવી સાહસ, શૌર્ય, ઉદારતા, કારુણ્ય, પ્રેમ, પરાક્રમ કે બુદ્ધિચાતુરી-એવાં કોઈક ને કોઈક તત્ત્વોને ઉદ્‌બોધતી વાર્તાઓ જ સંઘરવામાં આવી છે.

આ પુસ્તકમાં રજૂ થતી વાર્તાઓ અનુક્રમે કાઠિયાવાડ, રાજસ્થાન અને પંજાબની લોકકથાઓ પરથી તૈયાર કરવામાં આવી છે.

નિરંજન વર્મા
જયમલ્લ પરમાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાર્વભૌમ લોકવાર્તા

નીતિશાસ્ત્ર, વિવેકશાસ્ત્ર, સાહિત્યશાસ્ત્ર અને ભાષાશાસ્ત્રના કૃત્રિમ નિયમોનું જેમાં બંધન નથી અને મનુષ્યભાવનો નૈસર્ગિક પ્રવાહ જેની અંદર કોઈ પણ રોકાવટ વગર સોંસરો ચાલતો હોય એવું સાહિત્ય આજે દુનિયાને જોઈએ છે. શિષ્ટ સાહિત્યમાં ભારે કળા હોય, સુંદર ઓપ હોય, તોપણ નૈસર્ગિક સાહિત્ય જેટલો પ્રાણ તેમાં નથી હોતો......અનેક પ્રાંતના, અનેક જમાનાના અને અનેક જાતના લોકોના મોઢામાં રમવાથી સાહિત્યને જે નૈસર્ગિક ઓપ આવે છે તે લૌકિક છતાં અલૌકિક હોય છે. કેળવણીનો આધાર આવાં લોકસાહિત્યો પર રાખવામાં આવે તો જ તે સાચી રાષ્ટ્રીય કેળવણી કહેવાય. આપણા દેશમાં જ્યારે રાજકવિઓ દરબારમાં શબ્દાલંકાર, અર્થાલંકાર વગેરેની કસરત કરી બતાવતા ત્યારે અભણ પણ સંસ્કારી જનસમુદાય એક જુદા જ સાહિત્ય ઉપર પોષાતો હતો. આ સાહિત્ય તે ક્યાંથી આવ્યું ? કોણે શરૂ કર્યું ?

જ્યાંથી રાષ્ટ્રનો સ્વભાવ નિર્માણ થયો ત્યાંથી આ સાહિત્યનો ઉગમ છે. જેની અંદર સમાજનો પ્રાણ સ્ફુરે છે તેણે આ સાહિત્ય લખ્યું છે. આ સાહિત્ય દ્વારા બાળકોને કેળવણી આપો તો તેઓ સમાજને ઓળખી શકશે ને સમાજને ઓળખી સમાજના દાસ ને પ્રભુ બનશે.

પ્રાચીન ઋષિઓએ પણ લોકસાહિત્યનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું છે. તેથી જ તેમણે પોતાને સ્ફુરેલા આધ્યાત્મિક સનાતન સિદ્ધાંતો લોકવાર્તાના રૂપકમાં ગૂંથીને વેદમાં દાખલ કર્યા છે. પુરાણો તો લોકવાર્તાનો ભંડાર છે. ભાસ કાલિદાસાદિ મહાકવિઓએ પોતાની પ્રતિભા પ્રગટ કરવા માટે આ લોકવાર્તાનું જ શરણું લીધું છે. નીતિશાસ્ત્ર-વિશારદ આર્ય ચાણક્યે લોકવાર્તાનો ઉપયોગ કરી ઠોઠ રાજપુત્રને પણ નીતિનિપુણ કર્યો છે.

જ્યારે જ્યારે કવિપ્રતિભા મંદ પડે છે, પ્રજાનો ઉત્સાહ ક્ષીણ થાય છે, અને કેળવણીનો ઝરો સુકાઈ જાય છે ત્યારે ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશના નેતાઓ એ લોકસાહિત્ય રૂપી ગંગોત્રી પાસે જઈને તપશ્ચર્યા કરતા દેખાય છે. શેક્સપિયરને પૂછો કે શીલરને, તે એમ જ કહેશે કે લોકસાહિત્ય એ જ તમારો ગુરુ છે.

તમારા તત્ત્વજ્ઞાનીઓ અને તર્કશાસ્ત્રીઓ ન કરી શકે તેવી સૂક્ષ્મતાથી લોકસમાજે આ સાહિત્યના વિભાગ પાડેલા છે....સંકટો સામે બહાદુરીથી લડનાર રાજપુત્રોનો વિભાગ અલગ, તો પોતાની ચાતુરીથી સંકટોની સુસંધિ કરનારા વણિક મુસાફરોનો વિભાગ જુદો છે....લોકસાહિત્યના રાજાઓ પોતાનો વૈભવ ભોગવતા છતાં પોતાનું મનુષ્યપણું અને મનુષ્ય તરીકેનો પોતાનો દુનિયા સાથેનો સંબંધ ભૂલી જતા નથી. લોકસાહિત્યના લૂંટારા, ઠગ અને ચોરો પણ ગરીબોના બેલી બની આપણી સહાનુભૂતિ મેળવી શકે છે. લોકસાહિત્યના વીરો અને ફકીરો આપણામાં અનુકરણની ઇચ્છા ઉત્પન્ન કરે છે. અને તેથી જ લોકસાહિત્ય એ સત્ય સાહિત્ય છે. એનો ઉપયોગ કેળવણીમાં થવો જોઈએ.

આ વાર્તાઓ શાસ્ત્રનો સંયમ પાળતી નથી, પણ તેની અંદર એક સ્વાભાવિક સંયમ હોય છે. પાપીને ધિક્કાર્યા વગર પાપ–પુણ્યનો ભેદ બતાવે છે અને સમાજસેવાના ઉચ્ચ આદર્શનો ખ્યાલ આપતાં વિશ્વવ્યાપી પ્રેમ ઉત્પન્ન કરે છે.

આ વાર્તાઓ યાત્રાળુઓની માફક દેશાંતરમાં ફરે છે અને જ્યાં જ્યાં જાય છે ત્યાં પ્રેમધર્મ સ્થાપિત કરે છે. ગામડામાં વસતી ડોશી ચાર ધામ ફરી આવી છે એમ કોઈ કહે તે આપણને સાચું લાગતું નથી. તે જ પ્રમાણે ઘરગથ્થુ લાગતી વાર્તાઓ ચાર ખંડ ફરી આવેલી હોય છે એમ કહીએ તો સામાન્ય વાચકોને વિશ્વાસ ન બેસે.

એકાદ વાર્તા નાઈલ નદીના કાંઠા ઉપરની હશે તો બીજી યુફ્રેટીસ ને ટાયગ્રેસ નદી વચ્ચે જન્મી હશે. એકાદ સમરકંદમાંથી આવી હશે! તેમ જ આ વાર્તાઓમાંથી કેટલીએક દેશાંતર કરીને જર્મનીમાં ઘર કરીને રહી હશે તો કેટલીએક લાંબો ચોટલો ઉગાડીને ચીની બની ગઈ હશે. આ વાર્તાઓની પાછળ ક્યાં સુધી દોડીએ ?

['જીવનભારતી 'માંથી] काका कालेलकर

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશદેશની લોકકથાઓ

☆

ભાગ ૪-૫-૬

અનુક્રમ

૧	માનસિંહ અને અભેસિંહ	૧
૨	આગલો અવતાર	૪૨
૩	પલંગની પૂતળીઓ	૫૬
૪	સાત માને ધાવેલો	૭૩
૫	જગદેવ પરમાર	૮૯
૬	મોતી પદમણી	૧૨૪
૭	જગમાલ માલાવત	૧૪૮
૮	રાજા શાલીવાહન	૧૬૨
૯	અલકુ ને શરકુ	૧૭૧
૧૦	લિંબુપરી	૨૦૯
૧૧	ઓરતની મરદાનગી	૨૨૮
૧૨	ચાર મૂરખા	૨૪૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ લેખકોનાં પુસ્તકો

નવલકથા
ખંડિત કલેવરો [બીજી આવૃત્તિ]
અણખૂટ ધારા [બીજી આવૃત્તિ]
કદમ કદમ બઢાયે જા

જીવનચરિત્ર
જીવનશિલ્પીઓ [બીજી આવૃત્તિ]
આચાર્ય પ્રફુલ્લચંદ્ર
સુભાષના સેનાનીઓ
શાહનવાઝખાંની સંગાથે

કહાક્ષવાણી
સાંભેલાં [ત્રીજી આવૃત્તિ]
અમથીડોશીની અવળવાણી

વિજ્ઞાન
આપણે આંગણે ઊડનારાં [બી.આ.]
ગગનને ગોખે [બીજી આવૃત્તિ]

અનુવાદ
સરહદપાર સુભાષ

વાર્તા
પરીકથાઓ ભાગ ૧–૨
[કિશોરગ્રંથાવલિ વર્ષ ૧ સંપુટરૂપે]
રૂપકથાઓ ભાગ ૧–૨
[કિશોરગ્રંથાવલિ વર્ષ ૨ સંપુટરૂપે]
દેશદેશની લોકકથાઓ ભાગ ૧–૨
[લોકકથાગ્રંથાવલિ વર્ષ ૧ સંપુટરૂપે]

પક્ષી–પરિચય ગ્રંથાવલિ
૧. આંગણાંનાં શણગાર
૨. ઊડતાં ભંગી
૩. વગડામાં વસનારાં
૪. રૂપરૂપનાં અંબાર
૫. કંઠે સોહામણાં
૬. પ્રેમી પંખીડાં

કિશોર ગ્રંથાવલિ
[પહેલું વર્ષ: બીજી આવૃત્તિ]
૧. ચૌબોલા રાણી
૨. દોલતપરી
૩. સોના પદમણી
૪. નાગકુમારી
૫. નીલમણિ
૬. ફૂલવંતી

કિશોર ગ્રંથાવલિ
[બીજું વર્ષ]
૧. ગંડુરાજા
૨. કાગરાણી
૩. પાકો પંડિત
૪. શેખચલ્લી
૫. ધુતારાનગરી
૬. ચોરકુમાર

લોકકથા ગ્રંથાવલિ
[પહેલું વર્ષ : બીજી આવૃત્તિ]
દેશદેશની લોકકથાઓ : ૧ થી ૬
૧. ગૌડ–બંગાળની વાતો–૧
૨. ગૌડ–બંગાળની વાતો–૨
૩. બુંદેલખંડની વાતો
૪. કાઠિયાવાડની વાતો
૫. રાજસ્થાનની વાતો
૬. પંજાબની વાતો

પ્રાપ્તિસ્થાન : ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ
પો. બો. નં. ૯૭૮, મુંબઈ–૧ : પો. બો. નં. ૭૩, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનસિંહ ને અભેસિંહ

કુનકાવતી નગરીમાં રાજા અજિતસિંહ રાજ કરે. રાજાને ભગવાને રૂડે હાથે બે દીકરા દીધા છે. મોટા દીકરાનું નામ પાડ્યું માનસિંહ અને નાના દીકરાનું નામ પાડ્યું અભેસિંહ. દેવના ચક્કર જેવા બેય કુંવર રાતે ન વધે એટલા દીએ વધે છે અને દીએ ન વધે એટલા રાતે વધે છે. આજકાલ કરતાં કુંવર દોડવા લાગ્યા અને પાંચમે વર્ષે તો પાટીપેન લઈને ભણવા લાગ્યા. જોતજોતામાં તો કુંવર બાર વરસ વટાવી ગયા અને નગર બહાર નીકળી શિકાર ખેલવા લાગ્યા.

એક દિવસ સવારને પહોર બેય કુંવર મહેલને ઝરૂખે બેઠા છે અને તીરકામઠાં લઈ ધાર્યાં નિશાન પાડી રહ્યા છે. ત્યાં તો બેયને કાને રુમ્મ....ઝુમ્મ....એવો ઝણુકાર સંભળાયો. સામે જુએ તો નગરશેઠના દીકરાની વહુ ઝીણા પદમણી સોળ સાહેલીઓના સાથમાં તળાવેથી પાણી ભરીને ચાલી જાય છે. સરખી સાહેલીઓ તાળીઓ દઈ હસતી-રમતી જાય છે અને ઝીણા પદમણી હળવે હળવે પગલાં માંડતી મલકાતી મલકાતી ચાલી જાય છે. પગમાં ઝાંઝર ઝણુકે છે અને માથે સોનાનું બેડું સૂરજના અજવાળામાં ઝળાં ઝળાં થાતું ધરતી માથે સૂરજ હાલ્યો જતો હોય તેવું લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવું રૂડું બેડું જોઈને માનસિંહ કહેઃ 'વાહ રે બેડું વાહ! આડાંઅવળાં તો ઘણાં નિશાન પાડ્યાં, પણ ભર્યું બેડું હલે નહિ અને બારોબાર ગલોલી હાલી જાય તો નિશાન પાડ્યું પરમાણ!' આમ કહેતાં તેણે તીરને છેડે રાઈના દાણા જેવડી ગલોલી ચડાવી.

'હાં........હાં........ભાઈ! અસ્ત્રીને બેડે આપણાં નિશાન ન હોય........' એમ કહી અભેસિંહ વારવા જાય તે પહેલાં તો માનસિંહની ગલોલી વીજળીના ચમકારાની જેમ છૂટી અને બરાબર ઝીણા પદમણીના બેડાને આરપાર વીંધી પ્રોપટ ચાલી ગઈ. 'ભૂંડી કરી, ભાઈ!' એમ કહી એ જ ઘડીએ અભેસિંહે તીરડા માથે મીણની ગોળી ચડાવી અને 'હે મોરલીધર! પાડ્યું નિશાન બૂરીને સહાય થાજે!' એમ કહી ગલોલીને વહેતી મૂકી. મીણની ગલોલી બેડામાં સાંધની આરપાર પરોવાઈ ગઈ.

પણ ભગવાનને કરવું છે તે એ જ ઘડીએ ઝીણા પદમણીને ઠેસ વાગી અને મીણની ગલોલી હેઠે દોરાવા સાંધ રહી ગઈ. સાંધમાંથી મોતીડાં જેવું પાણી ટપક ટપક હેઠે પડવા લાગ્યું અને ઝીણા પદમણીનાં હીરચીર ભીંજાવા લાગ્યાં. ઝીણા પદમણી સામે નજર કરે તો તીરડા લઈને રાજાના કુંવર મહેલના ઝરૂખામાં બેઠા છે અને એક ભાઈ હસી રહ્યો છે.

એને થયુંઃ 'અરરર! હું નગરશેઠની દીકરાવહુ! રાજાના કુંવર આજ મારી આળવીતરાઈ કરે તો કાલ ગામનાં ગરીબગુરબાંની વહુદીકરીઓ બહાર કેમ નીકળી શકશે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ વિચારી ઝીણા પદમણીએ ઘેર જઈ ફળિયે બેડું પછાડયું અને ઓસરીને ખૂણે ટૂંટિયું વાળીને સૂઈ ગઈ.

સાસુને ખબર પડતાં લીધે શ્વાસે દોડી આવ્યાં અને વહુને પૂછવા લાગ્યાં: 'અરે વહુ! તમે અણોહરાં કેમ? તમને કોઈએ આડી જીભ કચરી હોય તો એની જીભ ખેંચાવું અને આંગળી ચીંધી હોય તો આંગળી વઢાવું. મારી દીકરાવહુને શાં દુઃખ?'

વહુ કહે: 'બાઈજી! કીધું કહેવાય નહિ અને મનમાં સહેવાય નહિ એવાં દુઃખ કહો કેમ કહીએ?'

સાસુ કહે: 'કહેવાય તો યે કહો, અને ન કહેવાય તો યે કહો. કાંઈક મારગ નીકળશે.'

વહુ કહે: 'બાઈજી! વસ્તી ગુનો કરે તો હેડમાં પુરાય. પણ રાજાના કુંવર અમારી આળવીતરાઈ કરે તો કોને કહીએ?'

સાસુએ તરત નગરશેઠને બોલાવ્યા. નગરશેઠને બધી વાત કરી. નગરશેઠને પગથી તે માથા સુધી ઝાળ લાગી ગઈ. પણ કરે શું? તરત નાતના મોવડીઓને ભેગા કર્યા. શેઠને ઘેર પહોર થાતાં તો પદમાશા ને પેમાશા, રૂપાશા ને થોભાશા, નેમચંદ ને લટકચંદ, સટકચંદ ને માખીચંદ ભેગા થયા અને 'અરરર, ભૂંડી કરી! ભારે કરી!' એમ બોલતા વળતે દીએ ઉચાળા ભરી ગામ છોડવાનું નક્કી કર્યું.

બીજે દિવસે વહેલી સવારે દરવાજા ઊઘડે તે પહેલાં દરવાજે ગાડાંની હડચ લાગી અને 'ભાઈ પોળિયા! દર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાજા ઉઘાડચ!' એવા પોકાર પડચા. ચકળવકળ આંખે પોળિયો નજર કરે તો ગામનું મહાજન ઉચાળા ભરીને ઊભું છે.

પોળિયો કહે: 'ગામનું માજન ઉચાળા ભરે અને મારાથી રાજાજીની રજા વિના દરવાજા ઊઘડે નહિ.' આમ બોલી ઉઘાડે પગે પોળિયો મહેલે પહોંચ્યો અને 'રાજાજી! સૂતા કે જાગો!' એવા હેઠેથી પોકાર દીધા. અર્ધા ઊંઘતા ને અર્ધા જાગતા રાજાએ ઝરૂખેથી ડોકું કાઢ્યું ત્યાં પોળિયે ચાવી ખખડાવતાં બધી વાત કરી.

'હેં, મારું માજન ઉચાળા ભરે છે?' એમ કહી માથે ફટકું બાંધી ઉઘાડે પગે રાજા દરવાજે પહોંચ્યા અને નગરશેઠને પૂછ્યું: 'મારા રાજમાં શાં દુ:ખ કે માજનને ઉચાળા ભરવા પડે?'

નગરશેઠ કહે: 'મહારાજ! પેટને કોઈ પોગ્યું છે? અમારી પાસે વાત કરાવવી રહેવા દ્યો.'

રાજાએ જક કરતાં નગરશેઠે બધી વાત કરી. વાત સાંભળતાં તો રાજાનાં રૂંવાડેરૂંવાડાં ધગી ઊઠચાં, નાખોરાં ફૂલી ગયાં અને હોઠ ધ્રૂજી ઊઠ્યા. ચહેરો તો ધગાવેલ તાંબા જેવો લા....લઘૂમ. રાજાએ રાડ નાખી: 'હાં.... કોઈ હાજર છે કે?'

અડખેપડખે નોકરચાકર ઊભેલા તે આગળ આવ્યા અને બોલ્યા: 'હા બાપુ! એક કહેતાં એકવીસ હાજર છે.'

'જાઓ! આ ને આ ઘડીએ બેય કુંવરને કાળો ઘોડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને કાળો પોષાક આપી દેશવટે મોકલી દ્યો! કહેજો કે બાર વરસ સુધી બાપને એમનાં કાળાં મોં ન બતાવે.'

તરત જ મહેલે વાત ગઈ અને બે ય કુંવર કાળા પોષાક પહેરી, હથિયારપડિયાર સજી, કાળે ઘોડે બેસી આથમણે દરવાજેથી દેશવટે હાલી નીકળ્યા.

દણાં........દણાં........દણાં........કરતા દેવાંગી ઘોડા વાવેગે દોડ્યા જાય છે.

લાંબી નળિયારાં ને ટૂંકી ફળિયારાં,
છલકતી છાતીવાળા ને અડી સુમેરીવાળા,
વાટકીએ પાણી પીએ ને
થોડા પાણીમાં માછલું તરફડે એમ ઠેકે ઠેકે
આકાશમાં વાતું કરે,
અગાડીના ચાવતલ ને પછાડીના તોડતલ,
લાંબી લાંબી કેશવાળી ને ટૂંકી ટૂંકી કાનસૂરી
ઝરાંનાં ઝરાં ને અઢાર અઢાર હાથ સાથે ડાબા
માંડતા સગડ ન થવા દે

એવા ઘોડા કુંવરોને બાજઠ જેવી પીઠ સાથે ઉપાડીને વનને મારગે હાલ્યા જાય છે.

હાલતાં હાલતાં સાંજ પડી. સામે જુએ તો વનરાવન જામી પડ્યું છે. ઘાટી ઝાડીઆં અને ઝંટી વનરાઈઆં લેલૂંબ લાગી પડી છે. ઝાડવે ઝાડવાંની ડાળીઓ સામસામી અટવાઈ પડી છે અને જાતી આભને આવરી રહી છે. સૂરજનાં ત્રાંસાં કિરણ પણ પાછાં પડે છે અને વાયરો અડખેપડખે આંટા દીએ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા વનમાં માનસિંહે અને અભેસિંહે એક વડલા હેઠે પડાવ નાખ્યો.

'આ તો વનરાવનનું કામ! જાગતો પોરો સારો!' એમ કહી માનસિંહ સૂતો અને અભેસિંહ હાથમાં ભાલો–તલવાર લઈ પહેરો ભરી રહ્યો.

કાળી ઘોર રાત ધમકારા કરતી ચાલી જાય છે. અંધારાંનાં પોટલાં તૂટી પડ્યાં છે. ત્રમ....ત્રમ....ત્રમ.... તમરાં બોલી રહ્યાં છે અને જંગલી પશુઓની ઝરડકિયું ગમમમમ ગમમમમ કરતી કાનના પડદા ચીરી રહી છે.

આવો એક પહોર અને બે પહોર વીત્યા અને મધ-રાતનો વખત થયો ત્યાં સૂ....સૂ....સૂ...એવા સુસવાટા સંભળાયા. અભેસિંહે તલવારે હાથ દીધો અને અંગૂઠે ઊભો. તૈયાર થઈને નજર કરે છે તો સૂપડસથ્થો કાળો ઝેબાણુ નાગ પાણીના રેલાની જેમ હાલ્યો જાય છે. સૂપડા જેવડી ફેણુ માથે ઝળાં ઝળાં થાતો મણિ બાર બાર ગાઉ માથે અજવાળાં પાથરી રહ્યો છે.

ચાર ગાઉ માથે નાગે મણિને હેઠો મૂક્યો અને અંજ-વાળે અંજવાળે ચારો કરવા હાલી નીકળ્યો. 'અહાહાહા! શું રૂપાળો મણિ છે?' આમ કહી અભેસિંહે તીરનાં ફળાં તોડી ઢાલ માથે ચોડ્યાં. માથે કીડી હાલે તો ઊભે ઊભી વેતરાઈ જાય એમ ફળાંને ઢાલ માથે ચોડી દીધાં અને ઢાલને મણિ માથે મૂકી દીધી.

ઢાલ મૂકતાં ભેગાં તો અંધારાં....ધબ્બ થઈ ગયાં અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફૂં....ફૂં....કરતો નાગ ચારો પછાડી પાછો વળ્યો. આવીને જુએ તો મણિ માથે કાંઈક પડ્યું છે. નાગે ચાર ચાર હાથ ઊછળીને ઢાલ માથે ફેણ પછાડી કે તીરનાં ફળેફળાં સોંસર-સોંસર નીકળી ગયાં અને ફેણ ચાળણીની જેમ રજરજ વેતરાઈ ગઈ. તરફડ....તરફડ....થાતો નાગ ઘડીપલમાં પ્રાણ છાંડી ગયો.

અલેસિંહ ઊઠીને મણિને માથે બાંધી દીધો અને પાછો આવીને વડલા હેઠ જરાક આડે પડખે થયો. પાછલી રાતની ઊંઘે જે ઝપાટો દીધો કે અલેસિંહ એ જ ઘડીએ ઊંઘી ગયો.

આ બાજુ ત્રીજો પહોર વીતી ચોથો પહોર બેઠો તોય નાગ પાછો ન ફર્યો એટલે નાગણી ધણીની ગોતમાં નીકળી. આવીને જુએ તો નાગની ફેણ રજરજ વેતરાઈ ગઈ છે અને નાગ મરેલો પડ્યો છે. 'અરરર! મારા ભોરીંગને મારનાર કોણ?' આમ વિચારી અડખેપડખે નજર ફેરવે તો માનવી-નાં પગલાં દીઠાં. પગલે પગલે ચાલતી નાગણી પાંચ ગાઉ માથે આવીને જુએ તો વડલા હેઠ બે માનવીઓ સૂતા છે.

'આમાંથી મારા ધણીને મારનાર કોણ?' એમ વિચારી નાગણી માનસિંહની છાતીએ ચડી. કાન માંડે તો માનસિંહ સવામણની છાતી કરીને પડ્યો છે અને પહોર પહોરના શ્વાસ લે છે. ઊતરીને નાગણી અલેસિંહની છાતી માથે ચડી તો છાતી ધડક....ધડક....થાય છે અને પળમાં પાંચ વાર શ્વાસ લે છે. 'આ જ મારા ધણીનો મારતલ!' એમ કહી નાગણીએ અલેસિંહના જમણા પગના અંગૂઠાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવો ડંખ દીધો કે પોતે અવળી પડી ગઈ અને ઝેરની કોથળી ઠલવાઈ ગઈ. અભેસિંહનું આખું અંગ લીલું કાચ થઈ ગયું અને નાગણી સરરર કરતી પાણીના રેલાની જેમ હાલી ગઈ.

પહોર રાત વીતતાં સવાર પડી અને માનસિંહ જાગ્યો. આડોઅવળો થતાં સવાપહોર દી ચડ્યો તોય અભેસિંહ ન ઊઠ્યો એટલે માનસિંહે જગાડવા માટે અભેસિંહને માથેથી પછેડી ખેંચી. જુએ તો ભાઈનું મડું પડ્યું છે અને મડું આખું લીલું....કાચ થઈ ગયું છે. 'અરરર! આ તો નાગનો ડંખ....' એમ કહી માનસિંહ માથાં કૂટવા લાગ્યો અને પછડાટી ખાવા લાગ્યો. 'ભાઈ, ભાઈ મારા! એકવાર તો જવાબ દે!' પણ કોણ બોલે?

કલ્પાંત કરતાં કરતાં રોંઢો ઢળ્યો એટલે માનસિંહને થયું: 'નાગનું ઝેર ઉતારનાર કોઈ મળે તો લાવ ને તપાસ કરું.' એમ વિચારી અભેસિંહના દેહને વડના થડની બખોલમાં મૂકી માનસિંહ ઘોડે ચડીને ચાલી નીકળ્યો. 'કોઈ નાગનું ઝેર ઉતારનાર! નાગનું ઝેર ઉતારનાર! નાગનું ઝેર ઉતારે એને મારા માથાનો મુગટ આપું, હૈયાનો હાર આપું!' એમ પોકાર કરતો અને વન ગજવતો માનસિંહ ઘોડાને હાંકતો ચાલ્યો જાય છે.

ચાલતાં ચાલતાં એક દિવસ, બે દિવસ અને ત્રણ દિવસ વીત્યા ત્યાં એક ગામને પાદર આવીને ઊભો રહ્યો. આ તો લાલસિંહ ધુતારાની ધુતારનગરી. નગરીની આસપાસ ચાર ચાર ગાઉમાં લાલસિંહના ધુતારા આંટા દે છે. ધુતારાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનસિંહને દીઠો કે 'આવો, આવો ભાઈ! ઘણે વરસે દેખાણા?' એમ કહી ઘોડાની વાઘ ઝાલી અને નગરીની વચ્ચે દરબારમાં જઈને ઊભા રહ્યા.

ત્યાં તો 'અહોહોહો! જમાઈરાજ આવ્યા....મોટા મહેમાન આવ્યા....' એમ કહેતો, બહિયા કાન અને આડી આંખ, નનકું નાક અને ટૂંકી ડોકવાળો બાંઠકો લાલસિંહ ધુતારો દરબારમાંથી દોડ્યો અને માનસિંહને બથ ઘાલીને ભેટી પડ્યો. માનસિંહને દોરીને લાલસિંહ ધુતારો દરબારમાં લઈ ગયો અને પગલે પગલે ધુતારી કચેરી 'ખમ્મા ....ખમ્મા....જમાઈરાજને!' એમ બોલતી ગઈ.

બેસતાંવેંત ધુતારે વાત કરી: 'અરે જમાઈરાજ! બસ આટલી જ પ્રીત કે? અઢાર વરસ પહેલાં સાત દકાળી પડેલી ત્યારે તમારા દાદા અહીં આખી કચેરી સાથે આવીને રહેલા અને અમે ચાર ગાસ ઘરાણે મૂકીને ગજાસંપત સેવા કરેલી. એ તો ઠીક, પણ જતાં જતાં અમારી કુંવરી સાથે તમારાં લગન કરેલાં એ ય વાત તમે વીસરી ગયા કે?'

'કેવાં લગન અને શી વાત!' એમ માનસિંહ વિચારે છે ત્યાં તો ધુતારે કચેરીને કીધું કે હાં....કરો કસૂંબા તૈયાર. તરત જ આરસની ખરલ સાથે માળવી, કોટાઈ, ચીનાઈ અને મિસરી એવાં ચાર જાતનાં અફીણ કસર....ક! ભુટા....ક! કસર....ક! ભુટા....ક ઘૂંટાવા લાગ્યાં.

ઘડીપલમાં રેડિયા કસૂંબા કાઢ્યા અને જાયફળ અને જાવંતરી, તજ તાલ અને તમાલપત્ર નાખી કસૂંબાની અંજળિઓ ભરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપ પીએ તો બેટાને ચડે,
બેટો પીએ તો બાપને ચડે,
કાકો પીએ તો ભત્રીજાને ચડે,
કીડી પીએ તો હાથી બાઝે,

સાંસો પીએ તો સાવજ બાઝે....એવો કસૂંબો ઘોળી ભરીને હેતુમિત્રને રંગ છાંટી કચેરીમાં પિવાવા લાગ્યો.

રકઝક કરતાં તલનો ત્રીજો ભાગ, રાઈના દાણા જેટલો કસૂંબો હેઠો પડ્યો હોય તો ધરતી ચીરી શેષનાગને માથે જઈ પડે, એવો શેષનાગના માથાનો કસૂંબો, માનસિંહે લાલસિંહ ધુતારાને પાયો અને લાલસિંહ ધુતારે માનસિંહને પાયો ત્યાં તો રાત પડી. આ બધી ધમાલમાં માનસિંહ પોતાના ભાઈની દવાની વાત તો ભૂલી જ ગયો.

એવે વખતે બાનડીએ આવીને સંદેશો દીધો કે: 'દીકરી જમાઈરાજની મહોલે વાટ જુએ છે. જમવા મોકલો.'

માનસિંહને લઈને બાનડી મહોલે આવી ત્યાં તો 'આવો, આવો, આવો' એવા ત્રણ ત્રણ આવકાર દેતી
ધુતારાની દીકરી
બનીઠની, વાળે વાળે મોતી ઠાંસી,
હામકામ મૃગલોચના,

ઠાકરિયો વીંછી, જાણે હેમનાં પાટિયાં માથે ખળકયો જાય તેમ આવીને ઊભી રહી.

જાણે રેશમનો કટકો,
જરીનો જર,
કાળનો વેરી અને લખણુનો કાળ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી અસ્ત્રીએ માનસિંહને ખમકારા દેતાં પલંગે ચોઢાડયો અને 'સ્વામીનાથ! આપને માટે ભાવતાં ભોજન કરીને અબઘડી આવું.' એમ કહી ચાલી ગઈ.

ત્રણ ત્રણ દિવસરાતના ઉજાગરાથી થાકી ગયેલો માનસિંહ ઢોલિયા માથે આડો થયો કે આંખ મળી ગઈ. ત્યાં તો બાનડીએ ધુતારીને રીડ દીધી કે 'દોડ રે દોડ દીકરી! શિકાર ઝોલે ગયો છે.' સાંભળતાં જ ધૂતણા દોડી અને હીરની દોરીએ આખા ઢોલિયા માથે માનસિંહને જકડોજકડ બાંધી દીધો અને માનસિંહની છાતી માથે કટાર લઈને ચડી બેઠી.

માનસિંહ આંખ ઉઘાડીને નજર કરે ત્યાં તો રંગ બદલી ગયો છે અને ધૂતણા બોલી રહી છે: 'હે માનવી! તારા ઇષ્ટદેવને સમરી લે! આ ધરતીનો હવે તું ઘડીપલનો મહેમાન છો.'

'સમો વરતે એ સાવધાન!' એમ વિચારી માનસિંહ ખડ....ખડ....ખડ....હસી પડ્યો.

ધૂતણાએ પૂછ્યું: 'એલા! મોત–ટાણે કેમ હસ્યો?'

માનસિંહ કહે: 'તારા જેવી જ એક અસ્ત્રી હતી. હતી તો પદમણી, પણ માનવી હારે વેર કરીને વસતાં કેવી હારી ગયેલી એ યાદ આવતાં જરા હસી પડ્યો.'

ધૂતણા કહે: 'એવી અસ્ત્રી વળી કોણ હતી? વાત તો કર?'

માનસિંહ કહે: 'તું મારી છાતીએ બેઠી છે, ને મારાથી વાત કેમ થાય?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૂતણુ ગમે તેમ તો ય અસ્ત્રીની જાત.

કાગા વહાલું કુંભજળ, સ્ત્રીને વહાલી વાત,
બ્રાહ્મણને ભોજન ભલું, ગધાને વહાલી લાત.

એમ અસ્ત્રીને વાત વહાલી એટલે ધૂતણુ ચટ છાતીએથી હેઠે ઊતરી અને સામે સાંગામાંચીએ જઈને બેઠી. એટલે માનસિંહે વાત શરૂ કરી—

એક વખત દલ્લી શહેરમાં શામ પટવો નામે સોદાગર રહે. સોદાગરને એકની એક દીકરી. દીકરીનું નામ હીરણું. હીરણુ આગલે અવતાર ઈંદરના ઘરની અપસરા હતી. પણ નાટારંભમાં આડું ધ્યાન જતાં ઈંદ્ર રાજાએ શાપ દીધો અને મરતલોકમાં શામ પટવાને ઘેર દીકરીરૂપે અવતરી. હીરણુના રૂપનો કોઈ પાર નહિ. મરતલોકનાં માનવીની નજર પડે તો નજર ફટકે એવાં એનાં રૂપ અને સાંભળે તો કાન ફટકે એવા એના બોલ. એનાં હીરચીર કદી દિવસનાં તો ધોવાતાં નહિ. હીરણુ કદી માનવી સામે નજર કરતી નહિ. દિવસે ઊંઘે અને રાતે ઈંદરના ઘરનું તેડું આવે એટલે નાટારંભમાં જાય.

એક વખત દિલ્લીના બાદશાહનો શાહજાદો પૂનમની મધરાતે ફરવા નીકળ્યો. ફરતો ફરતો તળાવની પાળે આવીને જુએ તો ધોબી લૂગડાં ધૂએ છે. શાહજાદો પૂછે છે: 'અરે હે ધોબી, મધરાતે મજૂરી કાં કર ?'

ધોબી કહે: 'સાહેબ ! આ તો હીરણુ પદમણીનાં હીરચીર. હીરચીરમાં પદમણીના પરસેવાની સુગંધ હોય. દિવસે ધોઉં તો એની ગંધે ગંધે ભમરાનાં ભૂર આવે અને મને પીંખી ખાય.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાહજાદે ઘાટેથી એક ચીર ઉપાડ્યું અને નાકે માંડ્યું ત્યાં તો 'વાહ ચીર વાહ!' એમ રણકારા બોલી ગયા. શાહજાદો તો ચીર ઉઘાડતો અને સંકેલતો જાય છે અને 'વાહ ચીર વાહ!' બોલતો જાય છે. 'બસ પરણું તો આ હીરચીર પહેરનારીને જ પરણું!' એમ કહેતો શાહજાદો ટૂટલસૂટલ ખાટલી માથે ઘોડારમાં જઈને સૂતો. એક દિવસ, બે દિવસ અને ત્રણ દિવસ થાતાં તો ડિલ કાંટા જેવું થઈ ગયું.

આટલી વાત કરીને માનસિંહ બોલ્યો: 'અરે હે ધૂતણા! મારું ગળું દોરીએ ભીંસાય. હું વાત કેમ કરું?'

ધૂતણાએ ઊઠીને ગળાના દોર ઢીલા કર્યા એટલે માનસિંહે વાત આગળ ચલાવી—

ત્રીજે દિવસે બાદશાહને ખબર પડી એટલે ઘોડારમાં આવીને પૂછ્યું: 'અરે બેટા! દિલ્લીના તખતના આવતા ધણીને શાં દુઃખ કે ટૂટલસૂટલ ખાટલીએ પડ્યા?'

શાહજાદો કહે: 'વાહ, ચીર વાહ! આ ચીર પહેરનારીને પરણાવો તો હા, નહિ તો ના.'

બાદશાહ કહે: 'અરરર! શામ પટવો હિંદવો સોદાગર. આપણે તુરક. એની બેટીનાં માગાં કરું તો મારાં તખત લાજે.' એમ કહી બાદશાહ ચાલતો થયો.

શાહજાદો તો 'વાહ ચીર વાહ!' લવે છે અને હીરચીર ઉઘેડ-સંકેલે છે ત્યાં બીરબલ આવી પહોંચ્યો. શાહજાદાને તો રોમે રોમે હીરણ વ્યાપી ગઈ છે. સૂધસાન રહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી અને 'વાહ ચીર વાહ!' એવા લવારા હાલે છે. બીરબલ કહે: 'ઊઠ રે ઊઠ, શાહજાદા! હું તને હીરણ અપાવું. લવારો કર્યે ગાંડો થઈશ તો ત્રણ કતીકા મારી તને કાઢી મૂકશે ને છોકરાં વાંસે ધૂળ ઉડાડશે.'

'બીરબલ! તું મારો જીવાધાર!' એમ કહી શાહજાદો પગે પડવા જાય ત્યાં બીરબલ હીરણને મહેલે ચાલ્યો.

આટલી વાત કરીને વળી માનસિંહ બોલ્યો: 'અરે હે ધૂતણા! મારી છાતી દોરીએ ભીંસાય. હું વાત કેમ કરું?'

ધૂતણાએ ઊઠીને છાતીના દોર ઢીલા કર્યા એટલે માનસિંહે વાત આગળ ચલાવી—

બીરબલ આવીને હીરણને મહેલે ઊભો રહ્યો. જુએ તો સોનેરી સેજ બિછાવી, ગુચ્છે ગુચ્છે ફૂલના તકિયા માંડી, બાલબાલ મોતી પ્રોઈ, થાળમાં મુક્તાફળનાં મોતી મૂકી હીરણ બેઠી બેઠી રમત રમે છે. હીરણના રૂપના ઓછાયા પડતાં હજાર હજાર હીરણના દેહ દેખાય છે. બે ઘડી તો બીરબલ 'આ હીરણ કે આ હીરણ?' એમ ગૂંચવાતો હરતાફરતા આંટા મારતો રહ્યો. ત્યાં હીરણે ફૂલના બોલે આવકાર દીધો: 'આવો ભાઈ બીરબલરાજ! આજ અમારાં ઘર પાવન કર્યાં?'

બોલને રણકારે બીરબલે સાચી હીરણને જોઈ અને સામો જવાબ દીધો: 'બહેન! દિલ્હીનાં તખત ડગે. તારો આધાર લેવા આવ્યો છું.'

હીરણ કહે: 'એવી શી આફત કે દિલ્હીનાં તખત ડગે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીરબલ કહેઃ 'શાહજાદો તારું નામ લવે. ગાંડો થાશે તો જગ જાણશે કે હીરણે જાદુ કર્યાં. કાં શાહજાદાનો હાથ પકડ ને કાં જાદુગારીનાં ઓઢણાં ઓઢ.'

હીરણ કહેઃ 'બીરબલ! હું અપસરા. શાહજાદો કાળા માથાનું માનવી. હું માનવીનાં મોં ન જોઉં. અમારો મેળ કેમ મળે? છતાં યે જા, શાહજાદાને કહેજે કે એને ત્યાં સાત રાત ચોપાટ રમવા આવીશ.'

બીરબલે જઈને શાહજાદાને કહ્યું: 'ઊઠ રે શાહજાદા! હીરણ તારે મહેલ સાત રાત ચોપાટ રમવા આવશે. કરામત હોય તો એને હાથ કરજે, નહિ તો હાથ ઘસતો રહેજે.'

આટલી વાત કરી ફરી માનસિંહ બોલ્યો: 'અરે હે ધૂતણા! મારું પેટ દોરીના બંધે ભીંસાય. હું વાત કેમ કરું?'

ધૂતણાએ ઊઠીને પેટના દોર ઢીલા કર્યા એટલે માનસિંહે વાત આગળ ચલાવી—

સાંજ પડી એટલે હીરણ હાથમાં રત્નજડિત ફાનસ લઈ, ઝાંઝરના ઝમકાર કરતી શાહજાદાને મહેલે આવીને ઊભી રહી. શાહજાદે અર્ધી આંખ ઉઘાડી ન ઉઘાડી ત્યાં તો પદમણીનાં રૂપ જોતાં એની નજર ફટકી અને 'વાહ રૂપ! વાહ રૂપ!' એમ લવતો બિછાને ગોટપોટ થઈ ગયો.

'માળાં માનવી તો ગાંડાં જ રહ્યાં!' એમ બોલી હીરણે પોતાને હાથે ચોપાટ બિછાવી. ડાબે જમણે હાથે સામસામા દાવ નાખી, ચાર બાજી રમીને પહેલો પહોર વીતતાં હીરણ હાલી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ એક રાત, બે રાત અને ત્રણ રાત ગોટપોટ વીતી ત્યારે બીરબલે પૂછ્યું: 'કાં શાહજાદા! હીરણનાં રૂપ કેવાં?'

શાહજાદો કહે: 'સામે નજર મંડાય તો રૂપ જોઉં ને?'

બીરબલને થયું કે આ ગાંડિયાનું કરવું શું? હમણાં સાત દિવસ વીતી જશે ને એ હાથ ઘસતો રહેશે બીરબલ કહે: 'સામે નજર ન મંડાતી હોય તો આવતી કાલે એની વાંસે વાંસે હેઠી આંખે હાલ્યો જાજે. કાંઈ મારગ નીકળે તો તારાં નસીબ.'

બીજે દિવસે હીરણ ચોસરબાજી રમીને હાલી નીકળી એટલે શાહજાદો હેઠું ઘાલીને પાછળ હાલ્યો. હીરણે ઘેર જઈ કનકના થાળમાં સાત લાડુ મૂકયા. છનનન છનનન નેપુર વગાડતી હીરણ તળાવને કાંઠે આવીને ઊભી રહી ત્યાં તો ઘરરર કરતું દેવલોકમાંથી વિમાન ઊતર્યું. વિમાનમાંથી છ અપસરા ઊતરી. એટલે સાતે જણીએ એક એક લાડવો ખાઈ, તળાવમાં માથાબોળ નાવણ કરી, શણગાર સજી વિમાને પગ માંડ્યો ત્યાં ઘરરર કરતું વિમાન દેવલોકને મારગે ઊડયું.

શાહજાદે આ બધી વાત બીરબલને કરી એટલે બીરબલ કહે: 'આવતી કાલે તું એ વિમાનમાં બેસી જજે. દેવલોકમાં જે કાંઈ જુએ એ હીરણને કહેજે. કાંઈક મારગ નીકળશે.'

આટલી વાત કરી વળી માનસિંહે કહ્યું: 'અરે હે ધૂતણા! મારા પગ દોરીએ ભીંસાય. વાત કેમ કરું?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૂતણુાએ પગના દોર ઢીલા કર્યા એટલે માનસિંહે વાત આગળ ચલાવી—

બીજે દિવસે જેવું વિમાન ઊતર્યું કે શાહજાદો વિમાનને પગથિયે ભરાઈ બેઠો. હીરણે નાવણ કરી વિમાને પગ દીધો કે ઘરરર કરતું વિમાન ઊડ્યું અને એક ઘડીમાં દેવલોકમાં આવી ઊભું રહ્યું.

શાહજાદો જુએ છે તો મોતીના મહેલ વચ્ચે મોરના સિંહાસન માથે ઈંદ્રરાજા બેઠા છે. ડાબજમણે અપસરા નાચે છે. સંગીતના સૂરે પવન પડી ગયો છે. વીજળી થંભી ગઈ છે અને મેઘ મધરો થઈ ગયો છે. ઈંદ્રના મસ્તક માથે મલાર મેઘાડંબર કરીને ઊભો છે, વસંત પંખો નાખે છે અને ફાગણ ફૂલડાં ફંગોળે છે.

બે ઘડી વીતી અને હીરણ નાટારંભ કરવા ઊભી થઈ. છનનન છનનન છમકારા કરતી થેઈ થેઈ પગલીએ હીરણ નાચવા લાગી, પણ દેવલોકનો મોનિયો તબલચી ઝોલે ગયો અને હીરણના પગ આડાઅવળા જવા લાગ્યા. હીરણ ઘણી યે આંખ તાણે પણ મોનિયો નજર કરે તો ને?

આવો લાગ જોઈને શાહજાદો મોનિયાની આડો ભરાઈને બેસી ગયો અને તબલાં ખેંચી વગાડવા લાગ્યો. તાલ મેળમાં આવતાં થાપે થાપે હીરણને રોમે રોમે શૂર ચડ્યું અને નાટારંભે મહેલને માથે લીધો.

'વાહ! તબલચી વાહ!' એમ પોકારી ઈંદ્રે તબલચીને માથે મોતીનો દડો ફેંક્યો. ત્યાં તો નટનો સમય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતાં શાહજાદે નટની થાપ મારી. હીરણે નટની છાયા ઘુમાવી. તબલાને થાપે થાપે જાણે સરવર માથે ગિરિ નાચવા લાગ્યો. હીરણાએ ખુશ થઈને પોતાનો રૂમાલ તબલચી માથે ફેંક્યો.

તબલચી રંગે ચડ્યો. ઊંધું ઘાલીને તબલાં વગાડ્યે જાય છે અને હીરણાએ ઇંદ્રાસનને ચકડોળે ચડાવ્યું છે. 'વાહ નાટારંભ! વાહ તબલચી!' એમ પોકારી ઇંદ્રે હીરણને સોળ શણગાર ભેટ દીધા અને તબલચીને કેડેથી કાઢી કટાર ભેટ દીધી. હીરણાએ પણ પોતાનો નવસરો હાર કાઢીને તબલચીને માથે ફેંક્યો.

આમ કરતાં રાતના ચાર પહોર વીત્યા અને ગગડાત ગાંધર્વે આવીને ભેરવ મચાવ્યો એટલે હીરણ પગે લાગીને વિમાને ચડી. શાહજાદો પણ વિમાનમાં ભરાઈ ગયો અને ઘરરર વિમાન તળાવની પાળે હીરણને ઉતારીને પાછું વળ્યું.

મહેલે પહોંચી શાહજાદે બીરબલને દેવલોકની બધી વાત કરી. બીરબલ કહે: 'આજ રાતે હીરણ આવે ત્યારે સામી નજર ન મંડાય તો કાંઈ નહિ, પણ આ મોતીનો દડો, રૂમાલ, કટાર અને નવસરો હાર એની સામે મૂકી દેજે અને કહેજે કે 'અપસરાના નાટારંભમાં માનવીની થાપ હોય તો ઈંદ્રાસન લાજે કે શોભે?'

સાંજે હીરણ આવીને ઊભી રહી કે શાહજાદે આડી નજરે મોતીનો દડો, રૂમાલ, કટાર અને નવસરો હાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકી કહ્યું: 'અપસરાના નાટારંભમાં માનવીની થાપ હોય તો ઈંદ્રાસન લાજે કે શોભે?'

આ બોલ કાને પડતાં હીરણને તબલચી અને શાહજાદો એક છે એવો ખ્યાલ આવ્યો કે નીચું જોઈ ગઈ અને બોલી: 'અપસરા હારી અને માનવી જીત્યો. આજથી તમે મારા સ્વામીનાથ અને હું તમારી અસ્ત્રી'

આટલી વાત કરી ત્યાં બધા બંધ ઢીલા થઈ જતાં માનસિંહે છલાંગ દીધી અને ખીંટીએ ટાંગેલી પોતાની તલવાર ઉપાડી.

લાખા લુવારની સજ કરેલ,
સોનિયા વાઢાળાની વાર કરેલ,

માથામાં ઠણકાવી હોય તો ભાજી ખાવાનો દહશેરો હરદ્વારના મેળામાં દૂબળા સાધુના હાથનું ખીચડીનું રામપાતર જેમ લોંઠકા હાથની થપાટે અઢાર હાથે જઈ પડે તેવી તલવાર ઉપાડીને માનસિંહે ધૂતણા માથે છલાંગ મારીને કીધું: 'અરે હે ધૂતણા! હવે તું તારા ઇષ્ટદેવને યાદ કરી લે. આ ધરતીની તું ઘડી બેઘડીની મહેમાન છો!'

તરત ધૂતણા માનસિંહને પાયે પડી અને બોલી: 'અરે હે રાજા! અઢાર વરસની ઉંમરમાં મેં અઢારસેં રાવરાજાને મારીને આ મહેલમાં ગપત કર્યા. પણ તમે મારા માથાના નીકળ્યા. આજથી તમે મારા સ્વામીનાથ અને હું તમારી અસ્ત્રી. મારી કરામતે પાંચ પાદશાહી ડૂલ થાય એટલું ધન મારા બાપે ભેગું કર્યું છે એ આજથી તમારું સમજજો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૂતણુાએ તરત લાલસિંહ ધુતારાને બોલાવ્યો અને ઘડિયાં લગન લેવરાવી માનસિંહ સાથે ફેરા ફરવા બેઠી. ચોથો ફેરો પૂરો કરી માનસિંહે ઘોડે છલાંગ દીધી અને ધૂતણુાને કહ્યું: 'મારે તો બાર વરસનો વનવાસ. આ હજી મારા બાપની ભોમકા. મારાથી અહીં ન રહેવાય. પાછો ફરું ત્યાં સુધી સતધરમ પાળજે. બારમે વરસે આવીને તેડી જઈશ.'

એમ કહીને માનસિંહ હાલી નીકળ્યો. હાલતો હાલતો મધરાતે ચંદ્રાવતી નગરીને દરવાજે ઊભો રહ્યો. પરોઢિયું થાતાં પરોળિયે દરવાજા ઉઘાડ્યા ને જેવું માનસિંહે દરવાજામાં ડગલું દીધું કે 'ખમ્મા...ખમ્મા....' કહેતાં વજીર-પ્રધાને માનસિંહને આવકાર દીધા. આ નગરીનો રાજા ગઈ રાતે મરણુ પામેલો. ગાદીનો કોઈ વારસ ન હોવાથી રાજાએ મરતાં મરતાં કહેલું કે વળતી સવારે દરવાજામાં પહેલો પગ માંડે એને ગાદીએ બેસારજો અને મારી કુંવરી ચંદ્રાવતી પરણુાવજો. એ પ્રમાણે માનસિંહે ડગ દેતાં એને વાજતેગાજતે મહેલે લઈ ગયા. એને ચંદ્રાવતીની ગાદી સોંપી અને ચંદ્રાવતી સાથે લગન કરી દીધાં. માનસિંહે રાજકાજ હાથમાં લીધું અને અક્કલ-હોંશિયારીથી રાજ ચલાવવા લાગ્યો.

: ૨ :

આ બાજુ વનમાં અભેસિંહનું શું થયું ?

આ વનમાં થઈને લાખો વણઝારો પોતાની લખ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોઠ લઈને દિલ્લીને મારગે હાલ્યો જાય. વનમાં આવતાં રાત પડી અને વડની અડખેપડખે લખપોઠનો પડાવ નાખ્યો. વડની ફરતા ચાર ચાર ગાઉમાં વણઝારાના હાથી હલકે છે, ઊંટ આકળે છે, ઘોડા હણહણે છે અને બળદ ભાંભરે છે.

લાખા વણઝારાને એકની એક દીકરી. દીકરીનું નામ રંભાવતી. રંભાવતીને લાખો ખોટના દીકરાની જેમ જાળવે છે અને પાલખીમાં પોઠ સાથે ફેરવે છે. રંભાવતીને અખંડ કુંવારકાનાં નીમ. રંભાવતીની પાલખીની પડખે સોળ સાહેલીઓનો સાથ રાતદિવસ રમે છે.

બીજે દિવસે સવારના પહોરમાં રંભાવતી પાલખીમાંથી ઊતરી સોળ સાહેલીઓ સાથે રમવા નીકળી. આવીને વડ હેઠે જુએ તો જાણે થાંભલા રોપ્યા હોય એવી વડવાઈઓ જામી ગઈ છે. રંભાવતી સોળ સાહેલીઓ સાથે વડવાઈએ વડવાઈએ 'વર વર'ની રમત રમવા લાગી. રંભાવતી અને સાહેલીઓ સામસામી દોડે છે અને વડવાઈને બથ ભરી 'આ મારો વર! આ મારો વર!' એમ કહી ઊભી રહી જાય છે. ઘડી બે ઘડી રમત રમી ત્યાં સાહેલીઓએ રંભાવતીને રમણે ચડાવી અને વડવાઈ ભુલવાડી દીધી. હમણાં મારે દાવ આવ્યો કે આવશે?—એમ વિચારતી રંભાવતી વડના થડે દોડી અને થડને બાથ ભરી બોલી: 'આ મારો વર.'

પણ આમ બોલી ન બોલી ત્યાં એ ઝબકી અને સામે નજર કરે તો પોતાની બથમાં થડની બખોલમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક માનવીનું મડું બેઠું છે. 'હશે, જીતવા! મારા નસીબમાં મૂઓ વર માંડ્યો હશે!' એમ કહી, ચૂંદડીનો છેડો હેઠો કરી રંભાવતી અભેસિંહનું મડું ખોળામાં લઈને બેસી ગઈ.

સાહેલીઓએ દોડીને લાખા વણઝારાને વાત કરી. લાખો વણઝારો સાસભર્યો આવીને કહે: 'બેટા! ઊભી થા, ઊભી થા. મૂઆ મડા હારે મારી લાખેણી દીકરીનાં લગન હોય? કહે તો તને રાજાના કુંવર સાથે પરણાવું અને કહે તો શાહસોદાગરને ઘેર પરણાવું.'

રંભાવતી કહે: 'બાપુ! રામ રામ ભજો. એકવાર જીભ કચરાઈ ગઈ અને હવે ફરી બેસું તો મારું નામ લાજે. સાત દિવસ વાટ જોઉં. જો મડું હોંકારો ન દે તો મારે સતી થાવું. અને અગનકાટ દઈને તમે હાલી નીકળજો.' આમ કહી ઘીનો દીવો સળગાવી રંભાવતી 'સ્વામીનાથ! સ્વામીનાથ!' જપતી વગડામાં બેઠી છે.

એક રાત, બે રાત અને ત્રણ રાત અખંડ જાગતી રંભાવતી બેઠી છે ત્યાં એ વનમાં બે બ્રાહ્મણ નીકળ્યા. એક બાપ અને બીજો બેટો. બાપ આંધળો અને દીકરો દેખતો. દીકરો બાપને દોરતો જાય અને કાશીને મારગે હાલ્યા જાય.

વનમાં બોલાશ સાંભળીને બાપ બેટાને પૂછે છે: 'અરે હે દીકરા! આ વનમાંથી આપણે સાત વાર નીકળ્યા, પણ એકેય વાર આપણે માનવી ભાળ્યો નહિ અને આ બોલાશ શાનો?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપ–દીકરાને બોલતા સાંભળીને લાખો વણઝારો દોડયો આવ્યો: માંડીને વાત કરી. બ્રાહ્મણના પગ ઝાલીને કરગરવા લાગ્યો: 'મહારાજ! તમે બ્રહ્માના પુતર. મારી દીકરીનો ચૂડો અખંડ રહે તેવું કરો.'

આંધળો બ્રાહ્મણ કહે: 'કાશીની સાત સાત ખેપ કરી. પશુપંખીનાં મડાં બેઠાં કરવાનું હું જાણું. પણ માનવીનાં મડાં બેઠાં કરતાં મને ન આવડે. છતાં જોવા દે. જેવાં તારી દીકરીનાં નસીબ.'

આમ કહી આંધળા બ્રાહ્મણે અભેસિંહના મડા માથે હાથ ફેરવ્યો. પગ, પેટ, હાથ અને મોઢા માથે હાથ ફેરવતો ફેરવતો જેવો તાળવે મૂકયો ત્યાં એ થંભી ગયો. જીવ હજી તાળવે લવકારા મારે છે.

'અરે! આ તો નાગણનો ડંખ. નાગણને બોલાવવા દે!' આમ કહી એણે ખડિયામાંથી ચાર કોડીઓ કાઢી ઉગમણી, આથમણી, ઓતરાદી અને દખણાદી ફેંકી. ઘડીપળ વીતી ત્યાં ફૂં....ફૂં....ફૂંફાડા મારતી કાળી ઝેબાણ નાગણી દખણાદી દિશાએથી આવી પહોંચી. નાગણીના ફૂંફાડા સાંભળીને બ્રાહ્મણ બોલ્યો: 'ફટ રે ફટ નુગરી! તને બાર જોજન વનખંડીમાં ચારો ઓછો મળ્યો કે માનવી જેવા માનવીને ડંખ દીધો?'

નાગણી બોલી: 'મહારાજ! ભૂખે ડંખ નથી દીધો, દુ:ખે ડંખ દીધો છે. આ જુવાને મારા સ્વામીનાથને મારી મારું એવાતણ ભાંગ્યું. પછી ડંખ ન દઉં તો શું કરું?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ તારું એવાતણુ અખંડ કરી દઉં તો ?'

'તો, મારી ઝપટ પાછી ખેંચું અને મડું બેઠું થાય.'

તરત નાગણીએ નાગનો મરેલ દેહ બ્રાહ્મણ પાસે મૂકયો. મંતરીને જેવું બ્રાહ્મણે નાગ માથે અંજલિ પાણી છાંટયું કે સૂપડા જેવડી ફેણ ડોલાવતો ભોરીંગ બેઠો થયો.

તરત નાગણી અભેસિંહના મડા પાસે ગઈ. મડાને ચાર આંટા મારી અંગૂઠે ડંખ માંડયો. જમણી દાઢે ચસ....ક કરી બધું ઝેર ચૂસી લઈ ને, ડાબી દાઢેથી ફ્‌રર.... અમીની કોથળી ઠાલવી. અભેસિંહ આળસ મરડીને બેઠો થયો. અડખેપડખે આ બધું શું થઈ રહ્યું છે તે ચકળવકળ આંખે જોવા લાગ્યો. લાખા વણઝારા અને રંભાવતીના હરખનો પાર ન રહ્યો. લાખે વણઝારે માંડીને બધી વાત કરી.

એ ને એ વખતે ઘડિયાં લગન લીધાં. વનમાંથી આલાલીલા વાંસ વાઢી ધૂળની ઢગલી મૂકી ચોરી કરી અને આંધળા બ્રાહ્મણે રંભાવતી અને અભેસિંહનાં લગન કરાવ્યાં. લગનના ચાર ફેરા પૂરા કરી અભેસિંહે પોતાના ઘોડા માથે છલંગ મારી. રંભાવતીએ ઘોડાની વાઘ ઝાલી પૂછયું: 'અરે હે સ્વામીનાથ! પરણીને પૂરાં ઊઠયાં યે નહિ ત્યાં કાં હાલતા થાઓ? અમારો શો વાંક, શો ગુનો?'

અભેસિંહ કહે: 'અરે હે સતી રાણી! વાંક અમારા નસીબનો. આ હજી મારા બાપની ભોમકા. મારે માથે બાર વરસનો વનવાસ. મારાથી અહીં રહેવાય નહિ. તમે તમારો સતધરમ પાળતાં પિતા સાથે ફરજો. બારમે વરસે આવીને તેડી જઈશ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ કહી અભેસિંહે ઘોડાને જે એડી મારી કે દણાં દણાં દણાં કરતો ઘોડો ઘડી પલમાં વન વટાવીને આઘો નીકળી ગયો.

: ૩ :

હાલતાં હાલતાં રાત પડી ત્યારે અભેસિંહ ચંદ્રાવતી નગરીને દરવાજે આવીને ઊભો રહ્યો. જુએ તો દરવાજો બંધ. પરોળિયા ઊભા પહેરા ભરે છે. અભેસિંહે રાડ દીધી: 'અરે હે પરોળિયા! દરવાજા ઉઘાડ '

પરોળિયા કહે: 'દરવાજાની કૂંચી મહારાજાની મહેલાતે. કૂંચી આવે ત્યારે સવારે દરવાજા ઊઘડે. અત્યારે તો અહીં જ રાત કાઢો.'

અભેસિંહે ઘોડાનું જીન છોડી દરવાજા બહાર લંબાવ્યું. લંબાવતાં ભેગી ઊંઘ આવી ગઈ. હરતાફરતા પરોળિયા અભેસિંહના અંગ માથે નજર માંડે છે અને અમૂલ ઘરેણાં જોઈ અંદરોઅંદર વાતો કરે છે: 'આ જો હાથ કરીએ તો આખા જનમારાનું દાળદર ફીટી જાય.'

થોડી વારમાં અભેસિંહ નસકોરાં બોલાવવા લાગ્યો કે પરોળિયા એને માથે તૂટી પડ્યા. આખે અંગેથી ઘરેણાં ઉતારી લીધાં. હાથપગ કાપી અભેસિંહનો પોટલો બાંધ્યો અને આઘે આઘે એક ખાડામાં નાખી આવ્યા.

વહેલી પરોડે દરવાજા ઊઘડ્યા અને એક કુંભાર ગધેડા હાંકી માટીખાણે માટી ખોદવા આવ્યો. ખાણમાં આવીને જ્યાં કોદાળીનો ઘા કરે ત્યાં પડખે અવાજ સંભ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ળાયો. કાન માંડીને સાંભળે તો કોઈ દુઃખનું માર્યું માનવી કણસતું હોય એમ લાગ્યું. અવાજે અવાજે કુંભાર ખાણમાં આઘો જઈને જુએ તો એક જુવાન આદમી ગોટપોટ પડચો કણસ્યા કરે છે.

કુંભાર પૂછે: 'અરે હે માનવી! તું કોણ છો?'

અભેસિંહ કહે: 'ભાઈ! વખાનો માર્યો માનવી છું. લૂંટારા લૂંટીને હાથપગ કાપી અહીં નાખી ગયા છે. દુઃખ સહન નથી થાતું. આ કરતાં મને નદીમાં નાખી દે તો મારો વહેલો અંત આવે. ભગવાન તારું ભલું કરશે!'

કુંભાર કહે: 'અરે ભાઈ! દુનિયામાંથી હજી દયા ક્યાં મરી પરવારી છે કે તને જીવતે જીવ પાણીમાં નાખું? હાલ્ય મારે ઘેર. મારે એકેય દીકરો નથી તે તું જ મારો દીકરો!'

ગધેડે નાખીને કુંભાર અભેસિંહને ઘેર લઈ ગયો. અભેસિંહને ખાટલે નાખ્યો અને હાથેપગે ભીની માટીના પાટા બાંધ્યા. સાત દિવસ પાટા બાંધ્યાં ત્યાં તો ખરરર ઝાડને પાંદડાં ફૂટે એમ અભેસિંહને હાથેપગે આંગળાંનાં ફડસવાં ફૂટચાં અને બીજા સાત દિવસ જાતાં તો આખે-આખા હાથપગ આવી ગયા. અભેસિંહ હરતોફરતો થઈ ગયો અને કુંભાર બાપને કામ કરાવવા લાગ્યો. કુંભારે એનું નામ પાડ્યું તળશી.

તળશી જોતજોતામાં કુંભારનું કામ શીખી ગયો અને ચાકડેથી ઠામના ઢગલા ઉતારવા લાગ્યો. ઠામે ઠામે નખની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નકશી કરે અને માણસ મોઢામાં આંગળાં નાખી જાય એવાં ચિતરામણ કરે. તળશીની તો કાંઈ કારીગરી ! કાંઈ ચિતરામણ ! એમ કહેતાં ગામ આખાનાં માણસ તળશીને નિભાડેથી ઠામ લઈ જાય છે અને કુંભારને ઘેર સાંજ પડતાં પૈસાના ઢગલા થાય છે. થોડાક મહિના ગયા ત્યાં તો કુંભારનું ઘર અભરે ભરાઈ ગયું.

આ જ નગરીમાં મોટો ભાઈ માનસિંહ રાજા થઈને રાજ કરે છે. પણ અભેસિંહને આ વાતની કાંઈ ખબર નથી. એ તો કુંભારને ઘેર ઘડા ઘડે છે અને આનંદથી દિવસો ગાળે છે.

પણ નસીબ બે ડગલાં આગળ ને આગળ.

થયું એવું કે આ નગરીના બે શેઠિયા નામે ઝવેરચંદ અને સૂરચંદે લાખ લાખનાં વહાણ ભર્યાં અને જાવાની ખેપ કરવા તૈયાર થયા. પણ વહાણ કાંઈક અવજોગમાં બંધાયાં હશે તે સવળા વાયરા થાય નહિ અને વહાણ બારા બહાર નીકળે નહિ. ખારવા સઢ આમ ચડાવે, તેમ ચડાવે પણ વહાણ હલે કે ચલે.

શેઠિયાએ જાણા જોશીને બોલાવ્યા અને જોશ જોવડાવ્યા. જોશી કહે કે દરિયાલાલ કોપાયમાન થયા છે. દરિયાલાલ બાર વરસના ભૂખ્યા છે. બત્રીસાનો ભોગ આપો તો જ વહાણ હાલશે.

શેઠિયાએ જઈને રાજાને જાણ કરી. રાજાએ હુકમ દીધો કે 'જાઓ, ગામમાંથી બત્રીસો મળે એને પકડી આવો અને દરિયાલાલને ભોગ ધરો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠિયાના અને રાજાના માણસ આખા ગામમાં ફરવા લાગ્યા. ફરતાં ફરતાં કુંભારને ઘેર આવીને જુએ તો તળશી બેઠો દાતણ કરે. એનું તાલકું તેજ કરે છે અને હાથપગમાં પદમકમળની રેખાઓ છે. 'આ રહ્યો બત્રીસો, પકડો એને.' એમ કહેતાં રાજાના માણસોએ તળશીને પકડ્યો અને પરબારો દરિયાને કાંઠે લઈ ગયા. તળશીને તો વહાણને કૂવાથંભે બાંધ્યો. કપાળમાં ટીલું તાણ્યું. ગળામાં કરેણનો હાર પહેરાવ્યો. પડખે ઘીનો દીવો કર્યો અને ચાર જોડય શ્રીફળ વધેરીને મારો તલવાર તોળીને ઊભો રહ્યો.

અલેસિંહ કહે: 'પણ મને નિર્દોષને મારો છો શું કામ ?'

શેઠિયા કહે: 'શું કરીએ ભાઈ! વહાણ ચાલતાં નથી. બત્રીસાનો ભોગ દીધે વહાણ હાલે એવા જોશીના જોશ છે.'

અલેસિંહ કહે: 'પણ મને માર્યા વગર વહાણ હલાવી દઉં તો મને છોડો ?'

શેઠિયા કહે: 'તો તને મારવાનું અમારે કામ જ ક્યાં છે ?'

તરત અલેસિંહે વહાણને મોરે જઈને પોતાની ટચલી આંગળીએ તલવાર માંડી દરિયાને લોહી ચડાવ્યું અને બોલ્યો: 'હે દરિયાલાલ! તું ધરતીનો ધણી! જો તારામાં સત હોય તો વાયરા સવળા કરજે અને વહાણ વહેતાં મૂકજે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ કહેતાં ભેગાં તો હ ડુ ડુ ડુ ડુ કરતાં દરિયાનાં મોજાં ઊમટ્યાં અને વહાણને ઉપર ઉપાડી લીધાં. ઘડીપળમાં વહાણ બારા બહાર નીકળી ગયાં અને જાવાને મારગે હાલતાં થયાં. શેઠિયાને થયું કે 'આ માણસ કોઈ જાદુગારો તો નહિ હોય ? આપણાં વહાણ મધદરિયે અટકે તો શું કરીએ ? લઈ લો એને પણ સાથે.' આમ વિચારી અભેસિંહને સાથે લઈ લીધો અને જાવાના મારગે હાંકી મૂક્યાં. ત્રણ મહિના થાતાં તો વહાણને જાવાને બારે ભુટકાડી દીધાં.

જાવાના રાજાને એક કુંવરી. કુંવરીનું નામ હંસાવળી. હંસાવળીને સ્વયંવરથી પરણવાનાં નીમ. બરાબર આ જ વખતે હંસાવળી માટે સ્વયંવર રચાયો છે અને દેશ દેશના રાજા હંસાવળીને વરવા આવી પહોંચ્યા છે. શહેર બહાર મંડપ રચાયો છે અને આખું ગામ સ્વયંવર જોવા ઊમટ્યું છે. શેઠિયા પણ બારામાં વહાણ નાંગરી સ્વયંવર જોવા આવીને ઊભા રહ્યા. સાથે અભેસિંહને નોકર તરીકે લઈ લીધો છે. શેઠિયા મંડપમાં જઇને બેઠા અને અભેસિંહ બેઠક પાછળ ઊભો રહ્યો.

મંડપની વચ્ચે હાથણી સૂંઢમાં કળશ લઈને ઊભી છે અને હાથણી માથે તેજનાં બિંબ જેવી હંસાવળી બેઠી છે. ગોરમહારાજે મંત્ર ભણી શુભ ચોઘડિયું પોકાર્યું કે હાથણી મંડપમાં હાલી નીકળી. રાવરાજાને મૂકી, સામંતપટાવતને મૂકી, શેઠસોદાગરને મૂકી ડોલતી ડોલતી હાથણી મંડપમાં આડાઅવળા આંટા મારવા લાગી અને બેઠક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળ ભૂંડાભૂખ નોકરના વેશે ઊભેલા અભેસિંહ પાસે આવીને ઊભી રહી. અભેસિંહની અડખેપડખે ચાર આંટા ફરી હાથણીએ અભેસિંહને માથે કળશ ઢોળ્યો.

'હાથણી ભૂલી! હાથણી ભૂલી!' એવા મંડપમાં પોકાર થયા. 'અરે! આવા નોકરને માથે તે કળશ હોય? હાથીને લાવો, હાથીને લાવો.' એવા રાવરાજાએ રીડિયા પાડ્યા. માણસોએ મળીને અભેસિંહને મંડપ બહાર કાઢ્યો અને હાથીને શણગાર સજાવીને મંડપ વચ્ચે ઊભો રાખ્યો.

હંસાવળી આવીને હાથી માથે બેઠી અને ગોરમહારાજે મંત્ર ભણીને શુભ ચોઘડિયું પોકાર્યું કે હાથી મંડપમાં ફરવા નીકળ્યો. હાથીએ પણ રાવરાજા મૂક્યા, સામંત–પટાવત મૂક્યા, શેઠ–સોદાગર મૂક્યા અને ડોલતો ડોલતો મંડપ બહાર આવીને ઊભો રહ્યો. આવીને જ્યાં માણસના ટોળા વચ્ચે અભેસિંહ ભૂંડાભૂખ વેશે ઊભો હતો તેના અડખેપડખે ચાર આંટા ફરીને અભેસિંહને માથે કળશ ઢોળ્યો.

'હાથી ભૂલ્યો! હાથી ભૂલ્યો!' એવા ફરીથી રાવરાજાએ રીડિયા નાખ્યા. પણ હંસાવળી કહે: 'એ જ મારા સ્વામીનાથ. ઈંદ્રરાજાનું વાહન ગજપતિ ગણેશરૂપ મારું ભૂંડું વાંછે નહિ.' એમ કહી અભેસિંહને વરમાળ આરોપી.

એ ને એ વખતે ઘડિયાં લગન લેવાયાં. રાવરાજા, સામંત–પટાવત અને શેઠ–સોદાગર અભેસિંહના જાનૈયા બન્યા અને સાંજ પડતાં ધામધૂમથી વિવાહ થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભેસિંહને જુદા મહેલમાં ઉતારો આપ્યો. અભેસિંહ સાગસીસમને ઢોલિયે પડ્યો પડ્યો વિચાર કરે છે ત્યાં તો નાહીધોઈ, સોળ શણગાર સજી, બાર આભૂષણ પહેરી હંસાવળી બત્રીસ ભાતનાં ભોજન અને તેત્રીસ ભાતનાં શાકનો થાળ પીરસી, ત્રણસેં ને સાઠ પગથિયાં ફૂલની પગલીએ ચડી, બારણામાં આવીને ઊભી રહી.

અભેસિંહ બારણા સામે નજર કરે ત્યાં તો જાણે સૂરજ ઊગ્યો છે.

શીશ જાણે નાળિયેર પરમાણ,
ભેવડું લલાટ જાણે પુનમનો ચાંદો,
નાક જાણે દીવડાની જ્યોત,
આંગળીઓ જાણે લીલા મગની ફળી,
હથેળી જાણે ગુલાબનું ફૂલ,

હાસ્ય જાણે પૂનમનો ચાંદો સોળે કળાએ અજવાળાં ઝોકાર કરતો ઊભો છે. આવાં નારીનાં રૂપ નીરખીને અભેસિંહે 'આવો, આવો, આવો!' એવા ત્રણ આવકાર દીધા અને માનસરોવરનાં હંસહંસણી મોતી ચરે એમ બન્નેએ નખ નખ જેવડા નવાલા લઈ ભોજન કીધાં. ભોજન કરી સોનાને સોગઠે ચોપાટ રમ્યાં. એક દાવ, બે દાવ અને ચાર દાવ રમતાં તો ચાર પહોર વીતી વાણું વાયું.

સવારને પહેલે પહોરે અભેસિંહે પોતાની બધી વાત હંસાવળીને કરી. હંસાવળી એક જાણે છે કે પોતે કનકાવતી નગરીના કુંવરને વરી છે, પણ આખું ગામ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણે છે કે હંસાવળી શેઠિયાના કુંભાર-નોકરને વરી છે. હંસાવળી અને અભેસિંહ રંગેચંગે દિવસરાત રમે છે અને આનંદ-ગુલતાન કરે છે.

આમ કરતાં કરતાં છ માસ વીતી ગયા ત્યાં તો શેઠિયા સુમાત્રાના તેજાના, જાવાની મિસરી અને સિંહલદ્વીપના હાથીદાંતનાં વહાણ ભરીને અભેસિંહ પાસે આવી ઊભા. અભેસિંહને પગે પડીને કહે: ' કાં મહારાજ ? પરદેશ રહેવું કે દેશ ચાલવું ? '

અભેસિંહ કહે: ' દેશ ચાલવું. '

શેઠિયા કહે: ' તો થાઓ સાબદા. બીજી ખેપ બાર વરસે આવશે ત્યાં સુધી ક્યાં વાટ જોશો ? '

અભેસિંહે હંસાવળીને વાત કરી. હંસાવળીએ એના બાપને વાત કરી. હંસાવળીના બાપે દીકરીને દાયજામાં હીરામોતી, ધનદોલત અને દાસદાસી આપ્યાં અને હેતપ્રીતથી અભેસિંહ સાથે વળાવી. શેઠિયાનાં વહાણ ચંદ્રાવતી તરફ હાલી નીકળ્યાં. છ વહાણમાં શેઠિયાના માલ ભર્યા છે. સાતમા વહાણમાં અભેસિંહ અને હંસાવળી બેઠાં છે.

સમદરની છાતી માથે હંસલા તરતા જાય તેમ વહાણ દિવસરાત સડસડાટ સરતાં જાય છે. એક દિવસ, બે દિવસ અને ત્રણ દિવસ થયા ત્યાં શેઠિયાની દાનત બગડી: ' જો આ કુંભાર નોકરને ઠેકાણે પાડી હંસાવળી જેવી રાણી આપણા રાજાને ચરણે ધરીએ તો રાજાના ચાર હાથ આપણે માથે રહે અને આપણને નગરશેઠ તરીકે સ્થાપે.' આમ વિચારી અભેસિંહને કેમ ઠેકાણે પાડવો એની સંતલસ કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોથે દિવસે તેમણે અભેસિંહને પોતાને વહાણે જમવા બોલાવ્યો. સવાર અને સાંજ બેયનાં વહાણ વચ્ચે પાટિયાં મંડાય છે અને અભેસિંહ શેઠિયા ભેગો જમવા જાય છે. હંસાવળી એટલી વાર બારીએ બેઠી રોજ અભેસિંહની વાટ જુએ છે.

આમ કરતાં કરતાં સાતમી સાંજે જેવો અભેસિંહ શેઠિયાને વહાણે ઊતરવા પાટિયે ચડ્યો અને અર્ધે આવ્યો કે શેઠિયાએ વહાણનો મોરો ફેરવ્યો અને પાટિયું ખસી ગયું. ભુસ્ભાંગ કરતો અભેસિંહ દરિયામાં જઈ પડયો. સાલ નીકળી ગયું જાણી ખી....ખી....દાંત કાઢતા અને એકબીજાને તાળીઓ દેતા શેઠિયા વહાણમાં ચાલ્યા ગયા.

હંસાવળી બેઠી બેઠી બારીએથી આ બધું જોયા કરે. તેણે શેઠિયાની દાનત જોઈ લીધી. અભેસિંહ પડ્યા ભેગો તો રાતનાં અંધારાં જામ્યાં અને અભેસિંહ દરિયાના લોઢ વચ્ચે અડવડિયાં ખાવા લાગ્યો. અડવડિયાં ખાતો ખાતો પોતાના વહાણ પાસે આવ્યો કે હંસાવળીએ બારીએથી દોરડું ફેંક્યું. આધાર શોધતા અભેસિંહે દોરડું ઝાલ્યું કે હંસાવળીએ એને ઉપર ખેંચી લીધો. ભગવાને ધણીને બચાવ્યો એટલે એણે ઘીના ચાર દીવા કરી પાયલાગણ કર્યાં. અભેસિંહ અને હંસાવળી પાછાં આનંદ–ગુલતાન કરવા લાગ્યાં.

આ બધી ખિના બીજી બારીએ બેઠાં બેઠાં હંસાવળીની બાનડીએ જોઈ. બાનડી ભારે ચતુર. હંસાવળીને એણે જ છેરીને મોટી કરેલી. હંસાવળીએ એને એકલીને અભે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંહની બધી વાત કરેલી. એણે આવીને હંસાવળીને કહ્યું: 'એકવાર તો મહારાજ બચ્યા, પણ વારંવાર નહિ બચે. આપણી પાસે ઝાઝાં માણસ નથી માટે કળથી કામ લેશું તો બચશું.'

હંસાવળી કહે: 'વાત તો સાચી.'

ત્રણે જણાંએ નક્કી કરી અભેસિંહને એક પેટીમાં સંતાડી દીધો. રોજ શેઠિયાને વહાણેથી હંસાવળી અને બાનડી માટે ભોજનની થાળી આવે. વહાણની કોટડીનાં બારણાં બંધ કરી ત્રણે જણાં એમાંથી ભાગ પાડીને ખાઈ લે અને પાછો અભેસિંહને પેટીમાં પૂરી દે.

બીજે દિવસે શેઠિયા હંસાવળી પાસે આવ્યા અને અભેસિંહનો ખોટો ખોટો ખરખરો કરવા લાગ્યા. હંસાવળી પણ કાળાં કલ્પાંત કરવા લાગી. શેઠિયાઓ તેને ધીરજ દેવા લાગ્યા: 'હશે બહેન! છાનાં રહો. તમે તો રાજાની કુંવરી. તમારાં જીવતર એ કુંભાર સાથે કેમ જાત? અમે તમને ચંદ્રાવતીના રાજા સાથે પરણાવી પટરાણી સ્થાપશું.' રોજ શેઠિયા હંસાવળીને વહાણે આવે અને લટુડીપટુડી વાતો કર્યા કરે.

આમ કરતાં કરતાં ત્રણ મહિનાનાં વહાણાં વાયાં કે વહાણ ચંદ્રાવતીને બારે આવીને ઊભાં રહ્યાં.

'વહેવારિયાનાં વહાણ આવ્યાં! જાત્રાથી વહાણ આવ્યાં!' એવા સમાચાર ગામમાં ફેલાતાં આખું ગામ વહેવારિયાને સામૈયે આવ્યું. રાજા માનસિંહે પણ બારાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંઠે મંડપ રચી ઝવેરચંદ અને સૂરચંદનાં સ્વાગત કર્યાં. સ્વાગત પતાવી માનસિંહે વહેવારિયાને પૂછ્યું: 'કાં શેઠ? કાંઈ અમારા જોગ ચીજ લાવ્યા?'

શેઠિયા કહે: 'મહારાજ! આપણા રાજને શોભે એવાં રાજરાણી લેતા આવ્યા છીએ. એક વહાણુ ભરીને સોનામહોર આપી જાવાની કુંવરી આપને માટે લેતા આવ્યા છીએ.'

માનસિંહ રાજી રાજી થઈ ગયો. તરત એણે હંસાવળી માટે એક જુદો મહેલ કઢાવી દીધો. હંસાવળી અને બાનકી પોતાનો બધો માલથાલ અને પેલી પેટી લઈને મહેલમાં પહોંચી ગયાં.

બીજો દિવસ થયો એટલે માનસિંહ આવીને હંસાવળીને મહેલે ઊભો રહ્યો. 'આવો મહારાજ!' કહી બાનકીએ માનસિંહને કનકનો બાજોઠ ઢાળી દઈ ઓવારણાં લીધાં અને રાજા સામે પાનબીડાં ધર્યાં. બાનકી રાજાને પંખો ઢોળવા લાગી.

પાનબીડાં ચાવતાં માનસિંહે કહ્યું: 'બાનકી! તારી બાઈને બહાર બોલાવ. બે ઘડી બેસીને અમે વાત કરીએ. લગનનાં દિવસ–ઘડી નક્કી કરીએ.'

બાનકી કહે: 'મહારાજ! મારી બાઈને નીમ છે કે પરણતાં પહેલાં તમારે મારી એક વાત સાંભળવી.'

માનસિંહ કહે: 'વાહ એમાં શું? એક વાત શું કામ, બે કહે ને?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાનડી કહે: 'ના મહારાજ, વાત એમ ને એમ ન કહું. એક શરત.'

માનસિંહ કહે: 'બોલ શરત.'

બાનડી કહે: 'હું વાત માંડું એ તમારે મૂંગે મોઢે સાંભળવી. વચ્ચે કાંઈ બોલો તો વાત બંધ કરું અને પછી વળતે દિવસે વાત કરું.'

માનસિંહ કહે: 'ભલે.'

બાનડીએ વાત માંડી—

'એક હતો રાજા. રાજાને બે કુંવર. કુંવર સોળ વરસના થયા ત્યારે એક દિવસ મહેલને ઝરૂખે બેઠાં તીર તાકે ત્યાં નગરશેઠના દીકરાની વહુ પાણી ભરવા નીકળી. કુંવરે એમને બેડે નિશાન તાક્યું અને મહાજનને ખબર પડતાં મહાજન ઉચાળા ભરી ચાલ્યું. રાજાને આ વાતની ખબર પડતાં મહાજનને મનાવીને પાછું વાળ્યું અને બેય કુંવરને બાર વરસના વનવાસ દીધા.'

આટલી વાત સાંભળતાં તો માનસિંહ બોલી ઊઠ્યો: 'અરે! એ તો હું ને મારો ભાઈ અભેસિંહ!'

તરત બાનડી વાત બંધ કરીને બોલી: 'મહારાજ! તમે શરત તોડી. હવે વાત કાલ કહું.'

બીજે દિવસે વહેલો વહેલો માનસિંહ આવીને બેઠો કે બાનડીએ વાત આગળ ચલાવી—

'બેય કુંવર હાલતા હાલતા એક વનમાં ગયા. વનમાં નાના ભાઈને રાતે નાગણી ડસી. સવારે મોટા ભાઈને ખબર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડતાં એ દવા ગોતવા નીકળ્યો. ગોતતો ગોતતો એક ધુતારા-નગરીમાં જઈ પહોંચ્યો અને ધૂતણાને હાથે બંધાયો. એમાંથી એ હીરણુ અપસરાની વાત કરીને છૂટયો અને ધૂતણાને પરણ્યો.'

આટલી વાત સાંભળતાં માનસિંહ બોલ્યો: 'આ તો મારી જ વાત બાનડી! પણ મારા ભાઈનું શું થયું એ તો કહે?'

બાનડી કહે: 'મહારાજ! તમે શરત તોડી. હવે વાત કાલ કહું.'

ત્રીજે દિવસે માનસિંહ આવ્યો કે બાનડીએ વાત આગળ ચલાવી—

'નાના ભાઈનું મડું પડયું છે તે વનમાં લાખા વણઝારાની લખપોઠ ઊતરી. એની દીકરી અખંડ કુંવારકા રંભાવતી સાહેલીઓ સાથે રમત રમતી નાના ભાઈના મડાને અડી ગઈ અને 'આ જ મારા સ્વામીનાથ' કહીને બેસી ગઈ. એક અંધા બ્રાહ્મણે નાગણીને બોલાવી અભે-સિંહનું ઝેર પાછું ચુસાવ્યું અને નાનો ભાઈ બેઠો થયો. લાખે વણઝારે ઘડિયાં લગન લઇ રંભાવતી ને નાના ભાઈનાં લગન કર્યાં. વનવાસ હોઈ નાનો ભાઈ પાછો એકલો ચાલી નીકળ્યો. ચાલતો ચાલતો ચંદ્રાવતી નગરી પહોંચ્યો. નગ-રીને દરવાજે રાતે પરોળિયાએ નાના ભાઈના હાથપગ કાપી, લૂંટી લઈને ખાડામાં ફેંકી દીધો.'

'અરરર! મારી જ નગરીમાં મારા ભાઈની આ દશા?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ માનસિંહ બોલ્યો કે બાનડીએ કહ્યું: 'મહારાજ! તમે શરત તોડી. હવે વાત કાલ કહું.'

ચોથે દિવસે માનસિંહ આવતાં બાનડીએ વાત આગળ ચલાવી—

'માટીખાણમાંથી એક કુંભારે નાના ભાઈને પોતાને ઘેર લાવી, પાટાપિંડી બાંધી સાજો કર્યો. ત્યાં તો વહેવારિયાનાં વહાણ થંભ્યાં એટલે એને બત્રીસો જાણી દરિયાને ભોગ દેવા લઈ ગયા.'

'અરરર! એ તળશી કુંભાર મારો ભાઈ જ હતો?' આમ માનસિંહ બોલ્યો કે બાનડીએ કહ્યું: 'મહારાજ! તમે શરત તોડી. હવે વાત કાલ કહું.'

પાંચમે દિવસે માનસિંહ આવતાં બાનડીએ વાત આગળ ચલાવી—

'નાના ભાઈએ પોતાની ટચલી આંગળી કાપી લોહી છાંટતાં વહાણ આગળ ચાલ્યાં. શેઠિયા એને સાથે લઈ ચાલ્યા. જાવા પહોંચ્યા અને ત્યાંની કુંવરીનો સ્વયંવર જોવા ગયા. હાથણીએ કળશ નાના ભાઈ માથે ઢોળ્યો અને જાવાની કુંવરીનાં નાના ભાઇ સાથે લગન થયાં. છ મહિને શેઠિયાનાં વહાણ પાછાં ફર્યાં. એ સાથે નાનો ભાઈ રાણીને લઈને દેશ આવવા નીકળ્યો. મારગમાં શેઠિયાની દાનત બગડી અને નાના ભાઈને દરિયામાં ધકેલી દીધો.'

'એ ઘાતકી શેઠિયાને કાલે જ ફાંસીએ ચડાવું.' એમ માનસિંહ બોલ્યો કે બાનડીએ વાત બંધ કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છઠ્ઠે દિવસે બાનડીએ વાત આગળ ચલાવી—

‘ કુંવરીએ દરિયામાં ડબકાં ખાતા નાના ભાઈને ઉપર ખેંચીને સંતાડી દીધો. શેઠિયા જાવાની કુંવરીને લઈને ચંદ્રાવતી આવ્યા અને ત્યાંના રાજાને કુંવરી ભેટ ધરી. ’

‘ અરરર ! મારા ભાઈની વહુને જ મારે ચરણે એ લુચ્ચાઓએ ધરી કે ? અરે હે બાનડી ! તારી વાત બંધ કર અને મારાં ભાઈ—ભાભી બતાવ. ’

બાનડી કહે: ‘ મહારાજ ! આજે હું મારું વચન જવા દઉં છું ને વાત આગળ કરું છું—

‘ રાજાએ કુંવરીને જુદો મહેલ આપ્યો. કુંવરી તેના પતિને પેટીમાં સંતાડીને મહેલમાં લઈ ગઈ. હે રાજા ! સાંભળો. એ પેટીમાં પુરાયેલા નાના ભાઈનું નામ અભે-સિંહ અને મોટા ભાઈનું નામ માનસિંહ. ’

આટલું સાંભળતાં તો માનસિંહની નજર ચકરચકર આમતેમ ફરવા લાગી. જુએ તો સામે જ એક પેટી પડી છે. તરત એ પેટી તરફ દોડ્યો. જેવી પેટી ઉઘાડી કે અંદરથી અભેસિંહ ઊભો થયો.

‘ ભાઈ ! ભાઈ મારો ! ’ કહેતો માનસિંહ અભે-સિંહની કોટે વળગી પડ્યો. દોઢ ઘડીએ એકબીજાની બથમાંથી છૂટીને બન્ને ભાઈ વાતો કરવા બેઠા. એકબીજા-નાં વીતક કહેતાં થાકતા નથી. તરત હંસાવળી બહાર આવી અને બન્ને ભાઈને પગે પડી.

એ ને એ વખતે માનસિંહે હાથી અને પાલખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંગાવી, નાના ભાઇ તથા ભાભીનાં સામૈયાં કરી પોતાને મહેલે લઈ ગયો અને બપોરે દરબાર ભરી પેલા શેઠિયાઓનાં ઘરબાર લૂંટી દેશવટો દઈ દીધો.

બન્ને ભાઈ અહીં આનંદ-ગુલતાનમાં દિવસો ગાળે છે ત્યાં એક બાજુથી લાખા વણઝારાની પોઠ ઊતરી અને બીજી બાજુથી લાલસિંહ ધુતારે આવીને પડાવ નાખ્યો. માનસિંહે બન્નેનાં સામૈયાં કરી બગીચામાં ઉતારા દીધા. ધૂતણા માનસિંહને મહેલે ગઈ અને રંભાવતી અભેસિંહને મહેલે ગઈ. બાર બાર વરસે સૌ ભેગાં થતાં બધાંના આનંદ-હરખનો પાર નથી.

આમ કરતાં છ માસ વીત્યા એટલે એક દિવસ અભેસિંહને ઉદાસ જોઈને માનસિંહે પૂછ્યું: 'કાં ભાઈ ઉદાસ ?'

અભેસિંહે કહે: 'ભાઈ, બાપુ યાદ આવ્યા, બા યાદ આવ્યાં.'

માનસિંહ કહે: 'આપણા દેશવટા પૂરા થયા. આવતી કાલે જ દેશ જઈએ.'

બીજે જ દિવસે રથ–રેંકડા, પાલખી–મ્યાના, ડેરા–તંબૂ, હૃઠમંગળ અને લાવલશ્કર લઈને બન્ને ભાઈ ચંદ્રાવતી અને ધૂતણા તથા રંભાવતી અને હંસાવળી સાથે કનકાવતી તરફ ઊપડ્યા. દડમજલ કરતા દસમે દિવસે કનકાવતીને પાદર પહોંચ્યા ત્યાં તો કનકાવતીને પાદર ધૂળના ડમ્મર ચડ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા અજિતસિંહ ઘરડા થયા છે. કુંવર! કુંવર! ઝંખે છે. માનસિંહ અને અભેસિંહ આવે છે તેવી ખબર પડતાં રાજા ઉઘાડે પગે દીકરાઓને મળવા દોડ્યા. પિતાજીને ઉઘાડે પગે દોડતા આવતા જોઈ ને બન્ને ભાઈ ઘોડા હેઠે ઊતર્યા અને દોડીને બાપુને પગે પડ્યા. બાપુએ બન્ને ભાઈને બથમાં ઘાલ્યા.

વીજળીવેગે ગામમાં સમાચાર ફેલાતાં ગામને કાંગરે કાંગરે ઘીના દીવા મૂકી, ફૂલનાં તોરણ રચી મહાજને કુંવરનાં સામૈયાં કર્યાં અને વાજતેગાજતે ગામમાં લઈ ગયા. રાજા અજિતસિંહે એ જ વખતે દરબાર ભરી માનસિંહને ગાદી આપી. બીજા દિવસથી માનસિંહે રાજ-કાજ હાથમાં લીધું અને સૌએ ખાધુંપીધું ને રાજ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગલો અવતાર

આણું લાખ માળવાનાં રાજ અને ઉજેણીની રાજધાની. રાજા ભોજ રાજ કરે અને પ્રજા કિલોળ કરે.

એક દિવસ સવારના પહોરમાં રાજા ભોજ સૂરજ-ઝરૂખે બેઠાં સોનાની ઝારીએ પાણી ભરી કણેરી કાંબનાં લીલાંછમ દાતણ કરી રહ્યા છે. સામે ઝરૂખે બેઠો બધસાગરા પ્રધાનનો દીકરો નવી પરણેતર સાથે હસીખેલી આનંદગેલ કરી રહ્યો છે.

એવે વખતે ફૂલશા નગરશેઠની દીકરાવહુ રૂપાંદે રુમ્સા....ઝુમ્સા....ઝાંઝર ઝમકાવતી સોનાને બેડે પાણી ભરવા નીકળી. સૂરજ-ઝરૂખા પાસેથી નીકળતાં રૂપાંદેએ એક નજર ભોજરાજા સામે ફેંકી, બીજી નજર બધસાગરાના દીકરાના સાથે ફેંકી અને ખડખડ હસતી હળવે હળવે હાલતી થઇ.

રૂપાંદેને હસતી જોઈ ને ભોજરાજા વિચારમાં પડી ગયા. દાતણ કાઢી એક ચીર ઉગમણી ફેંકી, બીજી ચીર આથમણી ફેંકી; ઉતાવળે મોઢું ધોઇ ભોજરાજાએ ઘોડે પલાણ માંડ્યાં અને રૂપાંદેનો મારગ આંતરીને આડો ઊભો રહ્યો. રૂપાંદેએ ઊંચી નજર કરી કહ્યું: ' અમારા પિતાજોગ હે ભોજરાજા ! મારગ આપો. અમારે પાણી જાવાં.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોજરાજા કહે: 'બેટા, એક વાતનો જવાબ દે. એક વાતનાં મારા મનમાં વિચાર-વમળ ચડ્યાં.'

રૂપાંદે કહે: 'એક વાત શું કામ, એકવીસ પૂછો ને?'

ભોજરાજા કહે: 'મારે ઝરૂખે તું હસી કેમ?'

રૂપાંદે કહે: 'રાજાજી, કહેવાય એવી વાત નથી. કહેવામાં સાર નથી. એક વાત કરતાં બીજી પૂછશો અને વાતનો આરો નહિ આવે. વાત મૂકો ને મને જવા દો.'

ભોજરાજા કહે: 'કહેવાય તો ય કહે અને ન કહેવાય તો ય કહે.'

રૂપાંદે કહે: 'રાજાજી, આજ તો વાત ન કહું. હમણાં હું પાણી ભરીને પાછી ફરીશ. અમારા મહેલમાં પગલું દેતાં મારો છ મહિનાનો દીકરો સામે આવશે. એવે વખતે દરવાજો પડશે. બેડું બહાર પડશે અને દીકરો અંદર પડશે. હું દરવાજા હેઠે દબાઇ મરીશ. મરીને અવતરીશ માછલી. તમારા મહેલના જમનાકુંડમાં જ મારો અવતાર થશે. આવીને છઠ્ઠે મહિને પૂછજો એટલે જવાબ દઈશ.'

રૂપાંદેનો જવાબ સાંભળી ભોજરાજા વધારે અચંબામાં પડ્યો. અચંબામાં ઊભાં ઊભાં એક ઘડી વીતી ત્યાં રૂપાંદે પાણી ભરીને પાછી ફરી અને ભોજરાજાએ ઘોડો પાછળ પાછળ હાંક્યો. જેવી રૂપાંદે મહેલે આવીને ઊભી રહી કે દીકરો સામો દોડ્યો. 'હાં....હાં....' કહેતાં રૂપાંદેએ દીકરાને વાર્યો ન વાર્યો ત્યાં તો દરવાજો તૂટી પડ્યો. બેડું બહાર પડ્યું, દીકરો અંદર પડ્યો અને રૂપાંદે દરવાજા હેઠે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દબાઈ મરી. રાજા ભોજ આટલું જોઇને હાલતો થયો અને મહેલમાં જઇને દહાડોવાર લખી રાખ્યો.

રાજા ભોજ રોજ દહાડા ગણે છે અને મનમાં ગૂંચાયા કરે છે. આમ આજકાલ કરતાં છ મહિનાનાં વાણાં વીતી ગયાં અને એકસો એકાશીએ દિવસે રાજા ભોજ મહેલના જમના-કુંડ પાસે આવીને ઊભો રહ્યો. જમનાકુંડને કાંઠે બેસીને રાજા ભોજે રાડ દીધી: 'હે બેટા રૂપાંદે ! તારો આ અવતાર માછલી, હું રાજા ભોજ ! તારાં વચન યાદ કે ભૂલી ?'

રાજા ભોજનાં વચન સાંભળી ખરરર કરતી એક માછલી પાણી સાથે ઝમકી અને બોલી: 'રાજાજી, કરી વાત કેમ ભૂલું ? એવી ને એવી યાદ છે.'

રાજા ભોજ કહે: 'ત્યારે હવે મારી વાતનો જવાબ દે.'

માછલી કહે: 'રાજાજી ! કહેવાય એવી વાત નથી. કહેવામાં સાર નથી. એક વાત કહેતાં બીજી પૂછશો અને વાતનો આરો નહિ આવે. વાત મૂકો ને મને જવા દો.'

રાજા ભોજ કહે: 'કહેવાય તો ય કહે અને ન કહે-વાય તો ય કહે.'

માછલી કહે: 'આજ તો વાત નહિ કહું. પણ આજ બપોરે મોટી માછલી મને ગળી જશે. મરીને અવતરીશ મોતીશા શેઠને ઘેર. બે વરસ અને નવમે મહિને આવીને મને પૂછજો એટલે જવાબ દઈશ.'

આમ કહીને ખરરર કરતી માછલી પાણીને તળિયે જઈ બેઠી અને રાજા ભોજે મહેલે આવીને દહાડોવાર લખી લીધા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બાજુ મોતીશા શેઠ સાથે રાજા ભોજને કાંઈ વહેવાર નથી એટલે રાજા ભોજે વહેવાર બાંધવો શરૂ કરી દીધો. મોતીશા શેઠને એક કામ અને બે કામ કરીને કામ ચીંધવા માંડ્યું. અને થોડા મહિનામાં તો ઘરવટ બાંધી દીધી. મોતીશા શેઠ રાજા ભોજને મહેલે આવેજાય છે અને રાજા ભોજ મોતીશાને ઘેર આવેજાય છે.

આમ કરતાં કરતાં નવ મહિના વીત્યા અને મોતીશાના દીકરાને ઘેર એક દીકરી અવતરી. રાજા ભોજે નામ પાડ્યું હીરાંદે. હીરાંદેને ખોળે લીધી અને મોતીનો હાર પહેરાવ્યો. રોજ રાજા ભોજ મોતીશાને ઘેર આવે છે અને હીરાંદેને રમાડે છે. હીરાંદે રાજા ભોજના ખોળામાં ઘુઘવાટા કરે છે અને પગલીઓ પછાડે છે.

આમ કરતાં કરતાં હીરાંદે દોઢ વરસની થઈ અને કાલું કાલું બોલવા લાગી. બે વરસની થતાં તો વાતો કરવા લાગી અને ફોફળશાને ઘેરથી એમના દીકરાના દીકરા માટે માગું આવ્યું. મોતીશાએ માગું વધાવી લીધું અને ભોજ રાજાને ખોળે હીરાંદેને મૂકીને ચાંદલા કર્યા.

આજે બરાબર બે વરસ અને નવ મહિના પૂરા થયેલા એટલે રાજા ભોજે ખોળામાં રમતી હીરાંદેને પૂછ્યું: ‘ કાં બેટા રૂપાંદે! તારો બીજો અવતાર માછલી, ત્રીજો અવતાર અહીં. તારાં વચન યાદ કે ભૂલી ? ’

હીરાંદે કહે: ‘ રાજાજી! મારી વાત કેમ ભૂલું ? એવી ને એવી યાદ છે.’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા ભોજ કહે: 'તો હવે મારી વાતનો જવાબ દે.'

હીરાંદે કહે: 'રાજાજી! કહેવા કરતાં કરી બતાવ્યું તો યે વાત ન સમજાણી કે?'

રાજા ભોજ કહે: 'કેમ આવાં ગૂઢ વેણ બોલી?'

હીરાંદે કહે: 'રાજાજી! યાદ કરો. આજે જેની સાથે મારાં સગપણ થયાં એ ત્રીજે અવતારે મારે શું થાય?'

વિચાર કરીને રાજા ભોજ કહે: 'એ તો તારો દીકરો થાય.'

હીરાંદે કહે: 'દીકરા અને માનાં સગપણ ક્યાંયે સાંભળ્યાં છે? તોય આ બધા સંસારના વા. એક ભવ થતાં માનવી આગલો ભવ ભૂલે અને નવો ભવ જુએ. તે દી પણ હું એટલા માટે જ હસી હતી. તમારા બધ-સાગરા પ્રધાનનો દીકરો નવી પરણેતર સાથે હસતો–રમતો હતો. પણ આગલે ભવ તેઓ હતાં મા અને દીકરો. તે દેખીને હું હસી અને હાલતી થઈ.'

આટલી વાત સાંભળતાં રાજા ભોજ વિચારે ચડ્યો અને ચાર પળ વિચાર કરીને કહે: 'ત્યારે હેં દીકરી! હું આગલે ભવ કોણ હતો?'

હીરાંદે કહે: 'હું તો તમને પહેલેથી જ કહેતી હતી કે રાજાજી, એક વાત કહેતાં બીજી પૂછશો અને વાતનો આરો નહિ આવે. મારું વચન પૂરું થયું એટલે મને રજા આપો અને તમારા સવાલનો જવાબ બીજે ક્યાંક મેળવી લો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલું બોલીને હીરાંદે દડબડ દડબડ દોડતી ભાગી ગઈ અને છોકરાં સાથે રમતે ચડી.

રાજા ભોજ ઊઠીને મહેલે આવ્યો, પણ એના મનમાં એક જ રટણ લાગી ગયું કે મારો આગલો અવતાર શેનો? રાજાને દિવસે કામ સૂઝતાં નથી ને રાતે નીંદર આવતી નથી. વારે વારે એ જ વિચાર આવ્યા કરે છે ને મનોમન પૂછ્યા કરે છે.

સાતમે દિવસે રાજા ભોજ દરબારમાં આવીને બેઠો. દરબારમાં પાંચસેં પંડિત, છસેં વ્યાસ અને સાતસેં જોશી બેઠા છે. એમની સામે નજર કરીને રાજા ભોજ પૂછે છે: 'અરે હે પંડિત, વ્યાસ અને જોશી! તમે વેદ જાણો, વેદાંત જાણો, ખટશાસ્ત્ર ને અઢાર પુરાણ જાણો. મને એક વાતનો જવાબ દો.'

પંડિત, વ્યાસ અને જોશીઓએ 'સ્વસ્તિ! સ્વસ્તિ!' એવા આશીર્વાદ પોકારી ઊંચા હાથ કરીને કહ્યું: 'હે રાજા, પૂછો વાત.'

રાજા ભોજ કહે: 'બીજું બધું તો ઠીક, પણ મારો આગલો અવતાર શેનો? મેં એવાં શાં પુણ્ય કર્યાં કે મારે કપાળે બાણું લાખ માળવો લખાયો?'

આ વાત સાંભળતાં પંડિતપુરાણી અને વ્યાસજોશીને કપાળે કરચળીઓ પડી ગઈ. પાટી–લેખણ લઈ આંકડા માંડવા લાગ્યા. એક લખી અગિયાર આંકડા ભૂંસે અને બે લખી બાર આંકડા ભૂંસે. પણ આંકડામાં આગલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવની વાત કેમ આવે? એક પહોર વાટ જોઇને રાજા બોલ્યો કહ્યું: 'આજ ન કહેવાય તો કાલ કહેજો, અને કાલ ન કહેવાય તો છઠ્ઠે મહિને કહેજો.'

પંડિતપુરાણી અને વ્યાસજોશી બગલમાં પોથી મારીને ઘેર હાલતા થયા. આમાં સૌથી મોટા માઘપંડિત. માઘ-પંડિત વિચારમાં ને વિચારમાં ઘેર હાલ્યા જાય છે. એક પગ આમ પડે છે અને બીજો પગ તેમ પડે છે. ઘેર જઈ ને માઘપંડિત પાટી–લેખણુ લઈ ને બેસી ગયા. આખો દિવસ આંકડા લખે છે ને ભૂંસે છે. ખાવાની પણુ વાત કરતા નથી. આમ કરતાં સાત સાત દિવસ વીતી ગયા તો યે જવાબ મળતો નથી ને ભૂખ્યાં શરીર ગળતું જાય છે.

માઘપંડિતને ઘેર એક જ દીકરી. દીકરીનું નામ શીલ-વંતી. શીલવંતી બાળવિધવા છે અને બાપની સેવાચાકરી કરી દહાડા ગાળે છે. રોજ દીકરી બાપની થાળી લાવે અને સામી મૂકે. પણુ માઘપંડિત થાળી સામે જોતા નથી ને થાળી એમ ને એમ પડી રહે છે. આઠમે દિવસે દીકરીએ પૂછ્યું: 'અરે હે પિતાજી! એવા અઘરા આંકડા શાના માંડો કે ખાવું ભૂલો, પીવું ભૂલો ને અંગે અંગે સુકાતા જાવ?'

માઘપંડિત કહે: 'દીકરી, રાજાએ આગલો અવતાર પૂછ્યો. આગલો અવતાર આંકડામાં ન આવે. જવાબ ન દઉં તો મારી પંડિતાઈ લાજે.'

શીલવંતી કહે: 'જાઓ, છઠ્ઠે મહિને રાજાને જવાબ દેજો કે રાજાજી, આ તે કઈ મોટી વાત! આ વાતનો જવાબ તો મારા ઘરની દીકરી પણુ દઈ દે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છઠ્ઠે મહિને રાજા ભોજે દરબાર ભર્યો. પાંચસેં પંડિત, છસેં વ્યાસ અને સાતસેં જોશી બેઠા છે અને રાજા ભોજ પૂછે છેઃ 'હે રાજ ઉજેણીના પંડિતપુરાણી ને વ્યાસજોશી! મારી વાતનો કોઈ જવાબ આપો.'

તરત જ માઘપંડિતે ઊભા થઈને કહ્યુંઃ 'હે રાજા! આ તે કંઇ મોટી વાત! આ વાતનો જવાબ તો મારા ઘરની દીકરી પણ દઈ દે.'

પંડિતપુરાણી અને વ્યાસજોશી બેઠા રહ્યા અને ચડપ રાજા ભોજ ઊભો થયો. માઘપંડિતને લઇને એને ઘેર આવ્યો અને શીલવંતીને પૂછયુંઃ 'અરે હે બેટા! મારા સવાલનો જવાબ દે.'

શીલવંતી કહેઃ 'રાજાજી! આ વાત પૂછવામાં સાર નથી. એક વાત કરતાં બીજી પૂછશો અને વાતનો આરો નહિ આવે.'

રાજા ભોજ કહેઃ 'મારું મન વિચારે ચડયું. એક વાત કહે તો બીજી ન પૂછું.'

શીલવંતી કહેઃ 'તમારી વાતનો જવાબ હું તો ન આપું. પણ અહીંથી એંસી કોસ માથે ચંદનનગરી છે. એ નગરીના હીરાચોકમાં ઊભાં રહેજો. એક બાઈ પોતે બોલાવીને તમને જવાબ દેશે.'

તરત રાજા પાછો ફર્યો અને પોતાના માણેકઘોડા માથે પીતળિયાં પલાણ માંડીને ચંદનનગરી તરફ ચાલી નીકળ્યો. બે દિવસ પૂરા થતાં તો રાજા ચંદનનગરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરવાજે આવ્યો ને ત્રીજે દિવસે સવારે હીરાચોકમાં જઈ ને ઊભો રહ્યો. રાજા આમ જુએ છે, તેમ જુએ છે ત્યાં તો નગરશેઠની વહુ સોનાને બેડે પાણી ભરવા નીકળી છે. નગરશેઠની વહુએ રાજા ભોજ સામે નજર કરી પૂછ્યું: 'અરે હે રાજા ભોજ! કેમ અહીં આવવાં થયાં?'

રાજા ભોજ કહે: 'બાઈ! તું મારા મનની વાત જાણ. મારી વાતનો જવાબ લેવા હું આવ્યો. મારી વાતનો જવાબ દે.'

નગરશેઠની વહુ કહે: 'રાજા, એ વાત પૂછવામાં સાર નથી. એક વાત કરતાં બીજી પૂછીશ અને વાતનો આરો નહિ આવે.'

રાજા ભોજ કહે: 'મારું મન વિચારે ચડ્યું. એક વાત કહે તો બીજી ન પૂછું.'

નગરશેઠની વહુ કહે: 'તારી વાતનો હું તો જવાબ ન દઉં, પણ અહીંથી એંસી કોસ સાથે વાંઝિયાનગરી છે. ત્યાંના બુઢ્ઢા રાજાને ઘેર કાંઈ સંતાન નથી. તું આ બાજુ નગરીમાં પગ મૂકીશ ને પેલી બાજુ એને ઘેર કુંવર અવતરશે. એક પહોર જીવી કુંવર મરી જશે. તેને દાટી આવે ત્યાં રાતે જઈ ખોદી કાઢજે. નદીમાં નવરાવી, કપાળે ટીલું તાણી વાત પૂછજે. એ તને જવાબ દેશે.'

આટલું બોલી ચટ નગરશેઠની વહુ ચાલતી થઈ અને પટ રાજા ભોજે ઘોડો વાંઝિયાનગરી તરફ હાંક્યો. ખેડ ખેડ કરતાં ત્રીજે દિવસે વાંઝિયાનગરીને દરવાજે રાજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોજ ઊભો ત્યાં તો રાજાને ઘેર કુંવર અવતર્યાની વધાઈ પોકારાઈ અને દુંદુભિ વાગ્યાં. રાજા હળવે હળવે બજારમાં હાલ્યો જાય છે અને દુકાને દુકાન જોતો જાય છે. એક પહોર આણુકચોકમાં જઈને ઊભો ત્યાં તો કુંવર પાછો થયાના સમાચાર સાંભળ્યા. આખું ગામ આભડવા ચાલ્યું. રાજા ભોજ પણ ફટકું માથે બાંધીને આભડવા ગયો અને કુંવરને દાટ્યો એ જગ્યા જોતો આવ્યો.

ધીમે ધીમે રાત પડી અને એક પહોર વીત્યો કે રાજા ભોજ મસાણે આવીને ઊભો રહ્યો. જગ્યા ગોતી મડદું કાઢ્યું. મડદાને નદીમાં નવરાવી, કપાળે ટીલું તાણી, ખોળામાં લઈને રાજા ભોજ બેઠો અને બોલ્યો: ‘હે બાળ મડદા! હું ત્રણસો કોસ ખેડી તારી પાસે આવ્યો. તારી પાસે મોકલનારમાં સત હોય તો મારા મનની વાતનો જવાબ દે.’

મડદું નાના નાના હાથપગ ઉછાળતું અને આંખો મટમટાવતું ખડખડ હસી પડ્યું અને બોલ્યું: ‘હે રાજા ભોજ! એ વાત પૂછવી રહેવા દે. એક વાત કહેતાં તું બીજી વાત પૂછીશ ને વાતનો આરો નહિ આવે.’

રાજા ભોજ કહે: ‘મારું મન વિચારે ચડ્યું. એક વાત કહે તો બીજી વાત ન પૂછું.’

મડદું કહે: ‘તો સાંભળ હે રાજા!—

‘આગલે અવતાર તું હતો કઠિયારો. ચંદનનગરીના નગરશેઠની વહુ તારી સ્ત્રી હતી. હું તારો દીકરો હતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને માધવપંડિતની દીકરી શીલવંતી મારી વહુ હતી. આપણે લાકડાં વેચી ગુજરાન ચલાવતાં. પણ તારું દિલ હતું મોટું. તું રોજ એક અભ્યાગતને જમાડીને જમતો ને ગુજારો કરતાં વધતું તે ગરીબગુરબાંમાં વહેંચી દેતો.

'એમ કરતાં એક વરસ જગદુકાળ પડ્યો. એક જગદુકાળ નહિ, પણ સાત સાત જગદુકાળ પડ્યા. ત્રણ દુકાળ તો તારું નીમ નભ્યું, પણ ચોથે દુકાળે નગરશેઠને યે લાકડાં કાપી નભવાનો વખત આવ્યો, ત્યાં આપણાં લાકડાં કોણ લે?

'આપણે ભૂખે મરવા લાગ્યાં ને સાત દિવસના કડાકા પડતાં આપણે હાલી નીકળ્યાં. હાલતાં હાલતાં એક વનમાં આવ્યાં. વનમાં એક તળાવ. તળાવકાંઠે વડલો ને વડલા નીચે મઢીમાં એક તપેસરી રહે. તપેસરી માટે રોજ આકાશથી અન્નના બે થાળ ઊતરે. તપેસરી એક થાળ પોતે જમે ને બીજો થાળ અભ્યાગતને આપે.

'બપોર થયા ને તપેસરી માટે બે થાળ આકાશથી ઊતર્યા. તેવામાં આપણે ત્યાં ગયાં. એક થાળ પોતે જમ્યા અને બીજો થાળ આપણી તરફ ધર્યો. આપણે હતા બાર દિવસના ઉપવાસ. પણ તારે હતાં નાહીને ખાવાનાં નીમ. તું નાહવા ગયો. અમે ચાર ભાગ પાડી ખાવા બેઠાં. તું નાહીને પાછો આવ્યો, ત્યાં કોઈ અભ્યાગત આવીને ઊભો રહ્યો. કાળો કળેળાટ કરતાં એ કહે: 'મારે વીસ દિવસના ઉપવાસ! ખાવા આપો રે કોઈ ખાવા આપો.'

'તરત તેં તારો ભાગ એને આપી દીધો. અભ્યા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગત એય હાથે ખાવા લાગ્યો. ઘડીપલમાં તારો ભાગ પૂરો કરી એ કહેઃ 'હજી આપો રે હજી આપો. ભૂખની અગન ઊપડી.' તરત તેં મારી માને કહ્યુંઃ 'અરે હે અસ્તરી! તારો ભાગ આ અભ્યાગતને દે.' મારી માને ભૂખ તો લાગેલી, પણ એ તને આધીન હતી. મને-કમને એણે પોતાનો ભાગ અભ્યાગતને આપી દીધો.

'અભ્યાગત લુસલુસ બીજો ભાગ ખાવા લાગ્યો અને ઘડીપલમાં એ પણ ખાઇ ગયો. તરત એણે રાડ નાખીઃ 'હજી આપો રે હજી. મને ભૂખની અગન લાગી.' તેં ત્રીજો ભાગ આપવા મારી વહુને કહ્યું. મારી વહુ તારી આજ્ઞા પાળતી. પણ એને કાળી ભૂખ લાગેલી. પોતાનો ભાગ આપતાં પહેલાં આડો ઘૂમટો કરી એણે એક કોળિયો ખાઇ લીધો.

'અભ્યાગત તો લુસલુસ ખાવા લાગ્યો. મને બીક લાગી કે હમણાં આ મારો ભાગ પણ માગશે. એટલે હું મારો ભાગ ખાવા લાગ્યો. તરત અભ્યાગતે ત્રીજો ભાગ પૂરો કરી રાડ નાખીઃ 'હજી આપો રે હજી. મને ભૂખની અગન લાગી.' તેં મને પણ મારો ભાગ આપી દેવા કહ્યું પણ હું તો નીચું જોઇ ખાવા લાગ્યો અને અભ્યાગત પણ આવીને મારી સાથે ખાવા લાગ્યો.

'આ પછી આપણે આગળ ચાલતાં થયાં અને વનમાં રખડીને સાતમા દિવસે મરી ગયાં. મરીને તું થયો રાજા ભોજ. કેમકે તારું દિલ ઉદાર હતું. મારી મા પણ તારી રાણી થાત, પણ ભાગ દેતાં મન ચોર્યું એથી એ થઈ
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદનનગરીના નગરશેઠની વહુ. મારી વહુએ તારી આજ્ઞા પાળી, પણ અન્ન અજીઠું કર્યું તેથી એ સાધપંડિતને ઘેર અવતરી બાળરાંડ થઈ. મેં તો તારી કે અભ્યાગતની કોઈની આસન્યા ન રાખી તેથી ઠેર ઠેર અવતાર લેતો ફરું છું ને એક પહોર જીવી મરતો ફરું છું. પણ હે રાજા! આપણો ચારેનો આ છેલ્લો અવતાર છે.'

આટલી વાત સાંભળીને રાજા ભોજ કહેઃ 'બાળ મડદા, મારા મનનો એક ભાર હળવો થયો, પણ બીજો ભાર વધી ગયો. હે બાળ, ત્યારે કહે તો ખરો કે આવતે અવતાર હું શું થઈશ?'

મડદું કહેઃ 'હું તને કહેતો જ હતો કે એક વાત પૂછતાં બીજી પૂછીશ ને વાતનો આરો નહિ આવે.'

રાજા ભોજ કહેઃ 'આ એક વાત કહે તો બીજી વાત ન પૂછું.'

મડદું કહેઃ 'તપેસરી તે રાજેસરી ને રાજેસરી ને નરકેસરી.'

રાજા ભોજ કહેઃ 'એટલે?'

મડદું કહેઃ 'એટલે એમ કે તપ કરનારો રાજા થાય ને રાજા એને પાપે નરકમાં જાય. તેં તો પાપ નથી કર્યાં; પણ તારા નામનાં આખા મલકમાં વધારી વધારીને ગુણ-ગાન થાય છે. તેથી તારો એક અવતાર ભૂંડને રૂપે થશે.'

'અરર, મારે ભૂંડ થવું પડશે? એ જનમ તો કેમ જાય?' એમ વિચારતો રાજા ભોજ કપાળે હાથ દઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટો કે મડદે પગ ઉછાળ્યો ને ધડ રાજાના પગમાં વાગ્યો. એ જ ઘડીએ રાજા ઊંઘમાં પડ્યો ને રાજાને સ્વપ્નું શરૂ થયું—

જાણે રાજા ભોજ મરવા પડ્યો છે ને એને પલંગે રાણીઓ, દાસદાસીઓ ને મંત્રી–પ્રધાનો ભેગાં થયાં છે. કેમે ય રાજાનો જીવ જતો નથી. એટલે બધસાગરા પ્રધાને પૂછ્યું: 'હે રાજાજી! તમારો જીવ ક્યાં વળગ્યો! અબખા રહેલી હોય એ કહેતા જાઓ તો અમે પૂરી કરીએ ને તમારા જીવને ગત કરો.'

રાજા કહે: 'હે બધસાગરા! મારો આવતો અવતાર ભૂંડને ઘેર. એ અવતાર તો કેમ જિવાય? પાંચમે વરસે મને મારીને મારો એ અવતાર વહેલો પૂરો કર તો જીવ છૂટે.'

બધસાગરે રાજાના મોઢામાં પાણી મૂક્યું કે રાજાએ છેલ્લું ડચકું ભર્યું ને જીવ ઊડી ગયો. મરીને રાજા ગામને ઉકરડે ભૂંડ સર્જ્યો. ભૂંડને તો કપાળે ટીલું છે ને કાળી કાળી કાયા છે. હોંક....હોંક....કરે છે ને ઉકરડે ઉકરડા ઢૂંઢે છે. બે વરસ થતાં તો ભૂંડ એક ભૂંડણને પરણ્યો ને પહેલે વરસે પાંચ ભૂંડડાં, બીજે વરસે બાર ભૂંડડાં ને ત્રીજે વરસે તો તેર ભૂંડડાંનો બાપ થયો છે.

પાંચ વરસ પૂરાં થયાં કે બધસાગરો ઉકરડે આવીને ઊભો રહ્યો. તલવાર તોળીને રાડ નાખી: 'હે રાજા ભોજ! તારો આગલો અવતાર યાદ કે નહિ? મારું વચન પાળવા હું આવી ઊભો. મરવા માટે તૈયાર થા.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂંડ કહે: ' અરે હે પ્રધાનજી ! તમે તમારે ઘેર જાઓ. આવું સુખ તો ક્યાં મળવાનું હતું ? મારે ઘેર આવી રૂડી ભૂંડણ, તેર તેર ભૂંડડાંનાં ભૂર, આવો રૂડો ઉકરડો ને મારે શાં દુઃખ કે મરવા તૈયાર થાઉં ? '

બધસાગરો કહે: ' પણ મારું વચન ન પાળું તો હું નરકે જાઉં. ' આમ કહી ઘડ દેતો બધસાગરે તલવારનો ઘા દીધો. ભફ્ફ્...કરતો પાડા જેવડો ભૂંડ એક બાજુ જઈ પડ્યો અને આ બાજુ મસાણમાં બેઠા રાજા ભોજની આંખ ઉઘડી ગઈ. તરત ખડખડ દાંત કાઢતું બાળ-મડદું બોલ્યું: ' કાં રાજા ભોજ ! આવતો અવતાર કેમ જિવાશે એ જાણ્યું કે નહિ ? આ તો સંસારના વા. એક ભવ થતાં માનવી આગલો ભવ ભૂલે ને નવો ભવ જીવે. '

રાજા ભોજ એનો જવાબ દે એ પહેલાં મડદું ઊછળીને ખાડામાં પડ્યું, ખાડા સાથે ધૂળ વળાઈ ગઈ અને રાજા ભોજ ઘોડે ચડીને ઉજેણી તરફ ચાલી નીકળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પલંગની પૂતળીઓ

ઉજેણી નગરીમાં બે સલાટ રહે. એકનું નામ જીવધર અને બીજાનું નામ દેવધર. બન્ને સલાટ પાકા ભાઈબંધ. સાથે રહીને મંદિર ચણે અને મૂર્તિઓ ઘડે, વાવ બાંધે અને કૂવા બાંધે.

વરસ ગયાં અને બે ય સલાટની ઘરવાળીઓને ઓધાન રહ્યાં. બેય સલાટે સામસામાં વચન દીધાં કે એકને ત્યાં દીકરો અને બીજાને ત્યાં દીકરી અવતરે તો બેયનો સંબંધ કરવો.

ભગવાનને કરવું છે તે જીવધરને ઘેર દીકરો અવતર્યો અને દેવધરને ઘેર દીકરી અવતરી. દીકરાનું નામ પાડ્યું સારંગધર અને દીકરીનું નામ પાડ્યું રૂપાંદે. સારંગધર અને રૂપાંદેનાં ઘોડિયા–સગપણ થયાં અને વેવાઈઓએ ગોળધાણા ખાધા.

છોકરાં સવા વરસનાં થયાં અને દેવધરને પાટણના રાજાનું તેડું આવ્યું. દેવધર પાટણ ગયો અને મંદિર ચણવા લાગ્યો. દેવધરને કામ પર કામ મળવા લાગ્યાં ને પાટણમાં રોકાઈ ગયો. દેવધરનાં કામ જોઈને આખા ગુજરાતમાંથી એનાં તેડાં થાય છે અને ઘર અભરે ભરાય છે. દેવધર દીકરીના સગપણની વાત ભૂલી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બાજુ સારંગધર બે વરસનો થયો ત્યાં જીવધર અવસાન પામ્યો. માયામૂડી હતી તે ખૂટી ગઈ અને સારંગધરની મા પારકાં દળણુંપાણી કરીને પેટ ભરવા લાગી. ડોશીએ દેવધરને સારંગધરનાં લગન રૂપાંદે સાથે કરી દેવા કહેવરાવ્યું, પણ રાજદરબારે ડાયરા કરતો દેવધર જવાબ પણ શેનો આપે ? ડોશીને ઘણું ખોટું લાગ્યું, પણ શું કરે ? મન મારીને બેસી ગઈ.

આમ કરતાં કરતાં સારંગધર સાત વરસનો થયો અને હાથમાં હથોડીટાંકણું લઈને બેસી ગયો. હથોડી મારતો ગયો અને ટાંકણે ટાંકણે કારીગરી ઊતરવા લાગી. આખો દિવસ બેઠો સારંગધર હમણાં હસે તેવી પરીઓ ઘડે છે ને પૂતળીઓ કરે છે. હમણાં હલકે એવા હાથી કોરે છે ને ઘોડા કોરે છે. કલરવ કરે એવા હંસ કંડારે છે ને કારંડવ કંડારે છે. ખાતો નથી, પીતો નથી, બસ આખો દિવસ કામમાં જ ધ્યાન છે.

સારંગધરની કારીગરી જોઈને માણસો મોંમાં આંગળાં નાખી જાય છે. 'વાહ કારીગરી ! વાહ !' એમ બોલતાં જાય છે ને સારંગધરને શાબાશી આપતાં જાય છે. પણ સારંગધરને એક વાતનું દુઃખ છે. હસતી મૂર્તિઓ અને ઊડતા હંસ કંડારી એ ઘરડી મા પાસે ધરે છે, પણ મા માથું હલાવે છે. કોઈ દી મા દીકરાની કારીગરીનાં વખાણ કરતી નથી. સારંગધર માને રીઝવવા પાછો રાતદિવસ હથોડી-ટાંકણું લઈને બેસી જાય છે અને દેવને ય જીવતી કરવાનું મન થાય એવી પૂતળી ઘડે છે. પણ મા માથું હલાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વખત સારંગધર ઇશાની આરસ લઈને ભોંય-રામાં બેસી ગયો. એરંડિયાના દીવા બાળી રાતદિવસ કાયા-સમાણી પૂતળી ઘડવા લાગ્યો. છઠ્ઠે મહિને પૂતળી પૂરી કરી. પૂતળીને પાયે નેપુર પહેરાવ્યાં છે અને હાથે કંકણ કંડાર્યાં છે. આરસમાંથી ઓઢણી કંડારી છે; જાણે હમણાં વાયરો વાતાં ઓઢણી ફરફરી ઊઠશે.

આવી રૂડી પૂતળી ઘડીને સારંગધરે મા પાસે ધરી. માએ ઘડીપલ પૂતળી નીરખીને વળી માથું હલાવ્યું. માને માથું હલાવતી જોઈ ને સારંગધરે ધબ્બ હથોડીટાંકણું હેઠાં ફેંક્યાં અને બોલ્યો: 'હેં મા! મારી કારીગરીમાં તે શી કમીના કે માથાં જ હલાવ્યા કર!'

મા કહે: 'બેટા! તારી કારીગરીમાં તો કશી કમીના નહિ. પણ કારીગરીથી કાંઇ કુળની આબરૂ રહે? તારાં સગપણ દેવધરની દીકરી સાથે થયાં. આજે દેવધરનાં પાટણના દરબારમાં માનપાન. એ આપણને યાદ ન કરે. ઘરની વહુ બીજે પરણે તો મારે જીવવા જેવું શું રહે?'

સારંગધર કહે: 'ઓહો મા! આ જ વાત છે ને? આજથી ત્રીજે વરસે એ જ વહુ તારે પાયે પડે ને રાજ-દરબારમાં મારાં યે તેડાં થાય તો હા જાણજે.'

આમ કહીને સારંગધર ખભે હથોડીટાંકણું નાખીને હાલતો થયો. આઠમે દિવસે આવીને પાટણ ઊભો રહ્યો. પૂછતો પૂછતો દેવધરને ઘેર જઈ ને ઊભો પણ દેવધર ઘેર નહિ. દેવ-ધર તો ગામને પાદર નદી પર એક મંદિર ચણે છે ને સાંજ પડચે ઘેર આવે છે. ઘેર દેવધરની દીકરી રૂપાંદે એકલી જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારંગધરે રૂપાંદેને પૂછ્યું: 'દેવધર સલાટ ઘેર છે કે ?'

રૂપાંદે કહે: 'ના, ના. શું કામ પડ્યું ?'

સારંગધર કહે: 'હું પરદેશી મુસાફર. મારે સલાટી કામ શીખવાં. હથોડીટાંકણું લઈ ને દેવધરને પગે બેસવા આવ્યો.'

રૂપાંદે ભારે ચતુર. સારંગધરની આંખનાં નેણ જોઈ-ને એની ચતુરાઇ સમજી ગઇ. તો યે એની ચતુરાઈ માપવા એણે સમસ્યામાં જવાબ દીધો: 'મારા બાપા તો નદી-પાર મંદિર ચણવા ગયા. જો આવ્યો તો નહિ આવે અને નહિ આવ્યો તો આવશે.' (એટલે કે ચોમાસું છે તેથી વરસાદ આવતાં નદીમાં પૂર આવશે તો નહિ આવે અને વરસાદ નહિ આવે તો આવશે.)

ચતુર સારંગધર સમસ્યા સમજી ગયો. સમસ્યામાં જ એણે જવાબ દીધો: 'ધોળું છે એ રેલે નહિ. કાળું હોય તો રેલે.' (એટલે કે ધોળાં વાદળાં વરસે નહિ. કાળાં હોય તો વરસે)

રૂપાંદે સારંગધરની ચતુરાઈ સમજી ગઇ અને બેસ-વાને ચાકળો દીધો. હવે સારંગધરને રૂપાંદેની ચતુરાઈ જાણ-વાનું મન થયું. તેણે ઇરાની આરસને કંડારી કંડારી સવા લાખ ચોખાની પોટલી સાથે બાંધેલી તે રૂપાંદેને આપી અને કહ્યું: 'લ્યો આ ચોખા. તમારા બાપા આવે ત્યાં સુધામાં રાંધી આપો જમી લઉં.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોખાની પોટલી હાથમાં લેતાં એક ચોખો હેઠો પડ્યો ને એના અવાજથી રૂપાંદે આરસને ઓળખી ગઈ. તરત એ ઘરમાં ગઈ અને દેવધર સલાટે લાલ પથ્થરમાંથી કંડારેલા ચણાની મૂઠી સારંગધર સામે ધરી કહ્યું: 'ચોખા રાંધતાં જરા વાર લાગશે. ત્યાં સુધી આ ચણા ચાવો.'

ચણા માથે પાણી પડતાં સારંગધર સમજી ગયો કે આ અનાજ નહિ પણ કંકર લાગે છે. તરત એ બોલ્યો: 'ચણા ખાવા કરતાં જોવા જેવા લાગે છે.' આમ કહી ચણાની હાર ગોઠવવા લાગ્યો. સારંગધરને થયું કે છોકરી ઘર દીપાવે એવી તો છે.

આટલી વારમાં નદીપારથી દેવધર સલાટ આવી પહોંચ્યો. સારંગધર દેવધરને પગે હથોડીટાંકણું મૂકી પગે લાગ્યો અને મનની વાત કહી. દેવધર સારંગધરનાં નેણ જોઈને સમજી ગયો કે લાગે છે તો કારીગર.

બીજા દિવસથી દેવધર સારંગધરને સલાટી કામ શીખવવા લાગ્યો. સારંગધરે ટચ લઈને ટાંકણું માર્યું કે દેવધર એની હથોટી સમજી ગયો. એને થયું કે મારાથી સવાયો થાય તો ના નહિ. પણ સારંગધરે કળા કરી. રોજ સાંજ સુધી મૂર્તિ કંડારે અને દીવો પેટાય ત્યાં ધડ હથોડી મારી મૂર્તિ ખંડિત કરે. દેવધર મૂર્તિ જોઈને કહે: 'મૂરખો રે મૂરખો. આટલું શીખી જા તો મારો ગુરુ કરી થાપું.'

રૂપાંદે રોજ દીવાટાણે હથોડીનો ધડાકો સાંભળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આડી આંખે નજર કરે. એ સમજી ગઈ કે સારંગ-ધર અખાડા કરે છે પણ એની કારીગરી જોઈને રૂપાંદેને થયું કે પરણું તો બસ આને જ પરણું.'

વરસ વીત્યું અને રૂપાંદેએ બાપને મનની વાત કરી. બાપ કહેઃ 'બેટા, આ તો છે મૂરખો. એની હારે તારો જનસારો કેમ જાશે?'

રૂપાંદે કહેઃ 'બાપા! એની ચિંતા તમે કરો મા. હું બધું સંભાળી લઈશ.'

થોડા દિવસમાં સારંગધર-રૂપાંદેનાં લગન થઈ ગયાં અને બન્ને જુદું ઘર લઈને રહ્યાં. પણ લગન થયાં એટલે સારંગધરે હથોડીટાંકણું હેઠાં ફેંક્યાં અને આડો પડ્યો બગાસાં ખાવા લાગ્યો. એને થયું કે મારી માને આણે ઠીક ચિંતા કરાવી છે તે થોડોક વખત રગડવા દે.

બિચારી રૂપાંદે રોજ બાપને ઘેરથી બે થાળી પીરસી આવે અને પતિને જમાડી પોતે ખાય. સારંગધર તો જમીકરીને આડો પડે અને બગાસાં ખાઈ સાંજ પાડે.

આમ કરતાં છ માસ વીતી ગયા એટલે રૂપાંદેએ મેણું માર્યુંઃ 'સલાટી ન સૂઝતી હોય તો લો હાથમાં કુવાડો ને જાવ કાપવા લાકડાં. ઘણા યે સલાટ કઠિયારું કરી પેટ ભરે છે તો આપણે ભૂખે શું મરવું?'

બીજે દિવસે સારંગધર ખભે કુવાડો નાખી સલા-ટોની સાથે હાલી નીકળ્યો. ચાર કોસ કાપી જંગલમાં આવ્યા અને સલાટો લાકડાં કાપવા લાગ્યા. સારંગધર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો એક ખેલડા ઝાડને થડે જઈને આડો પડયો અને બગાસાં ખાવા લાગ્યો.

બીજા સલાટો ધડાધડ લાકડાં કાપે છે ને ગાડાં ભરે છે. આખું જંગલ કડાકાથી ગાજે છે. આમ કરતાં બપોર થયા ત્યાં સારંગધરને કાને અવાજ પડ્યો. ખેલડાં ઝાડ બોલી રહ્યાં છેઃ

'અરે ભાઈ ચંદનઝાડ! સૂતો કે જાગે?'

ચંદનઝાડ કહેઃ 'હું બેન સુખડઝાડ! અટાણે ખરો બપોર. માથે સૂરજ તપે. સુવાય કેમ? જાગું છું.'

સુખડઝાડ કહેઃ 'અરે ભાઈ! આપણે ચંદન ને સુખડ. આપણી ફોરમ પાંચ કોસમાં ફોરે. પણ આપણને નહિ હાથપગ. હમણાં આ સલાટડા આવશે ને કાપીને લઈ જશે. કાલ તો આપણે ચૂલે બળશું. પણ આપણને કોઈ કાપી રૂડી મજાની પૂતળીઓ ઘડે તો સવા લાખ ઊપજે. આપણાં યે મૂલ અંકાય અને ઘડનારાની નામના થાય.'

વાત સાંભળીને ચટ સારંગધર ઊભો થયો અને ચંદનસુખડનાં ઝાડમાંથી હાથ હાથના ચાર ને બબ્બે હાથના બે કટકા કાપી લીધા. છ યે કટકા ખભે નાખી ઘેર આવ્યો. આટલાં લાકડાં જોઈને રૂપાંદે બોલીઃ

'અરે સલાટ! આટલાં જ લાકડાં કાં લાવ્યા?'

સારંગધર કહેઃ 'હું જોતું લઉં. અજોતું લાવીને શું કરું?'

આમ કહીને સારંગધર ઓરડો બંધ કરીને બેસી ગયો. સાંજ થઈ ત્યાં હાથ હાથના ચાર કટકામાંથી ચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાયાની પૂતળી કરી. અને બબ્બે હાથના કટકામાંથી ઈસ-ઊપળું ઘડયાં. ચારે ભેગાં કરીને ખાટલી બનાવી. પૂતળી-ઓને પાયે નેપુર પહેરાવ્યાં છે અને હાથે કંકણ કંડાર્યાં છે. નાકમાં નથ અને કાને વાળી કંડારી છે. હમણાં જાણે પૂતળીઓ બોલી કે બોલશે. દીવાટાણું થયું એટલે ઓરડો ઉઘાડીને રૂપાંદેને કહે: 'લે આ ખાટલી. જઈને ગામમાં વેચી આવ.'

રૂપાંદે કહે: 'અરે સ્વામીનાથ! ખાટલી નહિ ત્રણ હાથ લાંબી, નહિ ત્રણ હાથ પહોળી. એને હાથ કોણ ઝાલશે ને એનાં મૂલ શું થાશે?'

સારંગધર કહે: 'ખાટલીને જ પૂછ ને?'

રૂપાંદેએ ટપ લઈને ખાટલી માથે ટકોરો માર્યો અને બોલી: 'ખાટલીબાઈ! ખાટલીબાઈ! તારાં મૂલ શાં?'

તરત જ એક પાયાની પૂતળી ઝણુણુણુ ઝાંઝર ઝમ-કાવતી ને કણકણુ કંકણુ ખણખણાવતી બોલી: 'એક રાતના સવા લાખ લઉં ને સવારે મારા ઘડનારાને ત્યાં પાછી જાઉં.'

ખાટલીનો જવાબ સાંભળી રૂપાંદે અચંબામાં પડી. ખાટલી ઉપાડીને એ બજારે ચાલી ને હીરાચોકમાં આવીને ખાટલી વેચવા બેઠી. દોઢ હાથની ખાટલી જોઇને લોકોનાં ટોળાં વળ્યાં ને ખી....ખી....દાંત કાઢી પૂછવા લાગ્યાં: 'અરે બાઈ સલાટણ! તારી ખાટલીનાં મૂલ શાં?'

રૂપાંદે કહે: 'ખાટલીને જ પૂછો ને?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક માણસે ટપ લઈને ખાટલી માથે ટકોરો માર્યો અને પૂછ્યું: 'ખાટલીબાઈ! ખાટલીબાઈ! તારાં મૂલ શાં?'

તરત જ એક પાયાની પૂતળી ઝણુણુણ ઝાંઝર ઝમકાવતી ને કણુકણુ કંકણુ ખણુખણુાવતી બોલી: 'એક રાતના સવા લાખ લઉં ને સવારે મારા ઘડનારાને ત્યાં પાછી જાઉં.'

એકે પૂછ્યું, બેએ પૂછ્યું, ત્રણે પૂછ્યું. એમ કરતાં ઘડીએકમાં તો આખા શહેરનાં માણસ ભેગાં થયાં. ખાટલીની વાત સાંભળીને માણસો અચંબામાં પડી ગયાં. પણ સવા લાખનાં મૂલ કોણ મૂલવે?

થોડી વાર થઈ ત્યાં શહેરનો રાજા ત્યાંથી નીકળ્યો. લોકોનાં ટોળાંએ મારગ આપ્યો ને રાજાએ ખાટલીનાં મૂલ પૂછ્યાં. સવા લાખનાં મૂલ ચૂકવી રાજાએ ખાટલી વેચાતી લીધી અને મહેલે ચાલ્યો.

રાજાને થયું કે ખાટલીએ સવા લાખનાં મૂલ માંગ્યાં, એટલે એનામાં કાંઈક ગુણુ તો હશે. લાવ એનાં પારખાં લઉં. આમ વિચારી રાજાએ પોતાના શયનભવનમાં ખાટલી ઢાળી. સૌને ત્યાંથી રજા આપી અને પોતે ખાટલી માથે પગ માંડ્યો. જેવો રાજાએ પગ માંડ્યો કે ખરખર કરતી ખાટલી પાંચ હાથ લાંબી થઈ ને ત્રણુ હાથ પહોળી થઈ. ખાટલી માથે રાજા આડો પડ્યો.

રાતનો પહેલો પહોર થયો ત્યાં પાયાની એક પૂતળી બોલી: 'પૂતળીબાઈ! પૂતળીબાઈ! સૂતાં કે જાગો?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી ત્રણે પૂતળીએ જવાબ દીધો: 'આપણે માથે રાજાની સાડા ત્રણ મણ કાયાનો ભાર. એ ભારે ઊંઘ તો કેમ આવે? જાગીએ જ છીએ તો!'

પહેલી પૂતળી કહે: 'આપણે હતાં વનનાં ઝાડ. આપણને નહોતા હાથ કે પગ. ઘડનારાએ ઘડ્યાં ને આપણને દેહ દીધા. મૂલવનારાએ મૂલવ્યાં ને મહેલમાં મુકાસ દીધા. મૂલવનારનાં મૂલ સવાયાં કરી સવારે પાછાં ફરીએ તો આપણા ઘડનારાની આબરૂ રહે. મારા ભાગનો ભાર ઉપાડો તો નગરચર્ચા જોવા જાઉં.'

ત્રણે પૂતળીઓ કહે: 'જાને બેન. એથી વળી રૂડું શું?'

તરત જ ખરરર કરતી એક પૂતળી ઊડી ને નગરચર્ચા સાંભળવા ચાલી. પહેલો પંહોર પૂરો થયો ને ખરરર કરતી પાછી ફરી અને પાયે આવીને બેસી ગઈ. ત્રણે પૂતળીએ પૂછ્યું: 'કાં બેન! શું જોઈ આવી?'

પહેલી પૂતળી કહે: 'બહેન! હું તો હજી શહેર બહાર જ હતી. જોઉં તો રાજાના બારે કારભારી મોઢે બોકાનાં બાંધ્યાં છે ને ખભે પોટલાં નાખી ચાલ્યા જાય છે. મને થયું કે આ શું? લાવ એની પાછળ જાઉં. હું તો એની પાછળ ચાલી. ચાલતાં ચાલતાં શહેરથી સવા કોસ દૂર પીપળાના ઝાડ નીચે એક કૂવા પાસે આવીને ઊભા રહ્યા. ધબોધબ પોટલાં એમણે કૂવામાં નાખ્યાં. પોટલાં પડતાંવેંત આખો કૂવો ઝળાંઝળાં થઈ ગયો. જોઉં તો રાજાના ખજાનાનાં ઝવેરાત. કૂવા માથે ધૂડ વાળી બારે કારભારી પાછા ફર્યા ને વાત કરવા લાગ્યા કે રાજાને તો ખબરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ય નહિ પડે. બારમે દિવસે આવીને ખજાનો વહેંચી લેશું. આમ કહી કારભારી શહેરમાં ગયા અને પહોર વીતતાં હું પાછી આવી. રાજાને આ વાતની ખબર પડે ને કાલે તપાસ કરાવી કૂવે જાય તો આખો ખજાનો પાછો આવે.'

પહેલી પૂતળીએ વાત પૂરી કરી એટલે બીજી પૂતળી કહેઃ 'બાઈ, બેન! મારા ભાગનો ભાર ઉપાડો તો હું યે નગરચર્ચા જોઈ આવું.'

બાકીની ત્રણ પૂતળીઓ કહેઃ 'જાને બેન!'

તરત બીજી પૂતળી ખરરર કરતી ઊડી ને નગરચર્ચા સાંભળવા ચાલી. બીજો પહોર પૂરો થયો કે ખરરર કરતી પાછી ફરી ને પલંગને પાયે આવીને બેસી ગઈ. ત્રણે પૂતળીએ પૂછ્યું: 'કાં બેન! શું જોઈ આવી?'

બીજી પૂતળી કહેઃ 'મેં તો શહેરમાં પગ દીધો ત્યાં દરવાજા પાસે એક ઊંચા મહેલમાં ઝળાંઝળાં દીવા બળે છે ને છમછમ ઝાંઝર છણુકે છે. જઈને જોઉં તો વેશ્યા નાચ નાચે છે ને રાજાના જમાઈરાજ બેઠા નાચ જુએ છે. અર્ધા પહોરે નાચ પૂરો થયો એટલે જમાઈરાજ કહેઃ 'માગ, માગ, જે માગ તે આપું.' વેશ્યા કહેઃ 'માગું તો માગું પાટણનું રાજ. તમારા સસરાને મારી નાખો, ગાદી તમે હાથ કરો ને મને પટરાણી કરીને થાપો.' જમાઈરાજ કહેઃ 'આવતી કાલે જ જમવા-ટાણે મારા સસરાને ઝેર દઉં, પાટણનું રાજ હાથ કરું ને તને પટરાણી થાપું.' આટલી વાત થતાં પહોર પૂરો થયો ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું પાછી આવી. આવતી કાલે રાજા એ વેશ્યાને દેશવટો દે અને જમાઈરાજની સાથે ન જમે તો રાજા બચી જાય અને રાજ રહે.'

બીજી પૂતળીએ વાત પૂરી કરી એટલે ત્રીજી પૂતળી કહેઃ 'બાઈયું, બહેનું! મારા ભાગનો ભાર ઉપાડો તો હું યે નગરચર્ચા જોઈ આવું.'

બાકીની ત્રણ પૂતળીઓ કહેઃ 'જા ને બેન!'

તરત ત્રીજી પૂતળી ખરરર કરતી ઊડી ને નગરચર્ચા સાંભળવા ચાલી. ત્રીજો પહોર પૂરો થયો કે ખરરર કરતી એ પાછી ફરી ને પલંગને પાયે બેસી ગઈ. ત્રણે પૂતળીએ એને પૂછ્યુંઃ 'કાં બેન! શું જોઈ આવી!'

ત્રીજી પુતળી કહેઃ 'હું તો ચાલતી નગર વચ્ચે આવીને જોઉં તો સાત માળનો મહેલ છે ને મહેલમાં અંધારાં ઘબ્બ છે. મહેલમાંથી રોવાકૂટવાના અવાજ આવે છે ને ધડાપીટ થાય છે. મહેલમાં જઈને જોઉં તો જાણે બાર ભૂતડાં ભટકે છે. મને જોતાં જ બારે ભૂતડાં કહેઃ 'અમારા મહેલમાં તું આવનાર કોણ?'

'મેં કહ્યુંઃ 'હું યે તમારા જેવી એકલી પડી એટલે એ ઘડી ફરવા નીકળી છું. તમે કોણ છો એ તો કહો?'

'એક ભૂતડું કહેઃ 'હું આગલે અવતાર હતો નગરશેઠ અને આ ભુતડાં હતાં મારાં કુટુંબી. મારા મહેલમાં પાંચ પાદશાહીનું ધન હતું કે એમાંથી કોડીનું યે દાન ન દીધું ને ઘરનાંએ કદી કોડીનું દાન કરવાનું ન કીધું. મરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે ભૂત સર્જ્યાં. રોજ રાતે અહીં આવીએ છીએ ને ધન સાથે ધડાપીટ કરીએ છીએ. કોઈ સખી દાતાર આવીને અમારા ધનનો ચોથો ભાગ દાનમાં દે તો અમારી ગતિ થાય અને તેને ત્રીજા ભાગનું ધન મળે.'

'આમ કહી એણે મારો હાથ ઝાલ્યો અને મને ચોકમાં લઈ ગયું. છેલ્લા પગથિયાના પત્થરને ઊંચો કર્યો તો એક ઓરડી દેખાણી. પગથિયા પાસેથી એક રતન લીધું ત્યાં ઓરડી અજવાળે ઝળાંઝળાં થઈ ગઈ. જોઉં તો આખી ઓરડી હીરા, માણેક, મોતી ને પરવાળાથી ભરચક ભરી છે. આટલું જોતાં પહોર પૂરો થયો ને હું પાછી આવી. આ વાતની રાજાને ખબર પડે ને ચોથો ભાગ દાનમાં વાપરે તો પાંચ પાદશાહીનું ધન એને મળે.'

ત્રીજી પૂતળીએ વાત પૂરી કરી એટલે ચોથી પૂતળી કહેઃ 'બાઈયું! બહેનું! મારા ભાગનો ભાર ઉપાડો તો હું યે નગરચર્ચા જોઈ આવું.'

બાકીની પૂતળીઓ કહેઃ 'જા ને બેન!'

તરત ચોથી પૂતળી ખરરર કરતી ઊડી ને નગરચર્ચા સાંભળવા ચાલી. ચોથો પહોર થયો કે ખરરર કરતી એ પાછી ફરી ને પલંગને પાયે બેસી ગઈ. ત્રણે પૂતળીએ એને પુછ્યુંઃ 'કાં બેન! શું જોઈ આવી!'

ચોથી પૂતળી કહેઃ 'હું તો નગરમાં ગઈ અને બ્રાહ્મણવાડામાં પહોંચી. જઈને રાજાના પંડિતને ઘેર જોઉં છું તો એનો એકનો એક દીકરો કાલે જ પરણ્યો છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેની પરણેતર સાથે હાસ્યવિનોદ કરતાં હમણાં જ પોઢ્યો છે. પોઢતી વખતે એની ચોટલી છૂટી પડી સીંચ પર લટકે છે. થોડી વારે ત્યાં નાગણી આવી અને ચોટલીએ ચડી બ્રાહ્મણને ડસ્યો. ડસીને નાગણી ચાલી ગઈ.

'આટલું થયું ત્યાં પહોર વીત્યો ને હું પાછી ફરી. પણ આવતી કાલે સવારે જાગતાંવેંત નવી પરણેતર એના ધણીને મરેલો જોશે ને ધડાપીટ થશે. સગાંવહાલાં એને બાળી આવશે ને જુવાન બ્રાહ્મણી બાળ રંડવાળ થશે. પણ જો આ વાતની રાજાને ખબર પડે ને શહેરને પાદર નદીકાંઠે વડના થડમાં એક જડીબુટ્ટી છે તે લઇ આવી બ્રાહ્મણને માથે ઘસે તો ઝેર ઊતરી બ્રાહ્મણ જીવી જાય. રાજાએ પણ બ્રાહ્મણને જીવતદાન દીધાનું પુણ્ય થાય ને આવતા અવતારે પણ રાજા થાય.'

આટલી વાત કરતાં ચાર પહોર પૂરા થયા ને સૂરજ મહારાજે કિરણ કાઢ્યાં. રાજાએ ઊઠીને જેવો ખાટલી હેઠે પગ દીધો કે ખટખટ કરતી ખાટલી સાંકડી થઈ ને ખરરર કરતી ઊડી. આવીને સારંગધરના બારણાને બે ધબકારા મારી ઓસરીમાં પડી. રૂપાંદે અવાજ સાંભળીને બહાર આવીને ખાટલીને લઈ ને ઘરમાં મૂકી.

રાજાએ ઊઠીને દાતણ-પાણી કર્યાં ને વિચાર કર્યો કે ચારે પૂતળીએ વાત તો કરી પણ પહેલું કામ કયું કરવું ? એને થયું કે પહેલાં પંડિતને જ ઘેર જવા દે. નહિ તો ક્યાંક એને બાળી મૂકશે.

તરત રાજા ઘોડે ચડીને નદીપાર ગયો ને વડના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થડમાંથી જડીબુટ્ટી લઈને પંડિતને ઘેર પહોંચ્યો. જઈને જુએ તો ધડાપીટ થાય છે ને દીકરાની નનામી બાંધે છે. રાજાને જોઈને ઘરનાં અચંબામાં પડી ગયાં. રાજાએ કહ્યું: 'હઠી જાઓ. જોવા તો દો કે ઝેર ઊતરે છે કે નહિ?'

આમ કહીને રાજાએ જડીબુટ્ટી ઘસીને બે ટીપાં છોકરાની આંખમાં નાખ્યાં કે પાંચ પળમાં જીવ પાછો આવ્યો ને આળસ મરડીને છોકરો બેઠો થયો. આખું કુટુંબ આશીર્વાદ દેવા લાગ્યું. રાજાએ આશીર્વાદ સાંભળ્યા ન સાંભળ્યા ને ચાલતો થયો.

રાજા આવીને ખજાનાને બારણે ઊભો ને કૂંચીઓ માગી. ઉઘાડીને જુએ તો ઓરડા ખાલી ખમ.

રાજાએ હુકમ દીધો કે: 'હાં, પકડો ચોકિયાતોને, મારો કોરડા. માને નહિ તો ફાંસીએ ચડાવી દો.'

તરત ચોકિયાતો માની ગયા કે: 'ધન લઈ જનારા તો કારભારી છે. અમને કાં મારો?'

તરત બારે કારભારીને બોલાવીને ઝાડે બાંધ્યા ને કોરડા મારવાનો હુકમ દીધો. સાત સાત કોરડા મારતાં તો કારભારી માની ગયા. આગળ કારભારીઓ ને પાછળ રાજા. ગયા શહેર બહાર પીપળા નીચેના કૂવે. કૂવો ખોદી ધન બહાર કાઢ્યું ને ખજાને ભર્યું. બારે કારભારીને દેશવટો દીધો.

બપોર થતાં રાજા જમાઈ સાથે જમવા બેઠો. રાજા પોતાની થાળીમાંથી એક કોળિયો લઈ જમાઈને દેવા લાગ્યો. પણ એની રસોઈમાં તો ઝેર હતું. જમાઈ કોળિયો શાનો લે? તરત રાજાએ કોળિયો કૂતરાને નાખ્યો ખાતાં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેંત કૂતરો મરી ગયો ને લીલોછમ થઈ ગયો. જમાઈ તો શું બોલે ? તરત જમાઈ વાત માની ગયો. રાજાએ એને એ ઘડીએ હુકમ દીધો ને વેશ્યાને દેશવટે કાઢી.

શેઢો થતાં રાજા નગરશેઠની મેડીએ ગયો. પગથિયાની શલ્યા ઉઘાડીને જુએ તો આખો ઓરડો હીરામાણેકથી ઝળાંઝળાં થાય છે. રાજાએ ત્યાં બેઠાં જ દાન આદર્યું. આખા શહેરમાંથી ગરીબગુરબાનાં ટોળાં ઊમટયાં ને રાજા ખોબે ને ધોબે દાન દેવા લાગ્યો. ચોથા ભાગનું દાન દેતાં નગરશેઠનું કુટુંબ ગતિએ ગયું ને એમના આનંદના કલ્લોલ આકાશમાં સંભળાયા. બાકીનું ધન રાજાએ રાજભંડારમાં ભરી દીધું.

આટલું કરતાં સાંજ પડી. હવે રાજાને વિચાર થયો કે જેની પૂતળીઓએ મારો આ ભવ તો શું, પણ આવતો યે ભવ તારી દીધો, ત્યારે એનો ઘડનારો કેવો હશે ? લાવ એને પ્રધાન સ્થાપું.

રાજાએ સાંજે કચેરી ભરી અને પાલખી મોકલી સારંગધરને દરબારે તેડાવ્યો. સારંગધર આવતાં રાજાએ સાત પગલાં સામે ચાલી એને માનપાન દીધાં ને પોતાનો પ્રધાન કરી સ્થાપ્યો. રાજા તો સારંગધરને પૂછીને જ રાજકાજ કરે છે. આનંદમાં દિન વિતાવે છે.

સાત દિવસ થાતાં સારંગધરે પાલખી–મ્યાના મોકલી એની માને ઉજેણીથી પાટણ બોલાવી. દેવધરે સવા ગાઉ સામે જઈને ડોશીને સારંગધરના નાનપણમાં સગપણની ના પાડેલી તેની માફી માગી. સાસુ આવતાં રૂપાંદે પાયે પડી ને માએ રૂપાંદે–સારંગધરનાં ઓવારણાં લીધાં. એ પછી સૌ સાથે રહ્યાં ને ખાધુંપીધું ને આનંદ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાત માને ધાવેલો

ત્રંબાવટી નગરીમાં રાજા વીરસેન રાજ કરે. રાજાને સાત રાણી, પણ એકેયને પેટે સંતાન નહિ. રાજા રાણીઓ સામે નજર માંડ્યા કરે અને ઊના નિસાસા નાખ્યા કરે.

એકવાર રાજાના ગુરુ નગરીએ આવ્યા. રાજા ગુરુને દેખીને અડવાણે પગે સામો દોડ્યો અને લાંબો થઈને પગમાં પડ્યો. ગુરુમહારાજને રાજાએ રૂપાને પાટલે બેસારી, સોનાની ઝારીએ જળ ભરી, પગ ધોઈ ચરણામૃત લીધું અને ચરણરજ માથે ચડાવી. હાથ જોડીને રાજા ગુરુમહારાજના પગ પાસે બેસી ગયો.

રાજાના મોં સામે નજર કરીને ગુરુમહારાજ કહે: 'બેટા! તારે ઘેર ચકવેરાજ, ચકવેપાટ! મહેલમહેલાત ને સાત સાત રાણી. તોય તારું મુખ ઉદાસ કાં?'

રાજા કહે: 'ગુરુમહારાજ! રાજમહેલમાં ઓરડાનો આરોવારો નહિ, પણ ઓરડાનો ઉજાળનાર ન મળે. સાત રાણીએ ય મારે ઘેર શેર માટીની ખોટ.'

ગુરુમહારાજે આંખ મીંચી, જીવ સાતમે આસમાન ચડાવ્યો. અરધી ઘડીએ આંખ ઉઘાડી કહે: 'બેટા! તારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નસીબમાં સંતાનસુખ ન મળે. આ અવતાર એમ ને એમ કાઢી નાખ ’

રાજા કહે: ‘ મહારાજ ! તમારા સતના તેજે તો મૂઆં મડાં સજીવન થાય. એક વેણ મારે માથે નાખો ને મારી તૃષ્ણા ટાળો. ’

ગુરુમહારાજ કહે: ‘ પણ બેટા ! આ અવતાર તો શું, તારા સાત અવતારમાં યે સંતાનસુખ ન મળે. કેમ કરીને વરદાન આપું ? ’

રાજા કહે: ‘ સંતાનસુખ હોય તો ય આપો ને ન હોય તો ય આપો. આજ મારું વેણ પાછું કાઢો તો માથું પછાડી જીવ દઉં. ’

અરધી ઘડી વિચાર કરી ગુરુમહારાજ કહે: ‘ ઠીક ત્યારે. તપ વટાવી સાત સંતાન તને આપું છું. અહીંથી ઉગમણી દિશાએ હાલ્યો જજે. સાત જોજન સાથે અઘોર વન આવશે. વન વચ્ચે અમર આંબો ને અમર આંબે કેરીનાં ફળ. એમાંથી સાત ફળ તોડી આવજે ને સાતે રાણીઓને ખાવા દેજે. નવમે માસે રાણીઓને કુંવર અવતરે તો તપનાં તેજ જાણજે. પણ એક વાત કરજે. હવે સાત ઉપર આઠમી રાણી કરીશ મા. જો કરીશ તો તારે માથે આફતનો આરોવારો નહિ રહે ’

રાજાએ છેલ્લી વાત સાંભળી ન સાંભળી ને અડવાણે પગે ઉગમણી દિશે દોડ્યો. સાત જોજન વટાવી અઘોર વનમાં આવ્યો ને લૂંબઝૂંબ અમર આંબેથી સાત કેરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોડી પાછો વળ્યો. મહેલે આવી સાતે રાણીઓને એક એક કેરી આપી દીધી. સાતે રાણીઓએ નાહીધોઈ, પાટ ઢાળી, ઘોળી ઘોળીને કેરી ખાધી. સાતે રાણીને ઓધાન રહ્યાં. રાજાના આનંદનો પાર ન રહ્યો. મહેલમાંથી નગરમાં વધાઈ ગઈ ને નગરને નવે દરવાજે નગારાં ગાજ્યાં. રાણીઓને ઓધાનના માસ ચડતા જાય છે ને અંગ રૂડાં રૂપ કાઢતાં જાય છે. એક માસ, બે માસ, છ માસ. રાજા મહિનાના દી, દીના પહોર, ને પહોરની ઘડી ગણતો જાય છે ને નવમા મહિનાની વાટ જોતો જાય છે.

એક વખત રાજા વનમાં શિકારે ચાલ્યો. હરણ મૂકી મગર માર્યાં, મગર મૂકી સાવજ માર્યાં સાવજ મારતો મારતો રાજા અઘોર વનની વચ્ચોવચ્ચ આવીને ઊભો રહ્યો. જુએ તો વનની વચ્ચોવચ્ચ વડના ઝાડ હેઠે કોઈ સોળ વરસની સુંદરી બેઠી છે. સુંદરીનાં શું રૂપ! શું રૂપ! હાસકામ મૃગલોચના, ચાલતાં કંકુ ઝરે, બોલતાં ફૂલ ઝરે, માથાના વાળ પગે પછડાય, અંગનાં રૂપ અડખેપડખે આઠ હાથમાં પથરાય.

સુંદરીનાં રૂપ જોઈને રાજા દી ભૂલ્યો, દિશા ભૂલ્યો. ચકળવકળ આંખો કરતો જાય ને 'વાહ રૂપ! વાહ રૂપ!' એમ લવતો જાય. લવતો લવતો રાજા સુંદરીની પાસે પહોંચ્યો. પૂછવા લાગ્યો: 'અરે હે સુંદરી! તમે કોનાં ને ક્યાંનાં?'

સુંદરી કહે: 'જે મારો બોલ પાળે એની.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા કહે: 'હું તમારા બોલ પાળું. મારાં થાઓ. બોલો, તમારા બોલ શા?'

સુંદરી કહે: 'હું કહું એમ કરવું. મારું વેણ ઉથાપવું નહિ. વેણ ઉથાપો તે દી હતા ન હતા થઈ જાઓ અને હું પાછી હાલી નીકળું.'

રાજા કહે: 'ઓહો! આટલી જ વાત ને? જાઓ, વચન આપું છું. તમારું વેણ ઉથાપીશ નહિ. હાલો મારી સાથે.'

સુંદરીને લઈને રાજા રાજમાં આવ્યો. સુંદરીને રાજાએ પટરાણી સ્થાપી. રાજા રાત ને દી પટરાણીને મહેલ પડ્યો રહે છે. પટરાણી પાય છે એટલું પાણી પીએ છે ને પટરાણીને વેણે વેણે હાલે છે. પટરાણી વિના રાજાને બીજું કાંઈ સૂઝતું નથી.

પણ પટરાણી તો હતી રાક્ષસી. રાક્ષસીને માણસ ખાવાં, જાનવર ખાવાં. બીજી રાણીઓ મહેલમાં હોય તો એવાં કામ કેમ થાય ને ઊંચી આબરૂ કેમ સચવાય? બીજી રાણીઓનો કાંટો કાઢવા પટરાણી રાજાને કહે: 'તમે મારે બોલે બંધાયા છો ને?'

રાજા કહે: 'એક વાર નહિ, સાત વાર.'

પટરાણી કહે: 'તો આ સાતે રાણીઓની આંખો કાઢી કીકી લાવો, મારી કરી લોહી લાવો. આંખો દાબી પગ ઠારું, લોહીથી નાહી અંગ ઠારું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા કહેઃ ‘ અરર! સાતે રાણીઓ ઓધાનવંતી. એમને કેમ મરાય ને એવા પાપમાં કેમ પડાય ? ’

પટરાણી કહેઃ ‘ તો મારું વેણુ ઉથાપો છો ને ? ’

રાજા નજર કરે તો પટરાણીની નજર ફરી ગયેલી, આંખો અવળી થઈ ગયેલી. રાજા કેમ ના પાડે ? ના પાડે તો રાજ રોળાઈ જાય, પોતે ધનોતપનોત થાય. રાજાએ એ ને એ ઘડીએ બૂઢા પ્રધાનને બોલાવ્યો. પ્રધાનને હુકમ દીધો કે ‘ જાઓ ! આ ને આ ઘડીએ સાતે રાણીઓની આંખો કાઢી કીકી લાવો, મારી કરી લોહી લાવો. ’

હુકમ ભેગા મારા દોડ્યા. સાતે રાણીઓની આંખો કાઢી કીકી લાવ્યા. સાતે રાણીઓને મારી નાખવા બૂઢા પ્રધાન વન વચ્ચે હાલ્યો. સાતે રાણીઓ કાળો કલ્પાંત કરે છે, આંખનાં આંસુથી ભોં ભીંજવે છે, છાતીફાટ રુદન કરે છે.

બૂઢો પ્રધાન નજર કરે તો સાતે રાણીઓને પૂરા દી હાલ્યા જાય છે. સાતે રાણીઓને પોતાની આંખ હેઠે પરણાવી પ્રધાન પોતે રાજમાં લાવ્યો છે. એને પોતાને હાથે કેમ મરાય ? રાણીઓને ડુંગરાની ઊંડી ગુફામાં મૂકી દીધી. હરણાં મારી લોહી લીધાં અને પટરાણી પાસે રજૂ કર્યાં. નાહીકરીને પટરાણી હળવી થઈ.

સાતે રાણીઓને આંખો ન મળે. પગમાં ચેતન ન મળે. શું લાવે ને શું ખાય ? બેઠી બેઠી રોયા કરે ને માથાં પછાડ્યા કરે. એકનાં આંસુ બીજી લોવે ને બીજીનાં આંસુ ત્રીજી લોવે. છઠ્ઠીનાં આંસુ સાતમી રાણી લોતી જાય અને સૌને છાની રાખતી જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ કરતાં કરતાં સૌથી મોટી રાણીને કુંવર અવતર્યો. પણ રાણીને ભૂખ વાપરી. કુંવર જીવે તો ધવરાવવો પડે. પણ ભૂખ્યા દેહમાં દૂધ કેવાં ? એને થયું કે આ કરતાં લાવને કુંવરને જ ખાઈ જાઉં ! એની પીડા મટે ને મારી ભૂખ મટે. રાણીએ કુંવરના સાત કટકા કર્યા. સાતે ય રાણીઓને એક એક કટકો આપ્યો અને વડછ વડછ ખાવા લાગી. એકે ખાધો, બીજીએ ખાધો, ત્રીજીએ ખાધો. પણ સાતમી રાણીને મનમાં થયું: 'અરરર ! પોતાના પેટને ખવાય ?' એણે મોઢેથી બટ બટ અવાજ કર્યો અને કુંવરનો કટકો પડખે મૂક્યો.

બીજો દિવસ અને બીજી રાણીને કુંવર અવતર્યો. એણે ય કુંવરના સાત કટકા કર્યા ને એક એક કટકો સાતે રાણીઓને આપી દીધો. છ રાણીઓ કટકા ખાઈ ગઇ, પણ સાતમી રાણીએ મોઢેથી બટ બટ અવાજ કર્યો અને કુંવરનો કટકો પડખે મૂક્યો.

ત્રીજે દિવસે ત્રીજી રાણીને, ચોથે દિવસે ચોથી રાણીને, પાંચમે દિવસે પાંચમી રાણીને અને છઠ્ઠે દિવસે છઠ્ઠી રાણીને કુંવર અવતર્યો. ને કુંવરના કટકા કરીને છ યે રાણીઓ ખાઈ ગઈ અને સાતમી રાણી કટકા પડખે મૂકતી ગઈ.

સાતમે દિવસે સાતમી રાણીને કુંવર અવતર્યો. સાતમી રાણી તો કુંવરને ધવરાવવા બેસી ગઈ. છ યે રાણીઓ કહે: 'લાવ અમારો ભાગ ! લાવ અમારો ભાગ !' પડખે પડેલા કટકા સાતમી રાણીએ છ યે રાણીઓને આપી દીધા ને પોતે કુંવરને ધવરાવવા લાગી. છ યે રાણીઓ કટકા ખાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં એમને કાને બચ્ બચ્ બચ્ અવાજ આવ્યો. કુંવર બચ્ બચ્ ધાવે છે ને ઘુરઘુર ઘૂઘવે છે. અવાજ કાને પડતાં છ યે રાણીઓને પાનો ચડ્યો, છાતીએ ધાવણ ચડયાં. છ યે રાણીઓ કુંવર સાથે ઓળઘોળ થવા લાગી. એક ધવરાવી હેઠો મૂકે ત્યાં બીજી લે, ને બીજી મૂકે ત્યાં ત્રીજી લે. સાતે રાણીઓ વારાફરતી ધવરાવે ને કુંવરને હૈયાનાં હેતે નવરાવે.

સાત સાત રાણીઓને ધાવતો કુંવર દીએ ન વધે એટલો રાતે વધે અને રાતે ન વધે એટલો દીએ વધે. પહેલે વરસે ગુફા બહાર, બીજે વરસે ગાળી બહાર, ત્રીજે વરસે ડુંગર બહાર, અને સાતમે વરસે તો વનવગડાને પેલે પાર જઈને કુંવર શિકાર ખેલવા લાગ્યો. કુંવરના હાથમાં હાથીનું જોર, પગમાં પાંચ પાંચ સાવજનાં જોર. કુંવર વાઘ-સાવજના કાન ઝાલી અસવારી કરે છે, ગેંડા–સૂવરને હાકલે–પડકારે પાછા પાડે છે. સાતે રાણીઓ કુંવરનાં પરાક્રમ સાંભળી મરી પડે છે. કુંવરનું નામ પાડ્યું બળિયો કુંવર.

પેલી બાજુ રાજમાં શું થયું ? સાત રાણીઓની આડખીલી ગઈ એટલે રાક્ષસી રાણીએ ભરખ આદર્યો. દીએ રાણી, રાતે રાક્ષસી. રાતને વખતે રાક્ષસીએ મહેલના હાથી–ઘોડા ખાધા, નોકરચાકર ખાધા. ક્યારેક પંખી થાય, ક્યારેક પશુ થાય. પંખી થઈ ચાંચ મારે, પશુ થઈ પગ મારે. ચાંચ–પગ મારતી જાય, જન–જનાવરને ખાતી જાય ને રાજ ઉજ્જડ કરતી જાય. થોડા દિવસમાં મહેલ ખાલી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેલાત ખાલી. મહેલમાં ચાકર ન મળે, ચોપદાર ન મળે. રાજા બેઠો હુકમ કરે, પણ કોણ સાંભળે ને કોણ જવાબ દે ?

મહેલ ખૂટતાં રાણી નગરમાં આવી. મારી મારીને નગરનાં જન ખાવા લાગી, જનાવર ખાવા લાગી. નગરનાં લોક ઊભે શ્વાસે ભાગી નીકળ્યાં. કોઈ જાય ઉગમણાં, કોઈ જાય આથમણાં. પડતાં જાય, આખડતાં જાય. નગર છોડી ઊભે મારગે ભાગ્યાં જાય. સીમ–સીમાડે માણસ હાલ્યાં જાય. વનવગડે માણસ હાલ્યાં જાય.

વગડામાં ઊભો ઊભો ખળિયો કુંવર જોયા કરે. એણે હાક મારી, હાકલા દીધાઃ ' એ ઊભાં રહો ! ઊભાં રહો ! આમ ઊભે શ્વાસે કાં દોડ્યાં જાઓ ? ' પણ કોણ સાંભળે ને કોણ જવાબ દે ?

સૌની વાંસે એક લૂલિયો હાલ્યો જાય. લાકડીનો ટેકો લઈ એ કહેઃ ' નગરની રાણી રાક્ષસી. રાક્ષસી રાત પડયે જન ખાય, જનાવર ખાય. જીવવાનો ઉપાય ન મળે. ન ભાગે તો શું કરે ? '

ખળિયાને થયું કે એમ ? રાણી પોતે રાક્ષસી ને નગરનાં લોકોને ખાય ? જવા દે નગરમાં ને લેવા દે રાક્ષસીનાં પારખાં. ખળિયો આવીને નગરમાં ઊભો રહ્યો. નગરને ઉજ્જડ મારગે હાલ્યો જાય અને ઊભે મારગે રાડો નાખતો જાયઃ ' કોઈ ચાકર રાખો, ચોપદાર રાખો. કહો એ કામ કરું. પેટવડિયે ચાકરી કરું. મારી એક શરત. દિવસ તમારો ને રાત મારી. ' રાડો નાખતો મહેલ સામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવીને ઊભો રહ્યો. મહેલમાં ચાકર ન મળે, ચોપદાર ન મળે. રાણી કહે: 'ચાકર રાખું, ચોપદાર રાખું. રાજનો રસોઇયો કરી રાખું.' બળિયો રાજનો રસોઇયો થઈ ને રોકાઈ ગયો.

બળિયો રાજની રસોઈ કરતો જાય ને આડીઅવળી નજર કરતો જાય. આમ જુએ, તેમ જુએ ને રાણીનાં કાજકરમ જુએ. રાત પડે ને રાણી હાલતી થાય. મહેલ વટાવી પંખી થાય, પાંખ પછાડી ઊડતી જાય. જન ખાય, જનાવર ખાય. કાચાં હાડકાં ને માંસ ખાય. બળિયો પલંગમાં પડ્યો જોયા કરે.

એક અમાસની રાત ને અંધારાં ઘોર. અંધારામાં રાક્ષસી ભરખ ખાય ને આમતેમ જોતી જાય. જુએ તો પલંગમાં બળિયાની આંખો ચકચકે. 'અરર! આ મારો રોયો જોઈ ગયો કે શું?' કહેતી રાક્ષસી પાસે આવી કે બળિયો આંખ મીંચી ગયો. રાણીને થયું કે હવે આનો વારો.

પણ બીજા દિવસથી સાંજ પડે કે બળિયો આંહીં જાય, ત્યાં જાય. આડોઅવળો થઈ જાય. મહેલમાં રહે તો રાણીને હાથ આવે ને? કોઈ રીતે બળિયો લાગમાં ન આવે. કરવું શું? રાણીએ ભીંડીના છોડ મગાવ્યા. તડકે નાખી સૂકા કર્યા. છોડ નાખ્યા પલંગ હેઠે ને ઉપર પોતે સૂઈ ગઈ. પડખું આમ ફરે કે કડકડ અવાજ. પડખું તેમ ફરે કે કડકડ અવાજ. રાણીએ મોઢું ચડાવી, આંખો તાણી કાળો કળેળાટ આદર્યો. રોતી જાય, આંસુ લોતી જાય ને કહેતી જાય: 'મરી જાઉં છું રે મરી જાઉં છું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા બિચારો હાથ દાબે, માથું દાબે, પણ રાણી રોતી બંધ ન થાય. રોતી રોતી કહેતી જાયઃ 'આ તો હાટક્ટકિયો રોગ. હાડેહાડના કટકા થાય. મારે અંગે અંગે વેદના થાય. મરી જાઉં છું રે મરી જાઉં છું.'

રાજા કહેઃ 'એ રોગ કેમ મટે ?'

રાણી કહેઃ 'સાત સમદર ને તેર નદી પાર મારી બૂઢી માનાં રાજ. એ રાજમાં બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી. તેર હાથનું બી ઘસીને અંગે ઘસું તો આ ઘડીએ રોગ જાય.'

રાજા કહેઃ 'સાત સમદર ને તેર નદી પાર કોણ જાય ને બાર હાથનું ચીભડું, તેર હાથનું બી કોણ લાવે ?'

રાણી કહેઃ 'કહો આ બળિયાને.'

રાજા કહેઃ 'સાચી વાત.'

રાણીએ બળિયાને ચિઠ્ઠી આપી. ચિઠ્ઠીમાં લખ્યું કે 'આવનારને આરોગી જજો.' બળિયાને કહેઃ 'સમદર પાર ઊભો રહેજે. ઊભો ઊભો રાડ દેજે કે દાદીમા! દાદીમા! હું તમારી દીકરીનો દીકરો. અહીં આવીને તેડી જાઓ. દાદીમા આવીને તને તેડી જશે ને બાર હાથનું ચીભડું, તેર હાથનું બી દેશે. લઈને બીજે જ દિવસે વળી નીકળજે.'

બળિયો કહેઃ 'ભલે. બળિયે ચિઠ્ઠી તોડી કટકા કર્યા. કટકેકટકા પાણીમાં નાખ્યા ને આગળ ચાલતો થયો. બળિયે વન મૂકયાં, જંગલ મૂકયાં. તેર નદીને પાર કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાત સમદરને આરે આવીને ઊભો રહ્યો. સમદરને આરે ઊભા રહીને એણે અવાજ દીધો: 'દાદીમા! દાદીમા! હું તમારી દીકરીનો દીકરો! તમારી દીકરી આજ જાય કે કાલ જાય. આવીને મને તેડી જાઓ ને દીકરીની દવા દો.'

આટલું બોલ્યો ત્યાં તો દરિયા સાથે થઈને અઢાર હાથ ઊંચી રાક્ષસી દોડી આવી. સૂપડા જેવડા કાન અને નળિયા જેવડું નાક. હાથ એકની જીભ લસલસે ને વેંત વેંતના દાંત તકતકે. 'આવ મારા બેટા! આવ મારા દીકરા!' કહેતી રાક્ષસીએ બળિયાને તેડી લીધો ને વાવેગે દરિયા માથે ઊડવા લાગી. આંખના પલકારામાં સાત સમદર પાર કરીને દૈત્ય-નગરીમાં આવીને ઊભી રહી. બળિયો જુએ તો ડુંગર જેવડાં ઘર ને ટેકરા જેવડાં કમાડ.

કમાડ ખેડવી રાક્ષસીએ ઘરમાં આવીને બળિયાના હાથમાં બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી આપ્યું. આપીને કહે: 'આ લે દીકરા, આ દવા. આ ને આ ઘડીએ પાછો જા. મારી દીકરી દરદે મરે. વહેલી દવા પહોંચાડ.'

બળિયો કહે: 'દાદીમા! મારે પગે છ માસનો થાક. મારાં અંગેઅંગ કળે ને હાથપગ બળે. આજનો દિવસ આરામ કરું ને આવતી કાલે જાઉં.'

રાક્ષસી કહે: 'ભલે.'

રાક્ષસી તો દીકરીના દીકરાને હેત કરે, વહાલ કરે ને માથે હાથ ફેરવ્યા કરે. બળિયો ઘરમાં આમ જુએ, તેમ જુએ. જુએ તો ઘરને એક ખૂણે પાવડી પડી છે ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજે ખૂણે પાંજરું પડયું છે. પાવડી જોઈને કહે: 'હેં દાદીમા! આવું લાકડું શેનું પડયું છે?'

રાક્ષસી કહે: 'બેટા! એ તો પવનપાવડી. એને માથે ઊભા રહીને કહીએ કે

ઊડયે પવનપાવડી!
લઈ જાજે સાત સમદર પાર!

તરત પવનપાવડી ઊડે ને સાત સમદર પાર પહોંચાડી દે.'

બળિયો કહે: 'વાહ દાદીમા! એ તો ભારે કહેવાય.'

થોડી વારે બળિયો પૂછે: 'હેં દાદીમા! પેલું પાંજરું શેનું છે?'

રાક્ષસી કહે: 'બેટા! તું તો મારી દીકરીનો દીકરો. તારાથી મારે છાનું શું હોય? એ પાંજરામાં પોપટ. એ તારી માનો જીવ. પોપટ મરે કે તારી મા મરે. પણ પોપટ મારી પાસે હેમખેમ ને તારી માનાં આયખાં હેમખેમ.'

બળિયો કહે: 'વાહ દાદીમા! હવે મારી માને માથે મોતની ચિંતા નહિ.'

બીજો દિવસ થયો ને રાક્ષસી બીજા રાક્ષસો સાથે ચારો કરવા ગઈ. સીમસીમાડા વટાવી, વનવગડે પહોંચી કે બળિયે બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી ખભે મૂકયું. એક હાથમાં પાંજરું લીધું ને બીજા હાથમાં તરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પવનપાવડી લીધી. દોડાદોડ પહોંચ્યો દરિયાને આરે. તરત પવનપાવડી માથે પગ દીધો ને બોલ્યો—

ઊડજે પવનપાવડી !
લઈ જાજે સાત સમદર પાર !

તરત જ ઘરૂરૂરૂ કરતી પવનપાવડી ઊડી ને આંખના પલકારામાં બળિયાને સાત સમદર પાર ઉતારી દીધો.

ફરી પાછો બળિયો બોલ્યો—

ઊડજે પવનપાવડી !
લઈ જાજે તેર નદી પાર !

તરત જ પાછી ઘરૂરૂરૂ કરતી પવનપાવડી ઊડી ને બળિયાને આંખના પલકારામાં તેર નદી પાર ઉતાર દીધો. બળિયે પાંજરું–પાવડી સંતાડી દીધાં ને બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી લાવીને રાણીના હાથમાં મૂક્યું. રાણી જુએ તો બળિયો જીવતો. અરે, આ શું ? માએ બળિયાને જીવતો કાં જવા દીધો ? હજી આ જીવે કાં ?

રાજા બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી ઘસી રાણીને અંગે ચોપડે ત્યાં મહેલ હેઠે પોકાર ઊઠ્યાઃ ' રાજાજી, ફરિયાદ ! રાજાજી, ફરિયાદ ! '

' ફરિયાદ ! શેની ફરિયાદ ? '

જુએ તો ગોખ હેઠે આખા નગરની રહીસહી વસ્તી હકબકે. વસ્તી પોકાર કરે છેઃ ' મહારાજ ! આફત ! આફત ! રાત પડયે નગર માથે પચાસ હાથનું પંખી ઊતરે. પાંખને ઝપાટે ઝપાટે જન મારે, જનાવર મારે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખી વસ્તીને મારી ખાય. અરધું ગામ ઉગમણું ભાગ્યું, અરધું ગામ આથમણું ભાગ્યું. અમારે જીવવું કેમ ?'

રાજાએ ઢંઢેરો પિટાવ્યો: 'જે કોઈ પંખી પકડીને મારી નાખે એને અરધું રાજ આપું, અરધું પાટ આપું.' પણ ઢંઢેરાનો જવાબ કોણ દે ? નગારે ઘાવ કોણ દે ?

બળિયો કહે: 'મહારાજ ! હું પોતે પંખી પકડું, પણ એક શરત. આખું ગામ બોલાવી દરબાર ભરો. પટરાણીને તમે પાસે બેસાડો.'

રાજા કહે: 'એમાં શું ?'

તરત રાજાએ દરબાર ભર્યો. દરબારમાં આખું નગર હાજર. સોનાને સિંહાસને રાજા બેઠા. પડખોપડખ પટરાણી બેઠાં.

તરત બળિયો દોડ્યો. જઈને પાંજરું લાવ્યો ને પોપટ લાવ્યો. આવીને દરબારમાં હાજર થયો.

બળિયો કહે: 'મહારાજ ! આ પોપટમાં પેલા પંખીનો જીવ. આ પોપટની પાંખ કપાય કે પેલા પંખીની પાંખ કપાય. પગ કપાય કે પેલા પંખીના પગ કપાય. જોતા આવજો કે એ પંખી ક્યાં બેઠું.'

જ્યાં બળિયે પાંજરે હાથ દીધો ત્યાં પટરાણીનું મોઢું સુકાઈ ગયું. વાઢો તો લોહી ન નીકળે.

બળિયે પોપટને બહાર કાઢી જેવી પાંખ કાપી કે પટરાણીના હાથ કપાઈ ગયા. પગ કાપ્યા કે પટરાણીના પગ કપાઈ ગયા. પટરાણી તો ચીસો પાડે, ચીસો પાડે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફાળી ચીસો પાડે: 'બચાવો રે બચાવો ! જવા દો રે જવા દો. હવે કોઈના જીવ ન લઉં, જાન ન લઉં. મને જીવતી જવા દો.'

આખો દરબાર જોઈ રહ્યો. રાજા જોઈ રહ્યો. આ શું ? જન-જનાવર ખાનાર પટરાણી પોતે ?

બળિયો કહે: 'હવે જીવતી જવા દઉં તો તું કોઈને જીવતાં શેનાં મૂક ?' તરત બળિયે પોપટની ડોક મરડી કે પટરાણી ભૂફફાંગ કરતી દરબાર વચ્ચે જઇ પડી અને તરફડ તરફડ કરતો એનો જીવ ઊડી ગયો. જીવ જતાં એનો અઢાર હાથ લાંબો દેહ ઢમઢોલ થઈને દરબાર વચ્ચે લાંબો થઈ ગયો. સૂપડા જેવડા કાન ફફડવા લાગ્યા. નળિયા જેવડું નાક ખખડવા લાગ્યું.

રાજા કહે: 'આ શું ?'

રૈયત કહે: 'આ શું ?'

બળિયે બધી વાત કહી સંભળાવી કે રાજાને આંખે આંસુની ધાર ચાલી. રૈયતની આંખે આંસુની ધાર ચાલી. રાજા ઊઠીને બળિયાને ભેટી પડ્યો. રાજાએ દીકરાને આંસુડે નવરાવ્યો.

એ ને એ ઘડીએ સાત રથ તૈયાર કર્યા રથ લઈ ને બૂઢો પ્રધાન ગુફાએ આવ્યો. સાતે રાણીઓને મહેલે લાવ્યો. સાત રાણીઓને આંખે બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી ઘસીને ચોપડતાં આંખનાં રતન પાછાં આવ્યાં. આંખો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉઘાડીને રાણીઓ જુએ તો રાજાને આંખે આંસુડાં ચાલ્યાં જાય છે. ઊભો ઊભો બળિયો આંસુ લોવે છે.

રાજાએ એ ને એ ઘડીએ રાજપુરોહિત તેડાવ્યા. બળિયાને ગાદીએ બેસાડી રાજતિલક કર્યું. આ બાજુ રાજનોબત ગડગડી ને આ બાજુ રાજા સાતે રાણીઓને લઈને વનવાસ ચાલી નીકળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગદેવ પરમાર

માળવા દેશમાં ધારાનગરી. એમાં પરમાર ઉદયાદિત રાજ કરે. રાજાને બે રાણીઓ. એમાં પટરાણી વાઘેલી. એના કુંવરનું નામ રણધવલ. રણધવલ તો રાજનો ધણી. રણધવલને રાજદરબારમાં પગલે પગલે ખમકારા બોલાય અને માનઅકરામ અપાય. માન દેતાં માણસોની જીભ સુકાય અને રમાડતાં કામ ચુકાય.

રાજાની બીજી રાણી સોલંકી. એ તો અણમાનીતી. એના કુંવરનું નામ જગદેવ. જગદેવ શામળો સરીખો, પણ આભકપાળો અને જ્યોતિધારી. પણ જગદેવને કોઈ બોલાવે તો શું, સામી નજર પણ ન કરે. અંધારે ઊછરે અને પડછાયે આંટા મારે.

આમ કરતાં કરતાં બાર વરસ વીતી ગયાં.

એક વખત રાજા ઉદયાદિત રાજસભા ભરીને બેઠા છે. સામંતો અને સાગરીતો હોંકાટા દઈ રહ્યા છે અને મેતામુત્સદ્દી મંત્રણા કરી રહ્યા છે. રાજાને ડાબે પડખે કુંવર રણધવલ ઘુઘવાટા કરી રહ્યો છે એવે વખતે રાજા ઉદયાદિતે કામદારને વાત પૂછી: 'અરે હે કામદાર! આખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નગરીનાં લોક અહીં ઉમંગે આંટા મારે અને રાણી સોલંકીનો દીકરો કાં ન દેખાય?'

કામદાર કહે: 'મહારાજ! જગદેવ તો રખડતા હશે ક્યાંક મહેલની પાછલી પછીતે. અહીં એ શેના દેખાય?'

ઉદયાદિત કહે: 'અહોહો કામદાર! મારા જ કુંવરની એ દશા? દીકરા તો દેવને યે દુર્લભ હોય છે. જાઓ, જગદેવને મારી પાસે આ ઘડીએ જ હાજર કરો.'

હુકમ ભેગા ખેસ ખંખેરતા મેતાસુસદ્દી અડવાણે પગ સોલંકી રાણીને મહેલે દોડ્યા અને આંગળીએ ઝાલીને જગદેવને દરબારમાં લાવ્યા. જગદેવને જોતાં રાજાને હેત છૂટ્યાં અને સામે ચાલીને બેટાને બથમાં લીધો. વાંસો થાબડી પડખેને સિંહાસને બેઠક દીધી અને આંખો જગદેવ સામે માંડી. પણ આ શું?

કુંવરના અંગ સાથે ફાટલતૂટલ લૂગડાં છે અને પગ અડવા છે. નથી હાથે વાલની વીંટી કે હૈયે હેમનો હાર. રાજા પૂછે છે: 'અરે કુંવર! તમારા આ વેશ અને આ હાલ કાં?'

જગદેવ કહે: 'મહારાજ! મારી તપસ્યામાં કાંઈક ખોડ લાગે છે. જનમ તો મહારાજને ઘેર થયો, પણ ભાગ્ય ઓછાં એટલે આ વેશ છે. ખરચખૂટણ માટે એક ગામ મળ્યું છે, પણ રાજકાજ મારાં મોટાં માતાજીને હાથ. એથી હાથખરચી જોગ નાણાં પણ છૂટતાં નથી.'

રાજાએ હુકમ દીધો: 'અરે કોઈ છે કે હાજર!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખમા ખમા કહેતાં નોકરચાકરોએ હોંકારો દીધોઃ 'મહારાજ, એક કહેતાં એકવીસ હાજર છે. હુકમ ફરમાવો.'

રાજા કહેઃ 'જાઓ, ખજાનામાંથી લાવીને એક હજારની કોથળી કુંવરને હમણાં ને હમણાં આપો અને રોજની ખરચી એમને આપતા રહેજો.'

હજારની કોથળી લઈને જગદેવ મહેલ આવ્યો અને કોથળી સોલંકી માને સોંપી, બધી વાત કરી.

રાજદરબારમાં બેઠાં રાણી વાઘેલીના માણસ આ બધું જોયા કરે. દરબાર પૂરો થયો ન થયો, ત્યાં માણસ દોડ્યા અને વાઘેલી રાણીને બધી વાત કરી. વાત સાંભળતાં રાણીને પગની ઝાળ માથે લાગી ગઈ. ઊભાઊભ માણસને રાજા પાસે મોકલ્યા અને રાજાને બોલાવ્યા.

રાજાએ મહેલમાં પગ દેતાં રાણીએ મુજરો કર્યો અને બેસવા સિંહાસન આપ્યું. રાજા સિંહાસને બેઠા ન બેઠા ત્યાં વાઘેલીએ આંખ લાલ કરીને કહ્યુંઃ 'આજ વળી અણમાનીતીના કુંવરનાં શાં માન કર્યાં?'

રાજા કહેઃ 'અણમાનીતી તો સોલંકી રાણી છે, પણ દીકરો તો નથી? રણધવલ પાટવી, જગદેવ ફટાયો. જગદેવ જામોકામી રજપૂત થશે અને મારું નામ રાખશે. એને કાંઈ આપવામાં વળી વાંધો કેવો?'

વાઘેલી કહેઃ 'એના કરમમાં તો કાળા અક્ષર છે. નહિ તો ફટાયો શાનો અવતરે? આ ને આ ઘડીએ હજારની થેલી પાછી મંગાવો તો જ હા, નહિ તો ના.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા કહે: ‘ એક વખત વાત જવા દો. હવેથી તમને પૂછીને દેશું. ’

માળવા દેશમાં મોટું રાજ માંડવગઢ. એની ચાકરી રાજા ઉદયાદિત કરે. ત્યાંના રાજાનો કાગળ આવ્યો અને રાજા ઉદયાદિત ચાકરીએ ચાલ્યા. પાછળ બેય કુંવર રહ્યા.

રાજા જતાંવેંત વાઘેલી રાણીએ હુકમ દીધો કે કોઈ જગદેવ સાથે બોલે એની જીભ કાપું અને જગદેવ સામે જુએ એની આંખ કાઢું. પણ જગદેવ તો એકલો રમે છે અને હથિયાર-પડિયાર શીખે છે. ઘોડે બેસી વનવગડા વીંધે છે અને એક ઘાએ સાવજગેંડા પાડે છે. સોળ વરસનો થતાં તો મૂછડીએ વળ નાખ્યો અને શૂરવીરતાએ આંટો લઈ લીધો. ચાર ખંડમાં જગદેવના નામે ડંકો દઈ દીધો.

જગદેવનું નામ ઠેઠ ગૌડ-બંગાળ પહોંચ્યું. ગૌડ બંગાળમાં રાજા ગંભીર ગોડ રાજ કરે. એને એક જ કુંવરી. ગંભીર ગોડને થયું કે કુંવરી પરણાવું તો બસ જગદેવને પરણાવું. રાજાએ હાથીઘોડા અને પાલખી સાથે પુરોહિત-કામદાર ભેગું સોને મઢીને નાળિયેર મોકલ્યું. જગદેવનું નાળિયેર જાણી વાઘેલી રાણીના પેટમાં તેલ રેડાયું.

હાથીની અંબાડીએ બેસી જગદેવ ગૌડ-બંગાળ તોરણે ચાલ્યો. ચાલતાં ચાલતાં ટૂંક ગામે ઉતારો કર્યો.

ટૂંકનો ધણી ચાવડો રાવ રાજ. રાજા રાજની બેય આંખો અછતી છે, પણ હૈયે આંખો ઊઘડી છે. રાજા પગને થડકારે માનવી ઓળખે છે અને હાથ ફેરવી ગુણ પરમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. રાજા રાજને એક જ કુંવરી. કુંવરીનું નામ વીરમતી. રાજા વીરમતી જોગ કુંવર ગોતે છે, પણ જોડીદાર જડતો નથી.

રાવ રાજ ટૂંકને પાદર ડાયરો ભરી બેઠા છે અને બંધ આંખે શૂરવીરોને ભલકારા દે છે. એવે વખતે જગદેવે ટૂંકને પાદર પડાવ કર્યો. પડાવ કરતાં પેંગડેથી પગ છોડી ઠેકડો દીધો અને ઠેકડો દેતાં ધરતી ધ્રૂજી ધરતીનો ધ્રૂજારો સાંભળી રાવ રાજે પડકારો દીધો: ' વાહ શૂરવીર ! વાહ શૂરવીર ! મારા ગામને પાદરે ધરતી ધ્રુણાવનારો આવો શૂરવીર ક્યાંથી ? અરે કોઈ એને હાજર કરો ! '

જગદેવ પાસે આવતાં રાવરાજ બથ ઘાલીને ભેટી પડ્યા અને માથે હાથ ફેરવતાં વચન લીધું : ' રજપૂત ! આજની રાત રોકાઈ જા. મારી કુંવરી વીરમતીને તારા જેવો જોડીદાર ધરતીના પટ માથે નહિ મળે. આવતી કાલે તું તારે ચડી નીકળજે. '

એ ને એ વખતે ઘડિયાં લગન લેવાયાં અને રાતનો પહેલો પહોર વીતતાં વીરમતીનો હાથ જગદેવને હાથ સોંપી દીધો. ચાર પહોર વીતતા સવાર પડી અને જગદેવ ગૌડ બંગાળ ચાલ્યો. ગંભીર ગોડે હરખહેતથી સામૈયાં કીધાં અને ઉમંગ આનંદથી કુંવરીનાં લગન લીધાં. જગદેવને હાથી, ઘોડા, પાલખી અને નોકરચાકરની રાજ-પહેરામણી કરી. જગદેવે ડંકા નિશાન દેતાં બબ્બે રાણીઓ સાથે ધારાનગરીમાં પગ દીધો ત્યારે વાઘેલી રાણીના પેટમાં કડકડતું તેલ રેડાયું અને આંખથી ઊંઘ અળગી થઈ ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહિનોમાસ વીતતાં જગદેવ દસૈયું નાહ્યો અને ગોડ–ચાવડા આવી પોતાની દીકરીઓને પિયર લઈ ગયા.

આમ કરતાં કરતાં જગદેવ અઢાર વરસનો થયો અને રાજા ઉદયાદિત માંડવગઢની ચાકરીએથી પાછા ફર્યા. કુંવર રણધવલે મોટી અસવારી કાઢી સામૈયાં કર્યાં અને સાત પગલાં સામે ચાલીને રાજાને પગે પડ્યો. મેતામુસદ્દી અને સામંત–સાગરીત પણ પગે લાગ્યા અને મુજરા કર્યા રાજા અડખેપડખે નજર ફેરવે છે, પણ ક્યાંયે જગદેવ નજરે કાં ન દેખાય? રાજાએ કામદારોને પૂછ્યું: 'આખી વસ્તી અહીં ઉમંગે આંટા મારે અને એકલો જગદેવ કાં ન દેખાય? જાઓ, જગદેવને આ ઘડીએ અહીં લાવો.'

બીજી ઘડીએ જગદેવ રાજા પાસે આવ્યો અને પગે પડ્યો. રાજાએ ઊઠીને છાતીએ ભીડ્યો, માથે હાથ દીધો અને હૈયા સરસો બેસાડી પૂછ્યું: 'અરે કુંવર! હજી યે આવા ફાટલતૂટલ પોષાક કાં?'

જગદેવ કહે: 'મહારાજ! આપ ચડી નીકળ્યા અને મારી હાથખરચી મોટાં માતાજીએ બંધ કરી. હાથખરચી વગર રૂડા પોષાક કેમ પહેરાય?'

એ ને એ વખતે રાજાએ ખજાનચીને બોલાવ્યા અને જગદેવને હીરચીરના પોષાક પહેરાવ્યા. પોતાને અંગથી ઉતારી જગદેવને હાથે હેમના કડાં હૈયે મોતીની કંઠેસરી કાને દુગદુગી અને માથે શિરપેચ પહેરાવ્યો. કેડે તલવાર, પીઠે ઢાલ, ભેટે કટાર–ખંજર, ખભે તરગસ–બાણ બંધાવ્યાં અને પોતાની સવારીનો પાટવી ઘોડો જગદેવને દોરી દીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગદેવે પગે પડતાં કહ્યું: 'મહારાજ! આપે અત્યારે તો આ બધું દીધું પણ મોટાં માતાજીને મહેલે પહોંચતા પાછું મંગાવવું પડશે. એ કરતાં હું જેવો છું તેવો જ સારો છું. આપની મહેરબાની છે તો મારે બધું છે.'

રાજા કહે: 'રાખો કુંવર! મારે તો રણધવલ ને તમે બેય સરખા છો. એવાં મોટાં વેણ બોલો મા, બેટા!'

આ બાજુ જગદેવ જરિયાની પોષાક પહેરી પોતાને મહેલે ચાલ્યો કે વાઘેલી રાણીના માણસો વાઘેલી રાણી પાસે દોડયા. બધી વાત કહી. વાત સાંભળતાં વાઘેલી રાણીને પગેથી ઝાળ માથે ગઈ અને હૈયે લાય લાગી. તરત જ રાજાજીને કહેવરાવ્યું કે 'મહારાજા! મહેલ પધારજો. ભોજન તૈયાર છે. વાઘેલી રાણી દાતણ કર્યા વિના બેઠાં છે. પહેલું ભોજન મહારાજ ચાકરીએ ચડયા ત્યારે દર્શન કરીને લીધેલું. તે પછી આજ ધન્ય દિન, ધન્ય ઘડી કે મહારાજનાં દર્શન કરીને દાતણ ફાડશે.'

આ સાંભળી રાજાએ દરબાર પૂરો કર્યો અને જનાને પધાર્યા. વાઘેલીએ મુજરો કરી ન્યોછાવર દીધી. રાજાને આસન આપી વાત કરી: 'તમારા મુખ પર ઘોળી જાઉં રે, મહારાજ! પણ તમારા અંગ પર ઘરેણાં કાં ન દેખાય?'

રાજા કહે: 'એ તો જગદેવને ઊણો દીઠો એટલે એને પહેરાવ્યાં.'

વાઘેલી કહે: 'મહારાજ! બીજું બધું તો ઠીક, પણ રણધવલ રાજનો ધણી. ભેટની તરવાર અને પાટવી ઘોડા તો એનાં જ કહેવાય. એ પાછાં મગાવો પછી દાતણ ફાડું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા વિચારમાં પડી ગયા. પણ વાઘેલી રાણી 'ના'ની 'હા' કરતાં નથી. થાકીને રાજાએ માણસ મોકલી જગદેવને કહાવ્યું: 'તને બીજી ભેટ દેશું, પણ આ વખતે ભેટની તરવાર અને પાટવી ઘોડો પાછાં મોકલજે.'

સંદેશો સાંભળતાં જગદેવ કહે: 'અરર! મારા પિતાનું આવું અપમાન? જો સામો ઊઠું તો કપૂત કહેવાઉં ને છાનોમાનો બેસી રહું તો રજપૂતી લાજે. રજપૂતનો દીકરો છું. આ કરતાં તો ગમે ત્યાં શેર બાજરી ને દોરો આબરૂ મેળવી લઈશ. કહ્યું જ છે ને કે—

ચંગા માડુ ઘર રહે, ત્રણ અવગુણ જ હોય,
કપડાં ફાટે, ઋણ વધે, નામ ન જાણે કોઈ.

આમ કહી કુંવર સાની રજા લઈ, ઘોડે ચડી બારોબાર ચાલી નીકળ્યો.

ચાલતાં ચાલતાં ટૂંક ગામને પાદર આવ્યો. ગામને પાદર લીલોલૂંબ બગીચો ઝૂલી રહ્યો છે. એમાં જગદેવે ઉતારો કર્યો. ઘોડો ઊભો ઊભો ચોકડું ચાવે છે. જગદેવ ઝાડના ઝુંડમાં ગલેચો બિછાવી બેઠો છે. છાતી સાથે ઢાલ ઝૂલી રહી છે.

એવે વખતે ચાવડી રાણી વીરમતી સાહેલીને સાથે ચકડોળે ચડવા બગીચે આવી. પણ આ શું? વીરમતીના બગીચામાં મરદની બંધી અને આ આદમી અહીં ક્યાંથી? દાસીએ ઊંચી થઈને જોયું. નાકની દાંડી, આંખની ફાડ, અંગની રોમરાઈ દેખીને થયું કે જમાઈરાજ તો નહિ? દાસીએ દોડીને વીરમતીને વધાઈ દીધી. વીરમતીએ સામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડગ દઈ મુજરો કર્યો અને હાથ જોડી કહ્યું: 'ધન્ય દિન, ધન્ય ઘડી, ધન વેળા, રૂડો સૂરજ ઊગ્યો કે આજ શ્રી પ્રીતમજીનાં દર્શન થયાં.'

જગદેવે બધી વાત કરતાં વીરમતી જગદેવને લઈ ને મહેલે આવી. રાવ રાજે જમાઈને રૂડાં આદરમાન દીધાં. પાંચમે દિવસે જગદેવે વીરમતીની રજા માગી. વીરમતી કહે: 'જો દેહની છાયા દેહથી અળગી રહે તો મને મૂકીને જજો. હું તો જ્યાં તમે ત્યાં હું.'

જગદેવ કહે: 'મારે જાવાં પરદેશ. સાથે આવવું હોય તો મરદાની પોષાક પહેરી લો. પરદેશમાં અસ્ત્રીરૂપ ભારે પડે.'

બોકાનું ભીડી વીરમતીએ મરદાની પોષાક પહેરી લીધો અને ઘોડે ચડી તૈયાર થઈ.

વળાવતી વખતે રાવ રાજે પૂછ્યું: 'પરમાર, કઈ દિશાએ જાવું?'

જગદેવ કહે: 'પહોળી પ્રથમી પડી છે. પણ જ્યાં નાગાંકામાં રૂડાં દેખાય એવે ઠેકાણે જાવું. એવું ઠેકાણું તો એક પાટણ છે. પાટણ સિદ્ધરાજ—જયસિંહથી ઊજળું છે પાટણનો મારગ બતાવો.'

રાવ રાજે કહ્યું: 'પાટણ જવાના બે મારગ. એક મારગે બાર ગાઉ થાય અને બીજે મારગે બત્રીસ ગાઉ થાય. પણ બાર ગાઉના મારગમાં વચ્ચે નાર—નારડી આવે છે. નાર—નારડીએ અડખેપડખેનાં પાંચ ગામ ઉજજડ કીધાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. નાર–નારડી કોઈ દેવાંશી છે. ભાલે–અણીએ આવતાં નથી. માટે બત્રીસ ગાઉને મારગે જજો.'

જગદેવ કહે: ' એવાં નાર–નારડીથી ડરી અવળા પંથ ખેડું તો બિચારા ઘોડાના પગ જ તળવાઈ જાય ને ?'

આમ કહી જગદેવ સીધે મારગે ઘોડો ચડાવી જે એડી મારી કે દણુણુ કરતાં ઘોડાએ ભોં કાપવી શરૂ કરી. પડખોપડખ વીરમતીનો ઘોડો ધરતી ઠબકારતો આવે છે. ચાલતાં ચલતાં છ ગાઉ કાપતાં નાર–નારડી દેખાયાં. સો-સો હાથ છેટાં બેઠાં બેય ઘુરઘુરાટી કરે છે ને પગ પછાડી ધૂળના ધફ્ફા ઉડાડે છે.

એ અસવારને જોતાં નારડીએ ઘુરઘુરાટી કરી છલંગ મારી. પૂછડી પછાડી છલંગે છલંગે અઢાર અઢાર હાથ ભોં કાપતી જેવી પડખે ચડી કે જગદેવે ભાલો ઝીંકયો. ભાલો કપાળે વાગી પછવાડે પરોવાઇ ગયો ને નારડી અઢાર હાથ પાછી જઈ પડી. નારડીને પડતી જોતાં નાર ઘે ઘે કરતો ઊંચો ઊડયો અને જગદેવના ઘોડા માથે ખાબકયો. પણ નાર થાપો મારે એ પહેલાં તો જગદેવના ભાલાએ એને અદ્ધરોઅદ્ધર તોળી લીધો ને નાર અઠાવીસ હાથ આઘો ડોળા તાણી જઈ પડયો.

નાર–નારડીની વાત કરતાં જગદેવ–વીરમતી પાટણ પહોંચ્યાં. પાટણને પાધર સહસ્રલિંગ તળાવ ડેકાં દઈ રહ્યું છે. તળાવને કાંઠે વડ ઝીકોટા દઈ રહ્યો છે. વડ હેઠે ઊભાં જગદેવે વીરમતીને કહ્યું: ' તમે અહીં ઊભાં રહો, ત્યાં ગામમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવેલી ભાડે લઈ આવું અને તમને તેડી જાઉં. ઘર ગોતવા એય નટવા–નટવીની જેમ કયાં ભાટકયાં કરશું ?'

વીરમતી કહે: 'ભલે.'

જગદેવ પાટણમાં ગયો અને વીરમતી વડલા હેઠળ ઊભી છે. પવન પછડાટીઓ મારે છે ને પાણીને હેલારે ચઢાવે છે. વીરમતી મોઢાનું ઓકાનું છોડી પાણીના હેલારા નીરખે છે.

એવે વખતે ત્યાં પાટણની ગણિકા જાંબવંતીની ગોલી પાણી ભરવા આવી. પાણીમાં ઘડો બોળતાં ગોલીએ પાછું વળી જોયું તો ઘોડા સાથે વીરમતીને દેખી. જાણે ઇન્દ્ર-ના ઘરની અપસરા, હજાર ચાંદની શોભા ઘોડે ચડીને આકાશેથી ઊતરી છે. વીરમતીને જોતાં વેંત ગોલીને થયું: 'મારી બાઇજી પાટણના કોટવાળ ડુંગરસીના લાલકુંવર માટે રખાત ગોતે છે એને વળી આવી રૂડી રખાત કયાંથી મળશે ? જો આ પંખીને પાડું તો લાલકુંવરને રખાત ગમે અને મને મોટી ભેટ મળે. લાવ ફાંસલો સાંધું.'

આમ વિચારી ગોલી આછું હસતી અને હળવું બોલતી વીરમતી પાસે આવી અને મુજરો કરી બોલી: 'ઓહો ! આવાં ધરતીના રૂપ આભેથી કેમ હેઠાં ઊતર્યાં ? કોણ રાજ, કોણ સાસ, કોણ જેઠ ને કોણ પતિરાજ ?'

વીરમતી કહે: 'ધારાનગર રાજ, રાજા ઉદયાદિત સાસ, રણધવલ જેઠ અને પરમાર જગદેવ પતિરાજ.'

મીઠે વેણે ગોલી વાત પૂછતી ગઈ અને વાત કઢા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વતી ગઈ. વાત જાણી ઘડો પછાડી ગોલી પાછી ફરી અને સાસભરી આવીને જાંબવંતીને કહેવા લાગી: ' તળાવને કાંઠે અપસરા ઊભી. રાજ, સાસ, જેઠ, પતિ હું જાણું. ફાંસલે પાડો તો લાલકુંવર રીઝે ને મને ય ભેટ મળે. '

વાતવિગત જાણી જાંબવંતીએ આછાં મલીર પહેરી, ગુજરાતી ઘરેણાં ચડાવી, જલુસદાર રથ જોતર્યો. ચક પડદા ચડાવી, બાવીસ બાનડીઓ સાથે લઈ ચાકર પંચહથિયાર સાથે લઈ તળાવે આવી. વીરમતીની પડખે ચડી કહે: ' અરે વહુ વીરમતી! હું તારી ફોઈ-સાસુ. જગદેવ મારો ભત્રિજો થાય. ભત્રિજે તો પાટણનાં પાટ હારે નાતો-સંબંધ ન રાખ્યો, પણ તુંયે અહીં કાં ઊભી રહી? આમાં તો ધારાનગરી અને પાટણની બેયની આબરૂ ધૂળધાણી થાય છે. હાલ મારે મહેલ, અહીં નોકર મૂકતાં જાશું, એ જગદેવને તેડી આવશે. '

વીરમતીને આવા કોઈ નાતા સંબંધની ખબર નથી. એને થયું કે જગદેવે તો કોઈ દિવસ સિદ્ધરાજ-જયસિંહના નાતા-સંબંધની વાત કરી નથી. પણ રાજાના રાજા અંદરોઅંદર સગા હોય અને હું ન જાઉં તો આબરૂ જ જાય ને?

આમ વિચારી વીરમતી ચટ રથના ચક આડી ચડી બેઠી અને જાંબવંતીએ રથને હાંકી મૂક્યો. આંખ મીંચીને ઉઘાડતાં રથ કોઈ મોટા મહેલની વચ્ચે આવીને ઊભો રહ્યો. વીરમતીએ હેઠો પગ દીધો ત્યાં તો કોઈ મોટી બાઈએ આવીને ઓવારણાં લીધાં. બાનડીઓએ આવી મુજરા કર્યા, પગે લાગી અને વડારણો-ખવાસણો ખમાખમા ખમકારા દેતી અડખેપડખે ચાલવા લાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામે જુએ તો ચાર માળનો મહેલ ઊભો છે. મહેલની ભીંતે ભીંતે સોનેરી ચીતરકામ અને જાળી-કાચ જડયા છે. જાણે સાચા હીરા જડી દીધા છે. આવા મહેલને ચોથે માળે વીરમતીને ચડાવી દીધી. ચોથે માળે દરિયા–પલંગ બિછાવ્યા છે ને પલંગ માથે ગાદીતકિયા, બગલતકિયા, ગાલમશૂરિયાં ને પગોલિયાં પડ્યાં છે. વીર-મતીને પલંગે બેસાડતાં જાંબવંતીએ બાનડીને કહ્યું: 'જા રે બાનડી! મહારાજાને માલૂમ કર કે મારા ભત્રીજા જગ-દેવ પધાર્યા છે. અહીં પધારશો ત્યારે પગે લાગવા આવશે. સજોડે આવ્યા છે અને ચાવડી રાણી મારે મહેલ છે.'

બે ઘડી બાદ બાનડીએ મુજરો કરી જવાબ દીધો કે 'મહારાજા ઘણા ખુશી થયા છે. આવતાંવેંત જગદેવને મારી પાસ મોકલજો એમ કહાવે છે.'

એક પહોર વીતતાં જાંબવંતીએ કહ્યું: 'વહુરાણી! ઊઠો, ઊભાં થાઓ. નાઓધૂઓ અને જમવા બેસો.'

વીરમતી કહે: 'મારે પતિવ્રતાના ધર્મ. મારા મહા-રાજ આરોગે પછી જ આરોગું.'

જાંબવંતીએ આડી આંખ કરતાં બે ઘડી બાદ બાનડી-એ આવીને સંદેશો દીધો કે 'જગદેવકુમાર મહારાજ પાસે પધાર્યા છે. એમની ને મહારાજની થાળી સાથે પડશે.'

આવી વાતે ભોળવીને જાંબવંતીએ વીરમતીને જમાડી લીધી. જાંબવંતી બેઠી વીરમતી સાથે આડીઅવળી વાતો કરે છે, પણ વીરમતીને જગદેવ વિના વાત ગોઠતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત કરતાં કરતાં જાંબવંતી આડીઅવળી થઈ અને લાલકુંવરને સંદેશો મોકલી દીધો કે એક પહોર રાત જતાં આવી પહોંચજે. દેખતાં આંખો અવળી થઈ જાય એવી અપસરા આપું તો માન–અકરામ આપજે. નહિ તો એક ઝટકે ઉડાડજે.'

વાત સાંભળતાંવેંત લાલકુંવરે અફીણનો અમલ લીધો. બતરીસો કસૂંબો કાઢી સાલમ–મીસરી સાથે પીધો. મુફ્ર–માજુમ લીધો. ગુલાબ–ગુલસરા દારૂ કાઢી પ્યાલીભર પ્યાલી પીધો. આવા કેફે ઘેઘૂર થઈ, ઘરેણાં–પોષાક પહેરી, ચૂવો–અત્તર લગાવી, કેસર–કસ્તુરીની કંઠી ચડાવી, બગલમાં દારૂની બતક દબાવી, અડવડિયાં ખાતો લાલકુંવર જાંબવંતીને મહેલે આવીને ઊભો રહ્યો. આવતાંવેંત હેઠેથી રાડ દીધી: 'જાંબવંતી! મારી રખાત બતાવ.'

લાલકુંવરને જોતાં બાનડીઓએ બોલ દીધા: 'પધારો જગદેવ મહારાજ! તમારી રજે અમારા મહેલ રૂડા અજવાળ્યા.'

વીરમતીને થયું કે જગદેવ આવ્યો તો ખરો. બીજી ઘડીએ બાનડીએ અંદર આવીને મિષ્ટાન્નનો થાળ, દારૂની બતક અને પાનનો ડબ્બો મૂકી લાલકુંવરને અંદર ધક્કો દીધો. બહાર જઈ સાંકળ ચડાવી દીધી. વીરમતી જુએ તો આ કોણ? જગદેવને બદલે આ આદમી કયો? જોતાંવેંત પામી ગઈ કે કાંઈક દગો લાગે છે. પણ હું અસ્ત્રીની જાત. આ છે મરદની જાત. અમલમાં ઘેઘૂર દેખાય છે. કળથી કામ લેવા દે. નેણાંનાં બાણ મારીને એ બોલી: 'આવો મહારાજ! ઢોલિયે બિરાજો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેણુાંનાં બાણે પાણી જેવો પીગળીને લાલકુંવર થોથવાતી જીભે બોલ્યો: 'મારી સાલજાદી જાંબવંતીએ મને રખાત દીધી. મારું વચન પાળ્યું. તું કહે તો તને પટરાણી થાપું ને કહે તો રાજરાણી થાપું.'

વીરમતી વાત સમજી ગઈ. ઊઠીને એણે દારૂની બતક હાથમાં લીધી અને હાથ એકનો પ્યાલો ભરી લાલકુંવર સામે ધર્યો. લાલકુંવર કહે: 'દારૂનો અમલ ઊંઘમાં નાખે. મારે તો મીઠી વાતો કરવી. દારૂ દૂર કરો.'

વીરમતી કહે: 'વાતની શી પંચાત! મારો પહેલો હાથ પાછો ઠેલાય? દઉં એવા લ્યો તો જ હા.'

લાલકુંવર પ્યાલો ઘટઘટાવી ગયો. બીજો પ્યાલો. ત્રીજો પ્યાલો અને ચોથે પ્યાલે તો લાલકુંવર ઢળી પડ્યો. ટાંટિયા તણાઈ ગયા, આંખો ઓડે ગઈ અને દાંત દોઢે ચડી ગયા. વીરમતીએ એની જ કેડેથી તરવાર કાઢી હાથ, પગ, જાંઘના કટકા કીધા અને ધડને ચંદનીમાં વીંટી, ઉપર પલંગપોશ લપેટી દીધો. ઉપર ગંજમ-ગાંઠ બાંધી ધડને ઝરૂખેથી જે ધક્કો દીધો કે ધડધડ કરતું ધડ રાજમારગ માથે જઈ પડ્યું. વીરમતી ઉઘાડી તરવાર લઈને પલંગની પાંગતે બેસી ગઈ.

મધરાત વીતતાં રાજમારગે ચોકીદાર નીકળ્યા. જુએ તો મારગ માથે ગાંઠડી પડી છે ને ગાંઠડી માથે પલંગપોશ ઝગારા મારે છે. ચોકીદાર કહે: 'કોઇ ચોરે શાહુકારનું હાટ તોડી ગાંઠડી બાંધી પણ આપણને જોઈ ભાગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છૂટયા. કાલ સવારે ગાંઠબંધ ગાંઠડી કોટવાળને સોંપીએ અને મોટાં માન લઈએ.' ગાંઠડી લઈને ચોકીદાર ચોતરે આવ્યા.

આ બાજુ જગદેવનું શું થયું? હવેલી ભાડે લઈ વડ હેઠે આવીને જુએ તો વીરમતી ન મળે. આઘો જાય, પાછો જાય, પણ કયાંયે વીરમતી ન દેખાય. નીચી નજર કરીને જુએ તો રથના ચીલા દીઠા. થયું કે કોઈ વીરમતીને ભોળવીને લઈ ગયું. મન મારીને ગામમાં ચાલ્યો. દરબાર પાસે જઈને જુએ તો દરવાજે એક ખાસદાર ઊભો છે. વંકો જુવાન જોઈને ખાસદાર કહે: 'અરે અજાણ્યા જુવાન! આમ કાં આથડ?'

જગદેવ કહે: 'જોઈએ શેર બાજરીની ચાકરી. તું રાખ તો તારે ત્યાં રહું.'

ખાસદાર કહે: 'રાજા જયસિંહનો ઘોડો સાચવવા રાખું. ખાધાખરચ અને રોકડા રૂપિયા ત્રીસ આપું. રહી જા.'

જગદેવ કહે: 'ભલે.'

જગદેવ મન મારીને બેઠો છે, પણ મન વીરમતી વાંસે ભટકે છે.

બીજે દિવસ ઊગતાં કોટવાળ કચેરીમાં આવીને બેઠો. ચોકીદારોએ મુજરો કરીને ગાંઠડી રજૂ કરી. કહે: 'ચોરોનાં ધાડાં આ ગાંઠડી બાંધી ભાગ્યે જતાં હતાં પણ રામજીનું નામ લઈ હાક દેતાં ગાંઠડી નાખી ચોર ભાગી ગયા. આવી ચોરી અમારા વગર કોણ હાથ કરે?'

કોટવાળે હુકમ દેતાં ગાંઠડી ખોલી. પલંગપોશ ખોલતાં લોહીના ડાઘ દેખાયા અને ચંદની છોડતાં ધડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખાયું. ચમકીને બધા જુએ તો કોટવાળનો જ દીકરો લાલકુંવર. કોટવાળે અવળી આંખે હુકમ દીધો: 'અરે, કોઈ લાલકુંવરની તપાસ કરો.'

ચાકરે આવી જવાબ દીધો કે 'લાલકુંવર તો પહોર વીતતાં જાંબવંતીને ઘેર ગયેલા.' જાંબવંતીને ઘેર તપાસ કરાવી. જાંબવંતીએ ચોથે માળે જઈ ને બૂમ દીધી: 'અરે લાલકુંવર! ઊઠો, પહોર દી વીત્યો.'

વીરમતીએ બંધબારણે જવાબ દીધો: 'રાંડ માલજાદી, મને ભોળવવા આવી હતી કે? તારા લાલકુંવરનાં ધડ–માથાં અરધી રાતે રાજમારગે જઈ પડયાં છે. જા, જઈ ને ભેગાં કરી આવ.'

વા–વેગે વાત કોટવાળ પાસે ગઈ. કોટવાળ ઉઘાડે હથિયારે જાંબવંતીને ઘેર આવ્યો. પણ ચોથા માળનાં બારણાં બંધ છે. પાછલી બારીએ નિસરણી માંડી જેવું એણે અંદર ડોકું નાખ્યું કે ચાવડીએ ધડ તરવારનો ઝાટકો મારી માથું ઉડાડી દીધું. માથું માળિયામાં પડયું ને ધડ ધરતી માથે પડયું.

કોટવાળના ચાર–પાંચ માણસ આવવા ગયા તો એમના પણ એ જ હાલ થયા. ઘડી વારમાં પાટણને ચોક હલચલ મચી ગઈ અને વાત સિદ્ધરાજ જયસિંહ પાસે પહોંચી. કોઈ કહે ડેણ છે ને કોઈ કહે કે ડાકણ છે. માળિયે ચડે એને મારી ખાય છે. વાત સાંભળીને સિદ્ધરાજ પોતે ઘોડે ચડીને માળિયે ચાલ્યો. ઘોડાની એક વાઘ ખાસદારે પકડી છે ને બીજી વાઘ જગદેવે પકડી છે. પાછળ પાટણનાં લોક હાલ્યાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માળિયે ચડીને સિદ્ધરાજે પૂછ્યું : 'અરે બાઈ! તું તે ડેણ કે ડાકણ ? પાટણનાં મારણ કરવા કાં આવી ?'

અંદરથી વીરમતી કહે: 'હું તો નથી ડેણ કે ડાકણ. આભકપાળા આદમીની અસ્ત્રી છું.'

સિદ્ધરાજ કહે: 'કોણ તારાં રાજ, કોણ સાસ, કોણ જેઠ ને કોણ પતિરાજ ?'

વીરમતી કહે: 'ધારાનગર રાજ, રાજા ઉદયાદિત સાસ, રણધવલ જેઠ અને જગદેવ પતિરાજ. મારા પતિ પાટણ ચાકરીએ આવ્યા. આ માલજાદીએ મને ભોળવીને ગોલાને દીધી. ગોલાને મારી મારો ધરમ સાચવતી બેઠી છું. રજપૂતની બેટી છું. ઘણાને મારીને પછી મરીશ. આવતાં વિચાર કરજો.'

જગદેવે મુજરો કરી કહ્યું: 'મહારાજ! હુકમ આપો તો વિના જોખમે કમાડ ઉઘડાવું.'

સિદ્ધરાજે હા પાડતાં જગદેવે બારણા પાસે જઈને કહ્યું : 'રાણીજી! કમાડ ખોલો. અરધી ઘડી અળગાં કરતાં આ વીતક વીત્યાં. ભગવાન સહાય છે.'

આ વેણ સાંભળતાં વીરમતીએ કમાડ ખોલ્યાં. ઓળખાણ પડતાં સિદ્ધરાજ કહે: 'અરે ભાઈ જગદેવ! તારા જેવો શૂરવીર મારે આંગણે ક્યાંથી! બોલ, પટો દઉં કે દરમાયો ?'

જગદેવ કહે: 'હું પરદેશી, પટાને શું કરું ? બે હજારનો દરમાયો કરી દો. કોઈ કામ ન કરે એ કામ માથે લઉં ને દરમાયો હક કરું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધરાજે ઊભાઊભ જગદેવને બે હજારનો દરમાયો બાંધી દીધો. ખાનસામાને બોલાવી જરિયાની પોષાક દીધો અને દાસી–પાલખી મંગાવી વીરમતીને મહેલ કાઢી ઉતારો દઇ દીધો. જગદેવ સિદ્ધરાજની ચાકરી કરે છે ને રોજનો બે હજારનો દરમાયો લે છે.

પણ આ દરમાયો બીજા રાવ, રાજા ને ઉમરાવોને આંખમાં કઠે છે. કોઈ કહે છે કે આ એકલો માટીમાર હજાર ઘોડાં ખેડવશે ને કોઈ કહે કે આ શૂરવીર લાખ ઘોડાંની ફોજ ભાંગશે. રાજા સિદ્ધરાજ આ બધું સાંભળે છે, પણ આંખ આડા કાન કરે છે. એ તો જગદેવને રોજ રોજ એવાં ને એવાં માનપાન દે છે અને પડખે બેસાડી પીઠ થાબડે છે.

આમ કરતાં કરતાં એક વરસ થયું ને જગદેવને ઘેર એક કુંવર અવતર્યો. એનું નામ પાડ્યું જગધવલ. બીજાં ત્રણ વરસ ગયાં ને બીજો કુંવર અવતર્યો. એનું નામ પાડ્યું વીરધવલ. કુંવરોને જગદેવ લાડકોડથી ઉછેરે છે અને રાજાની રીઝે જીવે છે. પોતેય પરદુઃખભંજણો દાતાર છે. બે હજારના દરમાયામાંથી રોજ એક હજારનું દાન કરે છે અને ગરીબ–ગુરબાં એના નામનાં ગુણગાન કરે છે.

એક વખતનો સમય છે. ભાદરવાની કાળી મેઘલી રાત મચી ગઈ છે. ઝરમર ઝરમર મે વરસી રહ્યો છે. વીજળી ઝલમલાટ કરી રહી છે. ગટાટોપ વાદળાં જામી ગયાં છે. અરધી રાતનો ગજર ભાંગી ગયો છે. જગદેવ ઉઘાડી તરવારે સિદ્ધરાજને મહેલ ચોકી કરી રહ્યો છે. રાજા સિદ્ધરાજ દરિયા–પલંગ માથે પાંપણના પલકારા મારે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવે વખતે રાજાને કાને અવાજ પડ્યો. પાટણને પાદર ઉગમણી દિશાએ કોઈ બાઈ ગીત ગાય છે ને કોઈ બાઈ રોદણાં રુએ છે. સાંભળીને રાજાએ જગદેવને કહ્યું: 'અરે જગદેવ! પાટણને પાદર આ આનંદ અને રુદન શાં ? જાઓ, જઈને તપાસ કરો અને ખરા ખબર લાવો. વહેલી પરોડે વાત કરજો.'

જગદેવ નમન કરી, માથે ઢાલ મૂકી ઉગમણી દિશાએ ચાલી નીકળ્યો. રાજાને થયું કે આવી અંધારી મેઘલી રાત. કદાચ જાય કે ન જાય. લાવ પાછળ જઈને જોઉં. રાજાએ અંધારપછેડો પહેરી લીધો અને જગદેવની પાછળ ચાલી નીકળ્યો.

મહેલને દરવાજે આવતાં રાજાએ વડા ઉમરાવને કહ્યું: 'પાટણને ઉગમણે પાદર કોઈ બાઈ રડે છે ને કોઈ બાઈ ગાય છે. જઈને ખરા ખબર લઈ આવો.'

ઉમરાવ અંદરોઅંદર ગુસપુસ કરે છે: 'જાય નહિ. રોજના બે હજારનો દરમાયો ખાનારો ? રોજના નકામા બે હજાર ખાય છે એ હક કરે નહિ ?' આમ કહી ઉમરાવે અંદરોઅંદર ઢોલિયે સૂતાં હાકલા દીધા: 'ઊઠો ફલાણાજી! જાઓ ઢુંકણાજી! જઈ ને તપાસ કરો.' આટલું કહી ઢાલ-તરવારના ખડખડાટ કરી ઉમરાવ પાછા ઢોલિયે ઢળી ગયા.

રાજા આટલું સાંભળી પાછો જગદેવની પાછળ પહોંચી ગયો. અવાજને અણસારે પાછળ ચાલ્યો જાય છે. પોળ ઉઘાડી જગદેવ પાટણને પાદર ચાલ્યો કે રાજાએ પરોળિયાને કહ્યું: 'હું જગદેવનો ચાકર. મને ય જવા દે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જઈને જગદેવ પાટણને પાદર જુએ તો ચાર બાઈ ચોટલા છૂટા મૂકી રુએ છે અને ચાર બાઇ હાથતાળી દઈ ગીત ગાય છે. જગદેવે રોતી બૈરીઓ પાસે જઈને પૂછ્યું: 'અરે બાઈયું, અરે બેનું! આવી અરધી રાતે રુદન કાં કરો? તમને શાં દુઃખ?'

બાઈઓ કહે: 'અમે પાટણની જોગણીઓ. સવારનો સવા પહોર ચડતાં રાજા સિદ્ધરાજ જયસિંહનું મોત છે એટલે રુદન કરીએ છીએ. સિદ્ધરાજ મરતાં અમારી સેવાપૂજા કોણ કરશે?'

એમની વાત સાંભળી જગદેવ આઘો ચાલ્યો. જઈને ગીત ગાતી બાઈઓને પૂછ્યું: 'અરે બાઈયું, અરે બેનું! તમે આવી અરધી રાતે ખંભાયતી રાગમાં લગનના સોળા કયા હરખે ગાઓ છો?'

બાઈઓ કહે: 'અમે છીએ દિલ્લી શહેરની જોગણીઓ. સવા પહોર ચડતાં રાજા સિદ્ધરાજનું મોત થશે. અમે એને ઉપાડી જાશું. એ આનંદે સોળા ગાઈએ છીએ.'

જગદેવ કહે: 'રાજા સિદ્ધરાજ રાતી રાણ જેવા. સવા પહોર ચડતાં કેવી રીતે મરશે?'

જોગણીઓ કહે: 'સવા પહોર ચડતાં સિદ્ધરાજ સ્નાન કરવા બેસશે. એ વખતે એની કેડમાં કંપારી આવશે ને બાજોઠ ઊલળી પડશે. પડતાંવેંત રાજાના પ્રાણ ઊડી જાશે.'

જગદેવ કહે: 'ધરતી માથે સિદ્ધરાજ જેવો ધરમી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા ન મળે. એ તો ધરતીનો થાંભલો. એ પડતાં ધરતીનું મંડાણ પડે. કોઈ ધરમપુણ્યે એનો દેહ ટકે ખરો ?'

જોગણીઓ કહે: 'અમને બાર બાર વરસની ભૂખ. અમારે બત્રીસાનો ભોગ જોઈ એ. એને બદલે બીજો બત્રીસો મળે તો મૂકી દઈએ. તું યે બત્રીસો છો. તારું માથું તારે હાથે ઉતારી દે તો સિદ્ધરાજને બીજાં બાર વરસ મળે.'

જગદેવ કહે: 'બસ, એટલી જ વાત છે ને ? ધરતીના થાંભલા જેવા સિદ્ધરાજને બાર વરસ બીજાં મળતાં હોય તો આ ડુંગળીના દડા જેવડું માથું તે કઇ મોટી વાત છે!'

આમ કહેતાં જગદેવે કેડેથી તરવાર કાઢી ગળે માંડી. 'મા, મા,' કહેતાં જોગણીઓએ આડા હાથ દીધા. જોગણીઓ કહે: 'ભાઈ જગદેવ! તારા અંગમાં તારી અસ્રીનો અર્ધો ભાગ. એને પૂછ્યા વગર તારું આખું અંગ અમે કેમ લઈએ ? જા તારી અસ્રીને પૂછી આવ. હા પાડે તો હાલ્યો આવજે.'

તરવાર મ્યાન કરી ચટ જગદેવ પાછો વળ્યો અને આંખના પલકારામાં મહેલે આવીને ઊભો રહ્યો. સિદ્ધરાજ પણ અંધારાની આડશે પાછળ પાછળ વહેતો થયો.

મહેલે આવી જગદેવે વીરમતીને પૂછ્યું: 'હે અસ્રી! મહારાજ સિદ્ધરાજની આવરદા માટે આ અંગની જરૂર પડી. તમે હા પાડો છો કે ના ?'

વીરમતી કહે: 'ધન દિન, ધન રાત કે મહારાજનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લૂણ આઠ વરસથી ખાઈએ છીએ તે હક થશે. માથું–પેટ દુઃખી મોત આવે એ કરતાં રજપૂતી રીતે મોત આવે એવાં આપણાં ભાગ્ય ક્યાંથી? પણ એક અરજ છે મહારાજ! મારે ને તમારે વછા ન હોય. મારું યે માથું તમારી સાથે પાડજો.'

જગદેવ કહે: 'પણ આપણા કુંવરોનું શું થાય?'

પલંગમાં પડ્યા, ઊગીને ઊભા થતા બે ય કુંવર કહે: 'સાંભળો પિતાજી! સાંભળો માતાજી! અમે ય બત્રીસાના બેટા. અમારાં યે માથાં જોગણીઓને ચડાવો ને સિદ્ધરાજનાં આયખાં વધારો. જગ પણ જાણે કે બેટાઓએ બાપની આબરૂમાં વધારો કર્યો છે.'

'ભલે! ભલે!' કહેતાં જગદેવ અને વીરમતી બે ય કુંવરને લઈને પાટણને પાદર આવી ઊભાં રહ્યાં. જોગણીઓને જગદેવ કહે: 'માતાજી! મારી હારે મારાં અસ્રી-કુંવર પણ માથાં ચડાવે તો સિદ્ધરાજનાં આયખાં કેટલાં વધારો?'

જોગણીઓ કહે: 'એક માથાનાં બાર વરસ. ચાર માથાનાં અડતાલીસ વરસ.'

'વાહ અવતાર! વાહ જનમ!' કહેતાં વીરમતી એક કુંવરને હાથમાં લઈને ઊભી રહી અને જગદેવે ઝાટકો દીધો. નાળિયેર જેવડું માથું ખોળામાં ઝીલી વીરમતીએ જોગણીને પગે ધર્યું.

'ભલે ભલે! જનેતા!' કહેતાં જોગણીએ કુંવરનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માથું ધડ ઉપર પાછું મૂકી અમીનો છાંટો નાખ્યો કે કુંવર આળસ મરડીને બેઠો થયો. જોગણી કહે: 'બેટા જગદેવ! અમે કાંઈ માણસખાઉ નથી. અમને ચારે માથાં મળી ગયાં. જા બેટા, તું ને તારાં અસ્ત્રી–કુંવર આનંદમોજ કરજો અને સિદ્ધરાજનાં અડતાલીસ વરસનાં આયખાં વધી ગયાં જાણજો.'

જગદેવ અને વીરમતી બે ય કુંવરને લઈને મહેલે જઈ પોઢી ગયાં.

'વાહ રજપૂત! વાહ અસ્ત્રી! વાહ પુતર!' એમ મનમાં લવતો સિદ્ધરાજ પણ મહેલે આવીને પોઢી ગયો.

સવાર પડતાં સિદ્ધરાજે દરબાર ભર્યો. જગદેવને આવતો દેખી ઠેઠ દરવાજા સુધી સામે દોડી બાથમાં લીધો અને બીજું સિંહાસન માંડી પોતાની પડખે બેસાડ્યો.

તરત રાજાએ રાતના ઉમરાવને પૂછ્યું: 'અરે ઉમરાવ! રાતે રુદન–આનંદ થતાં હતાં એના શા ખબર?'

ઉમરાવ કહે: 'મહારાજ! આપના હુકમે ફલાણાસિંહ ઢીંકણાસિંહ ખબર કાઢવા ગયેલા. એવે વખતે પાટણને પાદર વણઝારાની પોઠ પડેલી. એમાં એક બાઈને પેટે દીકરો અવતરેલો તેથી આનંદનાં ગીત ગાતી હતી અને એક બાઈનો દીકરો મરી ગયેલો તેથી રુદન કરતી હતી. આમ વાત હતી, મહારાજ!'

આડું હસીને સિદ્ધરાજ કહે: 'લાખ લાખના પટાવત છો, સાત સાત ખુરસીના બેસણહાર છો. તમે આવા ખબર ન લાવો તો બીજું કોણ લાવે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પછી જગદેવ સામે જોઈને સિદ્ધરાજ કહે: 'બોલો જગદેવ! રાતે શી વાત બની હતી?'

જગદેવ હેઠું જોઈને કહે: 'ઉમરાવ કહે છે તેમ જ બનેલું, બીજું શું હોય?'

સિદ્ધરાજ કહે: 'જગદેવ! મારા સમ છે. જે જોયું હોય તે કહો.'

જરા વધારે મોઢું નીચું ઢાળીને જગદેવ કહે: 'કાંઈ વધારે દીઠું હોય તો કહું ને, મહારાજ? વાત વધારીને કાંઈ આપને મોઢે કહેવાય છે?'

જગદેવની નમ્રતા જોઈને સિદ્ધરાજ કહે: 'વાહ રજપૂત, વાહ! તેં તો રજપૂતીને રૂડી કરી દેખાડી. આંબે કેરીઓ બેસે એમ હેઠો નમે એ વાતને તેં સાચી કરી દેખાડી.' આમ કહીને સિદ્ધરાજે સભા તરફ મોં કરીને કહ્યું: 'સાંભળો ઉમરાવ, સાંભળો પટાવત! આજ દી ઊગતાં મારાં આયખાં ખૂટચાં હતાં. રૂડાં નામ ભણો જગદેવનાં કે એણે મને અડતાલીસ વરસનાં આયખાં વધારી દીધાં. આવા રજપૂતને બે હજારનો દરમાયો દેતાં તમે દાંત કાઢતા હતા. લાખ આપીએ તો ય કોઈ માથાં દેનારો રજપૂત ક્યાં મળનારો હતો?'

આમ કહીને સિદ્ધરાજે રાતે સગી આંખે જોયેલી ને સગે કાને સાંભળેલી વાત કહી સંભળાવી. આખી કચેરી ભેચક થઈને સાંભળી રહી. વાત પૂરી કરી સિદ્ધરાજે રાજગોરને કહ્યું: 'ઊઠો મહારાજ! જગદેવને કપાળે ટીલું તાણો. કાંડે મીંઢોળ બાંધો. મારી મોટી કુંવરીનો હાથ એને હાથ સોંપો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘડિયાં લગન લઈ સિદ્ધરાજે પોતાની મોટી કુંવરીનાં લગન જગદેવ સાથે કરી દીધાં. ગામ, હાથી, ઘોડા, પાલખીની રૂડી રાજપહેરામણી કરી. જગદેવને પોતાનો સમોવડિયો કરી સ્થાપ્યો.

આમ કરતાં કરતાં બીજાં બે-ત્રણ વરસ વીત્યાં ને સિદ્ધરાજને જાડેજાનું નાળિયેર આવ્યું. જાડેજી કુંવરીનાં રૂપ પાંચ ખંડમાં પંકાય. એવી કુંવરીનાં નાળિયેર પાછાં કેમ વળાય? જાડેજા ડોલો લાવી જાડેજીને પરણાવી ગયા ને સિદ્ધરાજના મહેલ જાડેજીને રૂપે મરક મરક હસી ઊઠ્યા.

જાડેજીનાં રૂપ અંગેઅંગથી ઢોળાઈ રહ્યાં છે. હાલતાં હંસલી, બોલતાં બીજલી, જાણે પાંચમી પદમણી. રોજ સવારે ઊઠતાં અત્તરના અંઘોળ કરે. અંઘોળના અત્તરની પરનાળ હાલે. પરનાળે પરનાળે ભમરાનાં ભૂર ઊડે અને ભલભલા ભોગી-ભૈરવ જોગી-જંગમ ઘૂમરી ખાઈને પરનાળે પગ પછાડે.

એક વખત કાળી ચૌદશનો કાળવો દિન. કાશીનો કાળભૈરવ મધરાતને વખત પાટણને પાધર ચીપિયા પછાડતો આવીને ઊભો. અધરાતે પરનાળની સુગંધ ગહેકી ને સુગંધે સુંગધે મહેલે આવીને ઊભો રહ્યો. પરનાળ પાસે ઊભો રહેતાં મોહમાં અંધો થઈ ગયો. ઘડ ખપ્પર પછાડયું અને પગે પછડાતી જટા માથે વીંટી મહેલે ચડયો. સિદ્ધરાજને હેઠે પછાડી, છાતી માથે પગ દઈ, પોતે પલંગે ચડી બેઠો. સિદ્ધરાજ તો હલે કે ચલે. લાલ સિંદૂરિયા ડોળા તાણી કહે: ' કોઈને મોઢે વાત કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે દી જીવનો ગયો જાણજે. બોલ્યા વિના જીવ બાકી રહે તો ય કાળભૈરવનો પાડ માનજે.'

આમ રોજ રાતે કાળભૈરવ આવે અને સિદ્ધરાજને હેઠે પછાડી, છાતી માથે પગ દઈ, પોતે પલંગે પોઢે. રાજા આ વાત કોને મોઢે કહે ? રાજાનું અંગ તૂટવા લાગ્યું, પીળો પડવા લાગ્યો. રાજાના અંતરમાંથી આનંદ–ખુશાલી ઊડી ગયાં. આખો દિવસ રાતની ચિંતા દિલને દઝાડ્યા કરે. બેઠો હોય ત્યાંથી ઊભો થાય નહીં ને ઊભો હોય ત્યાંથી હાલે નહિ. સાત માસ જતાં તો રાજા સુકાઈને કાંટો થઈ ગયો.

જગદેવની નજર રાજાના અંગ માથે પડી. એને થયુંઃ 'નવે લગને રાજાને આનંદ–હિલોળ હોય કે દુખના ડુંગર હોય ? સાતમે મહિને સુકાઈને કાંટો થયો એને પાણીનો રેલો થઈ વહી જતાં કેટલી વાર ? આજે તો મોઢામોઢ પૂછવા દે.'

સાંજ પડી, રોશનાઈ થઈ. એક પહોર રાત ગઈ. અમીર-ઉમરાવ ઊઠી ગયા એટલે જગદેવે પગે પડી વાત પૂછીઃ 'મહારાજ ! ભગવાને આંખો દીધી છે તે દેખ્યા વિના કેમ રહેવાય ? દિલનાં દુઃખ ચાકરને નહિ કહો તો કોને કહેશો ?'

નિસાસો મૂકી સિદ્ધરાજે કહ્યું: 'જગદેવ ! દિલનાં દુઃખ તો એક માયલો જ જાણે છે. કહેવાથી કાર થાતો હોત તો મારી મેળે કહેત. તમારી નજરે જ દુઃખ જોઈ લો એટલે નિરાંત. આજ રાતે ઢોઢીમાં દાડમડીના ઝુંડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેઠે બેઠા રહેજો. ત્યાંથી અમારો ઢોલિયો દેખાશે. દેખાય એ દિલમાં રાખજો. વાત ચારકાન કરતા નહિ.'

આમ બીજો નિસાસો મૂકી સિદ્ધરાજ મહેલે ચાલ્યો. જગદેવ ખડગ-ઢાલ લઈ ઝુંડમાં બેસી ગયો. આંખ-કાન સાબદાં-સરવાં રાખ્યાં છે.

મધરાત વીતી. પવન પડી ગયો. સૂનકાર સમસમવા લાગ્યો. એવે વખતે ખટાક....ખટાક....ચાખડીના ખટકારા બોલ્યા. જગદેવ સામે નજર કરે તો છાતીએ કાળદોરાના બંધ બાંધેલો, લૂંગીનો લંગોટ ભીડેલો, માથે તેલ અને કપાળે સિંદૂર ત્રબકતો કાળભૈરવ હાથમાં તરશૂળ વીંઝતો શરાબમાં એસંત ને ઘેઘૂર થઈ હાલ્યો આવે છે. પહેલી છલંગે મહેલે ચઢયો. બીજી છલંગે ઢોલિયે જઈ ઊભો. સિદ્ધરાજનો હાથ ઝાલી હેઠો નાખ્યો. છાતી માથે પગ દઈ ઢોલિયે ચડયો.

જગદેવ બેઠો બેઠો આ જોયા કરે છે. મનમાં થયું: 'અહાહાહા ! આ વાત સિદ્ધરાજ કોને કહે ? આમાં એનાં અંગ અગને જ બળે ને કામકાજ કેમ સૂઝે ?'

આમ વિચારતાં તો જગદેવની આંખો તણાઈ કાને ગઈ. તરવાર તાણી સિંહફાળે મહેલે ચડયો અને ઘડ પાટુ મારી પલંગ ઉલાળી દીધો. કાળભૈરવને હેઠો નાખ્યો. તરવાર તોળી હાકલ દીધી: 'ઊઠ રે પરઘર–પેસણુ ચોરટા ! સાવધાન થા. હું જગદેવ આવ્યો. તારાં કાળધરમને તુ બોલાવજે મારાં સતધરમને હું બોલાવું. જીતે અને જીવે એના ભલા.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ કહેતાં તરવાર–તરશૂળ સામસામે બાખડી પડ્યાં. એક પલકમાં તરવાર–તરશૂળ ત્રણ ત્રણ કટકા થઈ હેઠાં પડ્યાં કે જગદેવ અને કાળભૈરવ બથંબથાં આવી ગયા. ધડોધડ ધૂંબા પડે છે ને ધરતી ધણેણે છે. કાળભૈરવ જાણે કે હું મારું છું ને જગદેવ જાણે કે હું મારું છું. ઘડીક એક હેઠો પડે છે તો ઘડીક બીજો હેઠો પડે છે. સાસે ધમણ થઈ બેયનાં ફોરણાં ફૂંફાડા બોલાવે છે.

આમ કરતાં કરતાં રાત વીતી ને ઘડી ત્રણ બાકી રહી. જોગીનાં કાળ–જોગ ખૂટયાં ને હાથપગ તણાઈ રહ્યા. કાળભૈરવે કિકિયારી દીધી: 'હે જગદેવ! તારે પાય પડું. મને છોડ. આજ પછી કોઈ દી મહેલે પગ ન માંડું.'

જગદેવ કહે: 'જોગીરાજ! તમારાં જોગનાં જોર વળી બીજાં પાપ કરાવે એ કરતાં અહીં જ આનંદ–મોજ કરો.'

આમ કહી ધડ પાટુ મારી જગદેવે કાળભૈરવના પગ બેવડ વાળી દીધા. પાછોટિયે હાથ લઈ ગાંઠડી બાંધી દીધી. દોઢી હેઠલા તહખાનામાં જે ધક્કો દીધો કે કાળભૈરવ અંધારે ઊંધો જઈ પડ્યો. તહખાનાને ભોગળ ભીડા તાળાં જડી દીધાં અને સિદ્ધરાજને પગે લાગી જગદેવ પોતાને મહેલ હાલી નીકળ્યો. સિદ્ધરાજ વિચારે છે: 'જેણે જીવતર દીધા પછી જીવતરને યે જીવવા જેવું કરી દીધું એને ઇનામ–અકરામ આપ્યે હું કેમ પહોંચીશ?'

કાળભૈરવને તહખાનામાં પૂર્યે સાત દિન વીત્યા ત્યાં કાશીને પાદર ચાવંડના અખાડામાં કાળભૈરવના નામની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિકિયારી પડી. ચાવંડ કહેઃ ‘ અરે, અખાડામાં કાળભૈરવ ક્યાં ન આવે ? એના વગર અખાડો અલૂણો લાગે. ’

ઊંચી આંખ ચડાવી નજર કરે તો કાળભૈરવ પાટણના તહખાનામાં ઊંધે માથે પડચો છે અને આડાં ભોગળ ભીડચાં છે. ચાવંડ કહેઃ ‘ હઠ જોગટા ! રોજ ના પાડતી તોય પાટણને પાધર જગદેવની જાગીરમાં ગયા વિના ન રહી શકચો કે ? હાલ જીવ ! અખાડાના બેસતલને અંધારે કેમ પડચો રહેવા દેવાશે ? ’

આમ કહી ચાવંડે કાળભૈરવને છોડાવવા કંકાળી ભાટણનાં રૂપ લીધાં. કંકાળી ભાટણ કાળી કાળી, ઊંચી તાડ સરીખી, વેંત વેંતના દાંત દેખાય, માથાની લટો ટટળે, તેલે તરબોળ, માથું–કપાળ સિંદૂરે ત્રબકે; કાળી લોબડી, કાળી ઘાબળી ને કાળી કાંચળી તેલે ત્રપત્રપે. ઉઘાડે માથે, હાથે તરશૂળ લઈ ને ‘ ભલાં ! ભલાં ! ’ કહેતી સિદ્ધરાજને દરબાર આવીને ઊભી રહી.

દરબારની દોઢીએ આવતાંવેંત જગદેવને જોતાં ભાટણે માથે લોબડી લીધી ને જમણા હાથે જગદેવને બ્રહ્માવ દીધો. બ્રહ્માવ ઝીલી જગદેવ હાલતો થયો કે ભાટણે માથેથી લોબડી અળગી કરી સિદ્ધરાજને ડાબે હાથે બ્રહ્માવ દીધો. આ જોઈ સિદ્ધરાજે પૂછ્યુંઃ ‘ કોણ વરણ, ક્યાં વાસ ? ’

કંકાળી કહેઃ ‘ વરણ ભાટ, હે નવખંડના રાજા ! સતી અસતરી, શૂર–દાતારનાં દરશણ કરવા ખંડેખંડ ખળકચા કરું છું. ’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધરાજ કહે: ' હે સતીમા ! લોબડી અળગી કરી અને ડાબે હાથે કાં બ્રહ્માત્ર દીધા ? '

કંકાળી કહે: ' રાજા ! જગદેવ સરખો દાતા આ દુનિયામાં બીજો કોણ છે ? એને દેખી લોબડી ઊંચી ઓઢું ને જમણે હાથે બ્રહ્માવ દઉં. '

આટલું સાંભળતાં સિદ્ધરાજને ઝાળઝાળ લાગી ગઈ. એને થયું: ' અરરર ! જગદેવ ગમે તેમ તો યે મારો ચાકર. એનાં માન મારા કરતાં સવાયાં ? '

અદેખાઈમાં અવળો થઈ ને સિદ્ધરાજ કહે: ' સતીમા ! હું રોજ સવા લાખ બ્રાહ્મણને દાન દઈ જમણુ જમું તો યે મને ડાબો હાથ ? જાઓ, પહેલાં જગદેવ પાસે દાન લઈ આવો. એ આપે એના કરતાં ચારગણું દાન દઉં તો સિદ્ધરાજ જાણજો ને જમણે હાથે બ્રહ્માવ દેજો. '

કંકાળી કહે: ' સિદ્ધરાજ ! દાતાને દાનની હોડ હોય નહિ. અને આ તો પરમાર હારે તેં હોડ બાંધી.

અથસી બડા પરમાર, અથસી પરમારાં તણી,
એક ઉજ્જેણી ધાર, બીજો આબૂ બેસણો.

એની હારે હોડ બાંધી કાં હલકો પડ ? '

સિદ્ધરાજ કહે: ' જાઓ સતીમા ! કાં તો હોડ જીતી જગછતો થાઉં છું ને કાં તો હોડ હારી એને પાયે પડું છું. મારે તો બે ય હાથે લાડુ છે. '

આટલું સાંભળતાં ચટ કંકાળી દરબાર ઊતરી અને જગદેવની પોળે પેસી બિરદાવ દીધો: ' ઊઠ રે પરમાર રાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગદેવ ! રાજા સિદ્ધરાજે તારા કરતાં ચાર ગણાં દાન દેવાની વાત કરી. શીખ આપ એટલે સિદ્ધરાજ પાસે જાઉં.'

જગદેવ પલંગની પાંગતે બેસી વીરમતીને પૂછે: 'હે અસ્રી ! આ તો રાજાએ હોડ માંડી. દાનમાં એને કેમ પોગાય ? પણ પરમારનાં પણ રહે એવું દાન કહી બતાવો.'

વીરમતી કહે: 'મહારાજ ! સોને-રૂપે રાજાને કેમ પોગાય ? એ કરતાં મહારાજનું અને મારું શીશ ઉતારી દો. ભલે રાજા પછી એની સામે આઠ માથાં દઈ હોડને હેઠી પાડે.'

જગદેવ કહે: 'શાબાશ, રજપૂતાણી શાબાશ !'

વીરમતી થાળ ધરી ઊભી રહી. જગદેવે તરવાર તાણી શીશ ઉતારી દીધું. થાળ માથે સાળુ ઢાંકી વીરમતીએ પોળમાં આવી શીશ કંકાળી સામે ધર્યું. સાળુ ઊંચો કરી કંકાળી જુએ તો મોતીની પાઘ પહેરેલ મુખ મરક મરક હસી રહ્યું છે. થાળ હાથમાં લઈ કંકાળીએ આશીશ દેતાં વીરમતીને કહ્યું: 'બેટા વીરમતી ! હું કાંઈ માણસખાઉ નથી કે માથાં ભેગાં કરી ભસ્યા કરું. તારો સુહાગ-ચૂડો અમર રહે બેટા. આ તો હોડનાં પારખાં છે. તું ધડ માથે માખી બેસવા દઈશ નહિ. હમણાં સિદ્ધરાજ પાસે જઈ પાછી ફરું છું.'

આમ કહી, થાળ માથે લોબડી ઢાંકી કંકાળી સિદ્ધરાજ પાસે ચાલી. પોળ પૂરી કરતાં જગદેવનો ભાણેજ શકતસિંહ સામો મળ્યો. એ પૂછે: 'માતાજી ! મામાએ શું શીખ દીધી ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંકાળીએ થાળ દેખાડયો. શક્તસિંહને એક જ આંખ. દેખતી આંખમાં આંગળી ભરાવી, આંખ કાઢી થાળમાં મૂકી એણે કહ્યું: 'મામા હારે તો કોનાથી હોડ મંડાય? પણ આટલી ભેટ ભાણેજની જાણજો.'

કંકાળી આંખ માથે લોબડી ઢાંકી સિદ્ધરાજને મહેલ આવી ઊભી રહી. થાળ દેખી સિદ્ધરાજ કહે: 'બસ, લાવી લાવીને થાળ ભરીને જ દાન લાવ્યાં ને? દેખાડો એટલે ચારગણાં દાન દઉં.'

થાળ માથેથી લોબડી ઊંચી કરીને રાજા જુએ તો જગદેવનું માથું મરકમરક હસી રહ્યું છે ને ભાણેજની આંખ ઝગઝગાટ કરે છે. દેખતાં જ રાજાને કંપારી છૂટી. કંકાળી કહે: 'દે હવે તો ચારગણું દાન. તારું, પટરાણીનું, પાટવી કુંવરનું અને પાટવી ઘોડાનું એ ચાર માથાં ઉતારી દે. અને બીજી ચાર આંખ દે. હજી તો વીરમતીનું માથું બાકી છે. એ મળ્યે બીજાં ચાર માથાં તૈયાર કરજે.'

સિદ્ધરાજ કહે: 'સતીમા! ઊભાં રહો. રાણી–કુંવરને પૂછી આવું.'

મહેલમાં જઈ ને રાણીઓને વાત કરી. રાણીઓ કહે: 'મહારાજ! દાનમાં દુનિયા આખી દઈ દો ને? પણ માથાની તે હોડ હોય? આપ મૂવે પીછે ડૂબ જાય દુનિયા.'

કુંવરને વાત કરી તો કુંવર કહે: 'મહારાજ! દેહ પડ્યે દુનિયા અંધી. બીજી હોડ હોય, પણ માથાની હોય?'

હેઠું માથું ઢાળી સિદ્ધરાજ કંકાળી પાસે પાછો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યો. કહે: 'સતીમા! મારું ને ઘોડાનું માથું તૈયાર છે. તરવાર લઈ ઉતારી લો.'

કંકાળી કહે: 'રાજા! હું કાંઈ માણસખાઉ નથી. ભિખારી છું. દીધાં દાન લઉં. તારે હાથે માથું ઉતારી દે તો લઈ હાલતી થાઉં.'

રાજા કહે: 'હાથે તો માથું કેમ ઊતરે?'

કંકાળી કહે: 'રાજા, લાળા ચાવ મા! તારું માથું તને પાછું સોંપું. પણ એક કામ કર. ઊંચે માળિયે ચઢીને હેલો દે કે જગદેવ પરમાર જીત્યો, હું હાર્યો. સાત વાર હેલો દઈ આ થાળ હેઠેથી હાલ્યો જા તો જીવતર દઉં.'

રાજા કહે: 'ભલે.' રાજા થાળ હેઠે હાલતો ગયો અને માળિયે ચડી પોકાર કરતો ગયો. આખું ગામ ઊમટ્યું ને પોકાર સાંભળતું ગયું. સાતમે પોકારે કંકાળી જગદેવની પોળે પાછી આવી. પોળે શક્તસિંહ સામો મળ્યો. એની એક આંખને બદલે કંકાળીએ બે ય આંખે દેખતો કર્યો. જગદેવના ધડ માથે માથું મૂકી અમીનો છાંટો નાખ્યો. ખોંખારો દેતો જગદેવ બેઠો થયો. જમણે હાથે બ્રહ્માવ દઈ કંકાળી કહે: 'બેટા જગદેવ! તું સરખા દાતાર દુનિયા માથે કેટલા? તેં માથું દીધું ને મેં લીધું. હવે એક માગણી કરું એ દે ને સવાયાં દાન લે. અમારા અખાડાના કાળભૈરવને છોડ.'

જગદેવ કહે: 'સતીમા! છોડું તો ખરો, પણ આખો જનમારો એને ખોડો રાખું. પગલે પગલે એને પાછલાં પાપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંભરે અને આડાં પગલાં ન ભરે. અને હું રાજા સિદ્ધરાજનો ચાકર. એનાં નામ જગતમાં હેઠાં પડે તો મારાં યે હેઠાં પડે. એનાં નામ ચોખંડ ધરતીમાં ચકરવતી કહેવાય એમ કરજો.'

કંકાળી કહે: ' ભલે બેટા ! '

આટલું કહી કંકાળી ખોડા કાળભૈરવને લઈ હાલતી થઈ અને જગદેવે સિદ્ધરાજને રાજ નામાંકામાં કરી ખાધું, પીધું ને આનંદ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોતી પદ્મણી

માંડવગઢમાં રાજા ઉદયસિંહ રાજ કરે. રાજાને ત્યાં જાતી જિંદગાનીએ એક કુંવર અવતર્યો. કુંવરનું નામ પાડ્યું વીરસિંહ. વીરસિંહને રાજા હથેળીથી હેઠા મૂકતા નથી. અને આંખથી અળગા કરતા નથી. કુંવરને રાજા બોલે ખમા, રાણી બોલે ખમા, દાસદાસી બોલે ખમાખમા. કુંવરને રાજા મૂકે કે રાણી તેડે, રાણી મૂકે કે દાસદાસી તેડે. વીસ વરસ વીતી ગયાં તો યે કુંવરે રાજમહેલ બહાર પગલું પણ માંડ્યું નથી.

વીસમે વરસે કુંવરનાં લગન કર્યાં અને રાજા ઉદયસિંહને ભગવાનનાં તેડાં થયાં. વીરસિંહ ગાદીએ બેઠા, રાજસિંહાસને પગ દીધો. પણ એક દિવસની જ વાત. બીજા દિવસથી વીરસિંહ મહેલમાં ને મહેલમાં. આખો દિવસ રાણીજી સાથે આનંદ–ઓચ્છવ કરે, ગાન–ગુલતાન કરે. રાજ કોનું ને પાટ કોના? રાજની ખબર નથી, પાટની ખબર નથી. રાજ બિચારા પ્રધાનજી ચલાવે છે.

રાજા રંગમહેલમાં. અને વસ્તી વિપતમાં. રાજા વિના રાજ કેમ હાલે? છઠે મહિને પ્રધાન થાકયા. આવીને મહેલે પોકાર કર્યા: 'રાજાજી! રાજ હાથ ઝાલો.' પણ જવાબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોણ દે? ત્રણ ત્રણ દિવસ પોકાર કર્યા તો યે નહિ હા કે નહિ હોંકારો.

મહેલમાં અષાઢ–કુંડ ને શ્રાવણ–કુંડ. રાણીજી સવારે અષાઢ–કુંડમાં નહાય; સાંજે શ્રાવણ–કુંડમાં. કુંડને મારગે પ્રધાન ઊભા રહ્યા ને રાણીજીને કાને વાત નાખી. રાણીજી ચતુર ને ચકોર. ઇશારામાં વાત સમજી ગયાં. કહે કે 'જાઓ પ્રધાનજી! એક કામ કરો. ફૂલવાડીની ઓતરાદી વાડ તોડાવી નાખો. કાલ રાજાજી ફૂલવાડીએ આવશે. બહાર નીકળશે તો બધું યે થઈ રહેશે.'

બીજે દિવસે રાણીજી કહે: 'મહારાજ! મહેલમાં બેઠાં કંટાળી. ચાલો પગફેરો કરીએ. આપણી ફૂલવાડીએ જઈએ.'

માંડ રાજા માન્યા. રાજાજીને માટે ઘોડારમાંથી જય ઘોડાને લાવ્યા. રાણીજી માટે વેલ લાવ્યા. રાજાજી ઘોડે બેઠા. રાણીજી વેલમાં બેઠાં. ઘોડાના ડાબલા ગાજ્યા. વેલના ઘૂઘરા ગાજ્યા. આગળ રાજાજી. પાછળ રાણીજી.

ફૂલવાડીમાં જઈ ને ઘોડાએ ધકબક મચાવી. છ મહિનાથી બંધિયારમાં બાંધેલો. આજ ઉઘાડામાં આવતાં આનંદમાં આવી ગયો. ઘોડાએ હણહણાટી કરી અને હરખની હાવળ દીધી. આમ જોયું, તેમ જોયું. જુએ તો ઓતરાદી વાડ નહિ. ચારે પગે છલાંગ મારી અને છમાછમ છમાછમ કરતો વનને મારગે વહેતો થયો. રાજાના હાથમાં લગામ તણાઈ રહી અને અંગ પલાણે ભિડાઈ ગયું. રાજા તો હલે કે ચલે.

ઘોડો દોડ્યો જાય છે નગરનું પાદર મૂક્યું, સીમાડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકયો. વન મૂકી જંગલમાં આવ્યો. જંગલ મૂકી પાછો ઉજ્જડમાં આવ્યો. જુએ તો મોટો મારગ હાલ્યો જાય. મારગને કાંઠે વડલો. વડલા હેઠ ઘોડો ઊભો રહ્યો. રાજા ઘોડા સાથે બેઠો અડખેપડખે જોયા કરે છે.

થોડીક વાર થઈ કે મારગે કલશોર ગાજ્યો. રાજા નજર કરે તો હાથમાં હથિયાર ને હજાર માણસ ચાલ્યા જાય. પાંચસો આગળ ને પાંચસો પાછળ. વચ્ચોવચ્ચ એક પાલખી. સોનાની પાલખી ને પીતાંબરી પડદા. પાલખીને કાંઈ નકશી, કાંઈ નકશી! પાલખિયાને જરિયાની પોષાક ને હાથેપગે હેમનાં કડાં. પાલખિયા જાણે રૂપના અવતાર.

પાલખિયા જોઈને રાજાને થયું કે જેના પાલખિયા આવા રૂડા ને જેને પહેરવા જરિયાની પોષાક એ પાલખીમાં બેઠેલી કેવી રૂપાળી હશે? મેં તો મારી એક રાણીને જ જોઈ. લાવ ને જોઉં આ પાલખીવાળીને. પણ જુએ કેમ? પાલખી આડા તો પડદા ભીડેલા. રાજાએ પાલખી પછવાડે ઘોડાને વહેતો કર્યો.

ચાલતાં ચાલતાં ગંગાજીને કાંઠે આવ્યાં. પાલખિયાએ પાલખીને ટકોરો કર્યો ને ગણગણ વાત કરી. તરત જ પાંચસો માણસોએ હથિયાર હેઠાં મૂકયાં. ગંગાજીની રેતીમાં આડા કર્યા ને તંબૂ તાણ્યા. તંબૂને પડખે પાલખી ઉતારી. પાલખી આડા પડદા દીધા ને પાલખીવાળી પડદાને ઓથે તંબૂમાં ચાલી ગઈ.

રાજાને થયું કે અરેરે! જોવા રે ન મળી લાવ થોડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર રાહ જોઉં. રાજા ઘોડા માથે બેઠો રહ્યો. નજર તંબૂ માથે ખોડાઈ રહી.

થોડી વાર થઈ ને તંબૂડિયાએ તંબૂને ટકોરો કર્યો ને ગણગણ વાત કરી. બીજા પાંચસો માણસોએ હથિયાર હેઠાં મૂક્યાં. તંબૂથી ગંગાના પાણી સુધી પડદા તાણ્યા. એટલા ઊંચા કે હાથી માથે બેઠાં યે અંદર નજર ન પડે. પડદાની આડશે પાલખીવાળી પાણીમાં ગઈ ને નાહીધોઈ પાછી આવી. તંબૂમાં જઈને બેસી ગઈ.

રાજા ઘોડા માથે બેઠો છે. હાથમાં લગામ ઝાલી છે. નજર તંબૂ માથે છે. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ. ત્રીજે દિવસે તંબૂ ઊપડ્યા. આગળ પાંચસો માણસ, પાછળ પાંચસો માણસ. વચ્ચે પાલખી. પાલખીવાળી પાછી ચાલી. રાજાને થયું કે અરેરે! ત્રણ દિવસ રોકાયો તોપણ નજરે ય ન પડી. પાલખીની પાછળ પાછળ રાજાએ ઘોડો વહેતો કર્યો.

ચાલતાં ચાલતાં વડ હેઠ આવ્યા. વડલે મારગ ફંટાય. એક મારગે પાલખી ચાલી. બીજો મારગ રાજાના ગામનો. રાજા તરભેટે ઊભો રહી ગયો. પાલખી પણ ઊભી રહી ગઈ. રાજા પાલખી તરફ નજર કરે ત્યાં પાલખી તરફથી ઘા આવ્યો. જુએ તો એક ચીંથરી. રાજા ચીંથરી ઉપાડીને હાથમાં લે ત્યાં પાલખી વહેતી થઈ.

રાજા ચીંથરી ઉઘાડીને જુએ તો અંદર પદમકમળનાં ફૂલની વચ્ચે મોતીની માળા. માળાની વચ્ચોવચ્ચ સોપારી ને હળદર. સોપારીને કંકુનો ચાંદલો ને હળદરને માથે ચોખા ચોડેલા. રાજાએ ફૂલ જોયાં, માળા જોઈ. સોપારી ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હળદર જોયાં. પણ કાંઈ સમજ ન પડી. જોઇ કરીને ઊંચે નજર કરે તો પાલખી ક્યાં યે ચાલી ગયેલી. ‘પાલખી-વાળી! પાલખીવાળી!’ એવું રટણ રાજાને થઈ ગયુ ને ઘોડો હાલતો થયો.

સાંજ થયે ઘોડો માંડવગઢ આવ્યો. આવીને મહેલે ઊભો રહ્યો. રાજાને જોઈ ને આખા મહેલમાં આનંદ ગાજ્યો. રાજાને વધાવવા રાણીજી આવ્યાં. પણ રાજાએ આડું જોયું, અવળું જોયું. કટકટ પગથિયાં ચડી મહેલે ગયો. જઈ ને પલંગમાં અવળો ફરીને સૂઈ ગયો.

વાંસોવાંસ રાણીજી આવ્યાં. આવીને જુએ તો રાજાજી અવળા ફરીને સૂતા છે. ‘પાલખીવાળી! પાલખીવાળી!’ લવ્યા કરે છે ને હાથમાં ચીંથરી રમાડ્યા કરે છે. રાણીજી ઓછાં ઓછાં થઈ જાય છે, પણ રાજાજી તો બોલે કે ચાલે. રાણીજીને થયું કે આને બહાર કાઢીને તો બૂરું થયું. હવે કરવું શું?

માથાના વાળ પગે લોયા ત્યારે રાજાજી અરધે પહોરે બોલ્યા. રાણીજીને ચીંથરી આપીને કહે: ‘આનો અરથ શો?’

રાણીજીએ ચીંથરી હાથમાં લીધી. ઉઘાડીને જોયું ને બે ઘડી વિચારમાં પડી ગયાં. તરત રાજાજીને કહે: ‘ઊઠો રે ઊઠો, મારા રાજાજી! આનો અરથ તો શું, પણ એ અરથ આપવાવાળીને મેળવી આપું તો હા જાણજો.’

સાંભળીને રાજા ઊભો થયો. થાળમાંથી ચાર કોળિયા આમ ખાધા. ચાર કોળિયા તેમ ખાધા. ખાઈ કરીને રાણી-જીએ પાનનું બીડું દીધું. પણ હજી યે રાજાજીને મન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાલખીવાળીનું રટણ છે. પાન હાથમાં લેતાં કહે: ‘ રાણીજી! અરથ તો કહો.’

રાણી કહે: ‘ જુઓ રાજાજી ! ચીંથરીમાં પદમકમળનાં ફૂલની હાર. એનો અરથ કે એ પાલખીવાળીનાં પદમાવતીમાં રહેઠાણ. મોતીની માળા એ તો પાલખીવાળીનાં જ એંધાણ. પાલખીવાળી પોતે મોતીપરી. સોપારી એના ઘરનું એંધાણ. એના ઘરને બારણે સોપારીનું ઝાડ. અને હળદર તો બાઈનો પોતાનો રંગ. કંકુ છાંટી ચોખા ચોડચા એ તો બાઇની વાત. તમારી સાથે એના મનનો મેળ. પણ રાજાજી! પદમાવતી મારું પોતાનું પિયર. હું એની આખી વાત જાણું. મોતીપરી પદમણીનો અવતાર. ધરણીધર શેઠની દીકરી. દીકરીને કંકુપગલે ઘરમાં લખમી રમે. એ દીકરીને કેમ પરણાવે ?’

રાજા કહે: ‘ ત્યારે થાય શું ?’

રાણી કહે: ‘ ચાલો પદમાવતી. માણસની પેર તો ભગવાનની મેર. થવાકાળ થઈ રહેશે. કામ કરી જોઈએ.’

તરત ઘોડાહારમાંથી જય–વિજય ઘોડા કાઢચા. ઘોડા માથે પીતળિયાં પલાણ ને સોનેરી સાજ નાખ્યા. સોનામહોરે ખડિયા ભર્યા અને રાજા–રાણીએ સોદાગરના વેશ પહેરી લીધા. ઘોડે ચડીને એડી મારી કે જય–વિજય એકબીજાનાં મોઢાં સૂંઘતા, હારોહાર ડાબલા માંડતા છમ છમ છમ કરતા ઊપડચા. આઠમે દિવસે પદમાવતીને પાધર ઊભા રહી ગયા.

પદમાવતી રાણીજીનું પિયર. ઊતરવું કયાં ? ઓળખાણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડે નહિ અને કામ થઈ જાય તેમ કરવું. રાજા મકાન ભાડે લેવા નીકળ્યો. પણ પદ્દમાવતી તો પાંચસો રજવાડાનું પાટનગર. વળી આવા પદમાવતીમાં પાંચ દેશ ઊમટે. ખાલી ઘર ક્યાં મળે? મેડી–હવેલી ભરપૂર. ઘર–મકાન ભરપૂર. ગોતતાં ગોતતાં ઠેઠ ગામને છેડે એક તૂટેલ ખંડેર મળ્યું. ખંડેર ભાડે લઈ ને રાજા પાછો આવ્યો. ખંડેરમાં ઉતારા કર્યા. ટાબકટીબક કર્યાં. કામ કરવા કામોરા રાખ્યા.

બીજો દિવસ થયો કે રાજા પૂછે: 'હવે?'

રાણી કહે: 'સોદાગરના વેશ પહેરી રાખો. ધરણીધર શેઠની પેઢીએ જાઓ. લાખનાં પરવાળાં ને લાખનાં ગજમોતીની માગણી કરો. માલ જોઈને મોઢું હલાવો. સારા માલની મુદત મળશે. મુદતમાં પદમણીને મન હશે તો ખબર પડશે.'

રાજાએ સોદાગરના વેશ લીધા. માથે પાઘડી ને ખભે એસ. પગે ધોતિયું ઢરડાય ને હાથે લાકડી મરડાય. જઈને ધરણીધર શેઠની દુકાને ઊભો રહ્યો. સોદાગરને દેખીને શેઠ સામે આવ્યા. કહે: 'આવો સોદાગર! શેના સોદા કરવા?'

સોદાગર કહે: 'મારે લાખનાં પરવાળાં જોઈએ. લાખનાં ગજમોતી જોઈએ પૈસા પૂરતા આપું, પણ માલ અસલી માગું.'

શેઠે પરવાળાં કાઢ્યાં, ગજમોતી કાઢ્યાં. સોદાગરે માલ આમ ફેરવ્યો, તેમ ફેરવ્યો. જોઈ કરીને માથું હલાવ્યું. શેઠ એના મુનીમને કહે: 'લઈ જાઓ સોદાગરને અંદરને ઓરડે. જૂનામાં જૂનો માલ બતાવો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોદાગરને લઈને મુનીમ અંદરને ઓરડે આવ્યો. અંદરને ઓરડે પેટી ઉઘાડી, પટારા ઉઘાડયા. અવાજ સાંભળી અંદર બેઠેલી મોતી પદમણીને થયું કે 'આ માલ તો મોંઘામૂલો. એનો ખરીદનારો કોણુ નીકળ્યો ?'

આડશેથી અવાજ સાંભળ્યો તો ગંગાકાંઠે આવેલો માણુસ પોતે. પદમણીનું મન પણુ એની સાથે લાગી ગયું છે. પણુ પદમણી ચતુર જાત. એમ ને એમ કાંઈ હા પાડે ? એને થયું કે થોડોક તાવવા દે.

એણે આખે અંગે ઓઝલ ઓઢી. ઓઝલમાં ઊભાં ઊભાં અંદરના ઓરડાને બારણે કાળી મશના બાર લીટા કર્યા. લીટા કરી અંદર ચાલી ગઈ.

સોદાગરે માલ જોઈ મોઢું હલાવ્યું. મુનીમ કહેઃ 'તમારે જોઈ તો માલ મંગાવી દઈએ. થોડા દિવસ રોકાઈ જાઓ.'

સોદાગર હા પાડી બહાર નીકળ્યો. બારણે કાળા લીટા જોયા. લીટા જોઈ ઘેર આવ્યો. આવીને રાણીને વાત કરી. કહે કે 'આટલો આટલો હેરાન થયો ત્યારે મોઢું યે જોવા ન મળ્યું. જોવા મળ્યા મશના બાર લીટા.'

રાણી કહેઃ 'એમ કાંઈ ઉતાવળે આંબા પાકે ? પદમણીએ તો સંકેત કર્યો. જ્યારે બાર કલાકની અંધારી રાત એટલે અમાસ આવશે ત્યારે તમને મળશે. અમાસ સુધી વાટ જુઓ.'

રાજા દિવસ ગણવા લાગ્યો. અમાસ આવી કે સોદા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગરનો વેશ પહેરી લીધો ને શેઠની દુકાને ચાલ્યો. દુકાને જાય તો શેઠ ન મળે. મુનીમે રાજાની મહેમાનગતિ કરી. કહે કે: 'હજી માલ નથી આવ્યો. દૂર દેશાવર લખ્યું છે. આવ્યે માલ બતાવશું.'

રાજાનો અવાજ સાંભળી પદમણીએ ઓઝલ ધરી. ઓઝલમાં ઊભાં ઊભાં ઓરડાને બારણે ખડીના બાર લીટા કર્યા ને અંદર ચાલી ગઈ.

સોદાગર ખડીના બાર લીટા જોઈ ને ઘેર આવ્યો. આવીને રાણીને વાત કરી. રાણી કહે: 'પદમણીનો સંકેત વધારે લંબાયો. હવે કહે છે કે જ્યારે બાર કલાકની ઊજળી રાત આવશે ત્યારે તમને મળશે. પૂનમ સુધી વાટ જુઓ.'

રાજા વળી વાટ જોવા લાગ્યો ને રોજ દિવસ ગણવા લાગ્યો. પૂનમ આવી કે રાજા સોદાગરને વેશે શેઠની દુકાને જઈ ઊભો.

મુનીમ કહે: 'હવે આઠ દિવસમાં માલ હાજર.'

સોદાગર ને મુનીમ વાત કરે છે ત્યાં વળી પદમણી ઓઝલ ઓઢી બારણે આવી. બારણે કંકુના ત્રણ લીટા કર્યા અને એમ ને એમ અંદર ચાલી ગઈ.

રાજાએ ત્રણ લીટા જોયા. જોઈ ને ઘેર પાછો આવ્યો. આવીને રાણીને કહે: 'મૂકો આની લપ. સંકેત કરી મુદત દીધે જાય. આમ ને આમ જિંદગી પૂરી થાય. એને પરણવા કોણ રોકાય?'

રાણી કહે: 'એમ અરધેથી અટકી જવાય? હવે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણ જ દિવસની વાર છે. પદમણી કહે છે કે એ ઘરમમાં બેઠી છે. હવે ત્રીજે દિવસે તમને જરૂર મળશે.'

ત્રણ દિવસ તો રાજાને ત્રણ જુગ જેવડા ગયા. ત્રીજે દિવસે રાણીએ રાજાને આખે અંગ શણગાર્યો. શણગાર સજાવી વિદાય દીધી. રાજા આવીને દુકાને ઊભો રહ્યો. રાજાએ દુકાનને બારણે જ ઊભાં ઊભાં માલ માગ્યો. મુનીમ કહે: 'હવે તો આજકાલમાં માલ હાજર.'

સોદાગર કહે: 'મારે આમ ને આમ વાટ ક્યાં સુધી જોવી? શહેરમાં ઘણા યે મોતીના વેપારી છે. ચોકખી વાત કરો, નહિ તો ગમે ત્યાં જઈને માલ મૂલવી લઉં.'

પદમણીને કાને વાત પડી. એને થયું કે હવે રાજા અધીરો થયો લાગે છે. હવે ઝાઝું તણાવવું નહિ સારું. એણે આખે અંગે અંઘોળ કરી વાળે વાળે મોતી ઠાંસ્યાં. સોળ શણગાર સજ્યા. બાર આભૂષણ પહેર્યાં. સિંદૂર-સૂરમા લગાવ્યા. અણવટ-વીંછિયા પહેર્યા. કેસર-કસ્તુરીના લેપ કર્યા. પાન ખાઈ, અત્તર લગાવી, લવિંગ-એલચીનો બટવો કમરે ખોસ્યો. કીનખાબી લેંગો પહેર્યો. આરપાર એકેએક રોમ દેખાય એવી હમરૂ શમરૂની ઓઢણી ઓઢી હાથમાં સોનેરી થાળ અને થાળમાં પૂજાપો લઈ ને પદમણી રુમ્મા ઝુમ્મા........રુમ્મા ઝુમ્મા........કરતી બારણે નીકળી.

ઝાંઝરનો ઝણુકાર સાંભળી રાજાએ ઊંચું જોયું. જુએ તો પદમણી સામે ચાલી આવે છે. રાજાએ પદમણી સામે જોયું. પદમણીએ રાજા સામે જોયું. બેયની નજર એકબીજા સામે નોંધાઈ રહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા જુએ છે તો આખા ઓરડાને અજવાળતી પદ્મણી ઊભી છે. સોના જેવી સૂરત, ચંપા જેવો રંગ, પૂનમનો ચાંદો ને દિવાળીનો દીવો, કાચી કણેરની ડાળ, વળી વળી બેવડ વળી જાય, પાન ખાતાં ગળા સોંસરી પિચકારી દેખાય, કાંકરી મારતાં લોહીની ધાર થયા, ફૂંક મારો તો આકાશે ઊડી જાય. વચ્ચે ખેંચો તો ઢળીને ઢગલો થાય. લાકડી પર ઘુમાવો તો સાપની જેમ લપટાઈ જાય, પલંગમાં પડે તો બાર વરસ ગોતતાં યે હાથ ન લાગે.

અને કેવા એના ગુણ? વધવામાં બીજની ચંદા, સોના સમા વાળ, માખણનો લોંદો, તેજ જાણે હોળીની ઝાળ, બોલી જાણે કોયલનો ટહુકો, વીજળી જેવી ચમક, કેવડિયાની મહેક, પવિત્રતામાં ગંગાની ધાર અને પોતાની લીધી વાતમાં પત્થર સમી પાર.

પદ્મણી નજર કરે તો રાજા પણ ઓરડાને અજવાળી રહ્યો છે. કેવાં એનાં રૂપ? જાણે ગુલાબ કેરું ફૂલ, સોના સમો રંગ, કેળ કેરો ગાલો, સૂરજ કેરી જ્યોત, ભમરા સમા કાળા ભમ્મર વાળ, પોપટ સમું નાક, જાણે સાવજ કેરું બાળ. શિર પર જરીનું મંદિલ બાંધી, મશરૂનો પાયજામો પહેરી, કેડે રેશમી ભેટ બાંધી, અંદર ચાંદીની મૂઠે સોનાની નકશી કરેલ ગુપ્તી જમૈયો ખોસ્યો છે. કાનમાં બે મોતી લટકે, ગળામાં સૂબેદારી કંઠો લળકે, હાથની આંગળીએ જડાઉ અંગૂઠી ઝગકે. મોઢે અંબરનું પાન ખાઈ, હીરભરતની મોજડી પહેરી જાણે છેલછબીલો ગભરુ જુવાન ઊભો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક પળ નજર કરી ન કરી ને પદમણી બારણા પાસે ગોખલે બેઠી. અંગાર પર ઘી નાખી ધૂપ કર્યો. ધૂપને ચાર આંટા મારી પગે લાગી. ઊભી થઈને થોડા ચોખા ઓતરાદા ફેંક્યા અને ફરી પાછી બારણે ખડીના બાર લીટા કરી મહેલની અંદર ચાલી ગઈ.

પદમણી હાલી ગઈ તો યે રાજાની સામે જાણે પદમણી તર્યા કરે છે. મુનીમે હાથ હલાવ્યો ત્યારે અરધે પહોરે એને ભાન આવ્યું. હસતો હસતો રાજા ઘેર આવ્યો. રાણી કહેઃ 'બસ થાઓ તૈયાર. આજની રાતે બારને ઘડિયાળે તમને એ મળશે. મળવાનું ઠેકાણું નગરીની ઓતરાદી દિશાએ, સતી માતાનું મંદિર.'

રાજા તો ઊંચો થાય, નીચો થાય. સાંજ પડશે કે નહિ એવે વિચારે સૂરજ સામે જોયા કરે.

સાંજ વીતી, રાત પડી. અંધારાં ઘેરાયાં કે રાજાને રૂડા શણગાર સજાવી રાણી નગર બહાર ચાલી. નગરની ઉત્તરે સતી માતાનું કાળજૂનું મંદિર. હાજરાહજૂર સતીમા. પણ રાત વખતે ત્યાં કોઈ પગલું ન માંડે. રાજાને મંદિરે પહોંચાડ્યો અને રાણી પાછી ફરી ગઈ. પાછી ફરતાં કહેતી ગઈ: 'જાગે સો પાવે; સોવે સો ખોવે.'

બરાબર બારનાં ઘડિયાળાં વાગ્યાં કે મોતી પદમણી સોળ શણગાર સજી, બાર આભુષણ પહેરી બહાર નીકળી. મોલ બહાર પગ દેતાં આખી નગરીમાં અજવાળાં પથરાઈ ગયાં.

નગરીને બીજે છેડે કોટવાળ પહેરો ભરે. એની નજરે અજવાળાં પડ્યાં કે આંખો અંજાઈ ગઈ. આંખ આડો હાથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દઈ ને એણે ઘોડાને ધરણીધર શેઠની મહેલાત તરફ હાંક્યો. આગળ કોટવાળ. પાછળ પહેરેગીર. પાસે આવતા જાય તેમ અજવાળાં વધતાં જાય અને આંખ આડા હાથ દેતા જાય. જ્યાં પાસે આવે તો રૂપરૂપના અંબાર સમી સોળ વરસની સુંદરી છમાછમ ઝાંઝરના છમકાર કરતી ચાલી આવે છે.

કોટવાળને થયું કે આવાં રૂપ તો શેઠની દીકરી મોતી પદમણીનાં જ. પણ મધરાતને વખતે એ બહાર કાં જાય? કોટવાળે ઘોડાને પાછળ કર્યો. આગળ પદમણી. પાછળ કોટવાળ.

પદમણીએ નગર મૂક્યું, પાદર મૂક્યું. પાદર પાર કરી સતી માતાને મંદિર આવી. મંદિરનાં બારણાં ઉઘાડી પાછળ જોયું ન જોયું ને મંદિરમાં ચાલી ગઈ. પાછળ બારણાં ભીડી દીધાં.

બારણાં ઊઘડતાં રાજાની પાઘ કોટવાળની નજરે પડી. એને થયું કે આ તો કાંઈક દાળમાં કાળું લાગે છે.

કોટવાળે મંદિર ફરતા પહેરેગીર મૂકી દીધા ને ચટ ઘોડો રાજાને મહેલ વાળ્યો. જઈને રાજાને જાણ કરી. રાજા કહે: 'શેઠની દીકરી તો પદમણીનો અવતાર. એ અત્યારે મંદિરે શું કરે? જાઓ, મંદિર ફરતો પહેરો ગોઠવી દો. સવાર સુધી મંદિરમાંથી કોઈને બહાર નીકળવા ન દો. સવારે હું પોતે હાજર રહું.'

કોટવાળે આવીને મંદિર ફરતો બથરો પહેરો ગોઠવી દીધો. પહેરેગીરો હરવાફરવા લાગ્યા. એમના પગના સંચારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધરતી થરથરી. પદ્દમણીને થયું કે ભારે થઈ. રાજાની સાથે વાત તો શું કરે? આમાંથી ઊગરવું કેમ? પદ્દમણી રાજા સામે જુએ. રાજા પદ્દમણી સામે જુએ. પદ્દમણી કહે: 'શું કરશું?' તો રાજા ય કહે: 'શું કરશું?'

પદ્દમણીને થયું કે આ તો અચબૂચ લાગે છે. મારા સંકેત ઉકેલનાર આવો જવાબ ન આપે. એની સાથે કોઈ હોવું જોઈએ. એણે પૂછયું: 'તમે એકલા કે કોઈ સાથીદાર સાથે ખરો?'

રાજા કહે: 'મારી રાણી સાથે છે.'

પદ્દમણીને થયું કે રાણી કદાચ આમાંથી બચાવે. એણે સોનામહોરની થેલી લીધી ને બારણું ઉઘાડી બહાર આવી. ઈશારો કરી એક પહેરેગીરને પાસે બોલાવ્યો. એકને બોલાવતાં ચાર આવ્યા. ચારેને સોનામહોરની થેલી બતાવતાં કહે: 'એક કામ કરો તો આટલી સોનામહોર ઈનામ આપું.'

એટલી સોનામહોર તો પહેરેગીરોએ ભાળી યે ક્યાંથી હોય? એક કહે કે મને કામ કહો, બીજો કહે કે મને કામ કહો.

પદ્દમણી કહે: 'કામ છે તો સાવ નજીવું. ગમે એ કરી આપે. આપણી નગરીને છેડે તૂટેલ ખંડેર પર કાંકરી ફેંકી એટલું કહી આવો કે કોઈના હાથી, ઘોડા કે ઊંટ બહાર હાલ્યા ગયા હોય એ રાતની રાત ગોતીને ઘરે બાંધી લે. નહિ તો સવારે એ ડબે જાશે.'

ચારે પહેરેગીર અંદરોઅંદર સમજી ગયા. ચારેએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોનામહોર સરખે ભાગે વહેંચી લીધી અને એક પહેરેગીર નગરીએ ચાલ્યો. નગરીને છેડે તૂટેલ ખંડેર. એના પર કાંકરી ફેંકી બૂમ મારી: 'જેના હાથી, ઘોડા, ઊંટ બહાર હોય એ રાતોરાત ઘેર બાંધી લે. નહિ તો સવારે એ ડબે જશે.'

રાણી પથારીમાં પડી જાગે. એને કાને અવાજ આવ્યો. એને થયું કે રાજા ને પદમણી ભીડમાં લાગે છે. તરત એણે સોળ શણગાર સજ્યા, બાર આભૂષણ પહેર્યાં. હાથમાં સોનાનો થાળ લીધો. થાળમાં એક બાજુ પૂજાપો ને બીજી બાજુ મધરા લાડુ લીધા. લાડુમાં ભાંગ ભરાવી દીધી. થાળ લઈ ને રાણી નગર બહાર ચાલી.

જ્યાં માતાના મંદિર પાસે આવી કે કોટવાળ આડો ફર્યો. તરવાર ઉગામીને કહે: 'આજની રાત આઘાં રહેજો. પાસે આવશો તો તરવાર પડશે.'

રાણી કહે: 'મને મંદિરે જતાં અટકાવનાર તમે કોણ? હું નગરશેઠની દીકરાવહુ. મારે માતાજીનાં બાર વરસનાં અખંડ વ્રત. રોજ રાતે મંદિરે પૂજા કરું. આજે અટકાવો તો મારાં વ્રત તૂટે.'

કોટવાળ કહે: 'પણ મંદિરમાં જવાની રાજાજીની મનાઈ. કહો, મારે કેમ કરવું?'

રાણી કહે: 'એ વાતનું મારે શું? હું તો આ પાછી ચાલી. જઈને નગરશેઠને જગાડું. જઈ રાજાજી પાસે ફરિયાદ કરું.'

કોટવાળને થયું કે નગરશેઠને અને રાજાને તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંટીએ જીવ. એ રાજાજી પાસે રાવે જાય તો તો ભારે થાય ને વળી રાજાજીએ અંદરથી કોઈને બહાર નીકળવા દેવાની ના પાડી છે. પૂજા કરવાની ક્યાં ના પાડી છે? વિચાર કરી કોટવાળે બાઈને જવા દીધી.

કોટવાળ પાસેથી રાણી મંદિરને બારણે આવી. જુએ તો ચારે તરફ ચારે પહેરેગીર. પહેરેગીર પાસે આવીને ઊભા ત્યાં લાડુના મઘમઘાટે એમનાં મોઢાં તર થયાં. કહે: 'બાઈ! પૂજા કરી પાછાં વળો ત્યારે પ્રસાદ દેવો ન ભૂલતાં.'

રાણી કહે: 'પછી શું કામ, પ્રસાદ અત્યારે જ લો ને?' રાણીએ ચારેને એક એક લાડુ આપી દીધો. લાડુ લઈને પહેરેગીર પાછા વળ્યા કે રાણીએ બારણે ટકોરા દીધા. ટકોરા દેતાં હાથનાં કંકણ રણક્યાં. પદમણીને થયું કે રાણી આવી પહોંચી. તરત એણે બારણાં ઉઘાડ્યાં. રાણી અંદર ચાલી ગઈ.

પદમણી કહે: 'બહેન! અમે તો અહીં ફસાઈ ગયાં. હવે કરવું શું?'

રાણી કહે: 'મારાં કપડાં તું પહેરી લે. તારાં મને આપ. આ થાળ લઈ પાછી ચાલી જા.'

પદમણીએ રાણીનાં કપડાં પહેર્યાં. રાણીએ પદમણીનાં પહેર્યાં. થાળ લઈ પદમણી પાછી ફરી. જતાં જતાં કહેતી ગઈ: 'આટલાં વરસ મેં અખંડ કુંવારકાનાં નીમ પાળ્યાં. હવે મારા પિતાજીને મોઢે વાત કેમ કરું? રાજાને પરણાવવો હોય તો તમે મારગ કાઢજો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદમણી બહાર નીકળી જુએ તો લાડુ ખાઈને ચારે પહેરેગીર ઘેનમાં ઘોર્યા કરે છે. પહેરેગીરને વટાવી પદમણી પાદર આવી. પાદર મૂકી નગરમાં આવી. ઝાંઝર હાથમાં લઈ ઝણુકાર ઓછા કર્યા. હળવે પગલે મહેલમાં ચાલી ગઈ.

આ બાજુ સવાર થયું કે રાજા માતાજીને મંદિર આવી પહોંચ્યો. સાથે પ્રધાન આવ્યા, મંત્રી આવ્યા, મહેતા–મુત્સદ્દી આવ્યા. વાત સાંભળી આખું નગર હલકયું. રાજા મંદિરને બારણે ઊભો રહ્યો કે કોટવાળે બારણાં ઉઘાડ્યાં.

ઉઘાડીને જુએ તો માતાજીની સામે અખંડ દીવડા બળે છે. દીવડાની સામે રાજાજીની જ કુંવરી ને પડખે જમાઈરાજ પોતે. દીકરી દીવડામાં ઘી હોમે છે ને જમાઈ-રાજ જાપ કરે છે. દીકરીને જોતાં રાજાને અચરજ થયાં. એ કહે: 'અરે દીકરી! તું અહીં કયાંથી?'

દીકરી કહે: 'બાપુજી! જાણા જોષીએ જોષ જોયા. મારા ચૂડા માથે વિપદ જોઈ. વિપદ નિવારવા માતાજીનાં અજવાળી પૂનમનાં વ્રત લીધાં. વ્રત ઊજવવા બારોબાર કાલ આવી ને ઉજવણાં કર્યાં.'

કહીને રાણી પિતાજીને પગે પડી. જાપ પૂરા કરી રાજા પણ સસરાને પગે પડયો. વાજતેગાજતે દીકરી-જમાઈને મહેલે લઈ ગયા. બે દિવસ રંગેચંગે રાખ્યાં ને ત્રીજે દિવસે વિદાય દીધી. સાથે લાવલશ્કર દીધાં. રથપાલખી દીધાં. પણ લાવલશ્કરને અરધે રસ્તે નગરીએ જવાનો હુકમ દઈ બન્ને પાછાં તૂટેલ ખંડેરે આવી પહોંચ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બાજુ આખી નગરીમાં ખબર પડી કે માતાજીને મંદિરે મોતી પદમણી નહિ પણ કુંવરીબા પોતે હતાં. સાંભળતાં બિચારા કોટવાળના ટાંગા ઢીલા થયા. તરવાર મૂકી એ ઘરમાં ભરાઈ ગયો. રાજાને થયું કે મારી નગરીનો મોટો કોટવાળ. એ પોતે આવી ભૂલ કરે તો કેમ ચાલે? રાજાએ હુકમ દીધો કે કોટવાળને હાજર કરો.

રાજાના માણસ કોટવાળને ઘેર દોડ્યા. ઘર ઉઘાડી કોટવાળને પકડ્યો. પાછોટિયે બાંધી રાજા પાસે રજૂ કર્યો.

રાજા કહે: 'પદમણી તો કુંવરીનો અવતાર. એનાં નામ તેં બદનામ કર્યાં. એવી કસૂર માટે ફાંસી દીધા વગર છૂટકો નહિ.'

કોટવાળને થયું કે આ તો જાતી મોતની વાત આવી. એને થયું કે મારી આંખ ખોટું જુએ નહિ. એ કહે: 'રાજાજી! સાચું-ખોટું રામ જાણે, પણ મારી આંખ ખોટું ભાળે નહિ. બોલાવો મોતી પદમણીને. સતી માતાજી તો હાજરાહજૂર દેવ. એને પગે હાથ મૂકીને એ કહે કે પૂનમની રાતે એ કોઈ પુરુષ સાથે હતી નહિ તો હું વાત હારી જાઉં.'

સતી માતાજીનો પરચો ભારે. એને પગે હાથ મૂકી કોઈ ખોટું બોલે કે ઊભેઊભું ફાટી જ પડે. રાજાને થયું કે કોટવાળનું મન રાખવા આટલી વાત કરવામાં કાંઈ વાંધો નહિ. રાજાએ મોતી પદમણીને વાત કહેવરાવી. પદમણીએ આવવા હા પાડી. મંદિરે આવવા માટે અજવાળી અગિયારશની તિથિ દીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદમણીએ હા તો પાડી. પણ હવે કરવું શું ? સતી-માને પગે હાથ મૂકીને સોગંદ કેમ લેવા ? રાતનાં અંધારાં ઘેરાયાં કે અંધારાંની આડશે એ તૂટેલ ખંડેરે ચાલી. જઈને રાણીને કહે: 'આમાં કરવું શું ?' રાણીએ વિચાર કરીને એના કાનમાં એક વાત કરી. વાત સાંભળીને પદમણી હસતી હસતી પાછી ફરી.

આજકાલ કરતાં આઠ દિવસ વીતી ગયા અને અજવાળી અગિયારશ આવી પહોંચી. રાણીએ રાજાને જોગીનો વેશ પહેરાવ્યો. માથે જટા ને આખે અંગે ભભૂત. એક હાથમાં ચીપિયો ને બીજા હાથમાં ખપ્પર. અહાલેક ગજવતો જોગી નગર બહાર ચાલ્યો.

જુએ તો માતાજીને મંદિરે આખી નગરી હલકી છે. મંદિરને બારણે રાજા બેઠા છે, પ્રધાન બેઠા છે, મહેતા-મુત્સદ્દી બેઠા છે. એક બાજુ કોટવાળ બેઠો છે.

સાંજનો વખત થયો કે પાલખીમાં બેસીને પદમણી આવી. પડદા ઊંચા કરીને જેવો એણે પાલખી હેઠે પગ દીધો કે અહાલે....ક ગજવતો જોગી પાસેથી નીકળ્યો. ધડ કરતો પદમણીને ધક્કો દીધો અને બોલ્યો: 'અરે પદમણી ! તું પદમણી, પણ હું જોગી. તારે ગયા જનમનાં પુન્ય. મારે આ જનમનાં સત. મારાં સતને નમન કરી કાંઈક દાન દે તો તારાં સત રહે.'

પદમણી કહે: 'મહારાજ ! અત્યારે તો દાન શું દઉં ? જો સતી માતાની તાવણીમાં પાર પડું તો તમે આખી જિંદગી ન ભૂલો એવું દાન દઉં.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોગી મહારાજે ઝોળીમાંથી રાખ કાઢી અને પદમણીને કપાળે પીળ તાણી. પીળ તાણીને અહાલેક ગજવતો ચાલ્યો ગયો.

તરત પદમણી મંદિરમાં ગઈ. જઈને માતાજીને પગે હાથ મૂકયો અને બોલી: 'હે માતાજી! તમે તો હાજરાહજૂર ને સાતે લોકની તલેતલ વાતનાં જાણકાર. મેં જનમ ધરીને હમણાં આ જોગીએ મને પીળ તાણી એ વગર કોઈ પુરુષને અડી હોઉં તો હે માતાજી! તમારા દીવડાની ઝાળ મને લાગજો ને અંગે અંગે આગ પરવરજો.'

આમ કહીને પદમણીએ માતાજીનો દીવડો હાથ ઝાલ્યો ને દીવડાની ઝાલ લૂગડે દીધી. પણ આખા અંગનાં લૂગડાં અકબંધ રહ્યાં. પદમણી જીતી ગઈ. હવે કોટવાળ શું બોલે? હેઠું જોઈને બિચારો ધરતી ખોતરવા લાગ્યો.

પણ પાછી ફરતાં પદમણી કહે: 'રાજાજી! આપ મારા પિતા સમ. હું તમારી પુત્રી સમી. તમારી સામે મારાં સત પુરવાર થઈ ગયાં. પણ મારે કારણે કોટવાળને મરવું પડે એ મને ન ગમે. મારું એક વચન માનો. કોટવાળને માથે દયા કરો ને એમને જીવતદાન આપો.'

રાજાએ કોટવાળની સજા માફ કરી.

પદમણી આ વાતમાંથી તો પાર ઊતરી, પણ હવે એને રાજા સાથે પરણાવવી કેમ?

રાણીએ વળી એક તરકીબ કરી. રાજા ને રાણી પાછાં પોતાને નગર ગયાં. નગરમાંથી મોટું લશ્કર લીધું. લશ્કર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઈને પાછાં પદમાવતી આવ્યાં. રાણીએ એક સેનાપતિનો વેશ લીધો અને રાજાને સુંદરીનો વેશ પહેરાવી દીધો. વેશ પહેરાવી રાજાને પાલખીમાં બેસાડી દીધો અને પાલખી લઈને સેનાપતિ ધરણીધર શેઠને ઘેર આવીને ઊભો રહ્યો.

ધરણીધર શેઠને બોલાવીને કહેઃ 'શેઠજી! હું સેનાપતિ. મારે દક્ષિણમાં લડાઈ કરવા જવું. પણ મારી સાથે મારી રાણીજી. મારી રાણીજીને બાર દિવસથી અસુખ. એને મારી સાથે કઇ રીતે લઈ જવી? તમે નગરના મોટા મહાજન. કહો તો તમારે ત્યાં રાખી જઉં. વળતી વખત મારી સાથે લેતો જઉં.'

ધરણીધર શેઠને ઘેર રોજ બાર કડા અન્ન રંધાય અને આવતાં-જતાં મહેમાનના ઉતારા થાય. એમાં એક બાઈ શું ભારે પડે? શેઠે હા પાડી એટલે સેનાપતિની રાણીની પાલખી મહેલમાં ગઈ. પાલખી જોતાં પદમણી સમજી ગઈ. સીધી પાલખી પોતાને ઓરડે ઉતારી.

અંદરને ઓરડે આખો દિવસ પદમણી ને રાજા અમનચેન કરે છે ને આનંદમાં દિવસ ગાળે છે. કોઈને પોતાના ઓરડા તરફ પદમણી આવવા દેતી નથી.

મોતી પદમણીને એક મોટી બહેન. મોટી બહેનનાં પહેલાં આણું. આણું વાળવા જમાઈરાજ આવ્યા. જમાઈરાજને સામે ઓરડે ઉતારા અપાયા.

એક સવારે દાતણ કરી પદમણીએ દાતણની ચીર ફેંકી. ચીર ફેંકતાં હાથ ઊંચો થયો અને હાથ સાથે સામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓરડે બેઠેલા બનેવીની નજર પડી. પરવાળા સમી આંગળીઓ અને પદમકમળ સમી હથેળી જોતાં બનેવી થીજી ગયો. એને થયું કે આ તો પદમણીનો જ હાથ. જેનો હાથ આવો રૂડો એ પદમણી કેવી રૂપાળી હશે? મારી બાયડીમાં કાંઈ નહિ. એનાં કરતાં આ મોતી પદમણી હાથ પડે તો એને લઈ જાઉં.

પણ પદમણી હાથ કેમ લાગે? આખો દિવસ તો આડા ચોકી-પહેરા. એ મહેલે જવાની બંધી.

એણે રાતનો વખત નક્કી કર્યો. મધરાત વીતી કે અંધારાંની આડશે પદમણીને મહેલે ચાલ્યો. પદમણીને મહેલે કાચને દીવડે ચૂવાનાં તેલ બળી રહ્યાં છે ને લીલાં કંચન અજવાળાં પાથરી રહ્યાં છે. લીલાં કંચન અજવાળે નજર કરે તો એકને બદલે બે પલંગ અને બીજે પલંગે બીજું કોઈ સૂતું છે.

જેવો એ બીજા પલંગ પાસે જોવા જાય કે એનો ઓછાયો દીવડે પડયો અને ઓછાયો પડતાં દીવડાની જ્યોત ડગી. જ્યોત ડગતાં રાજા જાગ્યો. નજર કરે તો કોઈ આદમી પોતાના પલંગ પાસે આવી રહ્યો છે. રાજાને થયું કે ભારે થઈ. તરત એણે કમરેથી કટાર કાઢી. જેવો બનેવી પલંગ પાસે આવી નીચે નમીને જોવા જાય કે રાજાએ ઝબ્બ.... કરતી કટાર ફેરવી અને કટ........કરતું બનેવીનું નાક કાપી લીધું.

બિચારો બનેવી એક હાથમાં કાપેલું નાક અને બીજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથે બૂચું નાક દબાવી ભાગ્યો. નાકકટા થઈને અહીં કેમ રહેવાય ? બિચારો બારોબાર ભાગી છૂટ્યો. રાતોરાત પોતાને ગામ ચાલ્યો ગયો.

રાજાને પણ થયું કે આ ઠીક સમય છે. તરત પદ્મણીને જગાડી અને બધી વાત કરી. પદ્મણીએ હીરની દોરી લીધી અને રાજાને પાછલે ગોખેથી હેઠો ઉતારી દીધો. રાજા અંધારાની આડશે તૂટેલ ખંડેરે પહોંચી ગયો. જઈને રાણીને જગાડી અને બધી વાત કરી. રાણી કહે : 'રૂડું થયું. હવે પદ્મણી આપણા હાથમાં.'

સવાર પડતાં નગરશેઠને ઘેર ધમાલ ચાલી. એક બાજુ જમાઈરાજ ન મળે, બીજી બાજુ સેનાપતિની રાણી ન મળે. પદ્મણીએ વાત ઉડાડી કે બનેવી રાતવરત આ બાજુ આવ્યા કરતા. એ જ રાણીજીને ઉપાડી ગયા. ઘરણી-ધર શેઠે ચારેકોર માણસ તપાસ કરવા મોકલ્યા. પણ નહિ જમાઈરાજનો પત્તો કે નહિ રાણીનો પત્તો.

ત્રણ દિવસ ગયા કે સેનાપતિ શેઠને ઘેર આવીને ઊભા રહ્યા. કહે: 'શેઠજી! આપનો અહેસાન. લાવો મારાં રાણીજી. મારે પાછું શિયાળકોટ જવું. રાણીજીને શિયાળ-કોટ મૂકતો આવું.'

બિચારા શેઠ નીચે જોઈ ગયા. એણે બધી વાત કરી. પણ આ તો શિયાળકોટનો સેનાપતિ. વાત સાંભળતાં લાલ-ઘૂમ આંખ કરી અને મોઢું અવળું કર્યું. કહે કે 'લાવો મારાં રાણીજી. નહિ તો આખું નગર રોળી નાખું. શિયાળ-કોટના રાજા શાલીવાહનની આખી સેના ઉતારું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠ બિચારા મૂંઝાયા. એમણે મહાજનના પાંચ મોવડી ભેગા કર્યા. મહાજનને પણ થયું કે આ તો શિયાળ-કોટની વાત. નગરને રોળી નાખે એમાં ના નહિ. મહાજને નવો મારગ કાઢ્યો. મહાજન કહે: 'રાણીજી ખોવાયાં શેઠની બેદરકારીથી. માટે શેઠ પોતાની દીકરી મોતી પદમણી સેનાપતિને આપી દે.'

શેઠને થયું કે કબૂલ. એટલેથી યે છૂટકો થતો હોય તો. સેનાપતિએ પણ હા પાડી.

તરત ઘડિયાં–લગન લીધાં. ધામેધૂમે ધરણીધર શેઠે મોતી પદમણીનાં લગન સેનાપતિ સાથે કરી દીધાં. દીકરીને કરોડોનો કરિયાવર કર્યો. દીકરીને સેનાપતિ સાથે વિદાય દીધી.

સેનાપતિ પદમણીને નગરના સીમાડા સુધી રવાના કરી પાછો આવ્યો. તૂટેલ ખંડેરથી રાજાને સાથે લઈ લીધો. મારતે ઘોડે રાજા ને રાણી પદમણી સાથે થઈ ગયાં અને માંડવગઢ પહોંચ્યાં. માંડવગઢ જઈને રાજા, રાણી અને મોતી પદમણીએ ખાધાં, પીધાં ને રાજ કર્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગમાલ માલાવત

મેવાડ અને પાટણની વચ્ચોવચ્ચ એક ધુકાર નગરી ઊભી છે. નગરીનું નામ સોભટોનગર. નગરીમાં મહેલ છે, મહેલાતો છે, બાગ છે, બગીચા છે, ગલીપોળ અને ચોક-ચૌટા છે. પાંચ પાંચ કોસના પથારામાં નગરી પડી છે, પણ એની અંદર જીવનું જણ્યું નજરે ચડતું નથી. આખો દી અડખેપડખેના ગોવાળ–ગોકળી ગાયો–ભેંસો ચારે છે, સૂની મહેલ–મહેલાતોને ઝરૂખે બેસી પાવા–વાંસળી બજાવે છે ને રમેખેલ છે. પણ સાંજ સમે ગોધણ ઘેરી હાલતા થાય છે. કોઈ સાંજ વીત્યે નગરીમાં પગ દેતું નથી. કોઈ કહે છે કે આ ધુકાર નગરીમાં રાત પડચે ભૂત ભડાકા બોલાવે છે, પ્રેત પડકારા પાડે છે ને ડાકણો રાસડા લે છે. જીવનો જણ્યો જો રાત રોકાય તો તો કાચેકાચો ભરખાઈ જાય એવી વાયકા ચાલે છે.

એક દિવસ કોઈ નાગડો જોગી અહીં આવી ચડ્યો. વેંત વેંતની ભૂખરી જટા. આખે અંગે ભભૂત, લાલ લાલ આંખડિયાં ને લાકડાની ચાંખડિયાં ચડીને જોગીસર આવી ઊભો. સૂના મહેલને ઝરૂખે ચીપિયો પછાડી, વાઘાંબર પાથરી, પાવડી માથે માથું ટેકવી ' અહાલેક....અહાલેક....' બોલતો જોગેસર સાતમે કપાળ જીવ ચડાવીને બેસી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંજ પડી. ગોકળી ગોધણુ ઘેરી પાછા વળ્યા. જોગીને જોઈને હાથ હલબલાવી કહે: 'બાબાજી! કોઈ બીજે ગામ જઈ આસન માંડો. આ તો ભૂતિયો મહેલ. રાત પડ્યે મહેલનો ધણી તેજસી તુંવર આવશે. એના ત્રણસેં તુંવર આવશે. ચારે પહોર ભૂતડાં ભલકારિયું દેશે. જોગજંતર ઠર્યા રહેશે ને આંખો તણાઈ રહેશે.'

લાલ લાલ આંખો તાણી જોગી કહે: 'ચાર ચાર ખંડ ધરતી પગ નીચું ઘાસ ગઈ. ન દેખા ભૂત, ન દેખા પલીત. ભૂતપલીતથી ભાગે એસા જોગી હમ નહિ.'

સાંજ ગઇ, રાત પડી. અંધકારના ઓછાયા પડ્યા ને એક–બે ઘડી વીતી ત્યાં તો એક ડંકો સંભળાયો. જોગેસરને થયું કે હાં, તેજસી આવતો લાગે છે. સામે નજર માંડે તો હાથીનો વીરઘંટ સંભળાયો, તુરીભેરી ને શરણાઇ સંભળાયાં, ઘોડાંની કલહલ સંભળાઈ. આગળ સો સો મશાલો જળહળ જલે છે, પાછળ સો સો ચામર ઢળે છે ને હાથી માથે કોઈ સરદાર બેઠો છે. પાછળ ત્રણસેં અસવારની હકબક બોલી રહી છે.

એમાંથી એક અસવાર આગળ આવ્યો. મહેલ સામેના ચોકમાં જાજમ–ગલીચા બિછાવ્યા, બિછાત–શતરંજ બિછાવ્યાં, તકિયા–તોષદાન નાંખ્યાં. છલંગ દઈ તેજસી હાથી હેઠે ઊતર્યો અને ગાદી–તકિયે આવી બેઠો. જોગેસર બેઠો બેઠો તમાશો દેખે છે.

બીજો એક અસવાર મહેલમાં આવ્યો. ઝરૂખા માથે ઢોલિયો પડ્યો છે. ચાકર ઢોલિયો ઢાળવા જાય ત્યાં તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોગેસર આસન જમાવી બેઠો છે. જોગેસરને જોઈ અસવાર કહે: 'ઊઠ રે ભભૂતિયા! આ તો તેજસી તુંવરનો મહેલ. રાતના ચાર પહોર એનાં રાજ. ઊઠ, નહિ તો હેઠો પછાડી ચાર પહોર પરલોક પહોંચાડું.'

અરધી આંખો ઉઘાડી જોગેસર કહે: 'ભાગ ભાગ ભૂતડા! હું જોગી સરભંગી. જોગીનાં આસન ઊઠે નહિ. આડો આવ તો ભભૂત છાંટી ભોં-ભેગો કરું.'

જોગી અને અસવારની વડછડ વધી પડી અને હાકલા-પડકારા થયા. હેઠો બેઠો તેજસી આ સાંભળી ગયો. એણે હાકલ દીધી: 'અરે ભાઇ! આપણા એકલિયા મહેલમાં આ અવાજ શાનો?'

અસવાર કહે: 'મહારાજ! કોઈ માનવીરૂપી જોગી સરભંગી આસન જમાવી બેઠો છે. હાથેપગે લાગતાં યે ઊઠતો નથી. કરવું કેમ?'

તેજસી કહે: 'કોઈ જોગેસરને કાંઈ કહેશો નહિ. જોગી તો પૂજવા જોગ કહેવાય.' આમ કહી તેણે જોગેસરને સાદ દીધો: 'બાબાજી! અહીં પધારો તો બે પેટછૂટી વાત કરીએ. આઘે બેઠાં કેમ આનંદ આવે?'

ચટાક....ચટાક....ચાંખડીઓ પટકારતો જોગી હેઠો ઊતર્યો અને તેજસીની અરધી ગાદી દબાવી પાવડી માથે બાવડાં માંડી બેસી ગયો. જુએ તો ડાબે-જમણે રજપૂત ઢાલ-તરવાર દબાવી બેઠા છે. કસરક કસૂંબા ઘૂંટાય છે. રસોડિયા રસોઈ કરે છે. ચરુ-કડાયાં ચડાવ્યાં છે. લોઢી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાવડા લાલચોળ ધખે છે. સાથે રોટા ચડે છે. તેજસી ને જોગેસર બેઠા વાતો કરે છે.

આમ કરતાં અરધી રાત વીતી ગઈ. રસોઇ તૈયાર થઇ કે પંગત પડી. ત્રણુસેં તુંવર પંગતમાં બેસી ગયા. ત્રણુસેંની સામે થાળ ધરાઈ ગયા. તેજસીની સામે રૂપાનો બાજોઠ બિછાવ્યો. પડખે બીજે રૂપાને બાજોઠે જોગેસરને બેસાડ્યા. પીરસણિયા પીરસી ગયા. 'હર હર મહાદેવ....' બોલી બટકાં લીધાં. સૌ સામસામાં બટકાં–કોળિયા દે છે ને ગળાના સમ દઈ ખાંતે ખવરાવે છે. તેજસી જોગેસરને જમાડે છે ને જોગેસર તેજસીને જમાડે છે. હેતેપ્રીતે જમાડતાં સઘળા સાથે બીજો પહોર પૂરો કર્યો. ચળુ કરી પાન લીધાં, લવિંગ લીધાં, મોઢે મુખવાસ લીધા.

જમી–કરી તેજસી ઊંચે ઢોલિયે પોઢવા ઊઠ્યો ને જોગેસરને પડખે બીજો ઢોલિયો ઢાળી દીધો. તેજસી ઢોલિયે આડો પડ્યો છે ને જોગેસર આસન જમાવી બેઠો છે. તેજસી આડો થાય છે, અવળો થાય છે, કણુ કણુ કણુસ્યા કરે છે, પણુ ઊંઘ આવતી નથી. નેણુંમાં નીંદરા દેખાતી નથી.

જોગેસર કહે છે: 'અરે તેજસી! આવો રૂડો રાજમહેલ અને આવા રૂડા ઢોલિયા–પલંગ; તો યે નીંદરા કાં ન દેખાય?'

તેજસી કહે: 'બાબાજી! આ મહેલ મારા, નગરી મારી. અડખેપડખે આઠ આઠ કોસ ધરતીનો હું ધણી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ પાટણનો હાથીખાન પઠાણ એ ધરતી સાથે આવ્યો. ગોધણ વાળી હાલતો થયો. એની સાથે સારે વેઢ થઇ. લડાઈ થઇ. ધારાતીરથ કરી મારા ત્રણસેં તુંવર સાથે રણમાં પડ્યો. પણ હું પરાગતિ પામ્યો. મારા ત્રણસેં યે તુંવર પ્રેતગતિ પામ્યા. રોજ રાતે અમારે અહીં આવવાં ને અહીંથી જાવાં. રોજ રાતે અમારા મહેલ ને નગરી ઉજ્જડ જોવાં. દિલનાં દુઃખનો કોઇ પાર નહિ. રજપૂતી રીતે મોત પામ્યા તો યે અમારી પ્રેતગતિ કાં ?'

ઊંચે આંખ ચડાવી જોગેસર કહે: 'તું ખત્રીવટે ધારાતીરથનું મોત પામ્યો એ સાચું. પણ તારાં આગલાં કરતુક ધાડલૂંટનાં. ધાડલૂંટ કરતાં તેં મનેખનાં મન બાળ્યાં. એ કારણે તને ભૂતગતિ મળી.'

તેજસી કહે: 'પણ આ ભૂતગતિને પાર કેમ પહોંચું ?'

જોગેસર કહે: 'બેટા ! કન્યાદાન સમું કોઇ દાન ન મળે. તારે જો દીકરી હોય ને સગે હાથે કન્યાદાન દે તો વૈકુંઠ મળે, ભૂતગતિને પાર પહોંચ.'

તેજસી કહે: 'બાબાજી ! મારા મનેખ–જનમારાની બેટી ભટિયાણી રાણીને પેટ અવતરી છે. એના મામાને ઘેર રહે છે. પણ કોણ એની પાસે જાય, કોણ સંદેશો પહોંચાડે ને ભૂતડાંને હાથે કોણ કન્યાદાન લેવા આવે ?'

જોગેસર કહે: 'સંદેશો તો હું પહોંચાડું, પણ ભૂતને હાથે કન્યાદાન લેવા તૈયાર થાય એવો કોઈ રજપૂત તું દેખાડ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજસી કહે: 'મહેવા નગરમાં રાઠોડનાથ મલીનાથનો કુંવર જગમાલ છે. રૂડો રજપૂત છે. રજપૂતીની રીત જાણે છે. મનેખ–જનમારામાં હેતેપ્રીતે હારે મોજ માણી છે. મારે નામે વાત કરો તો એ કદાચ હાસ ભીડે. બીજે તો ક્યાં યે નાખી નજર પહોંચતી નથી.'

જોગેસર કહે: 'પરોડ પડતાં હાલતો થાઉં. આઠમે દિન મહેવે પહોંચું. જઈને તારો સંદેશો પહોંચાડું.'

તેજસી કહે: 'બાબાજી ! મારાં ભૂતને પવનવેગ. હમણાં જ ખંધોલે કરી મહેવે પહોંચાડે. તમારા પગને વળી પછડાટા શા ?'

તેજસી કુંવરે હોંકારો દેતાં ચાર ભૂત ઊભા થયા. ઊંચાં ઊંચાં અંગ આભે અડે છે ને પગ પાતાળે પછડાય છે. ધુધકારી દેતાં જોગેસરને ખંધોલે લીધા ને પવનવેગે પગલાં માંડયાં. જળ જંપેલાં છે, મનેખ સૂતાં છે, ત્યાં તો ઘડીપલમાં જોગેસરને મહેવાની હાટબજાર વચ્ચે મેલી દીધા.

પરોડ ફાટી, જોગેસર જાગ્યો. જુએ તો લોક હરેફરે છે. દેવમંદિરે ઝાલરના ઝણકાર ગાજે છે. જોગેસર શંખનાદ ફૂંકે છે. જોગેસરે હાટ–બજાર વચ્ચે બેઠાં બેઠાં જ કાલગિન ભણી ભભૂત ચડાવી. અર્ધી ઘડી અહાલેક જગાવ્યો.

ત્યાં તો જગમાલ કુંવર ચારસેં હાથીએ બેસી રજંપૂત સાથે બજારે નીકળ્યો. પણ બજાર વચ્ચે જોગેસર બેઠો છે. આગલો રજપૂત ઉઠાડે તો યે ઊઠતો નથી ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામે હાકાબાકા બોલે છે. જગમાલ કહે: ' અરે ભાઈ! મહેવાની બજારમાં આ પહેલે પહોરે હાકાબાકા શા ? '

આગલો રજપૂત કહે: ' મહારાજ! કોઈ જોગી સરભંગી હાટ–બજારની વચ્ચોવચ્ચ બેઠો. ઊઠે નહિ ને અસવારીને મારગ આપે નહિ. '

હાથીથી હેઠો ઊતરી જગમાલ જોગેસર પાસે આવ્યો. ' નમો નારાયણ શિવાય ' કહીને પગે લાગી પૂછ્યું: ' મહારાજ! રાજના મારગ કાં રૂંધ્યા ? '

જોગેસર કહે: ' બાળાકુંવર! મારે તને મનની એક વાત કહેવી. વાત સાંભળ પછી મારગ છાંડું. '

જગમાલ કહે: ' પગની રજ માથે ચડાવું, મહારાજ! ફરમાવો. '

જોગેસર કહે: ' સોભટાનગરનો તેજસી કુંવર. જીવતે જનમારે ધાડલૂંટ દીધી. પણ મોતટાણે ધારાતીરથ કરી ભૂતગતિ પામ્યો. ભૂતરૂપે રોજ રાતે એના મહેલ અને નગરી માથે ભમે છે ને કાયા કણસે છે. એની દીકરીનાં એને હાથે તું કન્યાદાન લે તો ભૂતગતિનો પાર પામે. છો તૈયાર ? '

જગમાલ કહે: ' રૂડી વાત બાબાજી! આવો રૂડો રજપૂત ભૂતગતિથી છૂટતો હોય તો મને વળી કન્યાદાન લેવામાં ક્યાં દુ:ખ ? '

જોગેસર કહે: ' પણ આ તો ભૂતને હાથે દાન લેવાં! હૈયાના હાકાબાકા નહિ છૂટી જાય ને ? '

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગમાલ કહે: ' મહારાજ! એકલે પંડે હું હાલ્યો આવું. માનવ મનેખને હારે ન લઉં. તેજસીની હારે તો હેતેપ્રીતે આજ માણી છે. એના વળી ડર શા? '

ચારસેં રજપૂતને પાછા મોકલી જગમાલ એકલે પંડે નવલખે ઘોડે પલાણ માંડી ગામને પાધર આવી ઊભો. સોભટા સામે નજર માંડી ત્યાં આલે અડતા ઓળા દેખાયા ને ઝાંઝાસૂંઝા દેહ દેખાયા. જગમાલને ખંધોલે કરી ભૂતડાંએ પવનવેગે પગલાં માંડ્યાં. એક–બે ઘડી વીતી ત્યાં તો સોભટાનગરના મહેલમાં જગમાલને ઉતારી દીધો. જગમાલે ઘોડેથી ઊતરી અસલ અફીણ લીધાં, અડખેપડખે અરોપરો થયો, ત્યાં તો સાંજ પડી, રાત આવી. ઘડી વીતી ને ડંકાનિશાન ગાજ્યાં. ઘોડાંની કલહલ ગાજી, મશાલરોશની દેખી. જાજમ–ગલેચા બિછાયા. તકિયા–તોષદાન નખાયાં. તેજસી કુંવરે ગાદી–તકિયે આસન લીધાં.

કોઈ ભલઘોડિયે જગમાલને જોયો. જઈ ને તેજસીને વધાઈ દીધી. તેજસીએ સામાં ડગ દઈ જગમાલને બથમાં લીધો. ઝાઝા જુહાર લીધા–દીધા.

તેજસીએ ભૂતડાંને હુકમ દીધો: ' જાઓ, ભટિયાણી રાણીની દીકરીને લઈ આવો. '

ચાર ઘડી રાત વીતી ત્યાં તો દીકરીને લઈ ભૂત પાછા ફર્યા. ખંધોલે બેઠાં દીકરીને બધી વાત કરી કે તારો બાપ ભૂતગતિમાંથી છૂટવા જગમાલને તારું કન્યાદાન દેશે. લાવીને દીકરીને મહેલમાં બેસાડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધરાત વીતતાં ભૂતડીનાં ટોળાં આવ્યાં, ચૂડેલ-ડાકણનાં ડમ્મર આવ્યાં. આવીને લગનનાં ગીત ઉપાડયાં. વિવાહની તૈયારી માંડી. પીઠી ચોળી, પીઠીનાં ગીતો ગાયાં. ચડશ-ચોરી બાંધી. ત્રીજે પહોર જાતાં મોડ બાંધી, ફેરા ફર્યા. તેજસીએ કન્યાનો હાથ જગમાલના હાથમાં દઈ દીધો. પાણી ભરી અંજલિ રેડી. કન્યાદાન દીધાના અંકાશે ઉમંગ પહોંચ્યા.

કર-મુકાવણી કરતી વખતે તેજસી કહે: 'કુંવર જગમાલ! તેં મને ભૂતગતિમાંથી છોડાવ્યો. જે જોઈએ એ માગી લે.'

જગમાલ કહે: 'મામા! બીજું તો શું માગું? પણ રજપૂતનો બેટો છું. વેરી-શત્રુ વચ્ચે વાસો કરું છું. કોઈ વખતે ભીડ પડે ત્યારે તમે ને તમારા આ રાવળ, રજ-પૂત આવી પહોંચજો. બીજું કાંઈ ન જોઈએ.'

તેજસીએ પોતાના ત્રણસેં તુંવરોને કહ્યું: 'જોડીદારો, જેણે મારી હારે થાળ ખાધા છે ને લૂણ-પાણી પીધાં છે, એમાંથી કોઈ એક પણ જગમાલ યાદ કરીને કહે કે 'તેજસીના રજપૂત, આવી પહોંચજો,' એવે વખતે ઊભો રહે એનું લૂણ હરામ છે.'

'ભલે, ભલે!' કહી રજપૂતોએ હાકારો દીધો.

એ જ વખતે આકાશપાલખી ઊતરી. સૌને રામરામ કરી તેજસી વૈકુંઠ ગયો. જગમાલને અને દીકરીને લઈને આભ-ઊંચા ચાર ભૂત રાતોરાત મહેલે મૂકી ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાત મહેવાને પાદર બાગમાં ગાળી. સવાર થાતાં બાગવાન સાથે ભૂપત પરધાનને વાત પહોંચાડી. પરધાને સામૈયાં લીધાં. નગર, બજાર ને કોટ–કાંગરે રોશનાઈ કરી, સુખપાલ ને દાસદાસી લઈ સામા આવ્યા. ઘણા રંગરાગ કરતા વરઘોડિયાંને દરબાર લઈ ગયા. ઘણી ખુશાલી થઈ. ગોઠગમ્મત થઈ. વિવાહની વાત કરી બધા રજપૂતને કેસરિયા સિરપાવ દીધા, દુઃખિયાંને દાન દીધાં. જાચક-માગણને શીખ દીધી. ઉમંગ–આનંદમાં દિન વીતે છે.

આમ કરતાં શ્રાવણની ત્રીજ આવી. ગણ–ગોરનું વ્રત આવ્યું. મહેવાને પાદર સાંજ ટાણે ત્રીજની કળા દેખાઈ. સાત વીસું ગોરણિયું (છોકરીઓ) ગીત–મંગલ ગાય છે. ગોર પધરાવવા નદીકાંઠે જાય છે. નદીકાંઠે પહોંચી ત્યાં તો પાટણનો હાથીખાન પઠાણ ફોજ લઈને ઉતરી પડ્યો. જગમાલજી વીકુંપુર વેઢમાં ગયા છે. એનો લાભ લઈ સાત વીસું ગોરણિયુંને લઈને ભાગી ગયો. ગામલોક જોઈ રહ્યું.

અરધી રાતે જગમાલ પાછો આવ્યો. લોકોએ રીડ મચાવી. બધી વાત સુણાવી. મહેવાનાં ઝાડને માથે ધૂળ નાખી પઠાણ પરવરી ગયો. પણ હવે થાય શું ? જગમાલે પાઘ ઉતારી, લપેટો બાંધ્યો. મહેવાને પાદર પાણી મૂક્યું કે મિયાંનો આટો ન કાઢું ત્યાં સુધી પાઘ ન બાંધું, કપડાં ન ધોઉં, દાઢી ન મૂંડાવું.

પાણીની વાત પાટણ પહોંચી. હાથીખાન પઠાણે આઠ હજાર શેપ પઠાણ રાખ્યા, ઈરાની ઘોડા રાખ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુતરનાલ રામસંગી જંજાળો રાખી. ભારે જાપતો રાખ્યો. બે માસ વીતી ગયા. ક્યાંયે ટીકી લાગવા દેતો નથી.

ભૂપત પરધાન વિચારે છે: ' જંગમાલે ભારે આખડી લીધી. આખડી ન ઊતરે તો મહેવાનું પાણી લાજે.

એણે ઈરાની વછેરા લીધા. રાતબ દેવા લાગ્યો. ધળ-પાઉ-ધાને ધરવવા લાગ્યો. એક વરસ આડેધડ ચાર્યાં. ઊભી નાળે ઘી પાયાં. ઘીએ ઘોડાના ડાબલા ભીના કરી દીધા. ટાળી ટાળીને વંકા-આંટિયાળા જુવાનોને વછેરા સોંપી દીધા. પચીસે અસવારને લઈને પોતે ફર્યા કરે છે. કોઈ દિવસ પાંચ કોસ જઈ પાછો આવે, કોઈ દિવસ દસ કોસ કાપી પાછો આવે.

અમદાવાદનો બાદશાહ મહમદ બેગડો. એની દીકરીનું નામ ગીંદોલી. હિંદુરાહે રહે અને હિંદવો ધર્મ પાળે. ગણગોરને દિવસે ગોર માંડે ને ગીત ગાય. ગણગોરને આગલે દિવસે પચીસે અસવારને લઈને ભૂપત પરધાન અમદાવાદ ગયો.

સાંજ પડી. બીજ ઊગી. ગીંદોલી ગોરને પધરાવવા નદીએ ચાલી. ચકડોળે બેસી ગીંદોલી ગોર પાછળ ચાલી જાય છે. નગારાં, ઢોલ, શરણાઈ વાગે છે. બાનડીઓ ગીત ગાય છે. હજારો લોક જોવા ઊમટ્યાં છે. ધૂળનાં ડમ્મર ચડ્યાં છે. કોઈ કોઈને દેખી શકતું નથી.

જેવી ગોર પાણીમાં પધરાવી કે પાણી પાવાને મીષે પાછલે પગે ઘોડાને ચલાવતો ભૂપત પરધાન ગીંદોલી પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી પહોંચ્યો. ઝબ્બ....કરતો લાંબો હાથ કર્યો અને ગીંદોલી શાહજાદીને ઘોડા ઉપર બેસાડી દીધી. હજારો લોકો હાકાબાકા થઇ જુએ છે ત્યાં તો ભૂપતે રાડ દીધી: 'હું જગમાલ માલાવતનો રજપૂત. મહેવામાં કોઈ હતું નહિ ત્યારે હાથીખાન સાત વીસ ગોરણિયુંને ઉપાડી ગયેલો. હું આટલા સિપાઇ–સપરાંના દેખતાં શાહજાદીને લઈ જાઉં છું. કોઈ તાતા ઘોડાના ધણીનું કાળજું ઊકળતું હોય તો વેગે પાછળ આવી પહોંચે.'

પઠાણોએ ઘોડા પાછળ કર્યા. પણ પરધાનના વછેરા રોજ દસ–પંદર કોસ કાપવાવાળા. પાટીએ ચડ્યા પછી પગ હેઠો પડવા દેતા નથી. પઠાણના ઘોડા ટાઢે છાંયે ઊભા રહેનારા. ચાર કોસ એકસાસે દોડતાં હાંફી ગયા, પરસેવો વળી ગયો, મોઢેથી ફીણ નીકળી ગયાં. ઘોડા ઠૂંઠા જેવા થઈ ને ઊભા રહી ગયા. બાદશાહ મહમદ બેગડાને ખબર પડી. પણ રજપૂત હાથથી ગયા પછી શું કરે? ડેરા–તંબુ ઠક્યા રહ્યા. બાદશાહ હાથે બટકાં ભરી ખીજ કાઢવા લાગ્યો.

ભૂપત પરધાને જઇને ગીંદોલી જગમાલને સોંપી. ગીંદોલીને સુખપાલમાં બેસાડી દરબાર લઈ ચાલ્યા. બાનડીઓએ ગીત ગાયાં. ચાર ફેરા ફર્યા અને ગીંદોલીને રાણી સ્થાપી.

આ બાજુ મહમદ બેગડે ફોજો ભેગી કરી. એક પહાડની, એક પાટણની, એક પંચાળની અને એક સોરઠની એમ ચાર ફોજ સાથે પાંચમી હાથીખાન પઠાણની ફોજ લઇને બાદશાહે મહેવાથી ત્રણ કોસ દૂર ડેરા દીધા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગમાલને ખબર પડી, ત્રણ-ચાર હજાર અસવાર ભેગા કર્યા. પણ વિચારે છે કે અસુરની ફોજ ઘણી છે. તરવાર—બરછીએ આરો નહિ આવે. એને તેજસી તુંવરની વાત યાદ આવી ગઈ.

એ ને એ ઘડીએ લાપસી-બાકળા રંધાવ્યા, તલવટ-સાંકળી કરાવી, પાંચસેં-છસેં મણ ધાન રંધાવ્યું. મણ મણ કસૂંબો કઢાવ્યો, ઠૂંગો-તિજારો તૈયાર કરાવ્યો. રાતની ચાર ઘડી જાતાં ત્રણ તાળી દઈ ને જગમાલ બોલ્યો: 'હે તેજસી તુંવરના રજપૂત ! ભીડની વેળા છે. આવી પહોંચજો.'

આટલું કહેતાં ભૂતની ગતિમાંથી ત્રણસેં તુંવર હેઠા ઊતર્યા. પોતેય આવ્યા ને સાથે પ્રેતના બહોળા સાથને લેતા આવ્યા. આવતાંવેંત લાપસી-બાકળા ખાધા. તલવટ-સાંકળી ખાધાં. કસૂંબો-ઠૂંગો કરી મેમંત થઈને ધુધકારી દઈ ઊઠ્યા. એકેએક તુંવરના હાથમાં જગમાલ તરવાર દેતો ગયો અને કહેતો ગયો: 'જાઓ ! તુરક માથે ઊતરી પડો. ઝાટકો દેતાં દેતાં કહેતા જાજો કે 'આ જગમાલની તરવાર.'

સાંભળતાંવેંત રીડિયા-રમણ દેતાં ભૂતનાં ટોળાં તુરકની ફોજ માથે ઊતરી પડ્યાં. ધડોધડ તરવારના ઝાટકા દેતા આવે છે, 'આ જગમાલની તરવાર!' એમ કહેતા આવે છે ને તુરક તેમ જ ઘોડાને ઊભા ઊભા વેતરતા આવે છે. એક ઝાટકો ને એક તુરક હેઠો, બીજો ઝાટકો ને બીજો તુરક હેઠો. ઝાટકાની ઝડીમાર બોલતી આવે છે.

ઝાટકાની ઝડીમાર જોઈ તુરક ભાગી છૂટયા. બાદ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાહ જીવ લઈને ભાગી છૂટયો. જગમાલની ફત્તેહ થઈ અને બાદશાહ અહમદાબાદ ભેગો થઈ ગયો. ભાગતા ભાગતા ખાનઉમરાવ કહેતા જાય છે: 'યારો, કોઈ માનવ-આદમ લડે તો એની સાથે લડીએ. પણ આ તો કોણ જાણે કેટલા યે જગમાલ ઊતરી પડ્યા. ' આ જગમાલની તરવાર!' કહેતા જાય અને મારતા જાય. આ તો કોઈ અજબ તમાશો!'

બાદશાહ પણ હેઠું ઘાલીને કહે: 'યારો, જેને ખુદાઈ મળે એની સામે આદમનું જોર ચાલે નહિ.'

રાત પડતાં બાદશાહ જનાને ગયો. ત્યારે હુરમે પૂછ્યું: 'આ જગમાલની શી વાત છે?'

> બીબી પૂછે ખાનને, જુવે કેટલા જગમાલ?
> પગ પગ નેજા પાડિયા, પગ પગ પાડી ઢાલ.

'હે બાદશાહ! જુધમાં જગમાલ કેટલા હતા?'

બાદશાહ કહે: 'એકેએક પગે એણે ઝાટકા દીધા ને પગે પગે ઢાલ પાડી એની ગણતરી કેમ થાય?'

આ બાજુ જગમાલની ફત્તેહ થઈ. ભૂતડાંને ફરીથી ખવરાવી, રૂડી શીખ દીધી. ગીંદોલીને રાજરાણી થાપી. હજી યે મારવાડમાં ગણગોર ઉપર 'ગીંદોલી'નાં ગીત ગવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા શાલીવાહન

ઉજેણી નગરીમાં રાજા ભોજ રાજ કરે. રાજા ભોજને સાત રાણી. સાત રાણીમાં રાઠોડી રાણી પટરાણી. પટરાણીનાં પૂરાં માનપાન. પટરાણીને બાલે આખો મહેલ ઊભો રહે.

ભગવાને મહેર કરી ને પટરાણીને ઓધાન રહ્યાં. રાજા ભોજના આનંદનો આરોવારો નહિ. એક મહિનો, બે મહિના અને છ મહિના ચડતાં રાજાએ જાણા જોષી તેડાવ્યા. જાણા જોષીએ ટીપણું ઉપાડી જોષ જોયા, પાટી માથે આંકડા માંડ્યા, આંગળીનાં ટેરવાં ગણ્યાં. હરખાઈને જોષી કહેઃ 'મહારાજ! રાણીજીને પૂરા દીએ કુંવર અવતરશે. કુંવર બાપ કરતાં સવાયો દાનેસરી થશે. સવાયો પરાક્રમી ને સવાયો પરદુઃખભંજન થશે. ચકવે એનાં રાજ થશે. દીકરો બાપ કરતાં બમણો વધશે.'

સાંભળતાંવેંત રાજા ભોજ વિચારમાં પડી ગયા. ન બોલ્યા, ન ચાલ્યા ને પાછલા મહેલમાં ચાલ્યા ગયા. રાજા ભોજ તો વિચારવંત રાજા. પણ ગમે તેમ તો યે માણસનો જીવ. એને થયું કે દીકરો મારા કરતાં સવાયો થશે? આજે ચાર ખંડમાં મારાં નામ બોલાય. એને બદલે મારા દીકરાનાં નામ લેવાશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાત પડી ને રાઠોડી રાણી સૂઈ ગયાં કે રાજાએ ચાર મારાને બોલાવ્યા. ચારે મારાને કહેઃ 'રાઠોડી રાણી અત્યારે ભર ઊંઘમાં. એને ઊંઘમાં ને ઊંઘમાં કજળીવન લઈ જાઓ. મારીને એની આંખો મારી પાસે હાજર કરો.'

ચારે મારા રાણીજીને રંગમહેલ આવ્યા. રાણીજી સોનાપલંગે પોઢ્યાં છે ને ઘસઘસ ઊંઘે છે. ચારે મારા સોનાપલંગને ચારે પાયે બેસી ગયા. ચારે પાયા અધરો-અધર ઉપાડી લીધા. ઉપાડીને કજળીવનને મારગે ચાલ્યા. ચારે જણા એવાં પગલાં પાડતા આવે છે કે રાણીજીના પેટનું પાણી યે ન હલે. બે પહોર વીતતાં સવાર પડી ને સવાર પડતાં કજળીવનની વચ્ચોવચ્ચ આવીને ઊભા રહ્યા.

સોનાપલંગને જેવો હેઠો મૂક્યો કે રાઠોડી રાણીની ઊંઘ ઊડી. આંખ ઉઘાડીને જુએ તો ચારે કોર ચાર મારા તરવાર તોળીને ઊભા છે ને ચોય ફરતું કાળું ઘોર કજળીવન છે.

ચારે મારા કહેઃ 'મહારાણીજી! તમારા ઇષ્ટદેવને યાદ કરી લો. તમે હવે આ ધરતીનાં ઘડી બે ઘડીનાં મે'માન છો.'

રાણી કહેઃ 'પણ મારો કાંઈ વાંક, કાંઇ ગુનો?'

મારા કહેઃ 'વાંક-ગુનો અમે શું જાણીએ? અમે તો ચીઠીના ચાકર. મહારાજાનો હુકમ, રાણીજી!'

રાણી કહેઃ 'બીજું તો કાંઇ નહિ. પણ મારા પેટમાં છ માસનાં ઓધાન. મને મારતાં તમને બે હત્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગશે. બાળહત્યા ને સ્ત્રીહત્યા. બબ્બે હત્યામાંથી તમે કયે ભવ છૂટશો?'

મારા કહેઃ 'ત્યારે અમારે શું કરવું, માતાજી?'

રાણી કહેઃ 'એમ કરો. વનનું હરણ મારી એની આંખો રાજાજી પાસે રજૂ કરો. હું અહીંથી મુલકપાર ઊતરી જાઉં. કોઈ દી રાજાજીની આણમાં પગ માંડું નહિ.'

મારા કહેઃ 'ભલે.' ચારે મારાએ વનનું હરણ મારી આંખો કાઢી. આંખો રાજાજી પાસે રજૂ કરી. રાજાએ પોતાને પગે આંખો કચરી આરામની ઊંઘ કરી.

આ બાજુ રાણી કજળીવનમાં હાલ્યાં જાય છે, હાલ્યાં જાય છે. રાણીએ તો કોઈ દિવસ મહેલથી હેઠો પગ માંડ્યો નથી. હાલતાં પગમાં જળેળા પડે ને હીરચીર કાંટે-ઝરડે ચિરાતાં આવે છે. હાલતાં હાલતાં રાણીજી થાક્યાં ને એક વડલા હેઠે બેસી ગયાં. બેઠાં બેઠાં રાણીની આંખે આંસુની ધાર હાલી. રાણી ચોધાર આંસુડે રડ્યા કરે છે. રાણીનું રુદન સાંભળી વનનાં પશુ આવ્યાં, પંખી આવ્યાં, ઝાડ-ઝરણાં થંભી ગયાં.

આ વનમાં થઈ ને એક કુંભાર માટી-ખાણે માટી લેવા જાય. એણે રાણીજીનું રુદન સાંભળ્યું. રુદન સાંભળી રાણીની પાસે આવ્યો. જુએ તો કોઈ અથોક રૂપવાળી બાઈ બેઠી છે. ધારીને નીરખે તો રાઠોડી રાણી પોતે. પાસે આવીને કુંભાર પગે પડ્યો ને બોલ્યોઃ 'અરે રાજમાતા! તમારે શાં દુઃખ કે અહીં કજળીવનમાં બેઠાં રુદન કરો?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણી કહેઃ 'મારો નહિ વાંક, નહિ ગુનો. રાજા મારે માથે કોપાયમાન થયા ને મારા આ હાલ થયા.' આમ કહીને રાણીએ બધી વાત વર્ણવી.

કુંભાર કહેઃ 'રાજમાતા! રાજા એના ઘરના! ચાલો મારે ઘેર. તમે મારાં મા ને હું તમારો દીકરો. ભગવાને સામું જોઈને બટકું રોટલો દીધો છે. અરધો તમે ખાજો, અરધો હું ખાઈશ.'

રાણીજીને લઈને કુંભાર ઘરે આવ્યો. કુંભાર રાણીજીની સેવાચાકરી કરવા લાગ્યો.

એક માસ, બે માસ ને ત્રણ માસ. પૂરા દીએ રાણીજીને ખોળે દીકરો અવતર્યો. દીકરો તો જાણે પૂનમનો ચાંદો, સોનાનું કિરણ. કુંવરનું નામ પાડ્યું શાલીવાહન.

શાલીવાહન દીએ ન વધે એટલો રાતે વધે છે ને રાતે ન વધે એટલો દીએ વધે છે. દોઢ વરસનો થતાં દીકરો દોડવા લાગ્યો અને કુંભારમામાની પડખે રમવા લાગ્યો. કુંભારમામો ટપલાં ટીપતો જાય છે ને ભાણેજને રમવા માટીનાં રમકડાં કરી આપતો જાય છે. માટીના હાથી ને ઘોડા, માટીના માણસ ને માટીના સિપાઈ. પણ શાલીવાહનના હાથમાં તો પદમ-કમળની રેખા. હાથી-ઘોડા માથે હાથ મૂકે કે હરતાફરતા થાય. સાંજ સુધી કુંવર એમની સાથે રમે ને રાત પડ્યે અવળો હાથ ફેરવી રમકડાં અભરાઈએ ચડાવી દે. થોડાં વરસ ગયાં કે ચારે અભરાઈ રમકડાંથી ભરાઈ ગઈ.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જ વખતે ઉજ્જેણી નગરીમાં એક કરોડાધિપતિ શેઠ રહે. શેઠનાં વહાણુ જાવે લાખ લાખના ફેરા કરે. શેઠને ચાર કંધોતર જેવા દીકરા. ચારે દીકરા જાવાનાં વહાણુ ખેડે.

એક વખત ચારે દીકરા જાવાને ફેરે ગયેલા અને શેઠ મરવા પડ્યા. છેલ્લી ઘડીએ શેઠે શેઠાણીને બોલાવ્યાં ને કહ્યું: 'દીકરાને દેખવા તો ન પામ્યો. દીકરા વગર ભાગ પણુ કેમ પડાય? તો યે મારી મેળે ભાગ પાડતો જાઉં છું. આ ઓરડાને ચાર ખૂણે ચાર માટલી મેં દાટી રાખી છે. દરેક દીકરાને એક એક માટલી લઈ લેવાનું કહેજે.'

આટલું કહીને શેઠે આંખ મીંચી. શેઠના મરણુના સમાચાર જાવે ગયા અને ચારે દીકરા વહાણુ વાળી પાછા આવ્યા. ચારે દીકરાએ બાપનું રૂડી રીતે કારજ કર્યું ને જગમેળો કર્યો.

કારજ પૂરું થયે માએ ચારે દીકરાને ભેગા કર્યા ને માટલીની વાત કરી. દીકરાઓએ ઓરડાના ચાર ખૂણા ખોદ્યા. ચાર ખૂણામાંથી ચાર માટલી નીકળી. માટલી ઉઘાડીને જુએ તો એકમાં સોનામહોર, બીજીમાં કાગળ, ત્રીજીમાં હાડકાં ને ચોથીમાં ધૂળનું ઢેફું. ચારે ભાઈ વિચારમાં પડી ગયા. માટલીમાં તો નહિ ધન કે નહિ દોલત. આ ભાગ કઈ જાતના? પણુ એમને થયું કે બાપા વિચારવંત હતા. અમસ્થા આમ ન કરે. વાતમાં કાંઈક મરમ હશે. આવો મરમ રાજા ભોજ વગર કોણુ સમજે?

ચારે ભાઈ રાજા ભોજને દરબાર આવ્યા. આવીને રાજાને બધી વાત કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા ભોજે ચારે મટકાં જોયાં. આમ જોયાં, તેમ જોયાં પણ બીજું કાંઈ દેખાય નહિ. રાજાને ય કાંઈ સમજ પડી નહિ. માથું હલાવીને કહેઃ 'આ વાત મારી સમજની બહાર. બીજા કોઈ ને પૂછી જુઓ.'

ચારે ભાઈ ઓએ માથે મટકાં લીધાં ને ગામ પરગામ ફરવા લાગ્યા. ગામમાં કોઈ સમજુ, કોઈ શાણા માણસ સંભળાય એની પાસે જાય ને પોતાની વાત રજૂ કરે. વાત સાંભળીને ભલભલા શાણા–સમજુ માથાં હલાવે ને ચારે ભાઈ નિરાશ થઈ આગળ ચાલતા થાય.

ચાલતાં ચાલતાં તેઓ જે ગામમાં શાલીવાહન રહે ત્યાં આવ્યા. શાલીવાહન બેઠો માટીને ઘોડે રમ્યા કરે. ત્યાંથી ચારે ભાઈ નીકળ્યા. શાલીવાહન નજર કરે તો ચાર જુવાનજોધ માથે મટકાં મૂકીને ચાલ્યા જાય. જોતાં એને અચરજ થઈ અને ઊભા રાખીને વાત પૂછી. ચારે ભાઈ-ઓએ બધી વાત કરી. વાત સાંભળીને શાલીવાહન કહેઃ 'બસ, આટલી જ વાત છે ને? તમારો તોડ હું લાવી દઉં, પછી કાંઈ?'

ચારે ભાઈ કહેઃ 'તો તો તારા જેવો ભગવાને ય નહિ, ભાઈ.'

ચારે ભાઈ ઓએ મટકાં હેઠાં મૂકયાં કે શાલીવાહન કહેઃ 'ચારે જણા એક એક મટકું લઈ લો.' ચારે ભાઈ-ઓએ એક એક મટકું લઈ લીધું. મોટાભાઈના હાથમાં સોનામહોરવાળું મટકું આવ્યું, બીજા ભાઈના હાથમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાગળવાળું, ત્રીજા ભાઈના હાથમાં હાડકાવાળું અને ચોથા ભાઈના હાથમાં માટીના ઢેફાવાળું મટકું આવ્યું.

હવે શાલીવાહન કહેઃ 'જેના હાથમાં સોનામહોરવાળું મટકું છે એને શેઠ પોતાના રોકડ રૂપિયા અને સોનું-ચાંદી આપી ગયા છે. જેના હાથમાં કાગળવાળું મટકું છે એને શેઠ પોતાનો વ્યાજવટાવનો ધંધો આપી ગયા છે. જેના હાથમાં હાડકાવાળું મટકું છે એને શેઠ પોતાનાં ઢોરઢાંખર ને નોકરચાકર સોંપી ગયા છે. અને જેના હાથમાં માટીના ઢેફાવાળું મટકું છે એને શેઠ પોતાની જમીન અને મકાન આપી ગયા છે. જાઓ, આ પ્રમાણે તમે તમારો ભાગ સંભાળી લો.'

શેઠ તો કરોડાધિપતિ હતા. એમની પાસે આ ચારે જાતની સંપત્તિ સરખા પ્રમાણમાં. આવા સરખા ભાગ પડતાં ચારે ભાઈ રાજી રાજી થઈ ગયા ને શાલીવાહનને શાબાશી દેતા પાછા ફર્યા. આવીને ચારે ભાઈઓએ ભાગ પાડી લીધા ને રાજા ભોજને સમાચાર કહાવ્યા કેઃ 'મહારાજ! આપે તો અમારી વાતનો તોડ ન કાઢી દીધો. પણ પાસેના ગામના એક કુંભારના નાનકડા છોકરે ઊભાઊભ અમારો તોડ લાવી દીધો.'

સાંભળીને રાજા ભોજને શરમ થઈ એને થયું કેઃ 'હું રાજા ભોજ! મારો ન્યાય સાંભળવા ચારે મુલકનાં લોક આવે. પણ આ તોડ મારાથી ન નીકળ્યો એ એક નાનકડા છોકરે કાઢી દીધો? મારા કરતાં સવાયો વળી કોણ નીકળ્યો?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરત હુકમ દીધો: 'હાં, કોઈ હાજર છે કે?'

ચારે પાસથી ચોપદાર–છડીદાર દોડી આવ્યા ને કહે: 'હા મહારાજ, એક કહેતાં એકવીસ હાજર છે. ફરમાવો.'

રાજા ભોજ કહે: 'જાઓ પાસેને ગામ. જઈ ને કુંભારના છોકરાને પકડી આવો.'

ચાર ચોપદાર પાસેના ગામ પહોંચ્યા. જઈને જુએ તો શાલીવાહન બેઠો માટીને હાથી–ઘોડે રમ્યા કરે. ચોપદાર એને કહે: 'ચાલ, તને રાજા ભોજ બોલાવે.'

શાલીવાહન કહે: 'રાજા એના ઘરનો. જાઓ એને કહેજો કે કામ હોય તો અહીં આવે. હું આવવા નવરો નથી.'

ચારે ચોપદાર પાછા આવ્યા. આવીને રાજાને વાત કરી. રાજા ભોજને થયું કે: 'હે રાજા ભોજ! મારી આણ ચાર ખંડમાં ફરે. મને ના પાડનાર આ છોકરો કોણ?'

એણે હુકમ દીધો: 'હાં, દો નગારે ઘાવ ને કરો ફોજ તૈયાર.' રાજા લખોમખ સેના ફોજ લઈ ને પાસેના ગામ ઉપર ઊતરી પડયો.

ગામને સીમાડે સેનાની ધકબક બોલી કે શાલીવાહનને ખબર પડી. તરત એણે અભરાઈએથી હાથીઘોડા ઉતાર્યા. માણસ–સિપાઈ ઉતાર્યા. અને બધા માથે હાથ ફેરવ્યો. હાથ ફેરવતાં ભેગા હાથી–ઘોડા હરતાફરતા થયા. પોતાની સેના સજ્જ કરીને શાલીવાહન સામો ચાલ્યો. જતાં જતાં એની મા કહે: 'બેટા! બધાને મારજે, પણ રાજાને ન મારીશ. રાજા ભોજ તો ધરતીનો થાંભલો. ગરીબનો આધાર.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાલીવાહન કહે: ' ભલે. '

ગામના પાદરમાં જ બન્ને સેનાનો સામસામો ભેટો થયો. ઘોર ઘમસાણ મચ્યું. ટપોટપ બેય બાજુ માણસ મરવા લાગ્યા. પણ શાલીવાહનના હાથમાં તો પદમકમળ-ની રેખા. જેવા એના માણસ મરે કે એ માથે હાથ ફેરવે ને તરત એના માણસ સજીવન થાય. સજીવન થઈને લડવા લાગે. પહોર દી વીતતાં તો રાજાની સેના સાફ થઈ ગઈ. એકલો રાજા ભોજ બાકી રહ્યો. રાજા ભોજને શાલીવાહ-ને પકડી લીધો. પકડીને પોતાનો ઘેર લાવ્યો. ઘરમાં એક ખાટલા માથે બેસાડી દીધો. જઈને પોતાની માને વાત કરી.

તરત રાઠોડી રાણી રાજા પાસે આવી. રાજાને પગે પડી. શાલીવાહનને કહે: ' બેટા! પગે પડ. આ તો તારા પિતાજી. '

કુંભારે આવીને બધી વાત કરી. રાજાને થયું કે: ' લખ્યા લેખ કાંઈ મટે છે! દીકરો મારા કરતાં સવાયો ન્યાયી ને સવાયો પરાક્રમી નીવડ્યો. આ તો મારું નામ ઉજાળશે.'

તરત રાજાએ શાલીવાહનને બથમાં લીધો. રાણીને માથે હાથ મૂક્યો.

રાઠોડી રાણીને અને શાલીવાહનને લઈને રાજા ઉજેણી આવ્યો. રાજગાદી પર શાલીવાહનને બેસાડી દીધો ને પોતે ધરમધ્યાન કરવા કજળીવનમાં રાઠોડી રાણી સાથે ચાલી નીકળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલકુ ને શરકુ

એક ગામમાં કોઈ ખેડૂત રહે. ખેડૂતને બે વહુ. એક ડાહી અને બીજી ગાંડી. બેય વહુને એક એક દીકરો. ડાહીના દીકરાનું નામ અલકુ અને ગાંડીના દીકરાનું નામ શરકુ.

ડાહી આખો દિવસ ઘરનું કામ કર્યા કરે અને છોકરા સાચવ્યા કરે. ગાંડી આખો દિવસ રખડ્યા કરે અને જેની-તેની સાથે બાઝ્યા કરે. એને ઉગમણે જવાનું કહે તો આથમણી નીકળે અને આથમણે જવાનું કહે તો ઉગમણી નીકળે. કહે એથી ઊંધી જ હાલે. પછી તો ડાહી સમજી ગઈ. ગાંડી પાસે કાંઈક કામ કરાવવું હોય તો એનાથી ઊંધું જ કહે. તરત ગાંડી એ કામ કરી નાખે.

એક વખત ડાહી માંદી પડી. માંદગી એવી ભયંકર નીવડી કે એને મોત નજીક દેખાયું. તરત એણે ગાંડીને તેની મરણપથારીએ બોલાવી અને સૂચના આપી: 'જો, બહેન! હું તો મરવા પડી છું. જીવું કે મરું એ ભગવાનને હાથ છે. પણ ધાર કે ભગવાન મને બોલાવી લે તો બે વેણ તને કહેતી જાઉં છું.

'મારા દીકરા અલકુને તો તું ઓળખે છે. એને ખેડ કરવી ગમતી નથી અને આખો દિવસ નિશાળે ચોપડાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચૂંથ્યા કરે છે. પણ ચોપડાં ચૂંથ્યે કાંઈ પેટ ન ભરાય. એને રોજ ખેડ કરવા ખેતરે મોકલજે. જાડામોટા રોટલા ખાવા આપજે અને થાગડથીગડ લૂગડાં પહેરાવજે.

'અને શરકુ તો કેવો હોશિયાર છે! એને રોજ નિશાળે ભણવા મોકલજે. ભણીગણીને એ મોટો સાહેબ થશે. એને સારાં સારાં લૂગડાં પહેરાવજે અને મીઠું મીઠું ખવરાવજે.'

ગાંડી કહે: 'ભલે.'

થોડા દિવસ થયા અને ડાહી મરી ગઈ. ડાહીને દાટી આવીને ગાંડી વિચાર કરવા બેઠી: 'ડાહી મને કહેતી ગઈ છે કે અલકુને ખેતરે મોકલજે અને શરકુને નિશાળે મોકલજે. નિશાળે તો માસ્તર માર મારે. મારા છોકરાને માર ખવરાવવાનો જ એનો ઈરાદો હશે. પણ હું એવી ગાંડી ક્યાં છું? એના છોકરા અલકુને જ નિશાળે મોકલું અને મારા છોકરા શરકુને તો ખેતરે મોકલું.'

આમ વિચારી તરત એણે અલકુ–શરકુને બોલાવ્યા અને કહી દીધું: 'જો અલકુ! તારે આજથી બરાબર નિશાળે જવાનું છે. અને એલા શરકુ! તારે આજથી ખેડ કરવા જવાનું છે.'

આમ કહી તેણે શરકુને થાગડથીગડ લૂગડાં પહેરાવી, જાડામોટા રોટલાનું ભાત બંધાવી ખેતરે મોકલ્યો. અને સારાં સારાં લૂગડાં પહેરાવી, ઘી–ગોળ અને રોટલી આપી અલકુને નિશાળે મોકલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરકુ બરાબર એની મા જેવો જ હતો. એને અને ભણવાને બારમો ચંદ્રમા. એને ભણતર છોડી ખેતરે જવાનું મળ્યું એટલે રાજી રાજી થઈ ગયો અને ઊંધું ઘાલીને ખેડ કરવા લાગ્યો.

અલકુને તો ભણવાનો શોખ હતો અને નિશાળે જવાનું મળ્યું. મન દઈને એ ભણવા લાગ્યો અને થોડાં વરસમાં ભણીગણીને તાલુકાનો તલાટી થઈ ગયો. અલકુ આખો દિવસ ચોરે બેસે અને લેણાંદેણાં પતાવે.

એક દિવસ એવું બન્યું કે ખેતર ખેડતાં સવારના પહોરમાં જ શરકુનું હળ ભાંગી ગયું. હળ ખભે નાખીને એ સુતાર પાસે હળ સમું કરાવવા ગામમાં આવ્યો. હળ સમું કરતાં બપોર થઈ ગયા એટલે શરકુને થયું: 'લાવ ને ઘેર જઈને ખાતો જાઉં. માને નકામો ભાતનો ફેરો મટે.'

ઘેર જઈને માને કહે: 'મા, મા, ખાવા દે.'

મા કહે: 'લઈ લે તારી મેળે, એ રસોડામાં ઢાંક્યું. પણ જોજે, ઉપર ડુંગળી–રોટલો પડ્યાં છે એ તારાં છે અને ઘી–ગોળ–રોટલી પડ્યાં છે એ અલકુનાં છે. ડુંગળી-રોટલો ખાઈ લેજે અને ઘી–ગોળ–રોટલી રાખી મૂકજે. હમણાં અલકુ યે ખાવા આવશે.'

શરકુ રસોડામાં ગયો. પણ ઘી–ગોળ–રોટલી જોઈ ને એના મોઢામાં પાણી આવી ગયાં. ડુંગળી–રોટલો પછાડીને એ બબડ્યો: 'હું આખો દિવસ ખેડ કરી તૂટી મરું છું તો યે મને ડુંગળી–રોટલો. અને અલકુ આખો દિવસ પગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર પગ ચડાવી ચોરે બેઠો રહે છે એને ઘી–ગોળ–રોટલી.' આમ બબડી એ ઘી–ગોળ–રોટલી ખાઈ ગયો અને બહાર નીકળી બોલ્યો: ' હું આજથી ખેડ કરવા નથી જવાનો. હું તો આ ચાલ્યો ચોરે. અને શું તલાટી-ગીરી કરતાં નહિ આવડતું હોય? ખેડ કરવા મોકલવો હોય તો મોકલજે અલકુને.'

આમ કહી એ ચોરે આવ્યો અને અલકુ ઘેર ખાવા આવ્યો. મા કહે: ' બેટા! તારાં ઘી–ગોળ–રોટલી શરકુ ખાઈ ગયો છે. આજથી એ ચોરે જશે અને તું ખેતરે જજે. હમણાં હું તને ખેતરે ભાત પહોંચાડું છું.'

અલકુ કહે: ' ભલે.' એ તરત હળ લઈને ખેતરે હાલ્યો અને ખેતરે ખેડવા લાગ્યો.

આ બાજુ શરકુ ચોરે જઈને બેઠો. ગંદાં–ગોબરાં લૂગડાં પહેર્યાં છે અને ખભે પછેડી નાખી છે. થોડી વાર થઈ ત્યાં ચોરેથી ફોજદાર નીકળ્યા. ફોજદાર પાસે બે–ચાર પોટલાં હતાં. એમણે ચોરા પર બેઠેલા એક ચોકીદારને કહ્યું: ' ક્યાંકથી એકાદ મજૂર લઈ આવ ને; આ પોટલાં તાલુકે લઈ જવાં છે.'

ચોકીદાર કહે: ' અત્યારે તો બધા ખેડૂત ખેતરે ગયા હશે. મજૂર તો નહિ મળે.'

ત્યાં તો ફોજદારની નજર શરકુ ઉપર પડી. તરત એણે કહ્યું: ' આ બેઠો કોઈ મજૂર. મૂક પોટલાં એને માથે.'

શરકુએ રાડ નાખી: ' હું શું મજૂર છું? હું તો ગામનો જમીનદાર છું જમીનદાર.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફોજદાર હસી પડચો. એ કહે: 'હા, તારા દીદાર તો જમીનદાર જેવા જ છે.' એમ કહી એણે શરકુને એવી બે લાકડી લગાવી કે શરકુ સીધોદોર થઈ ગયો. એને માથે પોટલાં મુકાવીને ફોજદાર તાલુકે રવાના થયો. તાલુકાનું ગામ પાંચ-છ ગાઉ દૂર હતું. ઠેઠ ત્યાં સુધી પોટલાં પહોંચાડીને શરકુ સાંજે પાછો આવ્યો ત્યારે એનાં અંગે-અંગ કળતાં હતાં અને પગ બળતા હતા.

અલકુ ખેતરેથી આવીને બેઠો બેઠો શરકુની રાહ જોતો હતો. એણે પૂછ્યું: 'અરે શરકુ! અત્યાર સુધી ક્યાં ગયો હતો?'

શરકુએ બધી વાત કરી. અલકુ કહે: 'ભાઈ, એ કામ તારું નહિ. કાલથી તું તારે ખેતરે જજે.'

શરકુ માથું ધુણાવી કહે: 'ના રે, આજ ન આવડ્યું તો કાલે આવડી જશે. હું તો ખેતરે નહિ જાઉં.'

અલકુ કહે: 'તો તારી મરજી. લે આ રૂપિયા. આવતી કાલે તાલુકે ભરણું ભરવાનું છે એ ભરી આવજે.'

શરકુ કહે: 'ભલે.'

: ૨ :

બીજે દિવસે વહેલી સવારે શરકુ નીકળી પડચો. રસ્તામાં રોટલા કરાવવા એક લૂગડામાં શેર લોટ બાંધી લીધો અને લોટમાં અલકુએ આપેલા રૂપિયા મૂકી દીધા. ચાલતો ચાલતો બપોરે લાલપુર નામે એક ગામે પહોંચ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામમાં એણે એક ભઠિયારીનું ઘર ગોતી કાઢ્યું અને કહ્યું: 'લે આ લોટ. એ રોટલા ઘડી દે.'

પોટલીનો ભાર જોઈને ભઠિયારી વિચારમાં પડી ગઈ. પોટલી ઉઘાડીને જુએ તો લોટમાં રૂપિયા. એણે શરકુને પૂછ્યું: 'આ લોટ ચાળેલો છે કે નહિ?'

શરકુ કહે: 'ચાળેલો હોય કે ન હોય, તું તારે રોટલા ઘડી દે ને.'

ભઠિયારીએ લોટ ચાળીને રૂપિયા લઈ લીધા અને રોટલા ઘડી દીધા. ખાઈ કરીને શરકુ તાલુકે જવા ઊઠ્યો કે એને રૂપિયા યાદ આવ્યા. એ ભઠિયારીને કહે: 'લોટમાં રૂપિયા હતા એ લાવ.'

ભઠિયારી કહે: 'મેં તો તને પૂછ્યું હતું કે લોટ ચાળેલો છે કે નહિ? મેં રૂપિયા તો સાચવી રાખ્યા છે પણ બે-ચાર અણદીઠી-અણસાંભળી વાત કર તો રૂપિયા આપું.'

શરકુ મૂંઝાઈ ગયો. બે-ચાર અણદીઠી-અણસાંભળી વાત કેમ કરવી? એ તો માથું ખંજવાળતો ચાલી નીકળ્યો. પણ પૈસા વિના તાલુકે જઈને કરવું શું? સાંજ સુધી આમતેમ ભટકયા કર્યો અને સાંજે ઘેર પહોંચ્યો. અલકુ એની વાટ જોઈને જ બેઠો હતો. એ આવ્યો એટલે અલકુએ પૂછ્યું: 'કાં, તાલુકે ભરણું ભરી આવ્યો?'

શરકુ કહે: 'ભરણું ભરી આવે શું રાખ? મેં તો રૂપિયા લોટ ભેગા બાંધેલા અને રોટલા ઘડવા લોટ ભઠિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારીને દીધેલો. રોટલા ખાઈ ભઠિયારી પાસે રૂપિયા માગ્યા. તો કહે કે બે–ચાર અણદીઠી–અણસાંભળી વાત કર તો રૂપિયા આપું. મારે બે–ચાર અણદીઠી–અણસાંભળી વાત તો કેમ કરવી ? હું તો આ આવ્યો પાછો.'

અલકુ કહે: 'હું તો તને કહેતો હતો કે તને એ કામ નહિ ફાવે. જો, આપણો એક બળદ માંદો પડયો છે. લે આ પૈસા. બીજો બળદ કાલ વેચાતો લઈ આવજે અને ખેડ કરવા લાગજે. હું ભઠિયારીને બે–ચાર અણદીઠી–અણસાંભળી વાત કરીને રૂપિયા પાછા લઈ આવીશ.'

શરકુને થયું કે હાશ, છૂટયા.

અલકુએ ગામમાં જઈને થોડીક પિત્તળની વીંટીઓ ખરીદી. વીંટીઓ ઘેર લાવીને લિંબુને પાણીએ ઊટકી નાખી અને સોના જેવી ચળકતી કરી દીધી. એ પછી વીંટીઓને લોટમાં નાખી. લોટ બાંધી એ તાલુકે જવા ચાલી નીકળ્યો. બરાબર બપોર થતાં લાલપુર પહોંચ્યો. પેલી ભઠિયારી પાસે જઈને કહે: 'લે આ લોટ અને રોટલા ઘડી દે.' લોટની પોટલી જોઈ ભઠિયારી કહે: 'લોટ ચાળેલો છે કે નહિ ?'

અલકુ કહે: 'એની તારે શી પંચાત! રોટલા ઘડી દેને!'

ભઠિયારી અલકુની સામે જ લોટ ચાળવા બેઠી. જ્યાં લોટ ચાળે ત્યાં અંદરથી વીંટીઓ નીકળી. વીંટીઓ અસલ સોનાની જ જોઈ લો. ભઠિયારી કહે: 'અરે, આમાં તો સોનાની વીંટીઓ છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલકુ કહે: 'હા હા, હું ચાલ્યો આવતો હતો ત્યાં રસ્તામાં વડ હેઠે બેઠેલો. વડની આથમણી ડાળમાંથી આવી વીંટીઓ ખર્યા કરે છે. મેં આટલી વીંટી ઝીલી લીધી અને લોટમાં નાખી. વધારે ઉપાડીને રાખવી પણ ક્યાં?'

ભઠિયારી કહે: 'હજી યે વીંટીઓ ત્યાં ખરતી હશે?'

અલકુ કહે: 'હોવ્યે, આખો દિવસ ખર્યા જ કરે છે. સૂપડાંનાં સૂપડાં ભરાય એટલી પડી છે. જોઈએ એટલી લઈ લો ને. કોઈ નામ જ ન લે.'

વડનું ઠેકાણું પૂછીને ભઠિયારી વડ તરફ દોડી.

થોડી વાર થઈ ત્યાં લાકડાંનો ભારો લઈને ભઠિયારો ઘેર આવ્યો. જુએ તો ભઠિયારી ઘરમાં નહિ. એણે અલકુને પૂછ્યું: 'હેં ભાઈ, મારી ભઠિયારી ક્યાં ગઈ છે એની તમને કાંઈ ખબર?'

અલકુ કહે: 'હંઅ....અ....અ. હમણાં કોઈ માણસ આ રસ્તે નીકળેલો. એ બે-ત્રણ વાર બારણા પાસે આમતેમ આવેલો અને આંખના ઇશારા મારતો ગયેલો. તમારી વહુ એની પાછળ પાછળ ગયાં છે.'

સાંભળતાં જ ભઠિયારો ધૂંવાંપૂંવાં થઈ ગયો અને બોલ્યો: 'એ લુચ્ચી ગઈ કયે રસ્તે?'

અલકુએ એને મારગ બતાવ્યો એટલે ભારામાંથી એક લાંબો સોટો તાણી એ છલાંગો મારતો ઊપડ્યો. થોડેક આઘે જાય ત્યાં ભઠિયારી સામે મળી. તરત ભઠિયારે એનો કાન ઝાલ્યો અને ત્રાડ મારીને પૂછ્યું: 'તું ગઈ'તી ક્યાં?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વડ હેઠેથી વીંટીઓ નહિ મળેલી તેથી નિરાશ થઈને પાછી ફરતી ભઠિયારી મોડી પડી ગયેલી. એમાં તરત એનો ધણી સામો મળ્યો અને આવો સવાલ પૂછ્યો. એને તે શું જવાબ આપે? ભઠિયારી બેબાકળી થઈને કહેઃ 'આ બાજુ જરાક કામ હતું તેથી ગયેલી.'

ભઠિયારો કહેઃ 'તારે એ બાજુ શું કામ હતું? કોઈક માણસ તારી સામે ઇશારા કરતો હતો એ ગયો ક્યાં? બોલ!'

ભઠિયારી કહેઃ 'કયો માણસ વળી?'

ભઠિયારો કહેઃ 'એક તો ઘરમાંથી કોઈકની વાંસે વાંસે ભાગી ગયેલી અને હવે ખોટું બોલે છે?' આમ કહી એણે ધડધડ કરતાં ભઠિયારીને સોટા લગાવવા શરૂ કર્યા. ભઠિયારી હાથેપગે લાગી ત્યારે માંડ ભઠિયારે એને છોડી.

આ ભઠિયારાંને એક દીકરી. હમણાં જ એ સાસરેથી પિયેર પાછી આવેલી. અલકુ એકલો પડ્યો એટલે છોકરી-ને પૂછવા લાગ્યોઃ 'હેં બહેન, તારું સાસરું ક્યાં આવ્યું?'

છોકરી કહેઃ 'રંગપુર.'

અલકુ કહેઃ 'ઠીક.'

બીજે દિવસે અલકુ ગામમાં ફરવા નીકળ્યો. જઈને ચોરા માથે બેઠો. થોડીક વાર થઈ ત્યાં એક મુસાફર ત્યાંથી નીકળ્યો. અલકુ કહેઃ 'ભાઈ, કયે ગામ જવું?'

મુસાફર કહેઃ 'રંગપુર.'

અલકુ કહેઃ 'ભાઈ, એક કામ કરજો ને. ત્યાંના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભઠિયારાને ઘેર અહીંના ભઠિયારાની દીકરી પરણાવી છે. એ દીકરી કાલ વગડામાં છાણાં વીણવા ગયેલી. ત્યાં એને એરુ આભડી ગયો અને બિચારી મરી ગઈ. બિચારાં ભઠિયારો–ભઠિયારી કલ્પાંત કરે છે. આખા ગામનાં માણસ એમને છાનાં રાખવા જાય છે પણ છાનાં રહેતાં નથી. આમાં એમને સંદેશો મોકલવાનું તો ક્યાંથી સૂઝે ? તમે રંગપુરના ભઠિયારાને આટલો સંદેશો પહોંચાડજો ને !'

મુસાફર કહે: 'ભલે.'

ચોરેથી ઊઠીને અલકુ ઘેર આવ્યો અને ભઠિયારીને કહે: 'હમણાં એક મુસાફર અહીંથી નીકળ્યો હતો. એણે સમાચાર દીધા કે રંગપુરના ભઠિયારાનો દીકરો વગડામાં લાકડાં લેવા ગયેલો ત્યાં એને વરુએ ફાડી ખાધો. બિચારાને એકનો એક દીકરો હતો અને ભઠિયારાં દીકરા વિનાનાં થઈ ગયાં.'

ભઠિયારી કહે: 'અરે, એ તો અમારો જમાઈ થાય. એની મા હતી જ લોભણી. એ લોભણીએ લોભમાં ને લોભમાં મારી દીકરીનો ચૂડો ભાંગ્યો. જાવા દે હમણાં ને હમણાં રંગપુર.'

આમ કહી ભઠિયારી રંગપુર તરફ ઊપડી. પેલી બાજુ મુસાફરે રંગપુર સમાચાર પહોંચાડ્યા તેથી છોકરીની સાસુ લાલપુર આવવા ઊપડેલી. અડધે રસ્તે બન્ને વેવાણો સામી મળી. તરત રંગપુરની ભઠિયારીએ રાડ દીધી: 'લોભણીની સરદાર ! તેં મારી વહુને એરુ કરડાવવા છાણાં વીણવા મોકલી જ કેમ ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બોલે તે પહેલાં જ લાલપુરની ભઠિયારીએ સામેથી રાડ દીધી: 'લોભણીની સરદાર! તેં મારા જમાઈને વરુ પાસે મરાવી નાખવા લાકડાં લેવા મોકલ્યો જ શું કામ?'

આમ બોલતી બોલતી બન્ને વેવાણો લાંબા લાંબા હાથ કરી એકબીજીને ગાળો દેવા લાગી અને થોડીક વાર થઈ ત્યાં હાથોહાથ આવી ગઈ. ધડાધડ એકબીજીને ઢીંકા-પાટુ મારવા લાગી. અને ચોટલા ખેંચી લૂગડાંના ચીરા ઉડાડવા લાગી. બેયનાં લૂગડાંના ચીરા પવનમાં ઊડવા લાગ્યા અને જીંથરપીંથર વાળ ઝૂલવા લાગ્યા.

થોડીક વારે બન્ને થાકી ગઈ અને લોથપોથ થઈને બેસી ગઈ. ધમણ ધમતા શ્વાસે રંગપુરવાળી ભઠિયારી બોલી: 'હમણા મારા જુવાનજોધ દીકરાને મોકલું અને તારાં હાડકાં ભંગાવું.'

લાલપુરવાળી ભઠિયારી કહે: 'હમણાં મારી દીકરીને જ રંગપુર મોકલું અને તારી ખબર લેવરાવું.'

રંગપુરવાળી કહે: 'પણ તારી દીકરીને તો એરુએ ફટકાવી છે ને? મારી ખબર લેવા કોણ આવશે?'

લાલપુરવાળી કહે: 'એરુ ફટકાવે તને. મારી દીકરી તો એ મજાની બેઠી. અને તારા દીકરાને તો વરુએ ફાડી ખાધો છે ને તું કોને મોકલીશ?'

રંગપુરવાળી કહે: 'વરુ ફાડી ખાય તને. મારો દીકરો તો એ જુવાનજોધ બેઠો મજા કરે.'

એકબીજીની વાત સાંભળીને બન્ને ઠરી જ ગઈ. શાંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈને એકબીજીએ વાતો કરી તો બધી વાતની સમજ પડી. એકબીજાની માફી માગીને રંગપુરવાળી ભઠિયારી રંગપુર ઊપડી અને લાલપુરવાળી ભઠિયારી લાલપુર આવી. આવીને અલકુને કહે: 'એલા! કેમ આવી ખોટી ખોટી વાતો કરીને મને હેરાન કરે છે?'

અલકુ કહે: 'જુઓ બહેન! હું ખોટી ખોટી વાતો કાંઈ કરતો નથી. તમે કાલે મારા ભાઈ શરકુને બે-ચાર અણદીઠી--અણસાંભળી વાત કરે તો જ રૂપિયા પાછા આપવાનું કહેલું ને? મને આવડે છે તેથી બે અણદીઠી વાત કરી. હજી બે અણસાંભળી વાત કરવાની બાકી છે. કાલ શરકુ પાસેથી રૂપિયા લઈ લીધા છે એ પાછા આપી દો, નહિ તો મારે બાકી રહેલી બે અણસાંભળી વાત કરવી પડશે.'

બે અણદીઠી વાત કરતાં આટલી હેરાન કરી તો હજી બે અણસાંભળી વાત કરતાં કેટલી યે હેરાન કરે એમ ધારીને તરત ભઠિયારીએ અલકુને રૂપિયા ગણી દીધા. રૂપિયા લઈને અલકુ તાલુકે ગયો અને ભરણું ભરી આવ્યો.

: ૩ :

ભરણું ભરીને ઘેર આવે ત્યાં શરકુ લમણે હાથ દઈને ઓસરીમાં બેઠેલો. એનું મોઢું જોઈ ને અલકુ કહે: 'કાં શરકુ? પછી નવો બળદ વેચાતો લઈ આવ્યો?'

શરકુ કહે: 'નવો બળદ લઈ આવે શું રાખ! હું તો બળદ ખરીદવા આખો દેશ રખડી વળ્યો તો યે સારો બળદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન મળ્યો. છેવટ એક પાડો ખરીદ્યો. પાડો લઈને ખાનપુરમાંથી નીકળ્યો, તો આખા ગામનાં માણસો ભેગાં થઈ ગયાં. બધાં ભેગાં થઈને કહેઃ 'અરે! આ પાડો તો જંગલી છે જંગલી. કાંધે હળ નાખશો કે હળના કટકા કરી નાખશે અને તમારા ફોદા કાઢી નાખશે.' મને થયું કે આવો પાડો લઈને ઘેર જઈશ તો વળી તું ખિજાઈશ. એટલે પાડો ખાનપુર મૂકીને હું તો હાલ્યો આવ્યો.'

અલકુ શરકુ ઉપર ધૂંવાંપૂંવાં થઈ ગયો. કહેઃ 'ગાંડા, એક તો પૈસા પાણીમાં નાખ્યા અને ઉપર જતાં અક્કલની વાતો કરે છે? જા, પેલો પાડો લઈ આવ ત્યારે જ ઘરમાં પગ મૂકજે. ખાનપુરમાં તો ધુતારા વસે છે. એ તને ધૂતી ગયા!'

શરકુ ખિજાતો ખિજાતો ઘર બહાર નીકળી ગયો. એને થયું કે રોજ ને રોજ અલકુ મારા પર ખિજાયા કરે છે. એ કરતાં ક્યાંક નોકરી જ ગોતી લેવા દે. ઘેર પાછું જવું નહિ અને અલકુની ખીજ સહન કરવી નહિ.

આમ વિચારી એ ચાલતો થયો. ચાલતો ચાલતો એ માનપુર આવ્યો. માનપુર આવીને ગામને ચોરે બેઠો. એ ગામમાં એક મોટો જમીનદાર રહે. જમીનદાર ચોરા પાસેથી નીકળ્યો. શરકુને જોઈ કહેઃ 'એલા, કેમ આવ્યો છે?'

શરકુ કહેઃ 'મળે તો નોકરી કરવા આવ્યો છું.'

જમીનદાર કહેઃ 'નોકરી તો હું આપું. પણ એક શરત.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરકુ કહે: ‘ કહો. ’

જમીનદાર કહે: ‘ નોકરી કરતાં તું ખિજાઈ જા તો તારી એક આંખ લઉં અને હું ખિજાઈ જાઉં તો મારી આંખ દઉં. પણ ખ્યાલ રાખજે, નવાણું આંખ મૂકીને ગયા છે. તું વળી એક વધારે. ’

શરકુ કહે: ‘ ભલે. એ શરત તો કબૂલ. કામ શું કરવાનું છે એ કહો ને ? ’

જમીનદાર કહે: ‘ જો, કામ તો ઝાઝું નથી. રોજ છ એકર ખેતર ખેડી, એટલા ખેતરને ચારે ખૂણે વાડ કરી, શિકાર કરી, ઘોડી માટે ઘાસ અને રાંધવા માટે લાકડાં લેતા આવી, સાંજે મારી રસોઈ કરવી. ’

શરકુ કહે: ‘ ભલે. ’

બીજે દિવસે સવારમાં શરકુ બળદ લઈને ખેતરે ઊપડ્યો. જુએ તો ખેતર એક ટેકરીની તળેટીમાં આવેલું. આખું ખેતર પથરાળ. તો યે શરકુ હળ હાંકવા લાગ્યો. પણ પથ્થરમાં હળ હાલે નહિ અને બળદ ડગ માંડે નહિ. અલ્લાહતોબાએ બપોર સુધી હળ હાંક્યું ત્યાં શરકુ થાકી ગયો. પાછળ નજર ફેરવે તો માંડ અર્ધું એકર ખેતર ખેડાયેલું. હજી સાડા પાંચ એકર ખેતર ખેડવાનું. ખેતરને વાડ કરવાની, ખડ વાઢવાનું અને લાકડાં લાવવાનું તો બાકી હતું. એ બધું થાય ક્યારે ? થાકીપાકીને વિચાર કરતો શરકુ એક ઝાડ નીચે જઈને જરા આડો પડ્યો કે ઊંઘ આવી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડીક વાર થઈ ત્યાં ઘેરથી કાણી ભતવારી ભાત લઈ ને આવી. શરકુને ઉઠાડીને કહેઃ 'લે આ ભાત, જમીનદાર સાહેબે ભાતમાં રોટલા બાંધી દીધા છે. પણ કહ્યું છે કે ઉપરની એક પણ ગાંઠ છોડ્યા વિના રોટલા ખાઈ લેજે.'

શરકુ જુએ તો ભાતને ગાંઠ ઉપર ગાંઠ જકડાવીને બાંધેલી. ગાંઠ છોડ્યા વિના ખાવું કેવી રીતે? શરકુએ કંટાળીને ભાત ખાધા વિના પાછું મોકલ્યું અને પાછો ઝાડ નીચે સૂઈ ગયો. સાંજ પડી એટલે શિકાર કર્યા વગર, ખડ કે લાકડાં લીધા વગર બળદ હાંકી એ ઘેર પાછો આવ્યો. શરકુ બળદ બાંધતો હતો ત્યાં જમીનદાર આવીને પૂછવા લાગ્યોઃ 'કાં, છ યે એકર જમીન ખેડી નાખી?'

શરકુ કહેઃ 'ના. એટલું બધું તો કેમ ખેડાય?'

જમીનદારે પૂછ્યુંઃ 'ત્યારે વાડ કરી?'

શરકુ કહેઃ 'ના. વખત જ પછી ક્યાંથી રહે?'

જમીનદારે પૂછ્યુંઃ 'ઘોડી માટે ઘાસ લાવ્યો?'

શરકુ કહેઃ 'ના. એટલા થાક પછી ઘાસ ક્યાં લેવા જાઉં?'

જમીનદારે પૂછ્યુંઃ 'રાંધવા માટે લાકડાં લાવ્યો?'

શરકુ ખિજાઈને કહેઃ 'ના, ના, ના, નથી લાવ્યો, નથી લાવ્યો.'

જમીનદાર કહેઃ 'આળસુના સરદાર! ત્યારે આખો દિવસ તેં કર્યું શું?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરકુ કહેઃ 'આટલાં બધાં કામ હું એકલે હાથે કેવી રીતે કરી શકું? તમારા બાપનો બાપ આવે તો યે એકલે હાથે આટલું કામ ન થાય.'

જમીનદાર કહે: 'એલા, આટલું પૂછ્યું ત્યાં તું ખિજાઈ કાં જા?'

શરકુ કહે: 'ખિજાઉં નહિ તો શું કરું?'

જમીનદાર કહે: 'તું ખિજાયો હો તો શરત પ્રમાણે લાવ તારી આંખ.' આમ કહી તરત જમીનદારે પોતાના નોકર બોલાવ્યા અને પકડીને શરકુને હેઠે નાખ્યો. છાતીએ ચડીને શરકુની એક આંખ કાઢી લીધી અને કહ્યું: 'નીકળ ઘર બહાર. આપણી શરત તેં પાળી નહિ માટે તને રજા.'

આંખ ગુમાવી રોતો રોતો શરકુ ઘેર પાછો આવ્યો. એને જોઈ ને અલકુ કહે: 'અરે, તું રુએ કાં? અને તારી આ આંખને શું થયું?'

શરકુએ માંડીને જમીનદારની બધી વાત કરી.

અલકુ કહે: 'હું તો તને કહેતો હતો કે તને ઘર બહાર કામ કરવું નહિ ફાવે.'

શરકુ કહે: 'હશે, ભાઈ! મારી એકવાર ભૂલ થઈ. હવે ફરીથી ભૂલ નહિ કરું. ભલું આપણું ખેતર અને ભલી આપણી ખેડ. ખેડ મૂકીને હવે ક્યાં ય બહાર જાઉં જ નહિ ને?'

બીજા દિવસથી શરકુએ મન દઈ ને ખેડ કરવી શરૂ કરી દીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૪ :

પણ અલકુને વિચાર થયો કે શરકુને હેરાન કરનાર પેલા ખાનપુરના ધુતારાને અને માનપુરના જમીનદારને પરચો તો દેખાડવો જોઈએ. એણે વિચાર કર્યો કે પહેલાં ખાનપુર જવા દે.

અલકુએ એક દૂબળોપાતળો ઘોડો લીધો અને ઘોડા પર આડાઅવળા પટ્ટા ચીતરી દીધા. પોતે જમીનદાર જેવાં સુંદર સુંદર કપડાં પહેરી લીધાં અને સાથે એક નોકર લઈ લીધો. એક થેલીમાં ઘોડાનાં લીંડાં લઈ લીધાં અને લીંડાંમાં રૂપિયા ભરાવી દીધા. નોકરને થોડીક સૂચના દઈ દીધી અને પછી એ ખાનપુર ચાલ્યો.

ખાનપુર આવીને ચોરા ઉપર જ એણે તો ધામો નાખ્યો. એનાં કપડાંનો ભપકો, ચટ્ટાપટ્ટાવાળો નવીન ઘોડો અને નોકર જોઈને ધુતારા એની આસપાસ ટોળે મળ્યા. મોટો માણસ જાણીને આગતા–સ્વાગતા કરવા લાગ્યા.

બીજે દિવસે સવારે આસપાસ ધુતારા બેઠા હતા ત્યાં જ અલકુએ નોકરને કહ્યું: 'કેમ રે, કાલનું કામ પતાવ્યું કે?'

નોકર કહે: 'ના સાહેબ, હમણાં જ પતાવી લઉં.'

એમ કહીને તરત નોકરે થેલી કાઢી અને ધુતારા દેખે તેમ લીંડાં ભાંગવા લાગ્યો. લીંડું ભાંગે ત્યાં ખનનન રૂપિયો પડતો જાય અને નોકર રૂપિયા ઉપાડતો જાય. ધુતારા બધા જોઈ રહ્યા.

એ દિવસે ઘોડાએ કરેલાં લીંડાં ધુતારાના દેખતાં જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલકુએ લઈ લીધાં. રાત પડી એટલે એમાં રૂપિયા ભરાવી દીધાં. બીજી સવારે વળી ધુતારા ભેગા થયા કે નોકર લીંડાં ભાંગવા લાગ્યો. લીંડાંમાંથી ખનનન ખનનન કરતા રૂપિયા પડવા લાગ્યા અને નોકર રૂપિયા ઉપાડવા લાગ્યો.

ગામના ચાર મોટા ધુતારાને થયું કે જો આ ઘોડો મળી જાય તો આખી જિંદગીનું દાળદર ફીટી જાય. ધુતારા બધા ભેગા થઈને અલકુને સમજાવવા લાગ્યા કે આ ઘોડો અમને વેચાતો આપો.

અલકુ કહે: 'ના ભાઈ, આ ઘોડો તો મારી જીવા-દોરી છે. આપી દઉં તો પછી હું ખાઉં શું?'

ચારે ધુતારા કહે: 'તમને ચાર હજાર રૂપિયા આપીએ, પછી કાંઈ?'

તો યે અલકુ હા–ના કરવા લાગ્યો. ધુતારા ગામના મુખી મતાદારોને તેડી આવ્યા અને અલકુને સમજાવવા લાગ્યા. હા–ના કરતો અલકુ છેવટ માન્યો અને આઠ હજાર રૂપિયામાં ઘોડો વેચાતો આપ્યો. ધુતારા રાજી રાજી થઈ ગયા અને અલકુ આઠ હજાર રૂપિયા ખિસ્સામાં નાખીને ઘેર ઉપડ્યો.

પાછા વળતાં એણે એક ગામમાં એક જ જાતનાં બે સસલાં વેચાતાં જોયાં. બન્ને સસલાનો ઘાટ, રૂપ, રંગ બરાબર એકસરખાં. અલકુએ બે ય સસલાં વેચાતાં લઈ લીધાં અને એ ય ઘેર આવ્યો. ઘેર આવીને વિચાર કરવા લાગ્યો કે બીજે જ દિવસે ધુતારાને ખબર પડી જવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેઓ મારી પાછળ અહીં આવી પહોંચવાના. એમને પહોંચી વળવાની એણે તરત એક તરકીબ વિચારી કાઢી.

બીજે દિવસે સવારે એણે એક સસલું ઘેર સંતાડી દીધું અને બીજું સસલું સાથે લઈને ખેતર જવા ઊપડ્યો. જતાં જતાં એની વહુને થોડીક સૂચના કરી દીધી અને ખેતરે જઈ કૂવાકાંઠે ખાટલો ઢાળીને આડે પડખે પડ્યો.

પેલી બાજુ બીજે દિવસે ચારે ધુતારા ઘોડાનાં લીંડાં ભેગાં કરી ભાંગવા બેઠા પણ ભાંગે તો અંદર કાંઈ નહિ. ધુતારાઓને થયું કે પેલો આપણને ધૂતી જ ગયો. ધુતારાને ય ધૂતી જનારો એ વળી બેમાથાળો કોણ—એવા વિચારે ધૂંવાંપૂંવાં થતા ધુતારા હાથમાં ડાંગો લઈને અલકુને ગામ ઊપડ્યા. સામે મળે તો મારી જ નાખવો એમ વાતો કરતા ચાલી નીકળ્યા.

અલકુને ઘેર આવીને રાડ દીધી: 'એલા અલકુ છે કે?'

અલકુની વહુએ બહાર આવીને કહ્યું: 'એ તો ખેતરે ગયા છે.'

ધુતારા ખેતરે ઊપડ્યા કે અલકુની વહુએ ઘરમાં સંતાડેલું સસલું બહાર કાઢ્યું અને ઘરને બારણે બાંધી દીધું.

ધુતારા આવીને ખેતરે જુએ તો અલકુ એક ખાટલા પર સૂતો સૂતો હુક્કો ગગડાવે છે. ધુતારાને જોતાં જ એ 'અ હો હો હો, આવો, આવો, ભાઈ!' કહેતો ઊભો થયો અને ધુતારાને ભેટી પડ્યો. એમની આગતા-સ્વાગતા કરવા લાગ્યો અને કુશળ સમાચાર પૂછવા લાગ્યો. ધુતારા જરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂંઝાતા મૂંઝાતા બેઠા ત્યાં અલકુએ ખાટલા હેઠેથી સસલી કાઢી અને સસલીને બે ટાપલી મારીને એ બોલ્યો:

જા રે સસલી, ઘેર ઘેર
ચાર મેમાનની કરજે પેર.

આમ કહીને એણે સસલીને છૂટી મૂકી કે સસલી ભાગી છૂટી. દોડતી દોડતી ખેતરોમાં અલોપ થઈ ગઈ.

અલકુની આ રીતભાત જોઈને ધુતારા અચંબામાં પડી ગયા. તેમને થયું કે પહેલાં જોઈએ તો ખરા કે આ શું કરી રહ્યો છે પછી એને મારશું.

બપોરે ચારે ધુતારાને લઈને અલકુ ઘેર આવ્યો. ધુતારા ઘેર આવીને જુએ તો બારણામાં જ સસલી બાંધી છે. એમને થયું કે ખેતરેથી છોડી મૂકેલી સસલી બરાબર ઘેર જ આવી લાગે છે.

તરત અલકુની વહુએ થાળીઓ પીરસી. બરાબર ચાર માણસો ધરાઈ રહે એટલું રાંધેલું. ખાઈ રહેવા આવ્યા એટલે અલકુ એની વહુને કહે: 'છ મહેમાનનું રાંધ્યું છે ને?'

અલકુની વહુ કહે: 'ના, ના. મેં તો ચારનું રાંધ્યું છે. તમે સસલી સાથે ચાર મહેમાનનું કહેવરાવેલું ને?'

અલકુ કહે: 'મેં તો ચાર મહેમાનનું કહેવરાવેલું, પણ આવતા-જતા કોઇ મહેમાન આવી ચડે તો એની તારે તૈયારી રાખવી જોઇએ ને?'

અલકુની વહુ કહે: 'પણ કહ્યા વગર કેમ ખબર પડે?'

અલકુ ત્રાડી ઊઠ્યો: 'કહ્યા વગર ખબર ન પડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ ?' આમ બોલતો લાઠી લઈને એ ઊતરી પડ્યો અને વહુને લાઠીઓ ઝીંકવા લાગ્યો. થોડી વારમાં વહુ મૂડદા જેવી થઇને નીચે જઈ પડી.

ધુતારા અલકુને સમજાવવા લાગ્યા: 'અરે ભલા માણસ, આમ આટલી વાતમાં બાયડી જેવી બાયડીને મારી નખાય ?'

અલકુ કહે: 'એ જ લાગની છે. રોજ મારીએ અને મરી જાય ત્યારે જ એ ઠેકાણે રહે છે.'

આમ કહીને તેણે ઘરમાંથી એક વાંકીચૂંકી લાકડી કાઢી અને વહુ સાથે ત્રણ વાર ફેરવતો ફેરવતો બોલ્યો:

ઊઠ રે વહુ તું ઊભી થા,
જમી કરીને રમવા જા.

તરત એની વહુ ઊભી થઈ અને ખાઈ કરીને હસતી હસતી બહાર ચાલી ગઈ.

ધુતારા આ બધું જોઈને અચંબામાં જ પડી ગયા. એમને થયું કે આ સસલી અને લાકડી આપણી પાસે હોય તો કેવી મજા પડે! રોજ જંગલમાંથી ખાવાનું કહે-વરાવવાની લપ ટળે અને આપણી બાયડીઓ પણ સીધી થઈ જાય. તેમણે અલકુ પાસે આ બન્નેની માગણી કરી.

અલકુ કહે: 'ના ભાઈ! એ તો નહિ જ આપું. મારે રોજ ખેતરે જવું એટલે સંદેશો મોકલવા સસલી જોઈએ જ. વળી મારો સ્વભાવ રહ્યો તીખો. હાલતાંચાલતાં ખિજાઈ જાઉં અને વહુને મારી બેસું. આ લાકડી ન હોય તો હું રાંડી જ પડું ને ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ જેમ અલકુ ના પાડતો ગયો તેમ તેમ ધુતારા સસલી અને લાકડી આપવા માટે દબાણ કરવા લાગ્યા. છેવટ માંડ માંડ અલકુએ આઠ હજાર રૂપિયામાં સસલી અને લાકડી ધુતારાને આપ્યાં. ધુતારા રાજી થતા થતા ખાનપુર પાછા આવ્યા.

બીજે જ દિવસે ચારે જણા ખેતરે ઊપડ્યા અને તેમની સ્ત્રીઓને કહેતા ગયા કે અમારે ખાવું હશે તો આ સસલી સાથે સંદેશો કહાવશું. સસલી કહે એટલા જણાનું જ રાંધજો. આમ કહી તેઓ ખેતરે ઊપડ્યા.

બપોર થયા એટલે તેઓ સસલીને માથે ટાપલી મારીને બોલ્યા:

જા રે સસલી ઘેર ઘેર,
ચાર જણાની કરજે પેર.

આમ કહી સસલીને છૂટી મૂકી કે સસલી દોડતી દોડતી ખેતરમાં અલોપ થઈ ગઈ.

આ બાજુ ચારે ધુતારા ભાતની વાટ જોતા બેઠા પણ ક્યાં ય સુધી ભાત ન આવ્યું. રોંઢા–વેળા થઈ અને સાંજ પડી તો ય ભાત ન આવ્યું એટલે ખિજાતા ખિજાતા તેઓ ઘેર ઊપડ્યા. સ્ત્રીઓ પાસે તો સસલી આવેલી નહિ. તેથી એમણે ધાર્યું કે આજે તેમને ખાવું નહિ હોય તેથી સસલીને મોકલી નથી લાગતી. આમ વિચારી તેઓ વાતોના તડાકા મારતી બેઠેલી. ધુતારાએ ઘેર આવીને જોયું તો સ્ત્રીઓ બેઠી તડાકા મારે છે. તેઓ ધૂંવાંપૂંવાં થતા બોલ્યા: ‘કેમ ચાર જણાનું ભાત ન મોકલ્યું? સસલી સાથે કહેવરાવેલું ને?’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીઓ કહે: 'સસલી ઘેર આવી છે જ ક્યાં?'

ધુતારા ત્રાડી ઊઠ્યા: 'કામ કરવાની આળસે સસલીને ય સંતાડીને બેઠી બેઠી તડાકા મારો છો કે?' આમ કહીને એમણે તરત ડાંગો કાઢી અને ધડોધડ સ્ત્રીઓને મારવા લાગ્યા. કાળી ચીસો પાડતી ચારે સ્ત્રીઓ ઘડીવારમાં મરી ગઈ.

થોડી વાર થઈ એટલે તેમણે પેલી વાંકીચૂંકી લાકડી કાઢી અને એક સ્ત્રી માથે ફેરવતાં ફેરવતાં મોટો ભાઈ બોલવા લાગ્યો:

ઊઠ રે વહુ તું ઊભી થા
જમી કરીને રમવા જા.

ફરી ફરીને એ બોલવા લાગ્યો પણ મરી ગયેલી વહુ શેની ઊભી થાય? એ પછી વારાફરતી બીજાએ, ત્રીજાએ અને ચોથાએ પોતપોતાની વહુઓ પર લાકડી ફેરવી, પણ વહુઓ હલે કે ચલે. ચારે વહુને મરી ગયેલી જોઈને ધુતારા પોકે પોકે રડવા લાગ્યા.

એમને રોતાં સાંભળીને ગામના બીજા ધુતારા ભેગા થયા. છાના રાખીને પૂછ્યું ત્યારે બધી વાતની ખબર પડી. ગામના ધુતારા ભેગા થઇને કહે: 'આ તો પેલા અલકુનાં કામ. એના ભાઈ પાસેથી આપણે પાડો પડાવી લીધો છે તેથી તેણે આ હાલ કર્યા. એ પાડો પાછો આપી આવો, નહિ તો ક્યાંક આખા ગામનું એ ધનોતપનોત કાઢી નાખશે.'

બિચારા ધુતારા પાડો હાંકીને અલકુને ઘેર આવ્યા અને બોલ્યા: 'ભાઈસા'બ હવેથી કોઈ દિવસ તારા ભાઈને નહિ ધૂતીએ. કોઈ રીતે અમારો કેડો મૂકીશ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલકુએ હસતાં હસતાં પાડો ઘેર બાંધી દીધો અને ધુતારા છાનામાના ખાનપુર રવાના થઈ ગયા.

: ૪ :

અલકુને થયું કે આ ધુતારાઓને તો સ્વાદ ચખાડી દીધો; હવે પેલા જમીનદારની ખબર કાઢું.

તેણે જૂનાંપાનાં લૂગડાં પહેરી લીધાં અને ચાકરનો વેશ લઈને જમીનદારને ગામ આવ્યો. આવીને જમીનદારના ઘર પાસે દયામણા અવાજે બોલવા લાગ્યો: 'કોઈ નોકર રાખો રે નોકર.'

એ સાંભળીને જમીનદાર બહાર આવ્યો અને બોલ્યો: 'નોકર તો રાખું, પણ એક શરત.'

અલકુ કહે: 'કહો ને?'

જમીનદાર કહે: 'કામ કરતાં ખિજાઈ જા તો તારી આંખ લઉં અને હું ખિજાઉં તો મારી આંખ દઉં. સો જણ આંખ મૂકીને ગયા છે. તું વળી એક વધારે.'

અલકુ કહે: 'ઓહો, આંમાં શું? કામ શું કરવાનું છે એ કહો ને?'

જમીનદાર કહે: 'રોજ છ એકર ખેતર ખેડી, એટલા ખેતરને ચારે ખૂણે વાડ કરી, મારે માટે શિકાર કરી, ઘોડી માટે ઘાસ અને રાંધવા માટે લાકડાં લઈ આવી, સાંજે મારી રસોઈ કરવી.'

અલકુ કહે: 'કબૂલ છે સાહેબ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજે દિવસે વહેલી સવારમાં હળ અને બળદ લઈને અલકુ ખેતરે ઊપડ્યો. તેણે એક એક એકરમાં હળનો એક એક ચાસ પાડ્યો અને ખેતરને ચાર ખૂણે થોડી થોડી વાડ કરી નાખી. એ પછી બળદને બાવળે બાંધીને લંબાવીને સૂતો. ઘડીક વારમાં ઘસઘસાટ ઘોરવા લાગ્યો.

બપોર થયા કે કાણી ભતવારી ભાત લઈ ને આવી. ભતવારીએ અલકુને ઊંઘમાંથી ઉઠાડ્યો અને ગાંઠો પર ગાંઠો બાંધેલ ભાત આપીને કહ્યું: 'જમીનદાર સાહેબે કહ્યું છે કે ગાંઠ છોડ્યા વગર રોટલા ખાઈ લેજે.'

અલકુએ ભાત હાથમાં લીધું. ગાંઠ છોડ્યા વગર ભતાણું હેઠેથી કાપી નાખ્યું અને રોટલા કાઢી ખાવા લાગ્યો. ખાતાં ખાતાં સામે જુએ તો ભતવારી સાથે જમીનદારની વહાલી કાળવી કૂતરી આવેલી. તેણે થોડોક રોટલો સાચવી રાખ્યો.

ભતવારી પાછી ચાલી કે અલકુએ કૂતરીને રોટલો નાખ્યો. કૂતરી રોટલો ખાવા લાગી કે અલકુએ એને પકડીને બાંધી રાખી.

સાંજ પડી એટલે અલકુએ કાળવી કૂતરીને મારી નાખી અને લૂગડામાં એનું માંસ બાંધી લીધું. ઘોડા માટે અડખેપડખેથી કોળી જેટલું ઘાસ લઈ લીધું. રાંધવાનાં લાકડાં માટે હળના કટકા કરી નાખ્યા અને કટકાની ભારી બાંધીને એ ઘેર આવ્યો.

ઘેર પહોંચ્યો એટલે જમીનદાર કહે: 'છ યે એકર ખેતર ખેડ્યાં?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલકુ કહે: 'હા, સાહેબ.'

જમીનદાર કહે: 'ખેતરને ચારે ખૂણે વાડ કરી ?'

અલકુ કહે: 'હા, સાહેબ.'

જમીનદાર કહે: 'મારે ખાવા માટે શિકાર કરતો આવ્યો ?'

અલકુ કહે: 'હા, સાહેબ.'

જમીનદાર કહે: 'અને ઘોડી માટે ઘાસ તથા રાંધવા માટે લાકડાં લેતો આવ્યો ?'

અલકુ કહે: 'હા, સાહેબ.'

જમીનદાર કહે: 'ત્યારે હવે મારે માટે હમણાં ને હમણાં રાંધી નાખ.'

અલકુ કહે: 'ભલે, સાહેબ.'

જમીનદાર બહાર ગયો કે તરત અલકુએ કૂતરીનું ગોશ્ત છોડી જમીનદાર માટે રાંધી દીધું. રાત પડી એટલે જમીનદાર જમવા બેઠો અને હંમેશની ટેવ મુજબ ખાતાં ખાતાં પોતાની વહાલી કૂતરીને બોલાવવા લાગ્યો: 'કાળવી, કાળવી ! આવ, આવ.'

કાળવી ન આવી એટલે જમીનદાર ગોશ્તનું એક બટકું ચાવતો ચાવતો કાળવીની રાહ જોતો પીરસેલી થાળી સામે બેઠો.

અલકુ કહે: 'સાહેબ, હવે કાળવી કેમ આવે ? એને તો તમે બેઠા બેઠા ખાઓ છો. મેં એને મારીને તમારે માટે રસોઇ કરી નાખી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની વહાલી કૂતરીને મારી નાખેલી જોઈને જમીનદાર બરાડી ઊઠ્યોઃ ' હરામી, મારી કૂતરીને તેં મારી નાખી ? '

અલકુ કહેઃ ' સાહેબ, તમે ખિજાઈ ગયા કે ? આપણી શરત તૂટી. '

જમીનદાર ટાઢો પડીને કહેઃ ' ના, ના, હું ખિજાયો નથી. કાળવીનો કાંઈ શિકાર કરાય, એમ તને કહું છું. '

અલકુ કહેઃ ' કાળવીનો શિકાર કરવાની તમે મને ક્યાં ના પાડી હતી ? હવેથી કાળવીનો શિકાર નહિ કરું. '

જમીનદારે કાળવીનું ગોશ્ત ફેંકી દીધું અને અલકુને કહ્યું: ' મારે માટે થોડીક કઢી કરી નાખ, પણ એમાં એક-બે લવિંગ નાખવાનું ન ભૂલતો. '

તરત અલકુએ ચૂલે કઢી મૂકી દીધી અને કૂવાકાંઠેથી બે દેડકા પકડી આવ્યો. એક દેડકો કઢીમાં નાખ્યો અને એક દેડકો ખિસ્સામાં મૂકી રાખ્યો. કઢી તૈયાર થઈ એટલે જમીનદાર જમવા બેઠો. કઢી ચાખતાં અંદર લવિંગની વાસ ન આવી એટલે જમીનદાર કહેઃ ' મેં કહેલું તેમ કઢીમાં એકાદ-બે લવિંગ નાખ્યાં હતાં ? '

અલકુ કહેઃ ' એક લવિંગ નાખ્યું હતું. બરાબર વાસ ન આવતી હોય તો આ રહ્યું બીજું લવિંગ. '

આમ કહીને એણે ખિસ્સામાંથી દેડકો કાઢીને થાળીમાં મૂક્યો. દેડકાને જોઈને જમીનદાર બરાડ્યોઃ ' હરામી, લવિંગને બદલે આ દેડકો તેં કઢીમાં નાખ્યો છે ? '

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલકુ કહે: 'તમે ખિજાઈ ગયા કે? તો આપણી શરત તૂટી.'

શાંત થઈને જમીનદાર કહે: 'ખિજાયો તો નથી. પણ હું તને કહું છું કે કઢીમાં કાંઈ દેડકો નખાય?'

અલકુ કહે: 'સાહેબ, અમે તો અમારા દેશમાં આને જ લવિંગ કહીએ છીએ. તમે એને દેડકો કહેતા હશો એની મને શી ખબર?'

જમીનદારે બોલ્યા–ચાલ્યા વગર કઢી ફેંકી દીધી અને ખાધાપીધા વગર સૂઈ ગયો.

બીજે દિવસે જમીનદાર કહે: 'આજથી તારે મારે માટે રસોઈ નથી કરવાની. ખેડ કર તો ય બસ છે. બળદ લઈ ને ખેતરે ઊપડ.'

અલકુ કહે: 'પણ હળ તો નથી. એકલા બળદને ખેતરે લઈ જઈને શું કરું?'

જમીનદાર કહે: 'તને નવું નકોર હળ કાલે જ આપ્યું હતું ને?'

અલકુ કહે: 'એને ભાંગીને તો લાકડાં કર્યાં અને એ લાકડાં બાળીને કાલે રસોઈ કરી.'

તરત જમીનદાર બરાડયો: 'મૂરખા, હળ ભાંગીને એનાં લાકડાં કરાય?'

અલકુ કહે: 'સાહેબ, ખિજાઈ ગયા કે? તો આપણી શરત તૂટી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાંત થઈને જમીનદાર કહેઃ 'ના, ના. ખિજાયો નથી. આ તો તને સમજાવતો હતો કે હળનાં કાંઈ લાકડાં કરાય ?'

અલકુ કહેઃ 'હળનાં લાકડાં કરવાની તમે મને ક્યાં ના પાડી હતી ? એવું હતું તો પહેલેથી કહેવું હતું ને ? હવેથી ભૂલ નહિ કરું.'

જમીનદારે સુતારને ત્યાં બીજું હળ કરવા નાખ્યું. હળ તૈયાર થતાં બે દિવસ ગયા. ત્યાં સુધી અલકુએ આમ-તેમ આંટા માર્યા. ત્રીજે દિવસે હળ લઈને ખેતરે ગયો. ખેતરમાં એકરે એકરે એક એક ચાસ પાડી, ચાર ખૂણે ઓરડીના ચાર ગાળિયા નાખી દીધા અને બળદને બાવળે બાંધીને સૂઈ ગયો.

બપોરે જમીનદાર ખેતરે આવ્યો. જુએ તો અલકુ પડ્યો ઘોરે છે. અલકુને જગાડીને કહેઃ 'એલા, મેં તને ખેતર ખેડવા મોકલ્યો છે કે ઘોરવા ?'

અલકુ કહેઃ 'સાહેબ, ખેતર ખેડી લીધા પછી યે જરા આડો ન પડું ?'

જમીનદાર કહેઃ 'આમાં ખેતર તેં ક્યાં ખેડ્યું છે અને વાડ પણ ક્યાં છે ?'

અલકુ કહેઃ 'તમે કહેલું કે છ યે એકર ખેડી નાખજે અને ચારે ખૂણે વાડ કરજે. જુઓ, છ યે એકરમાં ચાસ છે કે નહિ ? અને ચારે ખૂણે ઓરડીના ગાળિયાની વાડ કરી છે કે નહિ ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખિજાઇને જમીનદાર કહેઃ 'હરામી, મારે તારી ખેડ જોઈતી જ નથી. તારે ઘેર હમણાં ને હમણાં રવાના થા.'

અલકુ કહેઃ 'સાહેબ, ઘેર ખાવા હોત તો તમારી પાસે નોકરી કરવા આવત જ શું કામ ? તમે ખિજાઈને મને કાઢી મૂકો છો માટે લાવો તમારી આંખ એટલે ચાલતો થાઉં.'

ઠંડો પડીને જમીનદાર કહેઃ 'ના ભાઈ, હું કાંઈ ખિજાયો નથી. હું તો તને સમજાવતો હતો કે આમ તે ખેડ કરાય ?'

અલકુ કહેઃ 'મને તો આવડયું તેવું કામ કર્યું. બાકી આપણી શરત પ્રમાણે ખેતરનું એકે ય એકર ખેડયા વગરનું હોય કે એકે ય ખૂણો વાડ વગરનો હોય તો કહી દેજો.'

જમીનદાર વિચારમાં પડી ગયો કે અત્યાર સુધી તો કેટલા યે નોકરોની આંખો ખેંચી કાઢી, પણ આ સાથાનો મળ્યો. આનાથી છૂટવું યે કેમ ? બીજે દિવસથી તેણે અલકુને ખેતરે જવાની ના પાડી દીધી. અલકુ લહેરથી ગામમાં આમતેમ આંટા મારવા લાગ્યો અને દિવસો આનંદમાં વિતાવવા લાગ્યો.

થોડા દિવસ થયા ત્યાં જમીનદાર તેની વહુને તેડી લાવવા ઘોડે ચડીને તેને સાસરે ઊપડ્યો. સાથે નોકર તરીકે અલકુને લઈ લીધો.

ચાલતાં ચાલતાં અર્ધે રસ્તે એક ગામે પહોંચ્યા ત્યાં રાત પડી. ગામ બહાર જ એક ઝાડ નીચે જમીનદારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચડાવ નાખ્યો. ઘોડીને ઝાડને થડે બાંધી અને જમીનદાર ઘોરવા લાગ્યો.

અલકુએ આસપાસ નજર ફેરવી ત્યાં એક વણઝારાની વણઝાર ઊતરેલી. તરત એના મનમાં એક તરકીબ ચમકી અને તે વણઝારા પાસે પહોંચ્યો. જઈને કહે: 'એક રાત માટે તમારો આંકેલો સાંઢ આપો તો મારા શેઠની નવલખી ઘોડી તમને આપું અને સવારે સાંઢ પાછો અપાવું.' આમ કહી તેણે પોતાની તરકીબ રજૂ કરી. તરકીબ સાંભળીને વણઝારા હસી પડ્યા. તરત તેમણે જમીનદારની ઘોડી છોડીને સંતાડી દીધી અને તેને ઠેકાણે આંકેલો સાંઢ બાંધી દીધો.

વહેલી સવારે ઊઠીને જમીનદાર કહે: 'એલા અલકુ, ઘોડી માથે પલાણ નાખ એટલે વહેલા વહેલા ચાલી નીકળીએ.'

અલકુએ થોડીકવારે જવાબ દીધો કે પલાણ નાખી દીધું છે. જમીનદાર ઝાડ પાસે ગયો અને અંધારામાં ને અંધારામાં ઘેરાતી આંખે ઝાડને થડેથી દોરી છોડીને જેવો એ ઘોડી માથે બેસવા ગયો ત્યાં તો એ....ક....ધાં....એવો બરાડો નાખીને સાંઢે જમીનદારને હેઠો નાખ્યો અને શીંગડે ચડાવવા લાગ્યો. 'વોય બાપરે....' કહેતો માંડ માંડ ઊભો થઈને જમીનદાર ભાગી છૂટ્યો અને અલકુ પાસે આવીને કહે: 'એલા, અલકુ! આ તે ઘોડી છે કે સાંઢ?'

અલકુ કહે: 'રાતે તમે જ તમારે હાથે આપણી ઘોડી બાંધી હતી ને સાંઢ ક્યાંથી થઈ જાય? ઘોડી જ હશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં તો વણઝારા આવી પહોંચ્યા અને 'આ રહ્યો આપણો સાંઢ અને આ જ લાગે છે ચોર.' કહીને જમીનદારને મારવા–કૂટવા લાગ્યા. વણઝારા જમીનદારને માર્યા કરે અને અલકુ ઊભો ઊભો હસ્યા કરે.

માંડ માંડ વણઝારાએ જમીનદારને મૂકયો એટલે જમીનદાર અલકુને કહે: 'એલા, તું નોકર છો તો યે મને મદદ પણ કરતો નથી?'

અલકુ કહે: 'હું તમારો કામ કરવાનો નોકર સાચો. પણ તમે કોઇનું જનાવર ચોરી આવો પછી હું શું કરું? ચોર સાથે કાંઇ ચોર થવાય છે? અને ચોરી માટે કજિયો કરવા બેસાય છે?'

વણઝારા કહે: 'આ ચોરને કોરટમાં જ લઈ જઈએ. ત્યાં જ એ ઠેકાણે આવશે.'

જમીનદાર મૂંઝાયો. એને થયું કે મારો નોકર અલકુ પણ વિરુદ્ધમાં સાક્ષી આપશે અને મને સજા થશે. બિચારો હાથેપગે લાગીને વણઝારાને કહે: 'ભાઈસાબ, લ્યો તમારો સાંઢ અને મને છોડો.'

વણઝારા કહે: 'એમ તે કેમ છોડીએ? કોરટને જ બધું પતાવવા દો.'

જમીનદારે ખિસ્સામાંથી દસ રૂપિયા કાઢી આપ્યા ત્યારે માંડ વણઝારા સમજ્યા અને સાંઢ હાંકીને હસતા હસતા ચાલ્યા ગયા.

ઘોડી તો હવે રહી નહીં. જમીનદાર સાસરે ચાલતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલતો જાય તો તો એની આબરૂ શી રહે ? આથી તે પોતાને ગામ પાછો ફર્યો અને બીજી એક ઘોડી લઈને અલકુ સાથે ફરીથી સાસરે ઊપડ્યો. સાસરાના ગામથી થોડે દૂર રહ્યો એટલે અલકુને કહે: 'મને લાગી છે ભૂખ. માટે તું દોડતો દોડતો આગળથી જા અને હું આવું ત્યાં સુધીમાં મારે માટે રસોઈ તૈયાર કરાવી રાખ.'

અલકુ ઝપાટાબંધ જમીનદારને સાસરે પહોંચી ગયો અને સમાચાર દીધા કે 'મારા જમીનદાર હમણાં આવે છે. એમને સાંજે વહેલું વાળુ કરવાની ટેવ છે માટે હમણાં જ રાંધી રાખવાનું તેમણે કહેવરાવ્યું છે. એક બીજી વાત. હમણાં તે માંદા છે એટલે હકીમની કરી પાળે છે: શેર મીઠાની રાબ સિવાય બીજું કાંઇ રાંધશો નહિ.'

સાસુએ તો અલકુના કહેવા પ્રમાણે શેર મીઠું નાખીને રાબ તૈયાર કરી. થોડી વારે જમીનદાર આવ્યો એટલે પાટલા ઢાળીને જમવા બેસાડ્યો. જમીનદારને એકલી રાબ પીરસી અને પડખે અલકુને બધું ખાવા દીધું. જ્યાં જમીનદાર રાબ મોઢામાં નાખે ત્યાં તો ખારી ઊસ જેવી. આ કેમ ખવાય ? પણ ન ખાય ને ક્યાંક સાસુને માઠું લાગે તો ? આમ વિચારી કટાણું મોં કરી જમીનદાર રાબ પીવા લાગ્યો. પડખે બેઠો બેઠો અલકુ લહેરથી મીઠા મીઠા ગોશ્તનાં બટકાં ચડાવવા લાગ્યો. જમીનદાર મનમાં મનમાં ઘણો યે બળ્યા કરે, પણ અહીં બોલાય કેમ ?

રાત પડી અને જમીનદાર ઉતારે સૂવા ગયો. પડખે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલકુની પથારી હતી. પણ અધરાત થઇ કે જમીનદારને ઝાડા શરૂ થયા. મીઠાની રાબે બરાબર અસર કરી દીધી. જમીનદાર કહેઃ 'એલા, અલકુ ! મારે દિશાએ જવું છે. ચાલ ગામ બહાર.'

પથારીમાં પડ્યો અલકુ કહેઃ 'લો રાખો, અત્યારે તે ગામ બહાર જવાય ? ચોકીદારો ચોર ધારીને બેસારી રાખે તો શું કરીએ ? તો પછી સાસરાના ગામમાં તમારી શી આબરૂ રહે ? એ કરતાં એમ કરો. હું તમને એક હાંડલી આપું તેમાં અત્યારે પતાવી લો. સવારે હું નાખી આવીશ.'

જમીનદારને ઝાડા થઇ ગયેલા એટલે રાહ જોવાય તેમ ન હતું. તરત હાંડલી લઇને બેસી ગયો. આખી રાત દરમિયાન આ રીતે દસબાર વખત હાજત પતાવી લીધી.

વહેલી સવારમાં જમીનદાર અલકુને જગાડવા લાગ્યો, પણ જવાબ જ કોણ આપે ? જાણે જુગ જુગની ઊંઘ ભેગી થઈ હોય તેમ પડ્યો પડ્યો અલકુ નસકોરાં બોલાવવા લાગ્યો. બીજી બાજુ અજવાળું થવા આવ્યું. જમીનદારને થયું કે ઉતારામાં આવી હાંડલી પડી રહે અને સાસરિયાં આવીને જુએ તો આબરૂ શી રહે ? થાકીને જમીનદાર પોતે જ હાંડલી બગલમાં સંતાડીને ગામ બહાર નાખી દેવા ચાલી નીકળ્યો.

જેવો તે બહાર ગયો કે અલકુ ઊઠ્યો. થોડે દૂર સૂતેલા જમીનદારના સાળાને કહેઃ 'ઊઠો ! ઊઠો ! મારા જમીનદાર સાહેબ તમારાથી રિસાઈને ચાલ્યા જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાલે તમે કોણ જાણે એમને કેવું યે ખાવા આપ્યું કે તેમને એ ન ગમ્યું અને અત્યારે છાનામાના ચાલતા થયા છે.'

તરત જમીનદારનો સાળો તેને મનાવી લેવા પાછળ ઊપડ્યો. જતાં જતાં અલફુએ શિખામણ આપી: 'તેમની બગલમાં લૂગડાનું પોટલું છે. તે ખેંચીને આવતા રહેશો તો એમની મેળે પાછા આવતા રહેશે.'

સાળો એકદમ જમીનદાર પાછળ દોડ્યો. અને જમીનદારને પકડી પાડ્યા.

જેમ સાળો જમીનદારને પાછો ખેંચવા પ્રયત્ન કરે તેમ જમીનદાર હાંડલી સંતાડી ભાગવા પ્રયત્ન કરે. છેવટ સાળાએ બગલની પોટલી ખેંચવા ઝોંટ મારી કે હાંડલી નીચે જઈ પડી અને પડતાં ભેગી ફૂટી ગઈ. અંદર ભરેલી વિષ્ટાથી જમીનદારનાં કપડાં ગંધાઈ ઊઠ્યાં. સાળો આ બધું જોઈને હસી પડ્યો. એને થયું કે આ શું? જમીનદારને તો શરમથી મરવા જેવું થયું. એ સમજી ગયો કે આ બધાં કામ અલફુનાં છે. એ અલફુ ઉપર એવો ખિજાઈ ગયો પણ અહીં શું કરે? મનમાં સમસમતો જમીનદાર ખીજ ગળી ગયો.

બીજે દિવસે સાસુએ જમીનદારને વિદાય આપી. પાલખીમાં વહુને બેસાડી દીધી અને અલફુને સાથે લઈ જમીનદાર ઘોડે ચડીને પોતાને ગામ જવા નીકળ્યો. ચાલતાં ચાલતાં સાંજ પડવા આવી ત્યારે જમીનદાર તેના ગામ પાસે પહોંચવા આવ્યો. ગામને પાદર આવેલું મસાણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વટાવીને આગળ વધતાં જમીનદાર પાછળ વળીને જુએ તો પાલખીવાળા ધીમે ધીમે ક્યાં યે દૂર ચાલ્યા આવે છે. જમીનદારે અલકુને તાકીદ આપી: 'જા! જા! હમણાં ને હમણાં તારાં બાઈજી ત્યાં હોય એવાં અહીં પહોંચાડી દે. આમ પાલખીવાળા ચાલશે તો ઘેર ક્યારે પહોંચાશે?'

અલકુ દોડયો અને પાલખીવાળાને કહેઃ 'તમેતમારે પાલખી અહીં મૂકીને પાછા વળો. અમારા ગામમાં અજાણ્યા પાલખીવાળાને લઈ જવાનો રિવાજ નથી. હમણાં અમારા પાલખીવાળા આવીને પાલખી લઈ જશે.

પાલખીવાળા ચાલી નીકળ્યા કે તેણે બાઈજીને બહાર કાઢયાં અને 'જો એક હરફ પણ બોલ્યાં તો મરી ગયાં સમજજો!' કહીને બાઈજીને પાસેના વગડામાં લઈ ગયો. વગડામાં એક ઝાડને થડે બાઈને બાંધીને પોતે પાછો વળ્યો અને મસાણમાંથી એક મડદું કાઢીને પાલખીમાં મૂકી દીધું. મડદાનો એક પગ કાપીને અલકુ જમીનદાર પાસે આવ્યો અને તેના હાથમાં પેલો પગ આપીને કહેઃ 'લો, આ મારાં બાઈજી.'

જમીનદાર કહેઃ 'આ શું છે વળી?'

અલકુ કહેઃ 'હું તમારો નોકર. તમારો હુકમ પાળું. તમે કહ્યું કે તારી બાઈજીને આ ને આ ઘડીએ ત્યાં હોય એવાં અહીં પહોંચાડી દે. મારાં બાઈજી અત્યારે ત્યાં પાલખીમાં બેઠાં છે. અને અહીં પગરૂપે તમારી પાસે પણ છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાંભળીને જમીનદારના ગુસ્સાનો કોઈ પાર રહ્યો નહિ. એ તાડૂક્યો: 'હરામી, તેં મને તો અનેક રીતે હેરાન કરીને અર્ધો કરી નાખ્યો. એટલેથી ન ધરાયો તે છેવટે તેં મારી વહુને યે મારી નાખી? ભાગી જા અહીંથી.'

અલફુ પણ રાડો પાડીને સામા જવાબ દેવા લાગ્યો.

જમીનદાર અને અલફુની રાડો સાંભળતાં આસ-પાસથી માણસો એકઠા થઈ ગયા. અલફુ કહે: 'જમીન-દાર સાહેબ! તમે મારા પર ખિજાઈ ગયા કે?'

જમીનદારે ત્રાડ મારીને કહ્યું: 'હા, ખિજાયો! ખિજાયો! સાત વાર ખિજાયો! તારે કરવું હોય તે કરી લે.'

અલફુ કહે: 'તો આપણી શરત તૂટી. લાવો તમારી આંખ.'

આમ કહેતાં જુવાનજોધ અલફુ ધક્કો મારીને ઘરડા જમીનદારની છાતી પર ચડી બેઠો. લોકો જમીનદારના ત્રાસથી હેરાન થઇ ગયેલા એટલે કોઈ વચ્ચે પડયા નહિ. અલફુએ ખિસ્સામાંથી છરો કાઢી જમીનદારની આંખ કાઢી લીધી. આંખ ખિસ્સામાં મારીને કહે: 'લો, હવે તમે છૂટા. હવે ફરીથી આ શરત પ્રમાણે કોઇને હેરાન કરશો તો બીજી યે આંખ ગુમાવશો.' આમ કહીને જમીનદારની આંખ ખિસ્સામાં નાખીને અલફુ ચાલતો થયો.

જમીનદાર બિચારો આંખ આડા હાથ દેતો ઘેર પહોંચ્યો. કોઈ લોકોએ તેની વહુને વગડામાં બાંધેલી જોઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાંથી છોડીને એને ઘેર પહોંચતી કરી. એ પછી જમીનદાર આંખ લેવા–દેવાની શરત કરવી ભૂલી ગયો.

જમીનદારની આંખ લઈને અલકુ ઘેર ગયો અને શરકુના હાથમાં મૂકીને બોલ્યોઃ 'લે આ જમીનદારની આંખ. હવે કદી એ કોઈની આંખ લેવાની હિંમત નહિ કરે.' આમ કહીને એણે બધી વાત કરી. શરકુ તો અલકુની બધી વાતો સાંભળીને મોંમાં આંગળાં જ નાખી ગયો.

આ પછી શરકુ બરાબર ખેડ કરવા લાગ્યો અને અલકુ ચોરે બેસીને તલાટીગીરી કરવા લાગ્યો. જીવ્યા ત્યાં સુધી બન્ને ભાઈએ હળીમળીને આનંદ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લિંબુપરી

શિયાળકોટમાં ગુલ બાદશાહ રાજ કરે. ગુલ બાદશાહને એક જ શાહજાદો. શાહજાદાનું નામ લાલ. લાલ શાહજાદાને વજીરના દીકરા મેંગરાજ સાથે ભારે ભાઈબંધી. બે ય જણા આખો દિવસ સાથે રમે, જમે અને ભણે. ઘડીપળ પણ બે ય એકબીજાથી છૂટા ન પડે. ખોળિયાં બે પણ જીવ એક.

વરસો વીતતાં લાલ શાહજાદો અને મેંગરાજ જુવાન થયા અને હથિયાર–પડિયાર બાંધીને બાદશાહના દરબારમાં બેસવા લાગ્યા.

એક વખત બાદશાહનો દરબાર ભરાયો છે. બારસો સૂબા અને બોંતેર ખાન અવળાં આસન નાખીને બેઠા છે. સોળસો સોદાગર અને અઢારસો ઉમરાવ મૂછે વળ દઈ રહ્યા છે. બાદશાહ અને વજીર અમનચેનની વાતો કરે છે. એવે વખતે દરબારને દરવાજે પોકાર સંભળાયો: 'બાદશાહ સલામત, ફરિયાદ! ફરિયાદ!!'

બાદશાહ કહે: 'મારી બાદશાહીમાં ફરિયાદ શેની? ફરિયાદીને હાજર કરો.'

તરત થરથરતે ટાંટિયે અને ચકળવકળ આંખે એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવીને ઊભા રહ્યા. સલામ કરીને બોલ્યા: ‘બાદશાહ સલામત! નહેરને કાંઠે અમારે ખેડ કરવી. રોજ સવારને પહોર સામે કાંઠેથી સાવજ આવે. રોજ એક જીવ તાણી જાય. અઢાર અઢાર હાથની ઠેકો મારે. ધારિયાં-તરવારની કારી ન ફાવે. અમારે ખેડ કેમ કરવી?’

બાદશાહે દરબારમાં નજર ફેંકી. દરબારમાં બીડું ફેરવ્યું: ‘કોઈ સાવજ મારવા તૈયાર?’

બાદશાહના દરબારમાંથી કોઈ હલે કે ચલે. તરવાર સામે તરવાર મરાય, તીર સામે તીર ફેંકાય, પણ સાવજના થાપા સામે કેમ થવું? અઢાર હાથ માથેથી ઠેક મારતાં હથિયાર-પડિયાર ઠઠ્યાં રહે. જીવનો સોદો કોણ કરે?

અર્ધી ઘડી વીતી તો યે કોઈ ઊભું ન થયું કે બાદશાહે નિસાસો નાખ્યો: ‘યા પરવરદિગાર! આવડો મોટો દરબાર બહાદુરીથી પરવારી બેઠો કે શું?’

બાદશાહના મોઢામાંથી આ સખૂન હેઠાં પડયાં ન પડયાં ત્યાં તો લાલ શાહજાદો અને મેંગરાજ વજીર ઝડપ બીડાં ઉપાડીને મોમાં મૂકી સલામ કરીને બોલ્યા: ‘જહાંપનાહ! આવતી કાલે કાં તો સાવજ નહિ અને કાં તો અમે નહિ. વનના કુત્તાની તે વળી શી વિસાત!’

‘શાહબાશ! શાહબાશ!’ એવા શાબાશીના શબ્દ પોકારી બાદશાહે બન્નેની પીઠ થાબડી.

બીજે દિવસે વહેલી સવારમાં લાલ શાહજાદો અને મેંગરાજ વજીર તેરસો તીરના ભાથા ભરાવી, કણુસતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કમાનને ખભે નાખી, કાબુલી જમૈયા ધરબી, સવા વાંભની સમશેર અને અઢાર હાથનો ભાલો ઉપાડી, પહાડ પહાડ જેવડા ઘોડા માથે અસવાર થઇને નહેરને કાંઠે આવીને ઊભા રહ્યા. ઊભા ઊભા ચારે દિશાએ નજર નાખતા સાવજની વાટ જોઇ રહ્યા છે.

સૂરજ મહારાજે ઉગમણી દિશાએથી સોનાનાં કિરણ ધરતી માથે નાખ્યાં, ન નાખ્યાં ત્યાં તો નહેરને સામે કાંઠે સાવજ દેખાયો. જોગંધરની જટાળો, ગોળા જેવડું માથું, ગેંડાની ઢાલ જેવડી છાતી, થાળી થાળી જેવડા પંજા, અઢાર હાથ લાંબો, દોઢ વાંભના પૂછડાનો ઝુંડો લઈને પગ પછાડતો સાવજ ચાલ્યો આવે છે.

સાવજને જોતાં જ હથિયાર–પડિયાર તંગ કરીને, પેગડે પગ ભરાવી લાલ શાહજાદો અને સેંગરાજ ઘોડા માથે ઊભા થઈ ગયા. 'આ વળી વેંતિયાં કોણ?' એમ વિચારી ઘૂહાં....ઘૂહાં....ઘૂહાં....એવી ગરજના કરી, જેની ઘડીએ સાવજે પગનો પંજો પછાડયો કે ત્રણ ગાડાં ધૂળનો ઢગ ચડયો અને ઘે....ઘે....ઘે....કરતો સાવજ ધસી આવ્યો. અઢાર અઢાર હાથ માથે ઠેક દેતા સાવજે છ છલાંગો મારી, ન મારી ત્યાં તો લાલ શાહજાદાએ કાન સુધી કમાન ખેંચીને ગમમમ.... કરતું એક તીર ફેંકયું અને સાવજનો એક કાન ઉપાડયો, બીજું તીર ફેંકયું અને બીજો કાન ઉપાડયો અને ત્રીજું તીર ફેંકતાં તો પૂછડાનો ઝુંડો ડફ દેતો આઘો જઈ પડયો. આંખે લોહી ઊતરતાં ઘૂમરી ખાતો સાવજ બાંડો થઈ જંગલ તરફ વહેતો થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બાંડો સાવજ તો સાજા સાવજ કરતાં સાતગણો ભૂંડો.' એમ મેંગરાજે કહેતાં લાલ શાહજાદે ઘોડાને દબાવ્યો ને સાવજ પાછળ વહેતો કર્યો. દણાં....દણાં કરતા બે ય ઘોડા વન-જંગલ અને પહાડની ગાળીઓમાં દડબડાટી બોલાવ્યે જાય છે અને સાવજનાં પગલાં ભિડાવ્યે જાય છે. એક પહોર અને બીજો પહોર થતાં તો સાવજ જંગલની વચ્ચોવચ્ચ ઉપાડી ગયો.

બરાબર બપોર ધખ્યા અને હવે તો પરસેવે નીતરી રહ્યા છે એવે વખતે લાલ શાહજાદે ઘોડો ઠેકાવી, અઢાર હાથનો ભાલો જે ઝીંક્યો કે સાવજને આરપાર વીંધી નાખ્યો અને ભુફફાંગ....કરતો સાવજ આઠ હાથ માથે અવળો થઈને જઈ પડ્યો.

તરત લાલ શાહજાદે અને મેંગરાજ વજીરે ઘોડા થંભાવ્યા તો બે ય ઘોડા ફરણુ....ફરણુ...ફોરણાં બોલાવી રહ્યા છે અને શાહજાદો-વજીર પરસેવે રેબઝેબ થઈ ગયા છે. સૂરજ મહારાજે જાણે વજરનાં કિરણુ વહેતાં કર્યાં છે અને ગળે કાંચકીઓ બંધાવા લાગી છે. તરત શાહજાદે પોકાર કર્યો: 'પાણી, પાણી, પાણી!'

પણ અહીં જંગલમાં પાણી ક્યાંથી લાવવું? શાહજાદાને એક વડ હેઠે બેસાડી મેંગરાજ નેવું હાથના દોરિયા કાઢતા સાગને ઝાડવે ચડ્યો અને ચારે દિશાએ નજર ફેંકવા લાગ્યો. જુએ તો અર્ધા ગાઉ માથે એક દીવાલબંધ બગીચો ચાર ચાર ગાઉમાં ફેલાઈને ઊભો છે અને બગીચાની વચ્ચોવચ્ચ વાવને માથે પાંચ હાથ ઊંચું નવાણુ તબકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હાલો, શાહજાદા! પાણી પાઉં.' કહીને મેંગરાજે શાહજાદાને સાથે લીધો અને વાવની બહાર શાહજાદાને વડલા હેઠ બેસારીને પોતે વાવમાં ઊતર્યો. એકસો ને આઠ પગથિયાં ઊતરીને જ્યાં જુએ તો નીતર્યા તેલ જેવું પાણી શીતળ હેમાળાની ઠારક ફેંકી રહ્યું છે. એક બદનો પોતે પી, બીજો બદનો ભરી બહાર નીકળવા જાય ત્યાં પચાસમે પગથિયે મેંગરાજે શરીર સમાણો ગોખલો જોયો.

ગોખલા સામે નજર કરે તો અંદર રૂપ રૂપના અંબાર સમી એક બાઈ ઊભી છે. કંકુ સરખી કાયા, ચંદા સરખું કપાળ, મોતી સરખી આંખો, દાડમની કળી સરખી દંતાવળીએ જાણે હસી રહી છે. કેળના થંભ જેવા પગે ઊભી ઊભી કરેણની કાંબ્ય જેવા એક હાથે લિંબુ ઉછાળી રહી છે અને બીજા હાથે સોના સરખા દોઢ દોઢ વાંભના વાળ ઓળી રહી છે.

'અહોહોહો....આવી બાઈ ક્યાંથી?' એમ વિચારી મેંગરાજ ગોખલાની પાસે જઈને ધારીને નજર કરે તો કોઈ કાબેલ સલાટે ઘડેલી પૂતળી. પૂતળી છે પણ જાણે હમણાં બોલી કે બોલશે!

એક ઘડી સુધી મેંગરાજ પૂતળી સામે થંભી રહ્યો. પણ બીજી ઘડીએ એને વિચાર આવ્યો કે ક્યાંક શાહજાદો આ પૂતળી જોશે તો જોતાંવેંત એની વાંસે ગાંડો થઈ જશે. લાવ પૂતળીને જરાક છાંદી દઉં! આમ વિચારી થોડીક માટીમાં પાણી નાખી, ગારો કરી પૂતળીને ઉતાવળે ઉતાવળે છાંદવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે ઘડી વીતી તો યે મેંગરાજ બહાર ન આવ્યો એટલે શાહજાદો વાવમાં ડોકાઈને જુએ તો મેંગરાજ ઊભો ઊભો ગોખલો છાંદે છે. તરત શાહજાદો વાવમાં ઊતર્યો અને મેંગરાજની પાછળ ઊભો રહીને જુએ તો માનવી સરખી આબેહૂબ પૂતળીને મેંગરાજ છાંદ્યા કરે છે.

'હાં....હાં....હાં....મેંગરાજ!' કહીને શાહજાદે એનો હાથ ઝાલ્યો અને બોલ્યો: 'અરે, આવી રૂડી પૂતળીને કાં છાંદી દે?'

પીવાનું પાણી પૂતળી માથે છાંટી શાહજાદે ગારો ધોઈ નાખ્યો. ગારો ઊખડતાં તો પૂતળીના રૂપનાં ચોપાસ કિરણ પડી ગયાં. 'વાહ પૂતળી! વાહ પૂતળી!' એમ લવતા શાહજાદાની નજર પૂતળી સામે એકતાર ખોડાઈ ગઈ. શાહજાદો તો હલે કે ચલે. ધીમે ધીમે એ બોલવા લાગ્યો:

હાલો પરી, મહેલ જઈએ,
તમે રાંધો ને અમે ખાઈએ.

મેંગરાજે શાહજાદાને હલાવીને કહ્યું: 'ચાલો લાલ. પાણી પીઓ, આપણે પાછા વળીએ.'

પણ શાહજાદો તો બોલ્યા કરે છે:

હાલો પરી, મહેલ જઈએ
તમે રાંધો ને અમે ખાઈએ.

મેંગરાજ સમજાવવા લાગ્યો: 'શાહજાદા! આ તો પત્થરની પૂતળી. માથાં પછાડીને મરી જાશો તો યે એ જવાબ નહિ આપે. ઊભા થાઓ, ઊભા.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાહજાદો કહે: 'મેંગરાજ! આ પૂતળી કોઈ પરીનું પ્રતિબિંબ. એ પરીને પરણ્યા વિના પાછો ન ફરું. કાં તો એ પરી હોંકારો દે છે અને કાં તો અહીં મારા પ્રાણ પાથરું છું.'

મેંગરાજે શાહજાદાને ઘણો યે સમજાવ્યો પણ શાહજાદાને તો રઢય લાગી ગઈ છે કે,

ચાલો પરી, મહેલ જઈએ,
તમે રાંધો ને અમે ખાઈએ.

કોઈ રીતે શાહજાદો એકનો બે ન થયો ત્યારે મેંગરાજને થયું: 'લાવ, આસપાસમાં તપાસ કરું. ભાઈબંધ જેવો ભાઈબંધ પૂતળી પાછળ ઝૂરવા બેઠો છે ત્યારે એને મરવા દેવાશે?'

આમ વિચારી, શાહજાદાને વાવમાં મૂકી મેંગરાજ ઘોડે ચડીને ચાલતો થયો. સાંજને વખતે ફરીદકોટ પહોંચ્યો. જે કોઈ સામે મળે એને પૂછે છે:

'બગીચામાં રૂડી વાવ, વાવમાં પરી સમી પૂતળી. પૂતળીના ઘડનારાને કોઈ જાણો કે બતાવો?'

પૂછતાં પૂછતાં સાંજે કોઈએ જવાબ દીધો: 'શહેરને સામે છેડે રામધર સલાટ રહે. વાવો બાંધી વૃદ્ધ થયો. એને પૂછો તો ખબર પડે.'

મેંગરાજ રામધર સલાટને ઘેર જઈને ઊભો રહ્યો. જુએ તો સાઠ વરસની જૈફ ઉંમર છે. માથે પળી આવી ગયાં છે. મોઢે કરચળી પડી ગઈ છે. ફળિયામાં ખાટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂતો એની વહુને કહે છેઃ 'અરે, સાંભળ્યું કે? મેડીએ ત્રણ સફરજન પડ્યાં છે એ લાવ તો ખાઉં.'

વહુ કહે છેઃ 'ઊભા રહો ઘડીક વાર. કામમાંથી નવરી થાઉં એટલે લાવું.'

મેંગરાજે જઈને રામધર સલાટને પૂછ્યુંઃ 'સલાટ-બાપા! બગીચામાં રૂડી વાવ. વાવમાં પરી સમી પૂતળી. એના ઘડનારાને જાણો?'

રામધર સલાટ કહેઃ 'ભાઈ, વાવ તો મેં પોતે જ બાંધી, પણ પૂતળીની વાત ન જાણું. અહીંથી પચાસ ગાઉ માથે નજરકોટમાં મારા મોટાભાઈ શામધર સલાટ રહે. એને પૂછો તો ખબર પડે.'

મેંગરાજે એ જ ઘડીએ નજરકોટ માથે ઘોડાને વહેતો કર્યો. સવાર પડતાં તો શામધર સલાટને ઘેર જઇને ઊભો રહ્યો. જુએ તો ફળિયામાં ખાટલો ઢાળીને ચાલીસેક વરસનો આદમી સૂતો છે. કાળા વાળમાં કોઈ કોઇ ધોળો વાળ તબકે છે. મેંગરાજે પૂછ્યુંઃ 'ભાઈ! શામધર સલાટ ઘેર છે કે?'

ખાટલે સૂતેલો આદમી કહેઃ 'આવો ભાઈ, શામધર સલાટ હું પોતે જ.'

આ તે રામધરથી મોટો કે નાનો? એમ મેંગરાજ વિચાર કરે છે ત્યાં તો શામધરે બૂમ મારીઃ 'અરે સાંભ-ળ્યું કે? મેડી માથે ત્રણ સફરજન પડ્યાં. લાવ તો ખાઉં.'

તરત શામધરની વહુએ બે સફરજન લાવીને હાથમાં ધર્યાં. શામધર કહેઃ 'ત્રીજું લાવ ને?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહુ કહે: 'એ જ હતાં. ત્રીજું નથી. ક્યાંથી લાવું ?'

વાત પતી કે મેંગરાજે પૂછ્યું: 'ફરીદકોટ પાસે બગીચામાં રૂડી વાવ. વાવમાં પરી સમી પૂતળી. એના ઘડનારાને જાણો ?'

શામધર કહે: 'એનો ગોખલો તો મેં પોતે કંડાર્યો. પણ પૂતળીની વાત ન જાણું. અહીંથી પચીસ ગાઉ માથે અકલકોટમાં મારા મોટાભાઈ ગણુધર સલાટ રહે. એને પૂછો તો ખબર પડે.'

તરત મેંગરાજ ઘોડે ચડ્યો અને ઊભી પાટીએ ઘોડાને અકલકોટ તરફ હાંકી મૂક્યો. સાંજ પડી, ન પડી ત્યાં તો ગણુધર સલાટને ઘેર જઈને ઊભો રહ્યો. જુએ તો ફળિયામાં એક જુવાન આદમી ખાટલે સૂતો છે. માથે કાળા ભમ્મર વાળ છે. લાલ ચટાક દેહ છે. હાકલા–પડકારા કરે છે. મેંગરાજે એને પૂછ્યું: 'ગણુધર સલાટ ઘેર છે કે ?'

ખાટલામાં સૂતેલો આદમી કહે: 'આવો ભાઈ! ગણુધર સલાટ હું પોતે જ. શું કામ પડ્યું ?'

આ શામધરથી મોટો કે નાનો? આમ વિચારી મેંગરાજ થંભી ગયો. ત્યાં તો ગણુધર સલાટે બૂમ મારી: 'અરે સાંભળ્યું કે? મેડી માથે સફરજન પડ્યું. લાવ તો ખાઉં.'

તરત એની વહુએ એક સફરજન લાવીને હાથમાં ધર્યું. તરત ગણુધર સલાટ કહે: 'બીજું સફરજન પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાવ ને ?' દોડાદોડ વહુ ગઈ અને બીજું સફરજન હાથમાં ધર્યું. વળી ગણુધર સલાટ કહે: 'ત્રીજું સફરજન પણ લાવ ને ?' વળી વહુ દોડાદોડ ઉપર ગઈ. પણ થોડીક વારે પાછી આવીને કહે: 'ત્યાં તો બે જ સફરજન હતાં. ત્રીજું નથી.' ગણુધર સલાટ કહે: 'ઠીક.'

ઊભો ઊભો મેંગરાજ આ જોયા કરે છે. ગણુધર સલાટે પૂછ્યું: 'કેમ ભાઈ, થંભી ગયા ? શું વિચાર કરો છો ?

મેંગરાજ પૂછે: 'તમે શામધરથી મોટા કે નાના ?'

ગણુધર સલાટ કહે: 'શામધરને સિત્તેર થયાં. મને એંસી. હું દસ વરસે મોટો.'

મેંગરાજનો અચંબો વધી ગયો. એને થયું કે સાઠ વરસના રામધર માથે પળી આવી ગયાં છે એ તો ઠીક, પણ સિત્તેર વરસનો શામધર તો ચાલીશ વરસનો લાગે છે અને એંસી વરસનો આ ગણુધર પચીસ વરસનો લાગે છે. આ તે સાચું કે ખોટું ? તેણે ગણુધરને બધી વાત પૂછી. ગણુધર કહે: 'તમે બધાને ઘેર ઘડીએક ઊભા રહ્યા તો ય ખબર ન પડી ?'

મેંગરાજ કહે: 'ના, ના.'

ગણુધર કહે: 'જુઓ ભાઇ, આદમીની ઉંમર તો ઓરતની સેવા પ્રમાણે વરતાય. તમે રામધરને ઘેર ગયા ત્યારે રામધરે સફરજન માગ્યાં પણ એની વહુએ પૂરો જવાબ પણ ન દીધો. એની કર્કશા વહુને લીધે એને માથે પળી આવી ગયાં છે અને મોઢે કરચળી પડી ગઈ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શામધરની વહુએ કહેવા પ્રમાણે સક્કરજન લાવી દીધાં, પણ ત્રીજું સક્કરજન લાવવા કહ્યું ત્યારે જવાબ દઈ દીધો કે ત્યાં તો બે જ સક્કરજન છે. આટલી એની સેવામાં ખામી. તેથી એને માથે કોઈ કોઈ ધોળા વાળ તબકવા લાગ્યા છે. પણ મારી વહુને બે વાર ધક્કા ખવરાવ્યા પછી ત્રીજી વાર મોકલી તો યે હસતી હસતી ગઈ અને જવાબ લાવી કે ત્યાં સક્કરજન નથી. આવી વહુને લીધે મારું રોજ શેર શેર લોહી વધે છે અને એંસી વરસે પણ જુવાન જેવો લાગું છું. આ તો થઈ અમારા કુટુંબની વાત. બોલો, શા કામે આવ્યા છો?'

મેંગરાજ પૂછે: 'ફરીદકોટ પાસે બગીચામાં રૂડી વાવ. વાવમાં પરી સમી પૂતળી. એના ઘડનારાને જાણો?'

ગણધર સલાટ કહે: 'એનો ઘડનારો હું પોતે.'

મેંગરાજ કહે: 'એ પૂતળી જોઈ લાલ શાહજાદો ગાંડો થયો છે. કઈ પરીને આકારે એ પૂતળી ઘડી તે કહો. પરીને ગોત્યા વગર આરો નથી.'

ગણધર સલાટ કહે: 'એ તો ભારે કઠણ વાત છે. એ પરીનું નામ લિંબુપરી. હજારીકોટના ગુલાબ બાદશાહની એકની એક શાહજાદી. એને અખંડ કુંવારકાનાં વ્રત છે. એના મહેલ સામે નજર કરે એની આંખ કઢાય અને આંગળી ચીંધે એની આંગળી વઢાય, એવો બાદશાહનો હુકમ છે. એને તો તમે કેમ મળી શકો?'

મેંગરાજ કહે: 'ત્યારે તમે એને કેવી રીતે જોઈ અને પૂતળી કંડારી?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણુધર સલાટ કહે: ' એ તો એક અકસ્માત. સિંધુને કાંઠે શાહજાદીનો મહેલ છે. મહેલની નીચે જ હોડીવાળાનો દંગો છે. પણ હોડીવાળાને ઊંચી નજર નહિ કરવાનો હુકમ છે. એકવાર હોડીમાં બેસી પાણી સામે નજર રાખી હું સામે કાંઠે જતો હતો. પાણીમાં જોઉં તો મહેલની બારીએ બેઠેલી લિંબુપરીનો પડછાયો પડે. એક હાથે લિંબુ ઉછાળે અને બીજે હાથે સોનેરી વાળ ઓળે. પડછાયાનું રૂપ જોઈને પણ હું તો ચકિત થઇ ગયો. એ જ ઘડીએ રંગ કાઢ્યા અને પડછાયાના રંગ ચીતરી લીધા. એના પરથી એ પૂતળી કંડારી. પણ એ પૂતળીનાં રૂપ જોઇને તો સિત્તેર શાહજાદા વાવમાં ને વાવમાં બેસી ગયા છે અને હાડકાં ગાળી ગારદ થઈ ગયા છે. કોઇને હાથ લિંબુપરી આવી નથી. તમારા શાહજાદાને પણ સમજાવીને પાછા વાળો, નહિ તો મોત વિના બીજો રસ્તો નથી.

' અલ્લાહ કરે તે ખરી ! ' એમ કહી મેંગરાજ ત્યાંથી નીકળી ગયો. ચાલતો ચાલતો તે હજારીકોટ પહોંચ્યો. ત્યાં જઈને એણે સ્ત્રીનો વેશ વેચાતો લીધો. અઢાર હાથનો સૂથણો લીધો, બાર હાથનો કૂડતો લીધો, દોઢ હાથનો ખેસ લીધો. સૂથણો અને કૂડતો પહેરી, વાળ ઓળી આડો ખેસ નાખ્યો ત્યાં તો અસલ ઓરતનું રૂપ આવી ગયું. રૂડો રૂડો મેંગરાજ ઓરતના વેશમાં ઓર રૂડો લાગ્યો. નામ રાખ્યું અમીના.

અમીનાએ બજારમાં જઈને ભાત ભાતની ને જાત જાતની રૂડી બંગડીઓ વહોરી અને એક પેટીમાં ભરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેચવા નીકળી. મહેલની આસપાસ ઘૂમવા લાગી અને બોલવા લાગી: 'કોઈ બંગડી લ્યો રે....બંગડી. ઓરતના રૂપને ઓર દીપાવે એવી બંગડી. ખાવિંદના પ્યારને ઓર બઢાવે એવી બંગડી. બંગડી લ્યો રે....બંગડી.'

મહેલ આસપાસ વસતી ઉમરાવજાદીઓ બહાર આવી બંગડીના ભાવ પૂછવા લાગી. પણ એક એક બંગડીના હજાર રૂપિયા! ડોકાં હલાવી ઉમરાવજાદીઓ પાછી વળે. ત્રીજે દિવસે અમીના બરાબર લિંબુપરીના મહેલની નીચે જઈને બોલવા લાગી: 'કોઈ બંગડી લ્યો રે....બંગડી. ઓરતના રૂપને ઓર દીપાવે એવી બંગડી. ખાવિંદના પ્યારને ઓર બઢાવે એવી બંગડી. બંગડી લ્યો રે....બંગડી.'

અમીનાનો અવાજ સાંભળી લિંબુપરીએ બહાર ડોકું કાઢ્યું અને ગરીબના વેશમાં યે અમીનાનું રૂડું રૂપ જોઈને થંભી ગઈ. તરત એણે અમીનાને ઉપર બોલાવી અને બંગડી વહોરવા લાગી. અમીના લિબુંપરીના સાપની બંગડીઓ કાઢીને પહેરાવવા લાગી. અગિયાર બંગડી તોડી એક પહેરાવે, અગિયાર બંગડી તોડી એક પહેરાવે—એમ કરતાં બપોર પાડ્યા અને ચાર જોડ બંગડી પહેરાવી. ચુમાળીસ બંગડી તોડી તો યે ચાર જોડ્યના જ દામ માગ્યા.

લિંબુપરી તો અમીનાનું રૂપ નીરખવામાં જ ગરકાવ થઈ ગઇ છે. બંગડી પહેરાવી અમીના ચાલતી થઈ એટલે લિંબુપરીએ પાછી બીજે દિવસે બંગડીઓ દઈ જવા વાત કરી. બીજે દિવસે અમીના ગઈ અને ત્રીજે દિવસે આવવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત કરી. આમ રોજ અમીના જવા લાગી. રોજ મીઠી મીઠી વાતો કરે, ચુમાળીસ બંગડીઓ તોડે અને ચાર જોડ્યના જ દામ માગે.

એક દિવસ લિંબુપરી કહે: 'અરે હે ઓરત! આટઆટલી બંગડી તોડી ચારના જ દામ લે છે તો તારો ખાવિંદ નહિ ખિજાય?'

તરત આંખમાં આંસુ લાવી અમીના કહે: 'મારા ખાવિંદ તો જન્નતનશીન થયા. હું એકલી જ છું અને બંગડી વેચી પેટ ભરું છું.'

લિંબુપરી કહે: 'ત્યારે મારે ત્યાં જ રહે ને? મારી સખી કરીને રાખું. તારે બંગડી વેચી પેટ ભરવાની પંચાત જ નહિ.'

અમીના કહે: 'ભલે.'

તરત લિંબુપરીએ બંગડીની પેટી નદીમાં ફેંકી દીધી અને અમીનાને પોતાના કિંમતી પોષાક પહેરવા દીધા. લિંબુપરીના જરિયાની અને કિનખાબી પોષાક પહેરતાં તો અમીનાનાં રૂપ અધિક વધી ગયાં. પોષાક પહેરીને અરીસા સામે ઊભી રહી ત્યાં તો લિંબુપરી સામી ને સામી તાકી રહી અને નિસાસા પર નિસાસા નાખવા લાગી.

અમીના કહે: 'શાહજાદી, શાં દુઃખે નિસાસા મૂકયા?'

લિંબુપરી કહે: 'બહેન, કહેવાય એવી વાત નથી.'

અમીના કહે: 'કહેવાય તો ય કહો અને ન કહેવાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોય કહો. સખી સ્થાપી અને હૈયાની વાત મને નહિ કહો તો કોને કહેશો ?'

લિંબુપરી કહેઃ 'અમીના, બાબા મને રૂપ વિનાના કોઈ શાહજાદા સાથે પરણાવી ન દે માટે મેં અખંડ કુંવારકાનાં વ્રત લીધાં. પણ મારાં કરતાં યે તારાં વિશેષ રૂપ જોઈ ને મને થાય છે કે ખુદાએ તને ઓરત કાં સર્જી ? તું આદમી હોત તો હું તને પરણી શકત ને ?'

અમીના કહેઃ 'શાહજાદી, મારાં રૂપ તો શાં છે ? મારા કરતાં યે ચડિયાતા રૂપવાળા શાહજાદા જગતમાં પડ્યા છે. એવા શાહજાદાને પરણવાનું વચન આપો તો વાત કરું.'

લિંબુપરી કહેઃ 'આટલી ઉંમર સુધી શાદીની ના પાડી. હવે બાબાને હું કેમ કહું ?'

અમીના કહેઃ 'વચન આપો તો માર્ગ હું કાઢી આપું.'

લિંબુપરીએ વચન આપતાં અમીનાએ પોતાનું અસલ મેંગરાજનું રૂપ ધારણ કર્યું અને બધી વાત કરી. લાલ શાહજાદાની વાત એવી રૂડી રીતે કરી કે લિંબુપરી કહેઃ 'મેંગરાજ, મને કોઈ રીતે લાલ શાહજાદા પાસે લઇ જા.'

મેંગરાજ કહેઃ 'શાહજાદી, અત્યારે કાંઈ બોલું તો તો બાદશાહ મારું માથું ઉડાવે. અમીનાને વેશે મને બહાર ચાલ્યો જવા દે. આજથી એક માસે તને લાલ શાહજાદા સાથે મેળાપ કરી આપું તો મને મેંગરાજ જાણજે.'

આમ કહી અમીના મહેલ બહાર નીકળી ગઈ. તરત ઘોડે ચડીને મેંગરાજે ઘોડાને ફરીદકોટ તરફ મારી મૂક્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરીદકોટને બગીચે પહોંચી વાવમાં નજર કરી તો લાલ શાહજાદો ગળીને કાંટા સરખો થઈ ગયો છે, દી કે દિશાનું ભાન નથી. આંખો ગોખલામાં ઊંડી ઊતરી ગઈ છે અને ઊંડે ઊંડેથી જાણે અવાજ આવી રહ્યો છે:

હાલો પરી, મહેલ જઈએ,
તમે રાંધો ને અમે ખાઈએ.

મેંગરાજે જઈને શાહજાદાના કાનમાં બોલ નાખ્યા: ‘ઊઠ રે ઊઠ શાહજાદા! આજથી એક માસે લિંબુપરી તારા હાથમાં સોંપું.’

આટલા બોલ કાને પડતાં તો ‘હેં....હેં....’ કહેતો શાહજાદો ઊભો થઈ ગયો. મેંગરાજને બથમાં લઈને ભેટી પડ્યો. મેંગરાજે બધી વાત કરતાં તો શાહજાદાને બત્રીસે કોઠે દીવા થઈ ગયા. વગર ખાધેપીધે અંગે અંગે તેજનાં કિરણ ફૂટવા લાગ્યાં અને આંખો ચમકવા લાગી. મેંગરાજ કહે: ‘પણ હું કહું તેમ કરવું પડશે, હો શાહજાદા?’

શાહજાદો કહે: ‘તું કહે તેમ, પછી કાંઈ?’

શાહજાદાને લઈને મેંગરાજ હજારીકોટ ઊપડ્યો. હજારીકોટમાં જઈને બન્નેએ ફકીરના વેશ પહેરી લીધા. પગ સુધીનો પહોળો ખલતો ચડાવ્યો, કેડ સમાણી જટાઓ ચડાવી, પેટ સુધી પહોંચતા તસબીના ગંઠા ગળે નાખ્યા, હાથમાં ચીપિયો ખખડાવતા ખખડાવતા—

મસ્જિદમેં પડે મુલ્લાં, મંદિરમેં પૂજારી
દરગાહમેં સજાહદ, નસીબન કે ગુજારી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હર નગરીમેં ઢૂંઢા કિયા, અનઅનકે ભિખારી
જોગીકા બરના હમને લિયા, યારકી ખાતિર...

એમ બોલતા બોલતા બજારે નીકળ્યા અને ગામને છેડે એક મોટી મસ્જિદમાં પડાવ નાખ્યો. શાહજાદાને મસ્જિદની અંદર બેસાડયો અને લોબાનનો ધૂપ કરી મેંગરાજ બહાર આવીને બેઠો. આવા મોટા સાંઈ જોઈને લોકો સલામે આવવા લાગ્યા. મેંગરાજ કહે: 'મોટા સાંઇ-મૌલા તો અંદર બેઠા છે. જાઓ સલામ કરી આવો. દીનદુઃખિયાનાં દુઃખ ભાંગે છે અને સુખિયાનાં સુખ વધારે છે. પણ જોજો, એકી સાથે એક ઉપર બીજું કોઇ ન જાય.'

આમ એક એક આદમી અંદર જાય છે. આંખો ચડાવીને બેઠેલા સાંઈમૌલાને સલામ કરી ચૂમી ભરે છે. સાંઈમૌલા ખાખની ચપટી આપે છે.

કોઈ પાક સાંઈમૌલા આવ્યા છે એવા સમાચાર ફેલાતાં આખું શહેર ઊમટયું, પણ મેંગરાજ અંદર એક ઉપર બીજા માણસને જવા દેતો નથી.

આ બાજુ લિંબુપરી લાલ શાહજાદાની અને મેંગ-રાજની વાટ જુએ છે. આટલા દિવસ થયા તો યે કશા સમાચાર આવ્યા નથી એટલે ચિંતામાં પડી છે. એને કાને આ સાંઇમૌલાની વાત આવી. એને થયું કે લાવ ને સાંઇમૌલાની સલામે જઈ આવું. કદાચ એમના આશી-ર્વાદથી મારી મનની ઇચ્છા પૂરી થાય.

લિંબુપરી સાંજને વખતે સોળ સો સખીઓ લઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંઈમૌલાની સલામે ઊપડી. તરત બાદશાહના હુકમે આખી બજાર બંધ થઈ ગઈ. માણુસોને બહાર નહિ નીકળવાના હુકમો અપાયા. એકેએક માણુસ ઘરમાં જઈ બેઠાં અને લિંબુપરી શહેરને છેડે મસ્જિદે આવી. જેવી સખીઓને લઈને લિંબુપરી મસ્જિદમાં જવા જાય કે મેંગરાજ કહે: 'સાંઈમૌલાની સલામે એકને જ જવાનો હુકમ છે. બીજાથી નહિ જવાય.'

લિંબુપરી સખીઓને બહાર મૂકી જેવી અંદર ગઈ કે મેંગરાજ પાછળ પહોંચ્યો. શાહજાદાને કહે: 'ઊઠો રે સાંઈ મૌલા! તમારી લિંબુપરી આવી ગઈ.'

તરત સાંઈમૌલા ઊભા થયા અને મેંગરાજે લિંબુપરીને લાલ શાહજાદાની ઓળખાણુ કરાવી. લિંબુપરી તો આ સાચું કે ખોટું એમ વિચારે ત્યાં તો મેંગરાજ લિંબુપરી અને શાહજાદાને મસ્જિદના પાછળના ભાગમાં લઈ ગયો. જુએ તો મસ્જિદ પાછળ ત્રણુ પવનવેગી ઘોડા બાંધ્યા છે. મેંગરાજે કહેતાં ત્રણે જણાં ઘોડા પર સવાર થઇ ગયાં અને પાછળને ભાગેથી અંધારામાં શિયાળકોટ તરફ મારી મૂકયાં.

આ બાજુ સખીઓ રાહ જોઈ જોઇને થાકી તો યે લિંબુપરી બહાર ન નીકળી એટલે એમણે જઇને બાદશાહને જાણુ કરી. મધરાતે બાદશાહને ખબર પડી. એ વખતે તો લાલ શાહજાદો, લિંબુપરી અને મેંગરાજ તો દડબડ કરતા ઘોડા શિયાળકોટને માર્ગે દોડાવ્યે જાય છે. સવાર પડતાં તો શિયાળકોટના બાદશાહને મહેલે ઊતરી પડયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરત મેંગરાજ ગુલ બાદશાહ પાસે પહોંચ્યો. ગુલ બાદશાહ તો લાલ શાહજાદાની વાટ જોતો બેઠો છે. મેંગરાજે બધી વાત કરતાં ગુલ બાદશાહના હરખનો કોઈ પાર રહ્યો નહિ. એ ને એ વખતે તેણે સૈયદ બોલાવ્યા, શહેરને કાંગરે કાંગરે અત્તરના દીવા થયા, દરવાજે દરવાજે નીલમનાં તોરણ બંધાયાં અને ઘડિયાં લગન લઈને સૈયદે લાલ શાહજાદાની લિંબુપરી સાથે શાદી કરી દીધી. અને પછી લાલ શાહજાદો, લિંબુપરી અને વજીર મેંગરાજે સાથે ખાધું, પીધું અને અમનચેનમાં દિન ગુજાર્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓરતની મરદાનગી

અકલકોટમાં એક બાદશાહ રાજ કરે. બાદશાહને ત્યાં રૂપ રૂપના અંબાર સમી બેગમ. બેગમને પેટે બે શાહજાદા અવતર્યા. શાહજાદા જુવાન થતાં બન્નેની શાદી કરી ને બન્નેની રૂડી રૂપાળી બીબીઓ મહેલને શોભાવવા લાગી.

બાદશાહને પોતાના સુખનું ભારે અભિમાન. એને મનમાં એમ કે મારે હાથે આવી રૂડી બાદશાહી, મારે ઘેર આવી રૂડી બીબી, આવા જુવાન શાહજાદા અને શાહજાદાની બીબીઓ—મારા જેવું દુનિયામાં બીજું સુખી કોણ છે? આખો દિવસ બાદશાહ જેને-તેને મોઢે પોતાના સુખનાં ગુણગાન ગાયા કરે.

એક વખત બાદશાહ શિકારે નીકળ્યો. શિકાર કરતાં કરતાં દૂર દૂર જંગલમાં નીકળી ગયો. જંગલમાં રખડતાં રખડતાં સાંજ પડવા આવી અને બાદશાહે ઘોડો પાછો ફેરવ્યો. ઘોડો પાછો ફેરવતાં જુએ તો નદીકાંઠે એક બાઈ બેઠી છે. બાઈને અર્ધે માથે હાથહાથના બટુકડા વાળ અને અર્ધે માથે પાનીઢક વાળ. બાઈનું ડાબી બાજુનું અંગ બિહામણું અને જમણી બાજુનું અંગ રૂપ રૂપના અંબાર સમું. ડાબી આંખે બાઈ રડયા કરે અને જમણી આંખે બાઇ હસ્યા કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવો બાદશાહ એ બાઇ પાસેથી નીકળ્યો કે બાઇએ ઊભાં થઈ ને ઘોડાની લગામ પકડી. બાઇનું આવું વિચિત્ર ને બિહામણું રૂપ જોઈને બાદશાહ બોલ્યો: 'અરે બાઈ! છોડ લગામ. તું કોણ છે? ડેણ છે, ડકાણ છો, ભૂત છો કે પલીત છો?'

બાઇ કહે: 'હું ડેણ-ડાકણ નથી કે ભૂત-પલીત પણ નથી. હું તો 'જે-થવાનું-હશે-તે-થશે.' (જો હોગા-સો હોગા) છું. દરેક માનવીના નસીબમાં સુખી પણ થવાનું હોય છે અને દુઃખી પણ થવાનું હોય છે. સુખી માનવીને હું દુઃખ આપું છું અને દુઃખી માનવીને હું સુખ આપું છું. આમ કરીને હું માણસોને ઠેકાણે રાખું છું. 'જે-થવાનું-હશે-તે-થશે' એમાં કોઇ મીનમેખ પણ કરી ન શકે.'

બાદશાહ કહે: 'હું તો દુઃખને જાણતો નથી. જિંદગી ધરીને સુખ વિના બીજું મેં કાંઈ ભાળ્યું નથી. મારા નસીબમાં 'જે-થવાનું-હશે-તે-થશે' એની વાત કહે જોઇએ.'

બાઈ બોલી: 'તારા નસીબમાં યે પાંચ વરસનો દેશવટો માંડયો છે. બોલ, એ દેશવટો હમણાં ભોગવવો છે કે પાછળથી ભોગવવો છે? દેશવટો મળશે એમાં મીનમેખ નથી. ક્યારે દેશવટો ભોગવવો છે એ કહી દે.'

બાદશાહ કહે: 'આજ તો મને ઘેર જવા દે. મારી બેગમને પૂછીને તને આવતી કાલે જવાબ દઈશ.'

બાઈ કહે: 'ભલે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાદશાહ મારતે ઘોડે ઘેર આવ્યો અને પોતાની બેગમને બધી વાત કરીને પૂછ્યું: 'બોલ, આપણે દેશવટો ક્યારે ભોગવીએ તો ઠીક?'

બેગમ કહે: 'અત્યારે આપણે જુવાન અને બળવાન છીએ. એટલે જે કાંઈ દુઃખ આવશે તે સહન કરી શકશું. માટે તમેતમારે 'જે-થવાનું-હશે-તે-થશે'ને કહેજો કે હમણાં જ દેશવટો ભોગવવા અમે તૈયાર છીએ.'

બીજે દિવસે પાછો બાદશાહ જંગલમાં નદીકાંઠે આવ્યો. જુએ તો બાઈ એ જ ઠેકાણે બેઠી. છે. બાદશાહ કહે: 'હે 'જે-થવાનું-હશે-તે-થશે.'—બાઈ! દેશવટો મને મળવાનો જ હોય તો હમણાં જ ભલે મળે.'

બાઈ બોલી: 'જેવી તમારી મરજી.' આમ બોલીને એ અલોપ થઈ ગઈ.

બાદશાહ પાછો ફરીને રાજધાનીમાં આવીને ઊભો રહ્યો ત્યાં તો દૂતે આવીને સમાચાર આપ્યા કે રહીમકોટનો બાદશાહ એક લાખનું લશ્કર લઈને ચડી આવે છે. સમાચાર મળતાં તરત જ બાદશાહે રાજધાનીના દરવાજા બંધ કરાવી દીધા અને ચડાઈના સામના માટે તૈયારી કરવા લાગ્યો. બાદશાહે ઘણો સામનો કર્યો પણ એક લાખના લશ્કર સામે ટકી શકાયું નહિ. એક પછી એક દરવાજા તૂટવા લાગ્યા અને શત્રુનું લશ્કર શહેરમાં ઘૂસવા લાગ્યું.

હવે સામનાનો કોઈ ઉપાય નથી એમ ધારીને બાદ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાહ પોતાની બેગમ, બન્ને શાહજાદા તથા બન્ને શાહજાદાની બીબીઓને લઈ ને ઘોડે ચડીને પાછલે દરવાજેથી ભાગી છૂટયો. છ યે જણાં ઘોડા પર બેસીને ભાગતાં ભાગતાં ગામ પછી ગામ મૂકતાં ગયાં અને શત્રુના માણસો પાછળ પડયા છે એવા સમાચારે દૂર ને દૂર ભાંગતાં ગયાં.

ભાગતાં ભાગતાં કેટલા યે દેશ પાર નીકળી ગયાં. પણ આટલા દેશ વટાવતાં બાદશાહ પાસે હતાં તે નાણાં ખરચાઈ ગયાં અને પાસે એક પાઈ પણ રહી નહિ. ભીખ માગીને ખાવાના દિવસો આવી ગયા.

એક વખત તેઓ જંગલમાં પડાવ નાખીને પડ્યાં છે, સાત સાત દિવસના ઉપવાસ થયા છે, કાલે પણ ખાવાનું મળશે કે નહિ તેની શંકા છે ત્યારે બાદશાહના મનમાં વિચાર થયો કે: ‘આટલાં બધાં માણસનું ખાવાનું રોજ ને રોજ ક્યાંથી મેળવવું? આ કરતાં જો બન્ને શાહજાદાની બેગમોને પડતી મૂકીએ તો એટલી ઓછી પંચાત.’

આવો વિચાર કરી બાદશાહે પોતાની બેગમ અને બન્ને શાહજાદાને જગાડ્યા અને પોતાનો વિચાર જણાવ્યો. ભૂખના માર્યાં બેગમ અને શાહજાદાઓને પણ આ વિચાર ગમ્યો. તરત તેઓ ઘોડેસવાર થયાં અને બન્ને બેગમો સૂતી હતી તેમને એમ ને એમ ઊંઘમાં મૂકીને ચાલતાં થઈ ગયાં.

સવાર પડતાં બન્ને બેગમો જાગીને જુએ તો તેમના પતિ કે સાસુ-સસરા ન મળે. ક્યાંક ખોરાકની તપાસમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ ગયાં હશે ધારીને તેમણે બપોર સુધી વાટ જોઈ, પણ કોઈ દેખાયું નહિ. તેમણે જંગલમાં આમતેમ ફરીને સાસુ-સસરા અને પતિઓને નામે હજારો બૂમો મારી પણ કોણ જવાબ દે? સાંજ પડી તો યે કોઈનો પત્તો ન મળ્યો ત્યારે તેમણે ધાર્યું કે કદાચ તેઓ તેમને મૂકીને તો નહિ ચાલ્યાં ગયાં હોય?

'પણ હવે કરવું શું?' નાની બેગમે પૂછ્યું. મોટી બેગમ ચતુર અને હોશિયાર હતી. તેનું નામ હુસ્નબાનુ. હુસ્નબાનુએ કહ્યું: 'બહેન, રોવા બેઠે કોઇ આરો નહિ આવે. એ તો ઠીક, પણ જો આપણે ઓરતને વેશે જ બધે ફર્યા કરશું તો વળી આફતમાં મુકાઈ જશું.'

આમ કહીને હુસ્નબાનુએ પોતાનાં કપડાં ફાડી નાખ્યાં અને ઓરતનાં કપડાંમાંથી મરદનો પોષાક તૈયાર કરી લીધો. પોતે એ પોષાક પહેરી લીધો અને નામ રાખ્યું હુસેનશાહ. હુસ્નબાનુ મરદાના પોષાકમાં ભારે શોભવા લાગી. હુસેનશાહ નાની બેગમને લઈને ચાલી નીકળ્યો.

ચાલતાં ચાલતાં તેઓ ફરીદકોટમાં પહોંચ્યાં. હુસેન-શાહે શહેરમાં એક મકાન ભાડે લીધું અને નાની બેગમની સાથે ત્યાં રહેવા લાગ્યો. બીજા દિવસથી એ મરદના પોષાકમા ઘોડે બેસીને, હથિયાર-પડિયાર સજીને બાદ-શાહના દરબાર આસપાસ આંટા મારવા લાગ્યો. બાદશાહ દરબારમાં બેઠો આ સુંદર ઘોડેસવારને રોજ જોયા કરે.

આ રીતે આંટા મારતાં ત્રણ દિવસ પસાર થયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે ચોથે દિવસે બાદશાહે ઘોડેસવારને પાસે બોલાવીને પૂછ્યું: 'તમે કોણ છો અને અહીં કેમ આંટા મારો છો? તમારે કાંઈ જોઈએ?'

ઘોડેસવાર કહે: 'મારું નામ હુસેનશાહ. મારે બાદશાહની નોકરી જોઈએ. નોકરીમાં બાદશાહની ખુદની રખેવાળી કરું અને રોજના હજાર રૂપિયા લઉં.'

બાદશાહ કહે: 'ભલે.'

તે દિવસથી હુસેનશાહ બાદશાહની સાથે જ હરે-ફરે અને બાદશાહની ચોકી કર્યા કરે બાદશાહની સાથે મીઠી મીઠી વાતો કરે અને બાદશાહના દિવસ આનંદમાં વિતાવે. બાદશાહ હુસેનશાહ પર ખુશ ખુશ. હુસેનશાહ રોજના હજાર રૂપિયામાં પોતાની બહેન સાથે આનંદમાં દિવસ ગુજારે અને શહેરમાં હરતાં-ફરતાં પોતાનાં સાસુ-સસરા અને પતિ-દેરની તપાસ કર્યા કરે. પણ કોઈનો પત્તો લાગે નહિ. આમ કરતાં કરતાં એક વરસ પસાર થઈ ગયું.

એક રાતે હુસેનશાહ બાદશાહના મહેલની આસપાસ ઉઘાડી તરવારે પહેરો ભરે છે. કાળી ઘોર રાત છે. અંધારા આડે સગો હાથ પણ દેખાતો નથી. એવે વખતે દૂર દૂરથી કોઈ બાઈ રોતી હોય તેવો અવાજ આવવા લાગ્યો. બાદશાહે પલંગમાં પડ્યાં પડ્યાં પડકાર કર્યો: 'હુસેનશાહ!'

હુસેનશાહ કહે: 'જી જનાબ!'

બાદશાહ કહે: 'કોઈ દુઃખિયારી બાઈ રુદન કરતી લાગે છે. જાઓ, જઈને એના દુઃખની તપાસ કરો અને એની મુશ્કેલી મિટાવો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હુસેનશાહ ઘોડે ચડીને અંધારામાં જે તરફથી બાઇના રુદનનો અવાજ આવતો હતો તે તરફ ચાલી નીકળ્યો. શહેરની બહાર નદી પાર કરીને સામે કાંઠે જુએ તો એક જટાજૂટ વડલો ઊભો છે અને વડલાની ડાળે આજે જ ફાંસીએ ચડાવેલ એક ખૂનીનું મડદું ટિંગાય છે. મડદા નીચે બેસીને એક ડોસી રડ્યા કરે છે.

હુસેનશાહ બાઈની પાસે જઇને કહે: 'અરે બાઈ! તમારે શાં દુઃખ કે આવી ઘોર અંધારી રાતે અહીં એકલાં બેઠાં રડો છો?'

ડોસીએ આ શબ્દો સાંભળીને હૈયાફાટ રુદન આદર્યું અને ડૂસકાં ભરતાં કહ્યું: 'આ વડની ડાળીએ ટિંગાય છે તે મારો એકનો એક દીકરો છે. એને હું પહોંચી શકતી નથી. જો એના મડદાને હેઠું ઉતારી દો તો એને છેલ્લી ચૂમી ભરીને કબ્રસ્તાનમાં દાટી આવું.'

હુસેનશાહે ઘોડા ઉપર ઊભા થઈને મડદાને હેઠું ઉતાર્યું. તરત જ ડોસીએ મડદાને પોતાના ખોળામાં લીધું અને મડદાને ગળે મોઢું માંડીને ચસ....ચસ.... કરતી લોહી ચૂસવા લાગી.

ચસ....ચસ....એવો અવાજ સાંભળતાં હુસેનશાહે ડોસી તરફ નજર કરી ત્યાં તો ડોસીના લાલ લાલ ડોળા અને છરા છરા જેવડા દાંત દેખાય. છરા છરા જેવડા દાંત ડોસી મડદાના ગળામાં ભરાવી રહી છે અને ચસ....ચસ કરતી લોહી ચૂસી રહી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આ તો રાક્ષસી કે શું ? રાક્ષસી હોય તો જ માણસનું લોહી પીએ. રાક્ષસીથી જમીન પર પડ્યા મડદાનું જ લોહી ચૂસી શકાય તેથી જ શું આ મડદું હેઠે ઉતારી દેવાનું કહ્યું હશે ?' આવો વિચાર આવતાં તરત જ હુસેનશાહે કમરેથી તરવાર કાઢી અને ધડ કરતી ડોસીને માથે ઝીંકી.

પણ તરવારનો ઘા પડતાંવેંત જ રાક્ષસીએ છલંગ મારી અને ઘા મડદા માથે જઈ પડચો. મડદાના બે કટકા થઈ ગયા. ઘા ખાલી ગયો જાણી હુસેનશાહે એડી મારી ઘોડાને કુદાવ્યો અને તરવારનો બીજો ઘા ઝીંક્યો. તરત જ રાક્ષસીએ પોતાનો અઢાર હાથ દેહ ઊંચો કર્યો અને છલાંગો મારતી ભાગવા લાગી. હુસેનશાહે બીજો ઘા ઝીંક્યો તે પણ ચુકાવીને રાક્ષસી ભાગી છૂટી. ઘડીવારમાં તો એ અંધારામાં અલોપ થઈ ગઈ. પણ તરવારના બીજા ઘાને ઝટકે રાક્ષસીના કૂડતાનો એક કટકો કપાઈને હેઠે પડી ગયો.

હુસેનશાહ નજર કરે તો કૂડતાનો કટકો આવા ઘોર અંધારામાં યે ચળળક-વળળક કરતો ચળકારા માર્યા કરે છે. ટુકડો હાથમાં લઈને જુએ તો એટલા ટુકડામાં યે સોનેરી-રૂપેરી ગૂંથણી તારે તારે ગૂંથેલી છે અને ચકચકાટ કર્યા કરે છે. હુસેનશાહે ટુકડો ખિસ્સામાં મૂક્યો અને ઘોડો પાછો વાળીને મહેલ તરફ રવાના થયો. નદી પાર કરીને સવાર પડતાં મહેલે આવીને ઊભો રહ્યો.

હુસેનશાહને જોતાં બાદશાહે પૂછ્યું: 'કાં હુસેનશાહ ! રાતે કોણ રોતું હતું ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હુસેનશાહ કહે: ‘ એ તો કોઈ રાક્ષસી હતી રાક્ષસી. એના કહેવાથી મેં મૂડદું ઉતારી દીધું તો એ ગળે મોઢું માંડી લોહી ચૂસવા લાગી. તરવારના ઘા કર્યા એટલે એ ભાગી છૂટી.’

બાદશાહ કહે: ‘શું તમે ય તે ટાઢા પહોરના ઝીંકો છો? રાક્ષસીને જોતાં તો આદમ–જાતનો જાન ઊડી જાય અને તમે એને તરવાર માર્યાની બડાશ હાંકો છો? રાક્ષસીને માર્યાની કોઈ સાબિતી ખરી?’

હુસેનશાહ કહે: ‘મેં એને ઘા માર્યો એમાં એના ફૂડતાનો એક કટકો કપાઈને હેઠે પડેલો. જુઓ એ કટકો.’

આમ કહીને હુસેનશાહે ખિસ્સામાંથી કાઢીને ફૂડતા-નો કટકો બાદશાહ પાસે ધર્યો. બાદશાહ નજર કરે તો ફૂડતાનો જરિયાની કટકો સોનારૂપાના તારે તારે ચળકી રહ્યો છે અને ચળળક–વળળક ચમકારા મારી રહ્યો છે. બાદશાહ તો ફેરવી ફેરવીને કટકો જોવા લાગ્યો અને ‘વાહ જરિયાની! વાહ ગૂંથણી!’ એમ બોલવા લાગ્યો.

બાદશાહે હુસેનશાહને તેની બહાદુરી માટે હજાર સોનામહોર ભેટ આપી અને શાબાશી આપી હુસેનશાહને રજા આપી.

થોડી વારે બાદશાહની બેગમ આવી પહોંચ્યાં. બાદ-શાહે બેગમ પાસે પેલો જરિયાની ટુકડો ધર્યો. બેગમ પણ ટુકડાની જરિયાની જોઈને ખુશ થઈ ગયાં અને બોલ્યાં: ‘આ ટુકડા જેવું અઢાર વાર કપડું મંગાવો અને એમાંથી મારે માટે ફૂડતું, ઇજાર અને બેસ બનાવો.’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાદશાહ કહે: 'પણ આ તો રાક્ષસીના કૂડતાનો કટકો. એવું અઢાર વાર કપડું લાવવું ક્યાંથી ?'

બેગમ કહે: 'જે આટલો કટકો લાવ્યો એને કહેશો તો એ અઢાર વાર કાપડ લાવી આપશે. મને તો એનાં એક જોડ કપડાં કરાવી આપો તો જ હા, નહિ તો ના.'

બાદશાહે તરત હુસેનશાહને બોલાવ્યો અને જરિયાની કટકા જેવું અઢાર વાર કાપડ લઈ આવવા હુકમ કર્યો.

હુસેનશાહ કહે: 'પણ એ રાક્ષસી મારે શોધવી કેવી રીતે અને કાપડ લાવવું કેવી રીતે ?'

બાદશાહ કહે: 'એ કામ તમારું. હું તો તમને રોજના હજાર રૂપિયા આપું અને ગમે તે કામ સોંપું.'

હુસેનશાહ કહે: 'ભલે.'

આમ કહીને હુસેનશાહ ઘેર આવ્યો અને નાની બેગમને બધી વાત કરી. બેગમને સંભાળથી રહેવાની સૂચના આપી ને હુસેનશાહ ઘોડે ચડી રાક્ષસીની શોધમાં ચાલી નીકળ્યો.

હુસેનશાહ ગામ–પરગામ અને દેશ–પરદેશ પસાર કરતો આગળ ને આગળ ચાલ્યો જાય છે અને રાક્ષસીના સમાચાર પૂછતો જાય છે. પણ ક્યાં યે રાક્ષસીના સમાચાર મળતા નથી. આમ ચાલતાં ચાલતાં છઠ્ઠે મહિને એક ઉજ્જડ નગરીમાં આવીને ઊભો રહ્યો. જુએ તો અઢાર અઢાર કોસમાં પથરાયેલી નગરીની બજારો અને શેરીઓ ઉજ્જડ પડી છે. શેરીઓ અને બજારોમાં માથોડાં માથોડાં ઘાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊગી ગયું છે અને કાળા માથાનું માનવી નજરે ચડતું નથી. એકેએક ઘરનાં બારણાં ઉઘાડાંફટાક પડ્યાં છે અને ઘરની વચ્ચે ઉંદરડા આળોટ્યા કરે છે.

હુસેનશાહ નગરીની બજારો વચ્ચે થઈને સામે છેડે આવીને ઊભો રહ્યો. જુએ તો અહીં થોડાંક ઘરમાં મડાં જેવાં માણસ આંટા મારી રહ્યાં છે. એક ઘરમાં એક ડોસી શીરોપૂરી રાંધી રહી છે અને આંખમાંથી બોર બોર આંસુ પાડી રહી છે.

હુસેનશાહે ડોસીને ઘેર ઘોડો ઊભો રાખ્યો અને પૂછ્યું: ‘ અરે હે ડોસીમા ! તમે શીરોપૂરી રાંધતાં રાંધતાં કાં રોતાં જાઓ ? શીરોપૂરી રાંધતાં તો આનંદ થાય કે રોવું આવે ? ’

ડોસી કહે: ‘ ભાઈ ! આ શીરોપૂરી તો રાંધું છું એક રાક્ષસ માટે. એ રાક્ષસ પહેલાં તો રોજ આ નગરીમાં આવતો અને હજારો માણસ મારી ખાતો. છેવટ અમારા બાદશાહે આજીજી કરવાથી તે એક અઠવાડિયે આવે છે. બાદશાહનો હુકમ છે કે રાક્ષસ દર અઠવાડિયે આવે ત્યારે વારા પ્રમાણે એક ઘેરથી એને સાત મણ શીરો અને પંદર મણ પૂરી આપવી. જે ઘરનો વારો હોય તેનો એક માણસ તે આપવા જાય. રાક્ષસ શીરાપૂરી સાથે એ માણસને પણ ખાઈ જાય. આમ ને આમ આખી નગરી ઉજ્જડ થઈ ગઈ છે. આજે મારા ઘરનો વારો છે અને મારો એકનો એક દીકરો આજ રાક્ષસને હાથે ખવાઈ જશે. એ દુઃખે રડું છું ભાઈ ! ’

હુસેનશાહ કહે: ‘ આખી નગરી ઉજ્જડ થઈ ગઈ તો યે કોઈ રાક્ષસને મારી શક્યું નહિ ? ’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડોસી કહે: 'ના રે ભાઈ. બાદશાહે તો ઢંઢેરો પીટેલો કે રાક્ષસને મારી નાખે તેને અર્ધી બાદશાહી આપવામાં આવશે. અને બાદશાહની એકની એક શાહજાદી પરણાવવામાં આવશે. પણ હજી કોઈ એવો શૂરવીર નીકળ્યો નથી અને અમારાં દુઃખ ઊભાં ને ઊભાં છે.'

હુસેનશાહ કહે: 'ડોસીમા, આજે તમારા દીકરાને બદલે મને જવા દો. જોઉં તો ખરો કે કેવોક જબરો રાક્ષસ છે.'

ડોસી કહે: 'ના રે માડી! મને મારો દીકરો વહાલો છે અને તમેય તમારી માને વહાલા હશો. મારા દીકરાને બદલે તમને મરાવી નખાવું તો મારું કયે ભવે ભલું થાય.'

પણ હુસેનશાહે વાત માની નહિ. ખૂબ રકઝક કરીને એણે ડોસીને મનાવી લીધાં. સાત મણ શીરો તથા પંદર મણ પૂરી ઉપાડીને નગર બહાર એક ઉજ્જડ મસ્જિદમાં આવીને બેસી ગયો. બેઠાં બેઠાં એણે મસ્જિદમાં એક માથોડાવા ખાડો ખોદી નાખ્યો. ખાડા પડખે એક કબર ઊભી કરીને તેને માથે પોતાનાં લૂગડાં પહેરાવી દીધાં અને પોતે ખાડામાં ઉઘાડી તરવારે સંતાઈ ને ઊભો રહ્યો.

થોડી વારે રાત પડી અને કાળાં અંધારાં ઘેરાવા લાગ્યાં. સૂમ....સૂમ....રાત જવા લાગી, અને મધરાત થવા આવી. બરાબર મધરાતનો વખત થયો કે ધણણ ધણણણ કરતી ધરતી ધ્રૂજવા લાગી અને ફડડડ ફડડડ એવા અવાજ આવવા લાગ્યા. ધીમે ધીમે કરતાં અવાજ મસ્જિદ પાસે આવી પહોંચ્યો અને ફડાક કરતાં મસ્જિદનાં બારણાં ઉઘાડી હાથ હાથની જીભ લસલસાવતો રાક્ષસ મસ્જિદમાં આવીને ઊભો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યો. આવતાંવેંત ગુફા જેવડું મોઢું ઉઘાડીને બે ય હાથે શીરોપૂરી મોઢામાં ઓરવા લાગ્યો. અર્ધી ઘડીમાં શીરોપૂરી ખલાસ કરી રાક્ષસ પડખે ઊભેલા માણસને ખાવા ચાલ્યો. માણસને ખાવા માટે જેવો તે ખાડા પાસે આવીને ઊભો રહ્યો કે ખાડામાંથી હુસેનશાહે ધડ....કરતી તરવાર એના પગ પર ઝીંકી. ડફ....કરતો એનો પગ કપાઈને દૂર જઈ પડ્યો.

અચાનક પગ પર ઘા પડતાં 'વોય બાપ રે....' કરતો રાક્ષસ એક પગે લંગડાતો લંગડાતો ભાગી છૂટ્યો અને ઘડીપલમાં અંધારામાં અલોપ થઈ ગયો. હુસેનશાહે રાક્ષસનો એક હાથ લાંબો પગ ખિસ્સામાં મૂક્યો અને ઘસઘસાટ ઊંઘી ગયો.

સવાર પડતાં બાદશાહનો ભંગી મસ્જિદમાંથી મડદાનાં હાડકાં સાફ કરવા આવ્યો. આવીને જુએ તો મડદાને બદલે જીવતો હુસેનશાહ ઘસઘસાટ ઘોર્યા કરે છે. દોડાદોડ ભંગીએ જઈને બાદશાહને ખબર આપી કે કાલના વારાનો માણસ તો મસ્જિદમાં જીવતો ઘોર્યા કરે છે.

આ સમાચાર સાંભળીને બાદશાહને અજાયબી થઈ અને પોતાના વજીર તથા અમીર–ઉમરાવને લઈને મસ્જિદે આવી ઊભો. આવીને તેણે હુસેનશાહને જગાડ્યો અને પૂછ્યુંઃ 'અરે હે આદમી! તને રાક્ષસે ખાધો નહિ? હજી જીવતો અહીં કાં ઘોરે?'

હુસેનશાહે જાગીને બાદશાહને બધી વાત કરી અને પુરાવારૂપે રાક્ષસનો પગ રજૂ કર્યો. રાક્ષસનું નિકંદન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીકળતાં બાદશાહ ખુશ થઈ ગયો અને પોતાના ઢંઢેરા પ્રમાણે હુસેનશાહને અર્ધી બાદશાહી અને પોતાની શાહજાદી આપવાની વાત કરી.

હુસેનશાહ કહેઃ 'હું તો એક બીજી રાક્ષસીની શોધમાં નીકળ્યો છું. એની શોધમાં જીવીશ કે મરીશ તેની શી ખબર! એટલે હમણાં તો તમારી શાહજાદી સાથે શાદી નહિ કરું. વળતી વખતે અહીંથી જ નીકળીશ અને શાદી કરતો જઈશ.'

આમ કહીને હુસેનશાહ આગળ ચાલી નીકળ્યો. ગામ–પરગામ અને દેશપરદેશ વટાવતો હુસેનશાહ એક અઘોર જંગલમાં આવીને ઊભો રહ્યો. જંગલ વટાવતો વટાવતો બરાબર જંગલ–પાર જઈને જુએ તો આભે અડતો એક કાળઝાળ કિલ્લો ઊભો છે. કિલ્લાને અઢાર અઢાર હાથ ઊંચા તોતિંગ દરવાજા દીધા છે.

દરવાજા ઉઘાડી હુસેનશાહ કિલ્લામાં દાખલ થયો. અંદર જઈને જુએ તો રૂડારૂપાળા મહેલ ઊભા છે અને મહેલને ઝરૂખે એક સોળ વરસની અતિ સુંદર ઓરત ફૂલને હિંડોળે હીંચી રહી છે. હુસેનશાહ ઊભો ઊભો ઓરતનાં રૂપ નીરખી રહ્યો છે. એ જ ઘડીએ હિંડોળે હીંચતી ઓરતની નજર હુસેનશાહ ઉપર પડી. હુસેનશાહને જોતાં ઓરત ખડખડાટ હસી પડી અને બીજી જ ક્ષણે રડી પડી.

અજાયબ થઈને હુસેનશાહે પૂછ્યું. 'અરે હે ઓરત! તું હસે અને રડે કાં?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓરત કહે: 'હે વટેમાર્ગુ! હું એક બાદશાહની શાહજાદી છું. મારા બાપની નગરી ઉજ્જડ કરીને એક રાક્ષસ–રાક્ષસીએ મને બાળપણથી અહીં બેસાડી રાખી છે. બાળપણથી મેં કોઈ કાળા માથાનું માનવી જોયું નથી. આજે તમને જોઈ આનંદ થતાં હસી પડી. પણ રાત પડતાં જ એ રાક્ષસ–રાક્ષસી આવી પહોંચશે અને તમને મારી ખાશે એ વિચારથી રડી પડી.'

હુસેનશાહ ઘોડેથી હેઠો ઊતર્યો અને શાહજાદી સાથે વાતો કરવા લાગ્યો. વાતો કરતાં કરતાં સાંજ પડી. એટલે શાહજાદી કહે: 'તમે છો તો સાંજ પડી એની ખબર પણ ન પડી. એકલાં એકલાં તો દિવસ કેમે ય વીતતો નથી. દિવસ વિતાવવા માટે મને પરણાવવાની રાક્ષસ-રાક્ષસીને વાત કરી છે. પણ કોણ જાણે કેમ, તેઓ આ વાત પર રોજ અંદરોઅંદર ઝગડી પડે છે અને મને પરણાવવાની વાત અટકી જાય છે.'

હુસેનશાહ કહે: 'આજની રાત મને સંતાડી રાખ તો કાલ વળી કાંઈક રસ્તો સૂઝી આવે.'

શાહજાદીએ હુસેનશાહને ઓરડામાં ખાટલા નીચે સંતાડી દીધો અને રાક્ષસ–રાક્ષસીની વાટ જોતી બેઠી. થોડીક વાર થઈ ત્યાં તો ધણણણ ધણણણ ધરતી ધ્રૂજવા લાગી અને ફડડ ફડડ અવાજે વાયરો કંપવા લાગ્યો. ઘડીપલમાં તો રાક્ષસ–રાક્ષસી દરવાજા ઉઘાડી મહેલમાં આવીને બોલવા લાગ્યાં:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણુસ ગંધાય, માણુસ ખાઉં,
માણુસ ગંધાય, માણુસ ખાઉં.

શાહજાદી કહે: ‘માણુસ તો એક હું અહીં છું. ખાઈ જાઓ મને એટલે તમને ગંધ આવતી અટકે.’

તરત રાક્ષસ–રાક્ષસી શાહજાદી માથે હેતભર્યો હાથ ફેરવીને કહે: ‘ના બેટા! તને તે ખાઈ જવાય? તને તો હજી વરાવવી છે, પરણાવવી છે. કરોડ વરસની થા બેટા!’

શાહજાદી કહે: ‘પણ હવે પરણાવશો ક્યારે?’

તરત રાક્ષસ–રાક્ષસી અંદરોઅંદર વાતે ચડ્યાં.

રાક્ષસી કહે: ‘શાહજાદીને પરણાવીએ તો કોઇ શૂરવીર સાથે પરણાવીએ. શૂરવીર તો મેં એક અકલકોટમાં દીઠો છે. કાળી ઘોર મધરાતે મારા પર ઘા કરીને મારું કૂડતું કાપી લીધું. એ સાચો શૂરવીર, પરણાવું તો એને શાહજાદી પરણાવું.’

રાક્ષસ કહે: ‘ના, ના. કૂડતું કાપી લીધું એમાં કઇ મોટી વાત! શૂરવીર તો મેં ઉજ્જડ નગરીમાં જોયો. કાળી ઘોર મધરાતે ઘા કરીને મારો પગ વાઢી લીધો. એ સાચો શૂરવીર. પરણાવું તો એને શાહજાદી પરણાવું.’

આમ વાત કરતાં કરતાં રાક્ષસ–રાક્ષસી હોંસાતોંસીએ ચડ્યાં અને અંદરોઅંદર બાઝી પડ્યાં. બાઝતાં બાઝતાં સવાર પડી એટલે શાહજાદીને એકલી મૂકીને શિકારે ઉપડયાં.

રાક્ષસ–રાક્ષસી ચાલ્યાં ગયાં એટલે શાહજાદીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હુસેનશાહને બહાર કાઢયો. હુસેનશાહ કહેઃ ‘ શાહજાદી ! મારી સાથે શાદી કરીશ ? ’

શાહજાદી કહેઃ ‘ હું તો ઘણી યે શાદી કરું, પણ આ રાક્ષસ–રાક્ષસી ક્યાં માને છે ? ’

હુસેનશાહ કહેઃ ‘ એને મનાવવાનું કામ મારું. જે એ શૂરવીરો માટે તેઓ ઝગડે છે તે હું પોતે જ છું. આજે રાતે ઝગડો પતી જાય અને આવતી કાલે આપણી શાદી થાય, પછી શું ? ’

આમ વાતો કરતાં કરતાં સાંજ પડી અને શાહજાદી-એ હુસેનશાહને ખાટલા નીચે સંતાડી દીધો. રાત થતાં રાક્ષસ–રાક્ષસી આવી પહોંચ્યાં અને શાહજાદીના સૂરતિયા માટે અંદરોઅંદર ઝગડવા લાગ્યાં. બરાબર એ વખતે હુસેનશાહે ખાટલા નીચેથી કૂડતાના કટકાનો તથા રાક્ષસ-ના પગનો ઘા કર્યો. રાક્ષસ–રાક્ષસી એ ઉપાડીને જોવા લાગ્યાં ત્યાં તો હુસેનશાહ સામે આવીને ઊભો રહ્યો અને કહેઃ ‘ આ કૂડતું કાપનાર પણ હું છું અને આ પગ વાઢનાર પણ હું છું.’

‘ વાહ શૂરવીર ! વાહ શૂરવીર ! ’ કહેતાં રાક્ષસ–રાક્ષસી એને ભેટી પડ્યાં. સવાર સુધી એની સાથે વાતો કરી અને સવાર પડતાં શાહજાદીને બોલાવી હુસેનશાહ સાથે શાદી કરી નાખી. સાત દિવસ રહીને હુસેનશાહે રજા માગી.

રાક્ષસ–રાક્ષસી કહેઃ ‘ અમે તને ભેટ તરીકે તો શું આપીએ ? તું તારી મેળે માગી લે. ’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હુસેનશાહ કહે: ' આ કૂડતા જેવું અઢાર વાર કપડું આપો એટલે બસ.'

તરત રાક્ષસીએ એવું અઢાર વાર કપડું આપ્યું અને વિદાય આપતાં કહે: ' કોઈ વખતે સંકટમાં આવી પડો ત્યારે આ કૂડતાના ટુકડા સાથે હાથ ઘસી અમારું નામ પોકારજો. એ જ વખતે અમે આવી પહોંચશું.'

હુસેનશાહ કપડું તથા શાહજાદીને લઈને ચાલી નીકળ્યો. ચાલતાં ચાલતાં ઉજ્જડ નગરીમાં આવી પહોંચ્યો. ઉજ્જડ નગરીના બાદશાહને ખબર પડતાં તેણે સામૈયાં કર્યાં. અને તે જ દિવસે અર્ધી બાદશાહી સોંપી ને પોતાની શાહજાદીની શાદી હુસેનશાહ સાથે કરી નાખી.

ઉજ્જડ નગરીમાં આઠ દિવસ રોકાઈને હુસેનશાહ બન્ને બેગમોને લઈને ફરીદકોટ તરફ ચાલી નીકળ્યો. ચાલતાં ચાલતાં છઠ્ઠે મહિને ફરીદકોટ આવી પહોંચ્યો. બન્ને બેગમો-ને પોતાને મકાને નાની બેગમ પાસે મૂકીને હુસેનશાહ બાદશાહ પાસે પહોંચ્યો અને બાદશાહને પગે અઢાર વાર જરિયાની કાપડ રજૂ કર્યું. બાદશાહ જરિયાની કાપડ જોઇને ખુશ ખુશ થઈ ગયો અને હુસેનશાહને વજીર સ્થાપ્યો.

હુસેનશાહ અક્કલ–હોશિયારીથી વજીરાતનાં કામ કર્યે જાય છે અને બાદશાહ તથા રૈયતનાં માનપાન મેળવ્યે જાય છે. આમ ચાર ચાર વરસ વીતી ગયાં તો યે પોતાનાં સાસુ–સસરા કે પતિ–દેરનો કશો પત્તો લાગતો નથી. છેવટ તેણે એક તરકીબ રચી. એક દિવસ બાદશાહને કહે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જહાંપનાહ ! આપણી આવી રૂડી રાજધાની અને બગીચા વગર શોભે ? આપ હુકમ કરો તો રાજધાની ફરતા બાવન બગીચા રચાવું.'

બાદશાહ કહે: 'ભલે. એ માટે જોઈએ તેટલું ખર્ચ કરો.'

તરત હુસેનશાહે બગીચા રચાવવા શરૂ કર્યા અને જાહેરાત કરી કે, 'જે કોઈ બગીચામાં રોપવા માટે અજાણ્યા રોપ લાવશે તેને પાંચ સોનામહોર ઈનામ મળશે.'

આ જાહેરાત થતાં આખા દેશમાંથી ગરીબગુરબાં જંગલમાં ઊપડ્યાં અને અજાણ્યા રોપ લાવવા લાગ્યાં. રોપ લાવનારને હુસેનશાહ પોતાની પાસે બોલાવીને ઈનામ આપે અને મોઢાં નીરખ્યા કરે. પણ એમાં કોઈનાં મોઢાં પોતાનાં સાસુ–સસરા કે પતિ–દેરને મળતાં ન આવે.'

આમ કરતાં કરતાં છઠ્ઠે મહિને આ જાહેરાતના સમાચાર હુસેનશાહના સસરાને કાને પડ્યા. આ દિવસમાં તો તેઓ રાનરાન ને પાનપાન થઇ ગયેલાં. પહેરવા કપડાં નહિ કે ખાવા ધાન નહિ. સમાચાર મળતાં તેઓ ચારે જણાં દૂર દૂર જંગલમાં પહોંચ્યાં અને ગોતી ગોતીને ચાર અજાણ્યા રોપ લીધા. રોપ લઈ ને ફરીદકોટ આવીને ઊભાં રહ્યાં.

હુસેનશાહે ઈનામ આપતાં આ ચારે જણનાં મોઢાં ધારી ધારીને જોયાં અને તેમને ઓળખી લીધાં. તેમને ઈનામ આપવાને બદલે પોતાને મહેલે લઇ જવાનો હુકમ કર્યો. 'આપણે કાંઈ વાંકગુનામાં નહિ આવ્યાં હોઈએ ને ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા વિચારે ડરતાં ડરતાં બાદશાહ–બેગમ તથા બન્ને શાહજાદા હુસેનશાહને મહેલે પહોંચ્યાં કે તરત નોકર–ચાકર આવી પહોંચ્યા અને હુસેનશાહના હુકમ અનુસાર ચારે જણાંને નવરાવવા–ધોવરાવવા લાગ્યાં. ગુસલ કરાવીને જરિયાની–કિનખાબી પોષાક પહેરાવ્યા અને જાજમ–તકિયા બિછાવીને આસન આપ્યાં.

હુસેનશાહે મહેલે આવીને ઓરતનો પોષાક પહેર્યો અને નાની બેગમને સાથે લાવીને પોતાના સાસુ–સસરાને પગે સલામ કરી.

બાદશાહ અને બેગમ તો આ બધું અજાયબીની નજરે બેઠાં બેઠાં જોયા કરે છે. તરત હુસ્નબાનુએ પોતાની બધી વાત કરીને ઓળખાણ આપી. બાદશાહ અને બેગમ પોતાના શાહજાદાની આ બેગમોને તરત છાતીએ દાબીને ભેટી પડ્યાં અને આનંદનાં આંસુ પાડવા લાગ્યાં. પાંચ પાંચ વરસે એકબીજાને મળતાં બધાંના આનંદનો પાર નથી.

એ જ દિવસે હુસેનશાહે ફરીદકોટના બાદશાહને પોતાની સાચી ઓળખાણ આપી. એક ઓરતનું આવાં પરાક્રમ જોઈ ને બાદશાહ 'શાહબાશ! શાહબાશ!' પોકારી ઊઠ્યો. તરત હુસ્નબાનુના સસરાને બોલાવીને તેને ભેટી પડ્યો.

હુસેનશાહ કહે: 'જહાંપનાહ! આપ પણ બાદશાહ અને મારા સસરા પણ બાદશાહ. એમને બાદશાહી અપાવવી એ આપના હાથમાં છે.'

બાદશાહ કહે: 'મારી જેટલી મદદ જોઈએ તેટલી હાજર છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરીદકોટના બાદશાહે પોતાનું આખું લશ્કર હુસેન-શાહને આપ્યું. સમાચાર મોકલતાં ઉજ્જડ નગરીના બાદશાહે પણ પોતાના જમાઈની મદદે તેનું આખું લશ્કર મોકલ્યું. તરત હુસેનશાહે કૂતરાના કટકાને ઘસતાં રાક્ષસ–રાક્ષસી હાજર થયાં. બન્ને લશ્કર અને રાક્ષસ-રાક્ષસીને લઈને હુસેનશાહે અકલકોટ તરફ કૂચ શરૂ કરી.

અકલકોટ દબાવી દીધેલ બાદશાહ પોતાનું લશ્કર લઈને સામો થયો પણ બબ્બે બાદશાહીનાં લશ્કર તથા રાક્ષસ–રાક્ષસીના બળ સામે તે શાનો ટકી શકે? સાતમે દિવસે તો એ અકલકોટ છોડીને ભાગી છૂટયો.

હુસ્નબાનુએ હુસેનશાહના વેશમાં પાંચમે વર્ષે અકલ-કોટમાં પગ મૂકયો અને પોતાના સસરાને બાદશાહીને સિંહાસને બેસાડ્યા. એ જ દિવસે પોતે પરણી લાવેલ બન્ને બેગમોની શાદી પોતાના પતિ સાથે કરી નાખી અને પછી સૌએ આખી જિંદગી અકલકોટમાં આનંદમાં વિતાવી અને ખાધું, પીધું તથા રાજ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાર મૂરખા

એક ગામમાં ચાર વણકર રહે. ચારેય વણકર મૂરખા. એવા મૂરખા કે ન પૂછો વાત. જૂનાં લૂગડાં સાચવી રાખે અને નવાં લૂગડાંને થીગડાં મારી પહેરે. દિવસના ઘોર્યા કરે અને રાતે દીવો કરી વણવા બેસે.

એક વખત તેઓ સડક પાસે બેઠા બેઠા વાતોના ગપાટા માર્યા કરે. ત્યાંથી એક મુસાફર નીકળ્યો. વણકરોના લઘરવઘર વેશ જોઈને મુસાફરે એમને ભિખારી ધાર્યા. મુસાફરે તેના ખિસ્સામાંથી એક આનો કાઢીને તેમની વચ્ચે ફેંક્યો અને ચાલતો થયો.

એક આનો પડ્યો કે ટપ કરતાં એક વણકરે એ ઉપાડી લીધો અને ખિસ્સામાં મૂકી દીધો. બીજા ત્રણ વણકર કહે: ‘અમારો ભાગ, અમારો ભાગ.’

પેલો વણકર કહે: ‘તમારો ભાગ શાનો? એક આનો મારા હાથમાં આવ્યો એટલે એ મારો. તમારો ભાગ હોય તો એના કટકા થઈને તમારા હાથમાં જ ન પડે?’

આમ રકઝક કરતાં ચારે જણા બાઝી પડ્યા. કોઇએ ઝાલ્યો હાથ, કોઈ એ ઝાલ્યો પગ, કોઇએ કાન તો કોઈ એ નાક–ધડાધડ એકબીજાને મારવા લાગ્યા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બૂમાબૂમ પાડવા લાગ્યા. ઘડીકમાં તો એમના દેકારાથી આસપાસ માણસોનાં ટોળાં વળ્યાં. ટોળાંમાંથી એક માણસે તેમને છૂટા પાડ્યા અને પૂછ્યું: 'એલા, આમ મોતે આવીને કાં બાઝો ? તમારાં ક્યાં બાપે–માર્યાં વેર ઊખળી પડ્યાં છે ?'

એક આનોવાળો વણકર કહે: 'હમણાં અહીંથી એક મુસાફર નીકળેલો. એણે અમારા તરફ એક આનો ફેંક્યો. મેં એ ઉપાડી લીધો એટલે એ મારો કે નહિ ? આ મૂરખા એમાં ભાગ માગવા આવે છે.'

પેલો માણસ કહે: 'તમે છો ચાર જણા અને તમને આપ્યો છે એક આનો. એક આનાના ચાર પૈસા લઈને એક એક વહેંચી લો ને ?'

વણકર કહે: 'અમને એક એક પૈસો આપવો હોત તો મુસાફર પોતે જ ચાર પૈસા ન ફેંકત ? એક આનો ફેંક્યો એટલે તે એકને આપવા માગતો હતો અને મારા હાથમાં આવ્યો એટલે મને જ.'

વણકરની મૂરખાઈ જોઈને આસપાસનાં માણસો હસી પડ્યાં. પેલા માણસે કહ્યું: 'હજી એ મુસાફર આઘો નથી ગયો. જાઓ, દોડો, અને પૂછી જુઓ કે તમે એક આનો કોને આપ્યો છે ?'

આ સાંભળતાંવેંત ચારે વણકર પેલા મુસાફરની પાછળ દોડ્યા અને એક ગાઉને છેડે મુસાફરને પકડી પાડ્યો. મુસાફરને ઊભો રાખીને કહે: 'હેં ભાઈ! આ એક આનો તમે કોને આપેલો ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક આનાના ચાર પૈસા કરીને એક એક અંદર વહેંચી લેવાને બદલે આટલે દૂર દોડ્યા આવેલા જોઈને મુસાફરને વણકરોની મૂરખાઈ પર હસવું આવ્યું. તેણે તેમને બનાવવા માટે કહ્યું: 'મેં તો તમારામાંથી જે સૌથી ડાહ્યો હોય એને એક આનો આપ્યો છે.'

એક આનાવાળો વણકર કહે: 'તો તો હું પોતે જ ડાહ્યો છું. સાંભળો મારા ડહાપણની વાત—

એક વખત હું મારે સાસરે જવા નીકળેલો. એકલો જાઉં તો તો મારી મોટાઈ શાની? એટલે મારી સેવાચાકરી કરવા સાથે એક હજામ લીધો. ચાલતાં ચાલતાં રસ્તામાં જ રાત પડી ગઈ. પણ હું છું રતાંધળો. રાતે મને દેખાય જ નહિ. પણ એવી વાત હજામને કરું તો તો હું ડાહ્યો શાનો? હું તો કાંઈ બોલ્યા-ચાલ્યા વગર એની પાછળ પાછળ ચાલવા લાગ્યો.

ચાલતાં ચાલતાં થોડે દૂર જતાં જોઉં તો કાંઈક સીધા પટા જેવું ચકચકાટ માર્યા કરે. મને થયું કે હાશ, મારગ દેખાયો ખરો. આવો સીધોસટ મારગ છે પછી ચાલવામાં વાંધો નહિ આવે. આમ વિચારીને હું ચકચકતા મારગે ચાલવા ગયો ત્યાં તો ભુસ્કફાંગ કરતો પાણીમાં જઈ પડ્યો. જોઉં તો માથોડાવા પાણી ભરપૂર નદી ચાલી જાય છે અને હું પાણીમાં ડૂબકાં ખાઉં છું. પણ મારાથી હજામને કહેવાય કેમ કે રતાંધળો હોવાથી ચકચકતું પાણી મને રસ્તા જેવું દેખાયું અને હું તેમાં જઈ પડ્યો છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજામે તો બૂમાબૂમ મચાવી અને લોકો ભેગાં થઈ ગયાં. લોકોએ પકડીને મને બહાર કાઢયો અને કહે: 'ભાઇ, આવી ઊંડી નદીમાં કેમ કરતાં પડી ગયા?' હું કાંઈ બોલું તે પહેલાં હજામ બોલ્યો: 'એ ભાઈ પાણીમાં પડ્યા છે જ કયાં? મેં કહ્યું કે અહીં ગોઠણ જેટલું પાણી છે અને એ કહે કે માથોડાવા પાણી છે. એ બતાવવા માટે એ અંદર ઊતરેલ. હવે મને ખાતરી થઈ કે માથોડાવા પાણી છે.'

માણસો હસીને હાલતાં થયાં એટલે અમે ગામમાં ઘૂસ્યા. પણ અંધારામાં હજામ આગળ નીકળી ગયો અને હું પાછળ રહી ગયો. હવે મારે સસરાને ઘેર જવું કેમ? ત્યાં પાસેથી કાંઈક વીંઝાતું જોયું. મને થયું કે હજામની પાઘડીનું છોગું અહીં પહોંચ્યું લાગે છે. ટપ કરતું મેં એ પકડી લીધું. પકડીને ઊભો રહી ગયો.

આ દરમિયાન હજામ મારા સસરાને ઘેર પહોંચી ગયો. પાછું વળીને મને ન જોતાં એ પાછો આવ્યો અને મને જોઈને કહે: 'અરે, અરે, બળદનું પૂછડું કાં પકડયું?'

આ અવાજ સાંભળતાં આસપાસથી માણસો ભેગાં થઈ ગયાં. માણસો પૂછપરછ કરવા લાગ્યાં એટલે હજામે જવાબ દીધો: 'હું કહું છું કે આ બળદના પાંચ જ રૂપિયા ઊપજે. અને આ ભાઈ કહે છે કે પચીસ રૂપિયાથી એક ઓછો આવે તો મારું માથું કપાવી નાખું.'

માણસો મને ઓળખી ગયા અને કહે: 'હા, હા, જમાઈરાજની વાત જ સાચી છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પછી હું હજામની પાછળ પાછળ મારા સસરાને ઘેર પહોંચ્યો. અમને બેસવા માટે મારાં સાસુજીએ ફળિયામાં ખાટલો પાથરી દીધો. પણ ખાટલા પાસે એક ભેંસ બાંધેલી. ભેંસ મારી પડખે ફૂંફાડા માર્યા કરે અને લાંબી લાંબી જીભ કાઢી મોઢું ચાટયા કરે.

થોડી વારમાં સાસુજી વાળુ માટે રોટલા મૂકી ગયાં અને ઘી લેવા પાછાં ગયાં. રોટલા જોઈ ભેંસ પાસે આવી કે હજામે ધડ કરતી લાકડી મારી કે ભેંસ આઘી ચાલી ગઈ. થોડી વાર થઇ ત્યાં મારી પાસે કાંઈક અવાજ થયો. મને થયું કે વળી ભેંસ મારો રોટલો ખાઇ જવા આવી; એથી ભેંસને આઘી કાઢવા મેં પણ ધડ કરતી લાકડી મારી, ત્યાં તો 'વોય....બાપ રે....' કરતાં મારાં સાસુ હેઠે જઈ પડયાં અને હાથમાંથી ઘીની વાડી ઢોળાઈ ગઈ. સાસુ બિચારાં ખૂબ ભલાં, તેથી કાંઇ બોલ્યા વગર પાછાં ચાલ્યાં ગયાં.

વાળુ કરીને અમે સૂતા કે ઘર પાછળ ધડ....ધડ.... કરતો કાંઇક ધીમો ધીમો અવાજ આવવા લાગ્યો. મને થયું કે ચોર આવ્યા કે શું ? વિચાર થયો કે હું બેઠો છું ને મારા સસરાને ઘેર ખાતર પડે તો મારી આબરૂ શી ? હું અવાજ તરફ ચાલતો થયો.

ખડકીએ જઈને ઊભો રહ્યો ત્યાં અવાજ બંધ થઈ ગયો. પાછો વળવા જાઉં ત્યાં મારગ ભૂલી ગયો. હવે અંધારામાં ખાટલે પાછું પહોંચવું કેવી રીતે ? અથડાતો-કુટાતો પાછો વળ્યો, પણ મારગ ભૂલી ગયો અને થોડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારે ધડ કરતો એક ખાટલા સાથે ભટકાયો અને ભફ્ કરતો ખાટલા માથે જઈ પડ્યો. 'વોય....બાપ રે....' કરતાં મારાં સાસુ રાડ પાડી ઊઠ્યાં. મને થયું કે આ તો મારાં સાસુજીનો ખાટલો. અમારો અવાજ સાંભળીને તરત હજામ દોડી આવ્યો અને કહે: 'સાસુજી, એ તો તમારા જમાઈ-રાજ છે. તમે વાળુટાણે ઘી પીરસવા આવેલાં ત્યારે ભેંસ જાણી એમણે લાકડી મારેલી તેની માફી માગવા આવ્યા છે. માફી આપો તો જ હા, નહિ તો ના.' કહીને હજામ સાસુના પગ ઝાલીને બેસી ગયો.

સાસુ કહે: 'હશે દીકરા, અંધારામાં ભૂલ થઈ જાય. એમાં વળી માફી શું, ને વાત શું?'

મેં કહ્યું: 'ના, સાસુજી, હજી તમને મારા પર રીસ લાગે છે. જો તમે પોતે જ મારા ખાટલા સુધી મને મૂકી જાઓ તો માફી આપી સાચી માનું.'

બિચારાં સાસુ મને ઠેઠ ખાટલા સુધી મૂકી ગયાં અને હું સૂઈ ગયો. પછી મૂરખા હજામે મને ખાટલા સાથે બાંધી દીધો. તેથી સવાર થયું, ત્યાં સુધી ખાટલા હેઠે ઊતર્યો નહિ.'

આટલી વાત કરીને એ વણકર કહે: 'બોલો, હું ખરો ડાહ્યો છું કે નહિ? આટલું થયું તો યે ખબર પડવા દીધી કે હું રતાંધળો છું? હવે એ એક આનો મારો ને?'

તરત બીજો વણકર બોલ્યો: 'જો એક આનો ડાહ્યા-ને જ આપ્યો હોય તો તો હું યે ડાહ્યો છું. સાંભળો મારી વાત—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વખત હું મારે સાસરે જવા નીકળ્યો. મને થયું કે સાદે વેશે સાસરે જાઉં તો મારી મોટાઈ શી? આથી એક પાડોશીને ઘેરથી ઘોડો લઈ આવ્યો, બીજાને ઘેરથી ઘરેણાં લઈ આવ્યો અને ત્રીજાને ઘેરથી કપડાં લઈ આવ્યો. બનીઠનીને સાસરે ચાલ્યો. મને થયું કે મને જોતાંવેંત મારા સાસરાના ગામનાં લોકો બોલી ઊઠવાનાં: 'વાહ જમાઈરાજ! વાહ જમાઈરાજ!'

પણ રસ્તામાં જ સાંજ પડી ગઈ અને સાસરાને ગામ પહોંચ્યો ત્યારે રાત પડી ગઈ. મને થયું કે અત્યારે અંધારામાં સસરાને ઘેર ચાલ્યો જઈશ તો મારી મોટાઈ કોની નજરે પડશે? લાવ અત્યારે ગામ બહાર કોઈને ઘેર પડ્યો રહું અને બનીઠનીને ગામમાં જાઉં.

જોઉં તો ગામ બહાર એક તકિયામાં ફકીર રહે. મેં તકિયાની ખડકીએ જઈને બૂમ મારી: 'સાંઈબાવા! એક રાત અહીં રહેવા દેશો? સવારે તો ચાલ્યો જઈશ'

ફકીર કહે: 'અજાણ્યા માણસને ઊતરવા ન દઉં. જા, મુખી પાસે નામ લખાવી આવ તો ઊતરવા દઉં.'

મુખી પાસે નામ લખાવવા જાઉં તો તો કોઈ ઓળખી જાય ને? ફકીરને ખૂબ આજીજી કરી એટલે એ કહે: 'આજની મારી રોટી ઘર ઘરથી માગી આવ તો ઊતરવા દઉં.'

મેં હા પાડી અને મારાં ઘરેણાં–કપડાં ઉતારી ફકીરનો ખલતો પહેરી રોટી માગવા નીકળ્યો. ફકીર કહે: 'જોજે, એક પણ ઘર ન રહી જાય. ઘર ઘરની રોટી હું ઓળખું છું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકેએક ઘેરથી રોટી માગી, છેવટ હું મારા સસરાને ઘેર જ જઇને ઊભો રહ્યો અને અવાજ પલટાવી બૂમ મારી:

મૈયા, મેરી રોટી દે,
ખુદા તેરા ભલા કરેગા.

તરત મારી બીબી પોતે એક હાથમાં દીવો લઈ, બીજા હાથમાં રોટી લઈ મને આપવા આવી. પણ પાસે આવતાં તો દીવાને અજવાળે એ મને ઓળખી જાય ને? આથી હું પાછે પગે ખસવા લાગ્યો. ખસતાં ખસતાં થોડે દૂર જતાં ભુસ્કફાંગ કરતો હું એક પાણી-ભર્યા ખાડામાં જઈ પડ્યો. ખાડો હતો દાણાની ખાણ. સસરાએ આ વર્ષે ખાણ ઉખેળી હશે તેથી એ ખાલી પડેલી. પણ વરસાદ પડતાં પાણીથી આખી ભરાઈ ગયેલી. ખાણમાં પડતાંવેંત અંદર હું ડૂબકાં ખાવા લાગ્યો.

મને ખાણમાં પડેલો જોઈને મારી બીબીએ બૂમ મારી: 'દોડો, દોડો, સાંઈબાવા ખાણમાં પડ્યા, ખાણમાં પડ્યા.'

આ બૂમાબૂમથી મારાં સાસુ-સસરા અને આડોશી-પાડોશી દોડી આવ્યાં. બધાંએ મળી મને બહાર કાઢ્યો. પણ શિયાળાની કડકડતી ઠંડીમાં ટાઢાબોળ પાણીમાં પડતાં મારા દાંતની કડકડાટી બોલવા લાગી અને આખું અંગ ધ્રૂજવા લાગ્યું. આડોશીપાડોશી મારા હાલ જોઈને કહે: 'ક્યાંક સાંઈબાવા ટાઢમાં મરી જશે, તાપ કરો, તાપ કરો. શેક કરીને ટાઢ ઉડાડો.'

તરત એમણે લાકડાં લાવી તાપ કર્યો અને મને શેકવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગ્યાં. પણ શેકતાં શેકતાં એક પાડોશી મને તાપના અજવાળામાં ઓળખી ગયો. એ કહે : 'અરે, આ તો તમારા જમાઈરાજ !'

તરત મારા સસરા પાસે આવ્યા ને કહે: 'અરે જમાઈ-રાજ! તમે ફકીરના વેશમાં અહીં કેમ કરતાં આવી ચડ્યા ?'

મેં બધી વાત કરી એટલે મારા સસરા કહે: 'એ તકિયામાં કોઈ ફકીર રહેતો જ નથી. કોઈ અજાણ્યો ફકીર આવ્યો લાગે છે. દોડો, દોડો, કોઈ તપાસ તો કરો.'

તરત મારો એક સાળો તકિયે દોડ્યો. પણ જઈને જુએ તો ન મળે ફકીર, કે ન મળે મારાં ઘરેણાં, લૂગડાં કે ઘોડો. ઘોડે બેસીને એ રફુ થઈ ગયેલો. વાત સાંભળતાં આખા ગામનાં માણસ ભેગાં થઈ ગયાં અને હસી પડ્યાં.'

આટલી વાત કરીને બીજો વણકર કહે: 'બોલો હું ડાહ્યો કે નહિ? ગમે તેમ થયું તો યે રાતના અંધારામાં મારું રૂપ ન દેખાડ્યું ને? હવે એ એક આનો મારો ને?'

ત્રીજો વણકર કહે: 'જો એ એક આનો ડાહ્યાને જ આપવો હોય તો હું ક્યાં ડહાપણમાં કમ છું! સાંભળો, મારા ડહાપણની વાત—

એક વખત હું મારે સાસરે જવા નીકળ્યો. સાથે મેં એક હજામને લઈ લીધો. સાસરે પહોંચતાં મારાં સાસુએ અમારાં ઓવારણાં લીધાં અને ખાટલા ઢાળી દીધા. તરત સાસુ રાંધવા બેઠાં અને ફૂલ જેવા ભાત રાંધી, થાળી એક દળેલી સાકર લાવી અમને સાકર–ભાત પીરસી ગયાં. પીર-સીને અમારી સામે ઓસરીની કોરે બેઠાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂખનો માર્યો હજામ તો લસલસ ખાવા લાગ્યો. ભૂખ તો મને ય લાગેલી, પણ થયું કે સાસુના દેખતાં ખાઉં તો મારી મોટાઈ શી? મને એમ ને એમ બેઠેલો જોઈને સાસુ કહે: 'કાં ખાઓ ને જમાઈરાજ!'

મેં મોઢું ભારમાં રાખીને કહ્યું: 'ના, ના, મારે ખાવું નથી.'

મારું ભારેખમ મોઢું જોઈને સાસુ વિચારમાં પડી ગયાં અને ઘરમાં જઈને મારી વહુને પૂછવા લાગ્યાં: 'હેં દીકરી, તારા વર કાંઈ ખિજાઈને આવ્યા છે?'

સાસુ આઘાં ગયાં કે લાગ જોઈને મેં ભાતનો મૂઠો ભર્યો અને મોઢામાં ઓર્યો. પણ મૂઠો ગળે ઉતારું એ પહેલાં તો સાસુ પાછાં આવ્યાં અને સામે આવીને બેઠાં. હવે કોળિયો ગળા હેઠ ઉતારવો કેવી રીતે? કોળિયો મોઢામાં જ રાખીને ફુલાવેલ મોઢે હું બેઠો રહ્યો.

પણ મારું મોઢું આટલું બધું ફુલાયેલ જોઈને સાસુ બૂમ પાડી ઊઠ્યાં: 'અરે, અરે, જમાઈરાજ, ઘડીક વારમાં તમારું મોઢું કાં આટલું બધું સૂજી ગયું?'

પણ મારા મોઢામાં તો ભરચક કોળિયો ભરેલો. મારે જવાબ કેમ દેવો? મારું મોઢું જોઈને સાસુ વધારે ગભરાયાં અને રાડો પાડવા લાગ્યાં: 'દોડો રે દોડો, મારા જમાઈને ભૂરખિયો વા ચડયો રે વા. કોઈ દવા કરો રે દવા.'

તરત મારી પડખે બેઠેલા હજામે મારી સામે જોયું અને બોલ્યો: 'માજી! રાડો શું નાખો છો? હમણાં હું જ તમારા જમાઈને સાજા કરી દઉં.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારાં સાસુ કહે: 'તો તો તારા મોઢામાં સાકર. મારા જમાઇને સાજા કરી દે તો એને દેવાની હતી એ ફૂઅડી ભેંસ તને ભેટ આપું.'

તરત હજામે કોથળી ઉઘાડી અસ્ત્રો કાઢયો અને મારા બે ય ગાલમાં એક એક કાપ મૂક્યો. કાપ મૂકતાંવેંત મારા મોઢામાંથી કાપ વાટે ભાત અને સાકરનો રસ બહાર નીકળી પડ્યો. એ હાથમાં લઈને હજામ કહે: 'જુઓ, ઘડીવારમાં તો મોઢામાં પરુ થઈ ગયેલું અને છયળો પડી ગયેલી. જો હું ન હોત તો આ છયળો મોઢામાંથી મગજમાં પહોંચી જાત અને તમારા જમાઈને કોરી ખાત.'

મારાં સાસુએ હજામને હજાર હજાર આશીર્વાદ દીધા અને મને દેવાની હતી તે ફૂઝલડી ભેંસ એને ભેટ આપી. હું ભલે ખાલી હાથે ઘેર પાછો આવ્યો. પણ ખાવાની વાત બહાર પડવા ન દીધી ને?'

આટલી વાત કરીને ત્રીજો વણકર કહે: 'બોલો, હું ડાહ્યો એ વાત સાચી કે નહિ? જો હું ડાહ્યો હોઉં તો આપો મને એક આનો.'

ચોથો વણકર કહે: 'આ ભાઈ ડાહ્યો સાચો. પણ મારું ડહાપણ તો એનાથી યે ચડી જાય તેવું છે. સાંભળો મારા ડહાપણની વાત—

'એક વખત હું મારે સાસરે જવા નીકળ્યો. મારો ખાઉધરો સ્વભાવ જોઈને મારી માએ જતાં જતાં શિખામણ આપી કે બેટા, સસરાને ઘેર તો નખે ચડાવીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાઈ એ તો જ મોટાઇ કહેવાય. મેં કહ્યું: 'ભલે મા.' આમ કહીને એક હજામને સાથે લઈ ને મારે સાસરે ઊપડ્યો.

સાસરે પહોંચતાં સાંજ પડી. ઘેર જતાં મારાં સાસુએ ઓવારણાં લીધાં અને સૌની વચ્ચે જમવા બેસાડ્યા. હજામ તો લસલસ ખાવા લાગ્યો. પણ મારી મોટાઈ દેખાડવા હું નખે ચડાવીને ખાવા લાગ્યો. ઘડી વારમાં હજામ બધી થાળી સાફ કરી ગયો અને હું તો ભૂખ્યો રહી ગયો.

રાત પડી એટલે મેડી માથે અમને પથારી કરી આપી એટલે અમે સૂઈ ગયા. પણ મારા પેટમાં બિલાડાં બોલ્યા કરે. ઊંઘ આવે કેવી રીતે? મને અડવડિયાં મારતો જોઈને હજામ કહે: 'કેમ ઊંઘ નથી આવતી?'

મેં કહ્યું: 'ભૂખ આડે ઊંઘ કેમ આવે?'

તરત હજામ ઊભો થયો. જુએ તો મેડીને એક ખૂણે કાણું. એણે ખાટલેથી પાંગત છોડી અને મારી કેડે બાંધીને કાણા વાટે મને હેઠે રસોડામાં ઉતાર્યો. રસોડામાં ફંફોસતાં ફંફોસતાં ગોખલામાં રોટલા જડ્યા. ભૂખનો માર્યો હું રોટલો બટકાવવા લાગ્યો. રોટલો ખાઈ કરીને મેં હજામને ઊંચે ખેંચી લેવા બૂમ મારી. પણ જવાબ કોણ દે? એનાં નસકોરાંના અવાજ ફરડ....ફરડ આવવા લાગ્યા.

બરાબર એ જ વખતે કોઈ મહેમાન આવ્યા. એને ખાવાનું આપવા માટે મારી વહુ બારણું ઉઘાડીને ઘરમાં આવી. પણ અંધારામાં મારી સાથે ભટકાઈ પડી અને 'વોય... બાપ રે ભૂત...' કહેતી ભાગી છૂટી. મેં ઘણીયે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બૂમ મારી કે 'ઊભી રહે, એ તો હું છું.' પણ કોણ સાંભળે ? તરત એ બહાર ગઈ અને એના અવાજે મારાં સાસુ–સસરા ને આડોશીપાડોશી દોડી આવ્યાં. આ કોલાહલથી હજામ જાગી ઊઠ્યો. મેં એને કહ્યું: 'એલા મને ઉપર ખેંચી લે, નહિ તો મારાં હાડકાં ખોખરાં થશે.'

હજામ કહે: 'રસોડામાંથી ચાર શેર લોટ દે તો ઉપર ખેચું.'

તરત મેં લોટની માટલી એને આપી, એટલે હજામે મને ઉપર ખેંચી લીધો.

દરમિયાન ફળિયામાં આખું ગામ ભેગું થયું અને ભૂતને કાઢવા મારા સસરાએ ફકીરને બોલાવ્યો. ફકીર કુરાનની આયાતો પઢવા લાગ્યો. અર્ધો કલાક ઢોંગ કરતો એ કહે: 'કેટલાંક પલીત કાળાં હોય છે ને કેટલાંક પલીત સફેદ હોય છે. સફેદ પલીત ભારે જબરાં હોય. તમારા ઘરમાં સફેદ પલીત ઘૂસી ગયું છે. કાઢતાં જરા મુશ્કેલી પડશે. પાંચ રૂપિયા આપો તો કાઢું.'

મારા સસરાએ હા પાડી એટલે ફકીર કહે: 'હમણાં હું પલીતને ઘર બહાર કાઢું છું. તમે લાકડીઓ લઈને ઊભા રહેજો. બહાર નીકળે એટલે ધડાધડ દેવા જ માંડજો.'

આમ કહીને બારણું ઉઘાડી એ અંદર ગયો. જુએ તો ઘરમાં મેં થાળીમાં ચળુ કરેલું તેનું ચાંદાના તેજે પ્રતિબિંબ પડે. પ્રતિબિંબ જોતાં ફકીર ગભરાઈ ગયો અને ઘર વચ્ચે થીજીને ઊભો રહી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બરાબર આ જ વખતે હજામે કાણામાંથી હેઠે ઘરમાં ડોકિયું કર્યું. એણે અંધારામાં ફકીરને જોતાં પલીત ધાર્યો. એને થયું કે પલીત મેડે ચડે તો ભારે થાય ને? તરત એણે પલીતને ભગાડવા લોટની માટલી ધડ કરતી એને માથે ફેંકી. માટલી ફૂટી અને ફકીર લોટલોટ થઈ ગયો. માટલી પડતાં ફકીર બહાર ભાગી છૂટ્યો. પણ બહાર આવતાં લોટથી એને સફેદ થઈ ગયેલો જોઇને, 'મારો પલીતને....' કહેતાં બધા લોકો એના પર લાકડીઓ લઇને તૂટી પડ્યા અને ભુક્ફાંગ કરતો ફકીર હેઠે જઈ પડ્યો. માર ખાઈને અર્ધો થઈ ગયો ત્યારે ફકીરનો અવાજ ઓળખાયો અને બધાએ લાકડીઓ હેઠે મૂકી ફકીરને ઊભો કર્યો. પાટાપિંડી કરીને ફકીરને ઘર ભેગો કર્યો. હું ઉપર બેઠો આ બધું જોયા કરું, પણ કાંઈ બોલું તો તો હું ડાહ્યો શાનો?'

આટલી વાત કરીને ચોથો વણકર કહે: 'બોલો, હું સૌથી ડાહ્યો ને? હવે એ એક આનો મારો કે નહિ?'

મુસાફર કહે: 'તમે ચારે ડહાપણના દરિયા છો. તમારા ડહાપણનો ક્યાસ કાઢવો જ મુશ્કેલ છે. મૂળ તો મેં એક આનો તમારા ચારે વચ્ચે આપેલો. પણ તમારા ડહાપણની વાતો સાંભળીને તમારા પર ખુશ થયો છું. લો, તમે સૌ એક એક આનો, અને પડો રસ્તે.'

આમ કહીને મુસાફરે બાકીના ત્રણ વણકરને પણ એક એક આનો આપ્યો અને વણકરો પોતાના ડહાપણ પર ખુશ થતા થતા પાછા વળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકસાહિત્યનો સંદેશ

તત્ત્વજ્ઞાનીઓ અને તર્કશાસ્ત્રીઓ ન કરી શકે એવી સૂક્ષ્મતાથી લોકસમાજે આ સાહિત્યના વિભાગ પાડેલા છે. સંકટો સામે બહાદુરીથી લડનાર રાજપુત્રોનો વિભાગ અલગ, તો પોતાની ચાતુરીથી સંકટોની સુસંધિ કરનારા વણિક મુસાફરનો વિભાગ જુદો છે. લોકસાહિત્યના રાજાઓ પોતાનો વૈભવ ભોગવતા છતાં પોતાનું મનુષ્યપણું અને મનુષ્ય તરીકેનો પોતાનો દુનિયા સાથેનો સંબંધ ભૂલી જતા નથી. લોકસાહિત્યના લૂંટારા, ઠગ અને ચોરો પણ ગરીબોના બેલી બની આપણી સહાનુભૂતિ મેળવી શકે છે. લોકસાહિત્યના વીરો અને ફકીરો આપણામાં અનુકરણની ઇચ્છા ઉત્પન્ન કરે છે. ને તેથી જ લોકસાહિત્ય એ સત્ય સાહિત્ય છે. એનો કેળવણીમાં ઉપયોગ થવો જોઈએ.

આ વાર્તાઓ શાસ્ત્રનો સંયમ પાળતી નથી. પણ તેની અંદર એક સ્વાભાવિક સંયમ હોય છે. પાપીને ધિક્કાર્યા વગર પાપ–પુણ્યનો ભેદ બતાવે છે. અને સમાજ સેવાના ઉચ્ચ આદર્શના ખ્યાલ આપતાં વિશ્વવ્યાપી પ્રેમ ઉત્પન્ન કરે છે.

આ વાર્તાઓ યાત્રાળુઓની માફક દેશાંતરમાં ફરે છે. અને જ્યાં જ્યાં જાય છે ત્યાં પ્રેમધર્મ સ્થાપિત કરે છે. ગામડામાં વસતી ડોશી ચાર ધામ ફરી આવી છે એમ કોઈ કહે એ આપણને સાચું લાગતું નથી, તેજ પ્રમાણે ઘરગથ્થુ લાગતી વાર્તાઓ ચાર ખંડ ફરી આવેલી હોય છે એમ કહીએ તો સામાન્ય વાચકોને વિશ્વાસ ન બેસે.

काका कालेलकर

ભારતી સાહિત્ય સંઘ લિ.

પોસ્ટ બૉક્સ ૬૭૮ · મુંબઈ-૧

પોસ્ટ બૉક્સ ૭૩ · અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિશોર ગ્રંથાવલિ

[વર્ષ બીજું]

લેખકો

નિરંજન વર્મા · જયમલ્લ પરમાર

કિશોરો માટે લખાયેલી વાર્તા–પુસ્તિકાઓ માત્ર કિશોરો જ નથી વાંચતો. કિશોરો ઉપરાંત કુમારો અને યુવાનો, આધેડ અને બુઢ્ઢા-સૌ આ પુસ્તિકાઓ હાથમાં આવતાં પૂરી વાંચીને જ હેઠે મૂકે છે. કારણ કે આ પુસ્તિકાઓમાં સમગ્ર માનવ-સ્વભાવને રોચક શૌર્ય અને સાહસ, બુદ્ધિ અને ચાતુરી, ઉદારતા અને કારુણ્ય, હાસ્ય અને મજાક ભરપૂર રસદાયક વાર્તાઓ છે.

[૧] ગંડુરાજા: બંગાળી લક્ષ્મીનંદન અને ગંડુરાજા, મૂરખ રાજા હબુજી અને ઠોઠ મૂરખ પ્રધાન ગબુજી, પરાક્રમી કુમારો શીત અને વસંત, ઉદ્ધત સુખુ અને ગરીબડી દુઃખુ, રાજાની કુંવરી પરણનાર ઠોઠ આંગળિયો.

[૨] કાગરાણી: સો કાગડાની બહેન કાગરાણી, દોસ્તમાંથી દુશ્મન બનેલા શિયાળ અને મગર, એકબીજાને બચાવનાર આંધળો ને બેરો, બુઢ્ઢા વાઘની યાત્રા.

[૩] પાકો પંડિત: મોટોભાઈ પોથી પંડિત ને નાનોભાઈ પાકો પંડિત, લક્ષ્મીને હરાવનાર બુદ્ધિ, કોડીની કમાણી, વિધાતાને થપ્પડ મારનાર વણકર.

[૪] શેખચલ્લી: અજબ પરાક્રમી શેખચલ્લી, ચાર ચોર ને રાજા શાલિવાહન, મૂરખરાજ લાલ, બે કુંવરીઓ માટે શિયાળની વકીલાત, ભૂતને યે ભગાડનારી કર્કશા કઠિયારી.

[૫] ધુતારાનગરી: હાલતાં ચાલતાં ગમે તેને ફસાવી દેનાર ધુતારાનગરી, પરાક્રમોનાં પ્રેમી હીરા અને લાલ, વીર વિક્રમનાં પરાક્રમો, બડાઈખોર વેપારીને ફસાવનાર ખેડૂત.

[૬] ચોરકુમાર: રાજાને તોબા પોકરાવનાર ચોરકુમાર, ધુતારા ત્રણ આંધળાને હરાવનાર બ્રાહ્મણી, અભિમાની પતિને હરાવનાર લુહાર-વહુ, માછલી કેમ હસી?

દરેક પુસ્તિકાની કિંમત : ૦–૧૨–૦ : આખો સેટ ૪–૬–૦

ભારતી સાહિત્ય સંઘ લિ.

પો. ઑ. નં. ૯૭૮ · મુંબઈ – ૧ · પો. ઑ. નં. ૭૨ · અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

KUMAR PRINTERY, AHMEDABAD